ॐ

# શ્રી નવકાર મહામંત્ર એક અધ્યયન

લેખિકા - ડૉ. છાયા શાહ

ૐ

# શ્રી નવકાર મહામંત્ર

## એક અધ્યયન

ગુજરાત વિદ્યાપીઠ (જૈન કેન્દ્ર)ની
એમ.ફીલ (અનુપારંગત)ની
પદવી માટે તૈયાર કરાયેલો શોધ નિબંધ

માર્ગદર્શક - ડૉ. આર. સાવલિયાસાહેબ

લેખિકા : ડો. છાયા શાહ

• પ્રાપ્તિ સ્થાન •
૯૪, લાવાણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ.    ફોન : ૨૬૬૧૨૮૬૦

મૂલ્ય : સાધના - આરાધના- અનુમોદના

# સમર્પણ

પૂજ્ય પિતાશ્રી **ડૉ. કેશવલાલ એમ. શાહ**

તથા માતુશ્રી **સુશીલાબેન શાહ**ને

જન્મદાતા ઉપરાંત જેમના

પ્રેરણા, પ્રોત્સાહન અને

માર્ગદર્શને મારો વિદ્યાવ્યસંગ ચાલતો રહ્યો.

જે મંત્ર તેમની રગેરગમાં વ્યાપ્ત હતો.

તે જ મંત્રનું અધ્યયન તેમના કરકમલમાં સમર્પણ કરતા

હર્ષની લાગણી અનુભવું છું.

**ડૉ. છાયા શાહ**

# અભિનંદન

જગતમાં મંત્રશાસ્ત્ર એક શાસ્ત્ર તરીકે અનાદિકાળથી સુપ્રસિદ્ધ છે. છેલ્લા કેટલાંક વર્ષોથી આ શાસ્ત્ર એક વિજ્ઞાન તરીકે ઉપસી રહ્યું છે. પશ્ચાત્યોએ ઘણાં સૈકાઓ સુધી મંત્રશક્તિની અવગણના જ કરી હતી પરંતુ જ્યારે મંત્રનો અદ્‌ભુત પ્રભાવ નજરોનજર જોવા મળવા લાગ્યો ત્યારે તેઓને પણ આ વિદ્યાનો સ્વીકાર કરવો પડ્યો છે. સાથે સાથે તેમાં રહેલી શક્તિનો વૈજ્ઞાનિક ધોરણે અધ્યયન કરવા લાગ્યા છે.

ભારતીય પરંપરામાં મંત્રશાસ્ત્રનો ઉદ્‌ભવ વૈદિક કાળથી પણ પ્રાચીન કાળમાં શરૂ થઇ ગયો હતો. વેદમાં આવતા મંત્રો તેના સાક્ષી છે. વેદમાં પ્રકૃતિને રીઝવવાના અનેક સૂક્તો છે. જે પ્રાકૃતિક તત્ત્વોને જગતના હિતાર્થે સાનુકૂળ બનવા માટે પ્રેરિત કરતા હતા. વખત જતાં મંત્રશાસ્ત્રનો વિકાસ થવા લાગ્યો. મનની શક્તિને કેન્દ્રિત કરીને તેને યોગ્ય દિશા આપવામાં આવે તો અદભૂત પરિણામો નીપજાવી શકાય જ્યારે મનની આવી શક્તિનો ખ્યાલ આવ્યો ત્યારે મંત્રમાં દૈવી તત્ત્વની જ ઉપાસનાને બદલે આસુરી તત્ત્વોની ઉપાસના પણ જોડાઇ. લોકો અન્ય લોકોને વશ કરવા માટે, દુઃખી કરવા માટે, પીડા પમાડવા માટે અને યાવત્ મૃત્યુ પમાડવા માટે પણ મંત્રોન ઉપયોગ કરવા લાગ્યા. આ પ્રાપ્ત થતાં મંત્રોમાં વશીકરણ, ઉચ્ચાટન, મારણ જેવા મંત્રોનો પણ તોટો નથી.

જગતમાં જેટલાં રોગો છે તેટલાં મંત્રો છે. જેટલી કામનાઓ છે તેટલાં મંત્રો છે. અર્થાત્ મંત્રશાસ્ત્રનો તાગ મેળવવો એ અશક્ય પ્રાયઃ ઘટના ગણી શકાય. એમ હોવા છતાંય કેટલાંક મંત્રો આ બધાં જ કરતાં ઉચ્ચસ્થાને બીરાજમાન હોય છે. આવા મંત્રો માત્ર શુભભાવથી પ્રેરિત થયેલા અને શુભભાવને વૃદ્ધિ પમાડનારા હોય છે. શુભ ભાવનાની અભિવૃદ્ધિ કરનાર મંત્રોમાં નવકારમંત્ર સર્વશ્રેષ્ઠ મંત્ર છે. જો કે મંત્રને મંત્ર તરીકે ગણવો કે કેમ એક મોટો પ્રશ્ન છે. આગમમાં તો આ મંગલ શ્રુતસ્કંધ સ્વરૂપે વર્ણવેલ છે.

પાંચ પરમેષ્ઠીને નમસ્કાર મંગલરૂપ છે. મંગલનો અર્થ અશુભનો નાશ કરવો તે થાય છે. કર્મો જ અશુભ છે. કર્મોનો નાશ થતાં મન શુદ્ધ થઇ પવિત્ર બને છે. મનની શુદ્ધિ આત્મશુદ્ધિનો માર્ગ છે. આત્મશુદ્ધિથઈ જીવન કર્મમુક્ત બની શાશ્વત સુખને પામે છે. આમ અશુભથી નિવૃત્ત થવું- શુભમાં પ્રવૃત્ત થવુ અને અંતે સર્વથા શુદ્ધ થવું એ આ મંત્રની સાધનાની કેડી છે. આને ચૌદપૂર્વનો સાર પણ માનેલો છે. ચૌદપૂર્વી પણ અંતે તો નવકારને શરણે જ જતાં હોય છે. આથી નવકાર મહામંગલનું અધ્યયન એક અત્યંત કપરૂં કાર્ય છે. આવું કાર્ય કરવાની હિંમત છાયાબેને કરી છે. શ્રદ્ધાવતી શ્રાવિકા હોવાથી અને અભ્યાસરૂચિ હોવાથી અનેક ગ્રંથોના અધ્યયન પછી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગ્રંથ જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેવો છે. તેમાં નવકાર મહામંગલની અનેક રીતે ચર્ચા વિચારણા કરવામાં આવી છે. છાયાબેનને અભિનંદન અને આવા કાર્યો ભવિષ્યમાં કરતા રહે તેવી શુભેચ્છા સાથે.

ડો. જિતેન્દ્રભાઇ શાહ

# પુરોવચન

ભારતીય ઉપખંડ સાંસ્કૃતિક ઈતિહાસમાં ધર્મ આગવું સ્થાન ધરાવે છે. ભારતના ધર્મો વિશે વિવિધ ગ્રંથો લખાયા છે. જેમાં ભારતીય ધર્મ-સંપ્રદાયો તેમજ એનાં ઈતિહાસ, સાહિત્ય, તત્ત્વદર્શન અને આચાર અંગે છેલ્લા થોડાં વર્ષોથી તલ સ્પર્શી સંશોધન થયું છે. આ સર્વમાં શૈવ, વૈષ્ણવ અને જૈન માર્ગો અગ્રસ્થાને રહેલા છે. આમાં પણ જૈન ધર્મ તથા જિનપૂજામાં પ્રચાર અને મહત્ત્વ વિશેષ જોવા મળે છે. જૈન ધર્મ ભારત વર્ષની ભૂમિમાં ઘણો પ્રાચીન છે. અને એની વ્યાપ્તિ પ્રત્યેક સંપ્રદાય અને પંથમાં થયેલી જોવા મળે છે. જૈન ધર્મના વિકાસ અને પ્રસાર સાથે એના અનુયાયીઓમાં કેટલીક જુદીજુદી વિચાર શ્રેણીઓ અને કાર્યશ્રેણીઓ ઘડાઈ. પરંતુ "શ્રી નવકાર મંત્ર" સર્વ શ્રેણીઓએ સમાન પણે સ્વીકારેલો જોઈ શકાય છે. જે આ મંત્રની આગવી વિશેષતા છે. "શ્રી નવકાર મંત્ર" ની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને જૈન તથા જૈનેત્તર સિદ્ધાંત વાદીઓએ આ મંત્રને મહામંત્ર, શ્રેષ્ઠ મંત્ર, રત્ન ચિંતામણી મંત્ર, મંત્રાધિરાજ સિદ્ધમંત્ર, સર્વ મંત્ર, સંગ્રાહક સ્વરૂપ, લોકોતર મંત્ર, શાશ્વત મંત્ર અનાદિ સિદ્ધમંત્ર જેવી ઉપમાઓ આપી છે.

શ્રી નવકાર મંત્ર વિશે. શ્રી તીર્થંકર પરમાત્માઓએ શ્રુત કેવલી ભગવંતોએ, મહર્ષિઓએ, ગીતાર્થ ગ્રંથકારોએ આગમ ગ્રંથોમાં અનુભવાત્મક વિશ્લેષણ આપ્યું છે. વળી, નવકાર મંત્રમાં જેને નમસ્કાર-अरिहंताणं, सिद्धाणं, अयरियाणं, उवजायाणं, साहूणं કરવામાં આવ્યા છે તે પદો વ્યક્તિવાચક નહીં પણ જાતિ વાચક છે. ગુણવાચક હોવાથી શ્રી નવકાર મંત્ર સર્વવ્યાપક અને સનાતન રહ્યો છે.

આ મંત્ર વાસ્તિવક છે. માનવીના ચારિત્ર્ય વિકાસમાં સહાયભૂત થાય છે. આ મહામંત્રના મનન, સ્મરણ ચિંતનથી પૂર્વાજિત કાષાયિક ભાવોમાં ચોક્કસ પણે પરિવર્તન આવે છે. આ મંત્રના અક્ષરોનું વિશિષ્ટ સંકલન તેના આરાધકને ઈચ્છિત ફળ આપે છે.તેને નિર્મળ બનાવે છે. તેના વ્યક્તિત્વને પૂર્ણરૂપ આપે છે. આ મંત્ર વૈજ્ઞાનિક દષ્ટિ ધરાવે છે. ગુરુ પાસે વિધિપૂર્વક શ્રી નવકારમંત્રની આરાધના કરવાથી ટૂંક સમયમાં તેનો પ્રભાવ પ્રદર્શિત થાય છે.

અનેક ભાવિક જેઓ ભક્તિભાવથી દેવદર્શને જાય છે. નિત્યપૂજા અને મંત્રપાઠ પણ કરે છે. પરંતુ પ્રતિમાજીના દર્શન કરતી વખતે કે મંત્રપાઠ કરતાં તેના સ્વરૂપનાં વિવિધ લક્ષણોનું નિરીક્ષણ ભાગ્યે જ કરે છે. દરેક ધર્મમાં અનેકાનેક દેવી દેવીઓ છે ને એમાંના દરેક દેવતાને પોતાનું વિશિષ્ટ સ્વરૂપ અને મંત્ર આરાધના હોય છે.જૈન ધર્મમાં શ્રી તીર્થંકરની નિત્ય પ્રતિમા પૂજા અને શ્રી નવકારમંત્રના પાઠ કેન્દ્રસ્થાને છે. તેથી દરેક જૈન નિત્યપૂજા અને આ મંત્રનું સ્મરણ પરમ લાભદાયી હોવાનું માને છે. આ સંદર્ભમાં ડો. છાયા બહેનને એમના ઉચ્ચ અભ્યાસના વિષય તરીકે શ્રી નવકાર મંત્ર ભૂમિકા સ્વરૂપે મંત્રની પરિભાષા અને મંત્ર તરીકે નવકાર મંત્રની વિશિષ્ટતાઓ દર્શાવી, શ્રી નવકાર મંત્રનું દેહ-સ્વરૂપ, મંત્રનો અક્ષર દેહ અર્થદેહ, શ્રી પંચપરમેષ્ઠિનું સ્વરૂપ, શ્રી નવકાર મંત્રની આરાધના તેનું માહાત્મય અને છેલ્લે શ્રી નવકારમંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ વિસ્તૃત રીતે કર્યું છે.

જૈન કુળમાં જન્મેલાં અને શ્રી નવકારમંત્ર પ્રત્યેની અપાર શ્રદ્ધા ધરાવતા અને આરાધના દ્વારા સ્વાનુભવથી પ્રેરાયેલા ડો. છાયાબહેન શાહે એમની શ્રી નવકારમંત્ર પ્રત્યેની આધ્યાત્મિક ભાવનાની ફળશ્રુતિ રૂપ "શ્રી નવકાર મંત્ર એક અધ્યયન" ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરે છે. તેથી આનંદ અનુભવું છું. ડો. છાયાબહેનનો આ પ્રયત્ન શ્રી નવકારમંત્રનો તાત્ત્વિક પરિચય સાધવામાં અભ્યાસુઓ અને જિજ્ઞાસુઓને ઉપયોગી નીવડે એમ છે. હું આ પ્રયત્નનો સાદર સમાદર કરી સાભિનંદન આપું છું.

તા. ૨૨-૪-૨૦૦૫ પ્રા. ડો. રામજીભાઈ ઠા. સાવલિયા એમ.એ.,પી.એચ.ડી.
મહાવીર જ્યંતિ અધ્યાપક
જૈન સં. ૨૫૩૧ શેઠશ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન, સંશોધન વિદ્યાભવન,
ચૈત્ર સુદ-૧૩ આશ્રમરોડ, અમદાવાદ-૯.

# આમુખ

ગુજરાત વિદ્યાપીઠમાં સ્થાપિત 'આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર'માં જૈનદર્શનનો ૧૯૯૭-૯૮માં પારંગતનાં અભ્યાસ ડો. સ્વ. મધુબેન સેનની પ્રેરણાથી પૂર્ણ કર્યો. અનુપારંગતનો આગળ અભ્યાસ કરવાની ઇચ્છા થઇ. વિદ્યાપીઠે ઉદારતાપૂર્વક અનુમતિ આપી. જૈનદર્શનમાં અનુપારંગતના અભ્યાસક્રમના ભાગરૂપે મારે જે શોધનિબંધ લખવાનો હતો તેના વિષય માટે મન વિચારશીલ હતું. યોગાનુયોગ ત્યારે, મારાથી ઉંમરમાં નાના પણ જ્ઞાનમાં પ્રૌઢ એવા મારા આત્મીય સખી દિપ્તીબેન મુંબઈથી અમદાવાદ આવ્યા. મેં તેમને કોઇ વિષય સૂચવવા જણાવ્યું ને અચાનક તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે તમે 'નવકાર મહામંત્ર' પર શોધિનબંધ કેમ નથી લખતા ? કોણ જાણે કેમ એમના શબ્દો મારા મનરૂપી ખોબામાં એકદમ ઝીલાઇ ગયા ને પળભરમાં મેં નિર્ણય લઇ લીધો. મારા આ નિર્ણય વિષે મેં કેન્દ્રના અધ્યક્ષ શ્રીમતી નિરંજનાબેનને જણાવ્યું. તેમણે પણ સહર્ષ અનુમતિ આપી. વળી, મારા આ નિર્ણયને પ્રોત્સાહિત કરી તેને માટે યોગ્ય માર્ગદર્શન આપવા માટે ડો. આર.ટી. સાવલિયા સાહેબે પણ મંજૂરી આપી. ડો. સાવલિયા સાહેબનો અજોડ સહકાર, પ્રોત્સાહન, યોગ્ય માર્ગદર્શન વગર ખરેખર આ કાર્ય શક્ય બન્યું ન હોત, તેમણે દર્શાવેલ 'શ્રીનવકાર : એક અધ્યયન' એ શીર્ષક નીચે આ શોધનિબંધ પૂર્ણ કર્યો.

આમ તો આ મહામંત્ર વિષે ભૂતકાળ-વર્તમાન અને ભવિષ્યમાં પણ ઘણું સાહિત્ય ઉપલબ્ધ હતું છે. અને હશે. મેં આ મહામંત્ર ને 'એક અધ્યયન' ના વિષય તરીકે કેન્દ્રિત કરી તેના વિવિધ પાસાનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને તે અભ્યાસનો સાર આ પુસ્તક રૂપે પ્રગટ કર્યો છે. વિધ્વજનોના મનને તે ડોલાવશે ભાવિકોના હૃદયને ભીંજાવશે અને સાધક આત્માઓને સાચો માર્ગ ચીંધશે એ અપેક્ષા સાથે આપુસ્તક લેખન કર્યું છે.

જૈન કૂળમાં જન્મેલાને નવકારમંત્ર પ્રત્યેની શ્રદ્ધા વારસાગત મળેલી હોય છે. આ મંત્ર જૈનોમાં ઘરે ઘરે પ્રસિદ્ધ છે. જૈન ધર્મનું કંઇ પણ શાસ્ત્રીય જ્ઞાન ન ધરાવતો હોય તેવો પ્રત્યેક જૈન ઓછામાં ઓછું 'નવકાર મહામંત્ર' જેટલું જ્ઞાન અવશ્ય ધરાવતો હોય છે. જૈનો આ મંત્રનું સ્મરણ સુખદુઃખ આદિમાં કરતા હોય છે. આ મંત્રનું સ્મરણ પરમ લાભદાયી છે. એમ બધા જ જૈનો પરાપૂર્વથી માનતા આવ્યા છે ને માને છે. જૈન દર્શનમાં શ્રી 'નવકાર મહામંત્ર'ના સૂત્રનું અને તેના અર્થનું સૌથી ઊંચુ સ્થાન સ્વીકારવામાં આવ્યું છે તેનું પ્રધાન કારણ એ છે કે - વિશ્વના સમસ્ત પ્રાણી ગણમાં સર્વોચ્ચ શક્તિ, બુદ્ધિ, સંયોગ અને સામગ્રીની વિશિષ્ટતા ધરાવનારા માનવના અવતારમાં એ વિશિષ્ટતાને અનુરૂપ ચરમ આદર્શ કયો, અર્થાત્ અંતિમ જીવનસાધ્ય શું, તેમ જ તેની સુંદર અને સમીચિત સાધના કઇ તથા એ સાધ્ય સાધના દિસત્ તત્ત્વોના ઉપદેષ્ટા કોણ ? એનો નમસ્કાર મહામંત્રમાં નિર્દેશ છે. જગતના જીવમાત્રના સર્વશ્રેષ્ઠ ઉપકારક, ઉપદેશમાર્ગ અને ઉપકારરૂપ ફળનો આમાં ઉલ્લેખ છે. વર્તમાન જીવનમાંય અનુપમ આશ્વાસન, સંપૂર્ણ શાન્તિ અને પવિત્ર પ્રેરણા આપનાર શ્રેષ્ઠતમ આદર્શો આમાં દર્શાવેલા છે.

જૈનકૂળમાં જન્મ મળ્યો છે તેથી ગળથૂથીમાંથી જ આ નવકારમંત્ર સાંભળવા મળ્યો છે. આ મહામંત્ર વિશે સંશોધન કરવાનો અવસર મને પ્રાપ્ત થયો તેને હું મારો પરમ ભાગ્યોદય માનું છું. જૈન શ્રુતસાગરમાં વિહરણ કરતાં કરતાં આ મંત્ર વિશે વિધ-વિધ રહસ્યો-ઊંડાણો પ્રાપ્ત થયાં. સ્વયં એની આરાધના કરતાં સ્વાનુભવ પણ ઉમેરાયો, આધુનિક દૃષ્ટિથી પણ તેનું નિરીક્ષણ કર્યું, અન્ય સાથે

તેની સમીક્ષા કરી, વિદ્વાનજનો પાસે બેસી શંકાઓનું નિરાકરણ કર્યું. આમ, આ આખાય પુરુષાર્થને અંતે જે પ્રાપ્ત થયું તેનો સારાંશ આ પુસ્તકમાં રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકના વિષયની નવ પ્રકરણમાં ચર્ચા કરી છે.

પ્રથમ પ્રકરણમાં ભૂમિકા રૂપે મંત્રની શાસ્ત્રીય વ્યાખ્યાઓ મૂકી છે. નવકાર એ એક મંત્ર છે તેથી મંત્રની પરિભાષા મૂકવી અગત્યની છે. મંત્રની પરિભાષામાંથી નવકારમંત્ર અંગે સામાન્ય માહિતી પ્રાપ્ત થાય છે ને પછી બીજા મંત્રોમાં ન હોય તેવી નવકારમંત્રની વિશિષ્ટતાઓ દર્શાવી તેની વિશિષ્ટ માહિતી પણ આપી છે.

બીજા પ્રકરણમાં શ્રી નવકારમંત્રના દેહ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. તેમાં નવકારદેહના અભ્યુદય, નવકારદેહના વિવિધ નામો અને નવકારદેહના અંગોનું વર્ણ કર્યું છે.

ત્રીજા પ્રકરણમાં શ્રી નવકારમંત્રનો અક્ષરદેહ વર્ણવ્યો છે. નવકાર એ એક મંત્ર છે. અને મંત્ર એ અક્ષરોની વિશિષ્ટ સંકલના છે તેથી તેના અક્ષરો મહત્ત્વપૂર્ણ છે. આ પ્રકરણમાં નવકારમંત્રના અક્ષરોની સંખ્યા, અક્ષરોનું વિશ્લેષણ, અક્ષરોમાં રહેલો બીજમંત્ર, અક્ષરોની વિશિષ્ટતા, અક્ષરોની ઇત્યાદિ કડીઓ એકત્ર કરી છે.

ચતુર્થ પ્રકરણમાં નવકારમંત્રના અર્થદેહનું દર્શન કરાયેલું છે. મંત્રનો અર્થ એ જ મંત્રનું હાર્દ છે, એ જ મંત્રસિદ્ધિ છે. અહીં નવકારમંત્રનો શબ્દાર્થ, ભાવાર્થ, અને ગૂઢાર્થ બતાવી મંત્રનું ઊંડાણ રજૂ કર્યું છે.

પંચમ વિશાળ પ્રકરણમાં શ્રી નવકારમંત્રમાં સ્થિત આરાધ્ય તત્ત્વો એવાં પંચપરમેષ્ટિનું સ્વરૂપ બતાવ્યું છે. પરમેષ્ઠિ એટલે પરમ-શ્રેષ્ઠ સ્થાને રહેલા અર્થાત્ શ્રેષ્ઠ અવસ્થાને પામેલા. આ શ્રેષ્ઠ અવસ્થા જુદી જુદી દૃષ્ટિએ છે. (૧) પ્રથમ પદે બિરાજમાન પરમાત્મા શ્રી અરિહંત દેવ સત્ તત્ત્વોના આદ્યપ્રકાશક અને સદ્ ધર્મના આદ્યસ્થાપક પરમેષ્ઠિ છે. (૨) તત્ત્વોના સંપૂર્ણ જ્ઞાનનું અને ધર્મના સર્વોચ્ચ પાલનનું આત્યન્તિક ફળ જે મોક્ષ અર્થાત્ આત્માના શુદ્ધ સ્વરૂપની જે પ્રકટદશાને વરેલા સિદ્ધ ભગવંત એ બીજા પરમેષ્ઠિ છે. (૩) ધર્મનું તત્ત્વમિશ્રિત મખ્ય સ્વરૂપ જે પંચાચાર તેના સ્વયં પાલક અને અન્યમાં પ્રચારક આચાર્ય ભગવંત છે. (૪) ચોથા પરમેષ્ઠિ ઉપાધ્યાયજી મહારાજ તે ઉક્ત તત્ત્વ અને ધર્મના પ્રતિવાદક જે સૂત્ર-સિદ્ધાંતો-આગમોના પાઠક છે. (૫) સાધુ મહર્ષિઓ અરિહંતની આજ્ઞાથી સ્વકીય સર્વાં ગીણ જીવનને નિયન્ત્રિત બનાવી, યોગ્ય સુગુરુની નિશ્રાએ આત્મહિતકારી એવી પ્રવૃત્તિ-નિવૃત્તિ-માર્ગરૂપ સાધુતાને અહોનિશ અપનાવતા પંચમ પરમેષ્ઠિ પદને અલંકૃત કરે છે.

છઠ્ઠા પ્રકરણમાં નવકારમંત્રની આરાધના વિશે માહિતી એકત્ર કરી છે. જૈન તત્ત્વવિચારકોનો એવો આગ્રહ છે કે આ મંત્રનો કેવલ શબ્દોચ્ચાર ન કરતાં તેનું ધ્યાન પણ ધરવું જોઇએ. ધ્યાનની પૂર્વભૂમિકા, ધ્યાન માટેનું સ્થાન, વસ્ત્રો, આસન તથા ધ્યાન કરવાની અલગ અલગ ભૂમિકાઓ, રીતો, આરાધના દરમ્યાન સાધકને થતા અનુભવો ઇત્યાદિનું વર્ણન કરેલ છે.

સાતમા પ્રકરણમાં નવકારમંત્રનું મહાત્મ્ય દર્શાવ્યુંછે. આગમગ્રંથોમાં, વિવિધ અલભ્ય પુસ્તકોમાં, સ્વાનુભવોમાંથી નીકળેલા સત્યોમાં આ મંત્રનું જે માહાત્મ્ય, પ્રભાવ, અનુભવ બતાવ્યો છે તે આ પ્રકરણમાં સંકલિત કર્યું છે.

આઠમા પ્રકરણમાં નવકારમંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું છે. મંત્રની આરાધનાથી અનુભવાતા વાસ્તવિક અનુભવો, અક્ષરોમાં રહેલી વૈજ્ઞાનિક અસર, મનોવૈજ્ઞાનિક દષ્ટિએ મંત્રની મહત્તા, નવકારમંત્રના વર્ણોની માનવમન પર અસર, શરીરના પંચ ચક્રો સાથે મહામંત્રના પાંચ પદોનો વૈજ્ઞાનિક સંબંધ, મહામંત્રના ધ્યાનથી પ્રગટતી ભયમુક્તિ ઇત્યાદિનું વર્ણન કરી, મહામંત્ર માત્ર શ્રદ્ધા કે ચમત્કાર નથી પરંતુ એક વિશાળ, વિરાટ વૈજ્ઞાનિક અનુભવ છે તે વાતની સ્પષ્ટતા કરી છે.

નવમાં પ્રકરણ પરિશિષ્ટમાં શ્રી નવકારમંત્રની મહત્તા દર્શાવતા ચિત્રો, યુગાચાર્યો નો હસ્તલેખિત નવકારનો પાઠ, શ્રી નવકાર મંત્રનો બાલવબોધ આપેલા છે.

આ સમગ્ર સમય દરમ્યાન નવકારમંત્રરૂપી વર્ષાની ધારોને ઝીલતાં ઝીલતાં હૃદયમાં એ મંત્ર પ્રત્યે શ્રદ્ધા, સન્માન ને પૂજનીય ભાવનાના અંકૂર ફૂટ્યાં. શુદ્ધ આરાધના શરૂ થઇ ને જન્મ સાથે જ આ મંત્ર પ્રાપ્ત થયો તે મારા સદ્દભાગ્યનું મને પહેલીવાર જ્ઞાન થયું. મંત્રની મહત્તા ને મૂલ્ય સમજાયું. આ સર્વે પ્રાપ્ત થયું તેને હું મારું પરમ સદ્દભાગ્ય માનું છું.

શ્રી નવકારમંત્રનુ અધ્યયન કરાવી શકે તેવી સર્વ સામગ્રી આ શોધનિબંધમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. છતાંય આપણી અનુભૂતિઓ, કલ્પનાઓ, વિચારો, હૃદયના ભાવો બીજા પાસે વ્યક્ત કરવા જે વાણીના માધ્યમનો આસરો લઇએ છીએ તે વાણીના માધ્યમની સ્વભાવગત મર્યાદાઓ છે. વાણી આપણા વિચારો, ભાવ કે અનુભવને પૂરેપૂરી વાચા આપી શકતી નથી. તેનું કોઇક પાસું, કોઇક અંશ તો અનિરૂપિત રહી જાય છે. વળી, આ વિષય પણ એવો વિશાળ, ગૂઢ અને વિરાટ છે કે પર્ણજ્ઞાન પ્રાપ્ત થયા સિવાય તેને પૂરેપૂરો અભિવ્યક્ત ન કરી શકાય. તેથી કદાચ મહામંત્રના કેટલાંક રહસ્યો અવ્યક્ત પણ રહ્યાં હોય.

**ઋણ-સ્વીકાર :** સૌ પ્રથમ ગળથૂથી માં જ નવકારમહામંત્રનું પાન કરાવનારા માતા-પિતાનું ઋણ માનું છું. બોમ્બે યુનિવર્સીટીમાં ૧૯૬૯ માં એમ.એ. વીથ ફીલોસોફી કર્યા પછી - ૧૬ વર્ષના પરદેશના વસવાટ પછી ૧૯૯૨ માં અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠમાં જૈનદર્શનમાં ફરીથી એમ.એ. કરવા મારા પિતાએ મને પ્રોત્સાહન આપ્યું. એટલુંજ નહીં પણ યુનિવર્સીટીમાંથી સર્ટીફીકેટો લાવવા, માઇગ્રેશન સર્ટીફીકેટ, સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ આ બધુ અથાગ પ્રયત્નો કરી મુંબઇથી મને મોકલાવ્યું ને મારો અભ્યાસ શરૂ થયો ને હું પી.એચ.ડીની પદવી સુધી પહોંચી શકી. આ પુસ્તકનું સર્જન કરી શકી તેમનો હૃદયપૂર્વક આભાર માનં છું.

આશ્ચર્યની વાત એછે કે જેમ જેમ મિત્રવર્તુળ અને સ્વજનોમાં ખબર પડતી ગઇ કે હું આ નવકારમંત્ર પર શોધનિબંધ લખું છું તેમ તેમ તેઓ શોધીશોધીને મને નવકારમંત્ર વિષેના પુસ્તકો મોકલવા લાગ્યા. મારા માનનીય ગુરૂ પ્રો. દામુભાઈ, મુંબઇના વડીલ મિત્ર ગોવિંદજીભાઈ, મારા ભાભી પ્રવિણાબેન, ઉદેપુરના મિત્ર હેમલતા-અમદાવાદના સ્મિતાબેન-હીરાબેન-સરોજબેન, લાવણ્યના ગીતાબેન વિપુલભાઈ, મુંબઇના હીરાબેનનો આભાર માનું છું. પુસ્તક તૈયાર કરવાની કોમ્પ્યુટરથી બાઇડીંગ સુધીની બધીજ જવાબદારી નિપૂણતાથી પાડ પાડનાર ભાઇ શ્રી દીનેશભાઈ તથા મનીષભાઇનો આભાર. વિદ્યાપીઠના મારા સહાધ્યાયી કેતના-પ્રવિણા તથા અન્ય મિત્રોએ મને આ વિષય પર અનેક પુસ્તકો આપ્યાં તે સર્વે આ શોધનિબંધ લખવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષપણે સહયોગી રહ્યાં છે. સૌની હું અત્યંત ઋણી છું. મને આ વિષયનું સૂચન કરનાર દીપ્તિબેનનો અંતઃકરણપૂર્વક આભાર

માનું છું. શોધનિબંધ દરમ્યાન મારી શંકાઓ, સવાલો બધાનું નિરાકરણ સ્વેચ્છાએ કરી આપનારા મારા ગુરુવર્ય ડો. જીતુભાઈ તથા પુ. ગુરુદેવ યશોવિજયજી, પૂ. ગુરુદેવ પંડિતજી, મહારાજ સાહેબ, સાધ્વીશ્રી મૃગલોચનાશ્રીજી, મારા પતિ શ્રી પ્રવિણભાઈનું મારા પણ ઋણ છે. કેટલાક માર્ગદર્શન આપનાર ઉપકારી ગ્રંથો કે નમસ્કાર મહાત્મ્ય, ધર્મબિંદુ, નમસ્કાર કલ્પદ્રુમ, સિદ્ધહેમશબ્દાનુશાસન, નવકારફલ-પ્રકરણ, મહાનિશિથસૂત્ર વગેરેમાંથી આધાર લેવામાં આવ્યો છે. તે સર્વની હું ઋણી થઇ. નિબંધની પ્રગતિ કેટલી થઇ છે તેની સારવાર ચકાસણી કરી મને પ્રોત્સાહિત કરનાર કેન્દ્રના અધ્યક્ષ શ્રીમતી નિરંજનાબેન તથા સહકાર્યકર શોભનાબહેનનો પણ આભાર. વિદ્યાપીઠ તથા ભો.જે. વિદ્યાભવનના સંચાલકો અને લાયબ્રેરીના કાર્યકર ભાઇ-બેનોનો સહકાર પણ પ્રશંસનીય છે. અંતે જેમના વિના આ શોધનિબંધ અત્યંત ચીવટપૂર્વક ક્યારેય ન લખાયો હોત તેવા હર પળ પ્રોત્સાહિત કરનાર અને દરેક મુશ્કેલીમાં સમયની પાબંદી વગર માર્ગદર્શન આપનારા મારા માર્ગદર્શક ડો. સાવલિયા સાહેબની હું અત્યંત ઋણી છું.

મારા કુટુંબીજનો ના સાથ-સહકાર અવર્ણનિય છે. અમેરિકા સ્થિત દીકરો-વહુ-ચિરાગ-જામીનીએ આ મહામંત્રને વાતાવરણમાં પુસ્તક રૂપે પ્રવાહિત કરવા માટે સંપૂર્ણ સહયોગ આપ્યો. મુંબઇ સ્થિત દીકરી પાયલ-જમાઇ કીંજલ ભાઇએ-પુસ્તકો-લાવવા-લઇ જવા-ટેલિફોનો કરવા બધામાં સહયોગ આપ્યો અને નાની કોમ્પ્યુંટર નિષ્ણાંત દીકરી ઝંકારે કોમ્પ્યુંટર કામનેલગતી દરેક બાબતમાં મને ખૂબ મદદ કરી. પતી શ્રી પ્રવીણભાઈએ તેમની વિદ્વતા નો લાભ આપી સાથ-સહકાર આપ્યો.

મારો આ શોધનિબંધ જિજ્ઞાસુઓને તેમની આંતરખોજમાં પથદર્શક નીવડે તેમના અંતરમાં મહામંત્ર તરફ તાત્વિક પક્ષપાત જગાડે, અંકુરિત થયેલો હોય તો તેનો પલ્લવીત-પુષ્પિત કરી વધુ સુદૃઢ કરે અને તેમની અધ્યાત્મિક ક્ષિતિજોને વિસ્તારે એ જ મંગળ કામના.

**ડો. છાયા પી. શાહ**

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | | ઘ-ન |
| ૧. | 'મંત્ર' શબ્દની પરિભાષા | ૧-૫ |
| | મંત્ર તરીકે નવકાર મંત્રની વિશિષ્ટતાઓ | |
| ૨. | શ્રી નવકારમંત્રનું દેહ-સ્વરૂપ | ૬-૧૫ |
| | (૧) નવકારદેહનો અભ્યુદય | |
| | (૨) નવકારદેહનાં વિવિધ નામો | |
| | (૩) નવકારદેહનાં અંગો | |
| ૩. | શ્રી નવકારમંત્રનો અક્ષરદેહ | ૧૬-૨૩ |
| | (૧) મંત્રના અક્ષરોની સંખ્યા | |
| | (૨) મંત્રના અક્ષરોનું વિશ્લેષણ | |
| | (૩) મંત્રન અક્ષરોમાં રહેલો બીજમંત્ર 'ર્ન્રુ' | |
| | (૪) મંત્રના અક્ષરોની વિશિષ્ટતા | |
| | (૫) મંત્રના અક્ષરોની ભાષા | |
| ૪. | શ્રી નવકારમંત્રનો અર્થદેહ | ૨૪-૩૦ |
| | (૧) શ્રી નવકારમંત્રનો શબ્દાર્થ | |
| | (૨) શ્રી નવકારમંત્રનો ભાવાર્થ | |
| | (૩) શ્રી નવકારમંત્રનો ગુઢાર્થ | |

૫. શ્રી પંચપરમેષ્ઠિનુંસ્વરૂપ ૩૧-૭૫

(૧) શ્રી અરિહંત ભગવંત

(૨) શ્રી સિદ્ધ ભગવંત

(૩) શ્રી આચાર્ય મહારાજ

(૪) શ્રી ઉપાધ્યાયજી

(૫) સાધુ મહારાજ

૬. શ્રી નવકારમંત્રની આરાધના ૭૬-૮૫

(૧) આરાધનાની પૂર્વભૂમિકા

(૨) મંત્રસાધનાનું સ્થાન, આસન, વસ્ત્રો

(૩) ધ્યાનની વિવિધ પ્રક્રિયા

(૪) આરાધના દરમ્યાન સાધકને થતા અનુભવો

૭. શ્રી નવકારમંત્રનું માહાત્મ્ય ૮૬-૯૪

૮. નવકારમંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ ૯૫-૧૦૩


૯. પરિશિષ્ટ

(૧) નવકાર મંત્રની આરાધના દર્શાવતા ચિત્રો

(૨) યુગાચાર્યોના હસ્તે લખાયેલા શ્રી નવકાર મંત્રો

(૩) શ્રી નવકાર મંત્રનો બાલવબોધ.


સંદર્ભ ગ્રંથો.




# श्री नमस्कार महामंत्र

ब्राह्मी लिपि में

| | |
|---|---|
| नमो अरिहंताणं। | 𑀦𑀫𑁄 𑀅𑀭𑀺𑀳𑀁𑀢𑀸𑀡𑀁 |
| नमो सिद्धाणं। | 𑀦𑀫𑁄 𑀲𑀺𑀤𑁆𑀥𑀸𑀡𑀁 |
| नमो आयरियाणं। | 𑀦𑀫𑁄 𑀆𑀬𑀭𑀺𑀬𑀸𑀡𑀁 |
| नमो उवज्झायाणं। | 𑀦𑀫𑁄 𑀉𑀯𑀚𑁆𑀛𑀸𑀬𑀸𑀡𑀁 |
| नमो लोए सव्व साहूणं | 𑀦𑀫𑁄 𑀮𑁄𑀏 𑀲𑀯𑁆𑀯𑀲𑀸𑀳𑀽𑀡𑀁 |
| एसो पंचणमुक्कारो, | 𑀏𑀲𑁄 𑀧𑀁𑀘𑀡𑀫𑀼𑀓𑁆𑀓𑀸𑀭𑁄 |
| सव्व पावप्पणासणो। | 𑀲𑀯𑁆𑀯𑀧𑀸𑀯𑀧𑁆𑀧𑀡𑀸𑀲𑀡𑁄 |
| मंगलाणं च सव्वेसिं, | 𑀫𑀁𑀕𑀮𑀸𑀡𑀁 𑀘 𑀲𑀯𑁆𑀯𑁂𑀲𑀺𑀁 |
| पढमं हवइ मंगलं॥ | 𑀧𑀠𑀫𑀁 𑀳𑀯𑀇 𑀫𑀁𑀕𑀮𑀁 |







**શ્રી નવકાર મહામંત્રના પરમઆરાધક**

विज्लिष्यन् धनकर्मराशिमशनिः संसार भूमिमृतः
स्वर्निवाणपुरप्रवेशगमने निष्प्रत्यवायः सताम् ।
मोहन्धावटसङ्कटे निपततां हस्तावलम्बोऽर्हतां,
पायाद् वः सचराचरस्य जगतः सज्जीवनं मन्त्रराट् ॥

ઘનઘાતિ કર્મના સમૂહને વિખેરી નાખનાર, ભવરૂપી પર્વતને (ભેદવા) માટે વજ્ર સમાન, સત્પુરુષોને સ્વર્ગ અને મોક્ષપુરીમાં પ્રવેશ કરવાના માર્ગમાં રહેલા વિઘ્નોને દૂર કરનાર, મોહરૂપ અંધકારમય કૂવાના સંકટમાં પડેલાઓને માટે હાથના ટેકારૂપ અને સચરાચર જગતને માટે સંજીવનરૂપ અર્હંતોનો મંત્રરાજ (શ્રી નવકાર મંત્ર) તમારું કલ્યાણ કરો.

**'પંચનમસ્કૃતિદીપક'**
**(રચનાકાર - વાચકાચાર્ય ઉમાસ્વાતિજી)**



# પ્રકરણ -૧

## 'મંત્ર' ની પરિભાષા

## મંત્ર તરીકે શ્રી નવકાર મંત્રની વિશિષ્ટતાઓ

# પ્રકરણ - ૧

એક વ્યક્તિ કે વિષય વિષે પરિચય પ્રાપ્ત કરવો હોય તો તને બે પાસાંનો અભ્યાસ કરવો અનિવાર્ય છે સામાન્ય પાસું અને વિશિષ્ટ પાસું. તે વસ્તુ કે વિષય, જે વર્ગ કે સમૂહને અવલંબિત હોય તે વર્ગ કે સમૂહ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવાથી તે વસ્તુ કે વિષયનો સામાન્ય પરિચય પ્રાપ્ત થાય છે. જેમ કે 'ફૂલ' વિષે જ્ઞાન પ્રાપ્ત કરવાથી 'કમળ' નો સામાન્ય પરિચય પ્રાપ્ત થઈ જાય છે. કમળના પોતાના કેટલાંક સામાન્ય ઉપરાંત વિશિષ્ટ ગુણો પણ હોય છે. આ વિશિષ્ટ વ્યક્તિત્વનો અભ્યાસ કરવાથી તનો વિશિષ્ટ પરિચય પણ થાય છે.

'શ્રી નવકારમંત્ર' એક મંત્ર છે, તેથી પ્રથમ 'મંત્ર' શબ્દની પરિભાષાનું વિશ્લેષણ કરવાથી શ્રી નવકારમંત્રનો સામાન્ય પરિચય થશે, ત્યારબાદ તેના આગવા વિશિષ્ટ તત્વોની વિચારણા પણ કરી છે જેનાથી તેનો વિશિષ્ટ પરિચય થાય છે.

## 'મંત્ર' ની પરિભાષા

મંત્રવિદ્યા ભારતની પ્રાચીન પવિત્ર સંપત્તિ છે. ઉપનિષદ્., યોગશાસ્ત્ર, મહાનિર્વાણતંત્ર, મંત્રવ્યાકરણ, વેદ, રૂદ્રયામલ ઇત્યાદિ અનેક પૌરાણિક ગ્રંથોમાં પ્રચંડ પ્રજ્ઞાના સ્વામિ એવા વિદ્વાનોએ મંત્ર વિષે વિવેચન અને વ્યાખ્યાઓ આપી છે, જે આ પ્રમાણે છે :

નિરૂક્તકાર યાસ્ક મુનિએ કહ્યું છે કે 'मन्त्रो मननात्' 'મંત્ર' શબ્દનો પ્રયોગ મનના કારણે થયેલો છે. તાત્પર્ય એ કે જે વાક્યો-પદો વારંવાર મનન કરવા યોગ્ય હતાં અને તેના પર મનન કરતા ઋષિ - મુનિઓને આ વિશ્વનું વિરાટ સ્વરૂપ સમજાયું અને પરમ તત્વનો પ્રકાશ લાધ્યો તેથી મંત્ર કહેવાયા. જૈન ધર્મનું 'પંચમંગસસૂત્ર' અને બૌદ્ધોની 'ત્રિશરણ પદરચના' આ જ દષ્ટિએ ઉત્કૃષ્ટ મંત્ર તરીકે ઓળખાઈ છે.

વ્યાકરણના દિવાદિગણના જ્ઞાન - બોધ અર્થમાં રહેલા 'મન્.' ધાતુને 'ન' પ્રત્યય લગાડી નિષ્પન્ન કરતા મંત્ર શબ્દની વ્યાખ્યા તથા વ્યુત્પત્તિઓ વિવિધ રીતે થઈ શકે છે. પૂર્વાચાર્યો અને મંત્રવિદોએ કરેલા કેટલાક વિધાનો અને અર્થો આ પ્રમાણે છે.

(૧) પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય તે, 'મંત્ર'

(૨) પાઠસિદ્ધ હોય તે 'મંત્ર'

(૩) દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના વિશેષ તે.

(૪) જેનું મનન કરવાથી ત્રાણ - રક્ષણ થાય તે.

(૫) જેમાં ઉત્કૃષ્ટ સ્થાને રહેલી વ્યક્તિઓનો અથવા દેવદેવીનો આદરસત્કાર કરવામાં આવ્યો હોય તે.

પિંગલામત (તંત્રગ્રંથ) માં કહ્યું છે :

**'मननं विश्वविज्ञानं, त्राणं संसारवन्धनात् ।**
**यत : करोति संसिद्धो, मंत्र इत्युच्यते तत : ॥**

અર્થાત - મનન એટલે સમસ્ત વિજ્ઞાન અને ત્રાણ એટલે સંસારના બંધનમાંથી રક્ષણ. આ બંને કાર્યો સારી રીતે સિદ્ધ કરે છે તેને મંત્ર કહેવાય છે.

પંચકલ્પભાષ્ય નામના જૈન ગ્રંથમાં જણાવ્યું છે. 'मंतो पुण होइ पठियसिद्धो' - જે પાઠ સિદ્ધ હોય તે મંત્ર કહેવાય.

મંત્રવ્યાકરણમાં કહ્યું છે :

मन्त्र्यन्ते गुप्तं भाष्यन्ते मन्त्रविद्भिरिति मन्त्रा : ।

અર્થાત્. - જે મંત્રવિદો વડે ગુપ્ત પ્રમાણે બોલાય તે 'મંત્ર'. ગુપ્ત પરિભાષણાર્થક 'મંત્રિ' ધાતુમાંથી 'મંત્ર' શબ્દ બનેલો છે. એટલે તનો અર્થ 'ગુપ્તભાષણ' થાય છે. મંત્રસંપ્રદાય એવો છે કે જ્યારે ગુરુ શિષ્યોને મંત્રદિક્ષા આપે ત્યારે તેનો કાન ફૂંકે. એટલે કે તના કાનમાં મંત્ર બોલે.

રુદ્રયામલમાં કહ્યું છે :

**मननत्रावीनाच्चैव मद्रूपरस्यावबोधनात् ।**
**मन्त्र इत्युच्यते सम्यग् मदधिष्ठानत : प्रिये ॥**

પાર્વતીજીએ પ્રશ્ન કર્યો કે ' હે સદાશિવ ! ● મંત્ર કોને કહેવાય ? તને ઉત્તર આપતા સદાશિવ એટલે કે શ્રી શંકર ભગવાન આ રીતે કહે છે, 'હે પ્રિય ! મનન અને પ્રાણથી મારા સ્વરૂપનો અવબોધ થવાથી તેમ જ મારા અધિષ્ઠાનથી તે સમ્યગપણે મંત્ર કહેવાય છે.'

લલિતાસહસ્ર નામની ટીકામાં કહ્યું છે :

**पूर्णाहन्तानुसंध्यात्मस्फुर्जन्मननधर्मत : ।**
**संसारक्षयकृत्त्राणिधर्मते मन्त्र उच्चते ॥**

અર્થાત્. - જે મનન, ધર્મથી પૂર્ણ અર્હતા સાથે અનુસંધાન કરીને આત્મામાં સ્ફૂરણાઓ ઉત્પન્ન કરે છે તથા સંસારનો ક્ષય કરનારા ત્રાણ ગુણવાળો છે. તે મંત્ર કહેવાય.

મીમાંસા મત અનુસાર જે વેદવાક્ય દ્વારા કોઈપણ ધર્મ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય તે મંત્રપદ બને છે.

શાસ્ત્રકારો મંત્રની વ્યાખ્યા કરતાં કહે છે : निर्बीजमक्षर नास्ति । અથવા नास्त्यनक्षरं मंत्र અર્થાત્. એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય. અક્ષરને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી. ટૂંકમાં મંત્ર એ અક્ષર કે અક્ષરોનો સમૂહ છે.

મંત્રમાં શબ્દશક્તિ, પુરુષશક્તિ અને પ્રત્યયની સાથે અભેદબુદ્ધિ જરૂરી છે. તે બધાનો અભેદ થવાથી મંત્ર પોતાનું કાર્ય કરે છે.

મંત્ર એટલે વિશિષ્ટ મનન વડે, મંત્રના વર્ણો વડે મનનું સંકલ્પ - વિકલ્પથી થતું રક્ષણ.

મંત્રની રચના ગમે તે મનુષ્યો કરી શકતા નથી અને કદાચ કરે તો તે વિદ્વિદ્. માન્ય સમાજમાન્ય થઈ શકતી નથી. જેમને આર્ષદષ્ટિ પ્રાપ્ત થઈ છે, જેઓ આગમ - નિગમનો ભેદ જાણે છે અને જેઓ મંત્રવિદ્યાના તમામ રહસ્યોથી પરિચિય છે એવા પુરુષો જ મંત્રની રચના કરી શકે છે.

**इत्थि विज्जाडमिहिया पुरिसो मंतुत्ति तव्विसेसोयं ।**

અર્થાત્. - સ્ત્રી દેવતાથી અધિષ્ઠિત હોય તે વિદ્યા અને પુરુષ દેવતાથી અધિષ્ઠિત હોય તે મંત્ર''

મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. જેમ આકર્ષણ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય છે તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય રીતે સંકલના- ગુંથણી કરવાથી કોઈ અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. એ તો જાણીતી વાત છે કે મહાપુરુષોએ ઉચ્ચારેલા સામાન્ય શબ્દોમાં પણ અદભૂત સામર્થ્ય રહેલું છે, તો પછી ઉદ્દે.શપૂર્વક વિશિષ્ટ વર્ણોની સંકલનાથી યોજેલા પદોનાં સામર્થ્યની તો વાત જ શી ? આવા મંત્ર પદોના

રચયિતા જેટલે અંશે સંયમ અને સત્યના પાલક હોય તેટલે અંશે વિશિષ્ટતા સંભવે. તેથી જ મંત્રની ભાષામાં પરિવર્તન કરવામાં આવે તો તે મંત્રની ગરજ સારી શકે નહીં.

'મંત્ર' ની વિવિધ વ્યાખ્યાઓ દ્વારા મંત્રનું સ્વરૂપ જાણ્યું. 'નવકાર' એક મંત્ર છે. નવકાર એક શબ્દારૂઢ મંત્ર છે. તેથી ઉપર બતાવેલા મંત્રનું સ્વરૂપ તેનામાં આરૂઢ થયેલું જ છે. 'મંત્ર' વર્ગમાં અવલંબિત એવા શ્રી નવકારમંત્રમાં મંત્રના સામાન્ય ગુણો તો સમાયેલા જ છે. મંત્રની વ્યાખ્યા દ્વારા શ્રી નવકારમંત્રના સામાન્ય સ્વરૂપને જાણ્યું પરંતુ આ સામાન્ય ગુણો ઉપરાંત એની પોતાની કેટલિક વિશિષ્ટતાઓ છે તેથી 'નવકારમંત્ર' તરીકે એની વ્યક્તિગત પણ બહુ વિશાળ ઓળખાણ જૈનદર્શને બતાવી છે, જેને ઇતરદર્શનોએ પણ પૂર્ણ સમર્થન આપ્યું છે.

## શ્રી નવકારમંત્રની વિશિષ્ટતાઓ

આ મંત્રની વિશિષ્ટતા એ છે કે તેની દૃષ્ટિ વિશાળ છે. તેમાં દેવ અને ગુરુ બંનેના વિશાળ લક્ષણો વ્યક્ત થયા છે અને આ લક્ષણો જેનામાં પણ હોય તે વંદનીય છે. દર્શન કરવા યોગ્ય છે. આ મંત્ર આવા ગુણધારક વ્યક્તિને પૂજે છે. તેમાં ક્યાંય વ્યક્તિવિશેષની વંદના નથી. આ, આ મંત્ર સંપ્રદાયોના બંધનથી પર છે અને એ દૃષ્ટિથી એ માત્ર જૈનોનો મંત્ર ન રહેતાં વિશ્વમંત્ર બની રહે છે.

કષ્ટમય કે દીર્ઘ સાધના કર્યા વિના પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી અતિ આશ્ચર્યપ્રદ અને કલ્પનાતીત મહાન કાર્યસિદ્ધિઓ અનેક સામાન્ય તિર્યંચ કે મનુષ્યને પણ થઈ શકે છે.

આ મંત્ર એ રીતે વિશિષ્ટ છે કે अयमात्मा ब्रह्म । त्तत्ममसि, अहं ब्रह्मास्मि, सर्व खल्विदं ब्रह्म । प्रज्ञानमानंद ब्रह्मं વગેરે મહાવાક્યો આ મંત્રના પહેલા પદ 'नमो अरिहंताणं' માં અંતર્ભૂત થઈ જાય છે.

સામાન્ય રીતે અધ્યાત્મી આત્માઓએ મંત્ર - તંત્ર - વિદ્યાઓથી દૂર રહેવાનું હોય છે છતાં આ મહામંત્રની એ વિશિષ્ટતા છે કે તેને અધ્યયાત્મી આત્માએ તો ખાસ જીવનમાં ઓતપ્રોત કરવાનો છે.

આ મંત્રની રચના સરળ, સ્પષ્ટ અને સંક્ષિપ્ત હોવાથી આબાલ - વૃદ્ધ સર્વજન - ગ્રાહ્ય છે.

આ મંત્ર એ રીતે અલગ છે કે તેના દરેક અક્ષરમાં દિવ્ય શક્તિઓ અખૂટપણે પ્રવાહિત છે તેથી બીજા મંત્રોની જેમ મંત્રના અક્ષરોને દિવ્ય શક્તિથી પ્રવાહિત કરવા ૐ , હ્રીં શ્રીં ક્લીં જેવા બીજક્ષરો લગાવવાં નથી પડતાં.

બીજા મંત્રો પૂર્વસંચિત પુણ્યનો ઉદય ન હોય તો ફળતા નથી, જ્યારે શ્રી નવકાર તો પૂર્ણસંચિત પુણ્ય ન હોય તો ગુણાનુરાગપૂર્વક કરાતા જાપથી નવું પુણ્ય સર્જી આપે છે.

અન્ય મંત્ર અનુગ્રહ, નિગ્રહ, લાભહાનિ, ઉભય માટે પણ ઉપયોગમાં આવે છે, જ્યારે આ મંત્રથી સ્વ - પરની હાનિ થતી જ નથી, લાભ જ થાય છે.

આ મંત્રની સૌથી અગત્યની વિશેષતા એ છે કે તે આરાધકને આરાધ્ય બનાવી શકે છે. મંત્રમાં અધિષ્ઠિત પંચપરમેષ્ઠિની શુદ્ધ આરાધના કરનાર ઉપાસક આ પાંચ પરમેષ્ઠિમાંથી કોઈપણ સ્થાન પ્રાપ્ત કરી પોતે બીજા આરાધક માટે આરાધ્ય દેવ કે ગુરુ બની શકે છે. ટૂંકમા, આ મંત્ર દરેક યોગ્ય આત્માને સંપૂર્ણ સ્વતંત્ર્યતા બક્ષી પરમ સ્થાન પ્રાપ્ત કરાવી આપવા સમર્થ છે.

આ મંત્રના શબ્દો સરળ અને મંત્રનો અર્થ તદ્દન સ્પષ્ટ અસંદિગ્ધ છે. આ મંત્ર મહર્ષિઓની આર્ષ વાણીરૂપ વિશ્વહિતકર મંત્ર છે. સાર્વભૌમ અને સાર્વજનિક પ્રભુ - સ્તુતિરૂપ છે.

આ મંત્ર સર્વ મંત્ર - રત્નોનું ઉદ્ભવસ્થાન છે. સર્વસંગ્રાહક સ્વરૂપ છે.

આ મંત્રની ચૂલિકામાં જ 'પઢમં હવઈ મંગલં' કહ્યું છે અર્થાત્. તે સર્વ મંગલોમાં પ્રથમ છે.

આ મંત્રના પંચપરમેષ્ઠિ - નમસ્કારના અક્ષરોને સૂરિમંત્ર - વર્તમાનવિદ્યા વગેરે અનેક વિદ્યામંત્રોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

નમસ્કાર મહામંત્રના પુષ્કળ કલ્પો છે, જેની સાધનાના વિવિધ અનેક ફળો એવાં બતાવ્યા છે કે સર્વ પ્રકારના ઇષ્ટ તથા ઇચ્છિતો માટે આ જ મહામંત્ર બસ છે એમ કહી શકાય.

આ મંત્રની શબ્દાયોજના જ એવી છે કે જે પરમ કલ્યાણ અને અભ્યુદયને સાધે છે, બીજું તેના અર્થરૂપે વાચ્ય જે પંચરમેષ્ઠિઓ છે તે જગતના સૌથી શ્રેષ્ઠ આત્માઓ છે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસુરિશ્વરજીએ સ્વોપજ્ઞ શ્રી સિદ્ધહેમવ્યાકરણની બૃહદવૃતિમા કહ્યું છે કે, નવકારમંત્રની વિશિષ્ટતા એ છે કે તેનુ પ્રણિધાન અભેદ - સંભેદ બંને રીતે વિહિત થાય છે. અભેદ - પ્રાણિધાન એટલે અર્હંત પદથી વાચ્ય અરિહંત પરમેષ્ઠિ, એમની સાથે ધ્યાતા આત્માને ચિંતન દ્વારા એકાકી ભાવ અને સંભેદ પ્રણિધાન એટલે અર્હંકાર સાથે આત્માનો અત્યંત નિકટ સંબંધ.

શ્રી નવકારમંત્રની વિશિષ્ટતાને ખૂબ સંક્ષિપ્ત રૂપે વર્ણવતાં શાસ્ત્રોમાં લખ્યું છે.:

'નમસ્કાર સમો મંત્ર ન ભૂતો ન ભવિષ્યતિ '.

શ્રી નવકારમંત્રની આ વિશિષ્ટતાઓને ધ્યાનમાં રાખી જૈન તથા જૈનેતર સિદ્ધાંતવિદોએ નવકારમંત્રને મહામંત્ર, શ્રેષ્ઠ મંત્ર, રત્નચિંતામણીમંત્ર, મંત્રાધિરાજ, સિદ્ધમંત્ર, સર્વમંત્ર સંગ્રાહકસ્વરૂપ, લોકોત્તર મંત્ર, શાશ્વતમંત્ર, મંત્રાધિરાજ, અનાદિ સિદ્ધમંત્ર ઇત્યાદિ ઉપમાઓ નિર્વિવાદ પણ આપી છે.

આમ, આ પ્રકરણમાં એક 'મંત્ર' તરીકે શ્રી નવકારમંત્રના સામાન્ય સ્વરૂપ વિષે અને એક 'વિશિષ્ટમંત્ર' તરીકે તેના વિશિષ્ટ સ્વરૂપ વિષે બાહ્ય ભૂમિકા રૂપે ચર્ચા કરી, પરંતુ આ શ્રી નવકારમંત્રનું બાહ્ય સ્વરૂપ છે. હવે પછી નવકારના અંત : સ્વરૂપનું, એનાં ઊંડાણનું, તેના આંતરિક સૌદર્યનું રસપાન કરીશું.

# પ્રકરણ - ૨

## શ્રી નવકારમંત્રનું દેહસ્વરૂપ

(૧) નવકારદેહનો અભ્યુદય

(૨) નવકારદેહના વિવિધ નામો

(૩) નવકારદેહના અંગો

# પ્રકરણ - ૨

## શ્રી નવકારમંત્રનું દેહસ્વરૂપ

શ્રી નવકારમંત્રના આંતરિક સ્વરૂપ વિશે વિચારણા કરતાં સૌ પ્રથમ તેનો દેહ કેવો છે તે વિશે વિચારણા કરવી ઘટે. દેહ વિશે વિચારતાં આટલી બાબતોની ચર્ચા કરી છે :

(૧) નવકારદેહનો અભ્યુદય, (૨) નવકારદેહના વિવિધ નામો, (૩) નવકારદેહના અંગો

## (૧) શ્રી નવકારદેહનો અભ્યુદય

જૈન શાસ્ત્રકારોની દૃષ્ટિએ શ્રી નવકારમંત્રની ઉત્પત્તિ કે અંત નથી, તે શાશ્વત છે. અનાદિકાળથી છે અને રહેશે, આ વાતને સમજાવવાં તેઓ શ્રુતપ્રમાણ (authentic) તાત્વિક (logical) સૈદ્ધાંતિક (fundamental) અને આનુશ્રુતિક દલીલ દર્શાવે છે.

**શ્રી નવકારદેહની શાશ્વતા અંગે શ્રુતપ્રમાણો (authentic) :**

(ક) મહાનિશિથ સૂત્રમાં લખ્યું છે કે :

**'तिल्लतेलकमलमयरंद व्व सव्वजोए ।**
**पंचत्थिकायमिव सयलागमंतरविस्त ।।**

અર્થાત - તલમાં તેલ, કમલમાં મકરંદ, દૂધમાં ઘી, પુષ્પમાં સુવાસ અને કાષ્ટમાં અગ્નિ જે રીતે સર્વાંગોમાં સદાય વ્યાપીને રહેલો છે તે જ રીતે આ નમસ્કારસૂત્ર અને તેનો ભાવ શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કર્યું હોય યા ના કર્યું હોય તો પણ તેમાં સર્વત્ર વ્યાપીને રહેલો છે અથવા તો પંચાસ્તિકાયની જેમ સદા વ્યાપ્ત છે. તેને કોઈ આદિ કે અંત નથી, તે શાશ્વત છે અને સ્પષ્ટ કે અસ્પષ્ટપણે સર્વત્ર સદા વ્યાપીને રહેલો છે.

(ખ) નમસ્કાર સ્તોત્રમાં લખ્યું છે કે :

**ये केचनापि सुषमाधरका अनन्ता**
**उत्सर्पीणीप्रभुतय : प्रययुर्विवर्त्ता : ।**
**तैष्वाययं परतर : प्रथितप्रभावो**
**लब्ध्वाडमुमेव हि गता शिवमत्र लोका : ।।**

*અર્થાત્. - જે કોઈ પણ સુષમાદિ અનન્ત આરાઓ અને ઉત્સર્પિણી (અવસર્પિણી) વગેરે કાલચક્રો વ્યતીત* થયા છે તે બધામાં પણ આ મંત્રરાજ સર્વોત્તમ અને વિસ્તૃત - પ્રખ્યાત પ્રભાવવાળો હતો. આ મંત્રને પ્રાપ્ત કરીને જ ભવ્ય લોકો મોક્ષમાં જાય છે.

(ગ) શ્રી નમસ્કાર માહાત્મ્યમાં શ્રી સિદ્ધસનેરસૂરિ લખે છે :

**सप्तक्षेत्रीय सफली, सप्तक्षेत्रीय शाश्वती ।**
**ससाक्षरीयं प्रथमा, सप्त हन्तु भयाति मे ।।**

અર્થાત્. - જિનપ્રતિમાદિ સાત ક્ષેત્રોની જેમ સંકૂલ તથા ભરતાદિ સાત ક્ષેત્રોની જેમ શાશ્વત એવી પ્રથમ સપ્તાક્ષરી (નમો અરિહંતાણ) મારા સાત ભયોને દૂર કરે છે.

(ઘ) જિન મહર્ષિઓએ કહ્યું છે :

**अणाइ कालो, अणाइ जीवो, अणाइ जिणधम्मो ।**

**लइया वि ते पढंता इसुच्चिअ जिण - नमुक्कारो ॥**

અર્થાત - કાલ અનાદિ છે, જીવ અનાદિ છે અને જિન ધર્મ પણ અનાદિ છે. જ્યારથી તેનું પ્રવર્તન થયું છે ત્યારથી આ જિન - નમસ્કાર અર્થાત્. નવકારમંત્ર ભવ્ય જીવો ભણી રહ્યા છે.

(ચ) શ્રી ભગવતીસૂત્રના મંગલાચરણમાં, શ્રી મહાનિશીથસૂત્રના પાંચમાં અધ્યયનમાં શ્રી કલ્પસૂત્રના શક્રસ્તવ અધિકારમાં તથા શ્રી જયસિંહસૂરિએ વિ.સં. ૯૧૫ માં રચેલા धम्मोवएसमाला (ધર્મોપદેશમાલા) વિવિરણ વગેરેમાં **अरहंत** પાઠ જોવા મળે છે.

(છ) શ્રી નવકારમંત્ર જુદો શ્રુતસ્કંધ નથી પણ સર્વમાં તે સ્વયમેવ સમાયેલો છે. આ વિષયમાં નવઅંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી ઉપરની પ્રણાલિકાનો આધાર ટાંકતા જણાવે છે કે :

**'सो सव्वसुअखंधब्मंतरभूआति अत :**

**शास्त्रस्यादावेव परमेष्ठि - पंचकनमस्कारमुपदर्श**

**णमो अरंहताणं इत्यादि**

અર્થાત્. પંચનમસ્કારરૂપી શ્રુતસ્કંધ સર્વ શ્રુતસ્કંધોની આદિમાં અંતર્ભુત જ છે. માટે ભગવતીસૂત્રની (પાંચમુ આગમ) આદિમાં પણ પંચપરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર છે.

(જ) શ્રી નવકારમંત્રના અભ્યુદયની શાશ્વતતા અંગે કેટલાક આભિલેખિક આધારો પણ સાક્ષીરૂપ બન્યા છે.

મથુરાનો શિલાલેખ જ ઓછા માં ઓછો ઇ.સ. પૂર્વે ૫૦૦ નો છે, તેમાં નીચે પ્રમાણે લખાણ છે - नमो अरहंता ।

ઓરિસ્સાની હાથીગુફા તથા ગણેશગૂફા પરના મહામેઘવાહન કલિંગાધિપતિ મહારાજા આરવેલના શીલાલેખમાં નીચેના શબ્દો જોવા મળે છે.

**'नमो अरहंतानं । नमो सवसिधानं ।'**

(ઢ) એક પ્રાચિન કવિતામાં જણાવ્યું છે કે :

'આગે ચૌવીશી હુઈ અનંતી
હોશે વાર અનંત
નવકાર તણી કોઈ આદિ ન જાણે
એમ ભાખે અરિહંત

## શ્રી નવકારમંત્રની શાશ્વતના અંગે તાર્કિક (logical) દલીલો :

(ક) જૈનદર્શન પ્રમાણે જૈન ધર્મ અનાદિ છે, પ્રાચિન છે, જૈનદર્શન પ્રમાણે અનાદિ એવા કાળચક્રના બે ભાગ છે - ઉત્સર્પિણી અને અવસર્પિણી. જૈન મત પ્રમાણે આ બંને સર્પિણી કાળમાં ચોવીસ તીર્થંકર જન્મ લે છે અને શાસનની સ્થાપના કરે છે. તીર્થંકર પરમાત્માને જ્યારે કેવળ જ્ઞાન થાય છે ત્યારે તેમના શિષ્યો ગણધરો પ્રશ્ન પૂછે છે भगवंत किम तत्त ? પ્રભુ એના જવાબમાં કહે છે : उपभेइ वा विगमेइ वा, धुवेइ वा । આને ત્રિપદી કહેવાય છે. આ ત્રિપદી પરથી પ્રચંડ પ્રજ્ઞાના સ્વામી એવા ગણધરોની દ્વાદશાંગીની રચના કરે છે અને પ્રભુ એ દ્વાદશાંગીને

પ્રમાણભૂત કરે છે. આ સર્વ ગણધરોની દ્વાદશાંગીની આદિમાં શ્રી નમસ્કાર મહામંત્ર હોય અને તે નવકારમંત્ર શબ્દ અને અર્થથી પણ એક જ હોય છે. એના ૬૮ અક્ષરમાં કોઈપણ ફેરફાર હોતો નથી.

દરેક તીર્થકકરના શાસનમાં ગણધરોની દ્વાદશાંગીની આદિમાં આ જ મહામંત્ર - નવકાર હોય છે. આથી નવકારમંત્ર શાશ્વત છે. એની કોઈ આદિ નથી.

(ખ) આ જ વાતને જુદી રીતે સમજવી હોય તો આ રીતે સમજાવાય છે કે જેમ વેદ વિદ્યાને સનાતન માની છે તેમ આ આગમો (દ્વાદશાંગી) પણ અનાદિ છે. વેદવિદ્યાની જેમ અપૌરૂષેય છે. માત્ર સનાતન સત્યની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે અને આર્વિભાવના પ્રકારોની ઉપેક્ષા કરવામાં આવે તો એમ કરી શકાય કે રાગદ્વેષ જીતી જિન બનીને જે ઉપદેશ આપે તે સનાતન સત્ય નો જ ઉપદેશ આપે. એવો કોઈ કાળ નથી કે જ્યારે સનાતન સત્યોનો અભાવ હોય. તેથી જૈનદર્શનનની દૃષ્ટિએ તીર્થંકરોની પરંપરા અનાદિ છે. તેથી દરેક તીર્થંકર દ્વાદશાંગીની પ્રરૂપણા કરે છે તે પણ અનાદિ છે અને તેથી દ્વાદશાંગીની આદિમાં આવતો આ નવકાર મંત્ર પણ અનાદિ છે, શાશ્વત છે. ભૂતકાળમાં થઈ ગયેલા તીર્થંકરો આ અનાદિ મંત્રને ભાવપૂર્વક ઉચ્ચારે છે. આમ, આ મંત્ર શાશ્વત છે.

## શ્રી નવકારમંક્ષના અભ્યુદય અંગે સૈદ્ધાંતિક (fundamental) દલીલો :

(ક) દ્રવ્ય પર્યાય દૃષ્ટિએ સમજાવતા શાસ્ત્રકારો કહે છે કે, શ્રી નવકારમંત્ર શબ્દાત્મક છે અને શબ્દો દ્રવ્યતયા નિત્ય હોવા છતાં પર્યાયતયા અનિત્ય છે. તેથી દ્રવ્યતયા નિત્ય અને પર્યાય તયા અનિત્ય માનવો જોઈએ. દ્રવ્યભાષા પુદ્ગલાત્મક છે અને પુદ્ગલના પર્યાયો અનિત્ય હોવાથી ભાષાનાં દ્રવ્યો પણ અનિત્ય જ છે, કિન્તુ ભાવભાષા જે આત્માના ક્ષયોપશમરૂપ છે તે આત્મદ્રવ્યની જેમ નિત્ય છે. આમ શ્રી, નવકારમંત્ર દ્રવ્ય - ભાવ ઉભયરૂપે શાશ્વત છે અથવા શબ્દ અને અર્થથી તે નિત્ય છે. એમ જે કહેવાય છે તેની પાછળ અપેક્ષાઓ રહેલી છે. જૈન શાસ્ત્રકારો નવકારમંત્રને શાશ્વત યાને અનુત્પન્ન માને છે, તે સર્વસંગ્રાહી નૈગમ નયની અપેક્ષાઓ છે. વિશેષગ્રાહી નૈગમ, ઋજુસૂ કે શબ્દાદિ નયોની અપેક્ષાએ નવકારમંત્ર ઉત્પન્ન પણ છે.

(ખ) નયોથી નવકારની ઉત્પત્તિનુ નિરૂપણ :

જૈનદર્શન નયાવાદની વ્યાખ્યા એમ આપે છે કે, વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેવા વિચારોનો સમન્વય કરી આપનાર શાસ્ત્ર તે નયવાદ. એક વસ્તુને જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોવાય તે જ નય. બધા જ નયો ભેગા કરવાથી વસ્તુનું પૂર્ણ સમયગ્. સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આવા સાત નય છે - નૌગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૃઢનય અને એવંભૂત નય, આ સાતે નય નવકારમંત્રની ઉત્પત્તિ અંગે પોતપોતાના દૃષ્ટિબિંદુમાંથી વાત કરે છે.

સર્વગ્રાહી નૈગમનય નમસ્કારને અનુત્પન્ન માને છે કારણ કે તે સામાન્યમાત્રનુ જ અવલંબન કરતો હોવાથી તેના અભિપ્રાયે સર્વ કોઇ ઉત્પાદ - વ્યયરહિત છે શેષ નયો વિશેષગ્રાહી હોવાથી વસ્તુને ઉત્પાદવ્યય સહિત માને છે.

નમસ્કારમંત્રને 'ઉત્પન્ન માનનાર ' નયો નવકારમમંત્રની ઉત્પત્તિના ત્રણ કારણો માને છે - સમુત્થાન, વાચના, અને લબ્ધિ

સમુત્થાન એટલે આધાર, જેનાથી સમ્યગ્ ઉત્પત્તિ થાય છે. નમસ્કારના આધારરૂપ દેહ, શરીર, વાચના એટલે ગુરુ સમીપે શ્રવણાદિ, લબ્ધિ એટલે તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ.

ઋજુસૂત્રનયના મતે સમુત્થાન સિવાય માત્ર વાચના અને લબ્ધિથી જ નમસ્કાર ઉત્પન્ન થાય છે કારણ કે વાચના અને લબ્ધિરૂપ કારણની બિનહયાતીમાં શરીરરૂપ કારણના સદ્‌ભાવમાત્રથી નવકાર ઉત્પત્તિ થતી નથી.

શબ્દાદિ ત્રણ નયો એક લબ્ધિને જ કારણ માને છે કે કારણ કે લબ્ધિરહિત તદાવરણિય કર્મના ક્ષયોપશમરહિત અભવ્ય જીવને વાચન - દેહ ઉભય કારણોની હયાતી હોવા છતાં નવકારની ઉત્પત્તી થતી નથી અને લબ્ધિયુક્ત પ્રત્યેકબુદ્ધાદિ મહાપુરુષોને વાચનાના અભાવે પણ નમસ્કારની ઉત્પત્તિ થઈ શકે છે.

## નવકાર મંત્રની શાશ્વતતા અંગે આનુશ્રુતિક દૃષ્ટાંતો - પુરાવાઓ :

(ક) ભરૂચમાં 'સમડી વિહાર' નામે જૈન મંદિર છે, તેની પાછળ એવું આનુશ્રુતિક કથાનક છે રાજકુમારીને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો કે પોતે સમડી હતી અને મૃત્યુ સમયે નિર્ગ્રંથ મુનિએ 'નવકારમંત્ર' સંભળાવ્યો હતો, જેના પ્રતાપે આ ભવમાં રાજકુમારી થઈ. આ ઘટના જૈનોના ૨૦ માં તીથકર મુનિસુવ્રતસ્વામીના સમયની છે, જે કરોડો વર્ષ પહેલાની છે, જે બતાવે છે કે નવકારમંત્ર અત્યંત પ્રાંચીન છે. ત્રિષષ્ઠિસલાકાપુરૂષચરિત્રમાં રામ ચરિત્રમાં મુનિસુવ્રતસ્વામીનો ઉલ્લેખ છે.

(ખ) વળી, ૨૩ માં તીર્થંકર પાશ્વનાથપ્રભુના ચરિત્રમાં પણ પાશ્વનાથપ્રભુએ સર્પને નવકારમંત્ર સંભળાવ્યો હતો, તેવો ઉલ્લેખ આવે છે.

આવા અનેક અત્યંત પ્રાચીન, અરે પ્રાગ્.ઐતિહાસિક દૃષ્ટાંતો મળે છે,

આમ, શ્રુતપ્રમાણ, તાર્કિક, સૈદ્ધાંતિક અને આનુશ્રુતિક પુરાવાઓ સિદ્ધ કરે છે કે શ્રી નવકારમંત્ર ક્યારેક ન હતો, ક્યારેક નથી અને ક્યારેક નહીં હોય તેવું નથી. તે હતો, છે અને હશે. તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે.

નવકારદેહના ૩ મુખ્ય મુદ્‌.ાઓમાં અહીં આપણે પહેલાં નવકારદેહના અભ્યુદયની શાશ્વતતા વિશે જુદા જુદા પાસાઓ દર્શાવી ચર્ચા કરી. હવે બીજો મુદ્દો નવકારદેહને મળેલાં વિવિધ નામો વિશે વિચારણા કરીશું.

## (૨) શ્રી નવકારદેહના વિવિધ નામો :

શાસ્ત્રોમાં નવકારમંત્રના વિવિધ નામો પ્રાપ્ત થાય છે, તે નીચે પ્રમાણે છે.

**(ક) મહાશ્રુતસ્કંધ :**

મહાનિશીથ નામના આગમસૂત્રમાં આ નવકારમંત્રને 'पंचमंगल महाश्रुतस्कंध' એવા લાક્ષણિક નામથી ઓળખાવ્યું છે. આ એક આગમશાસ્ત્રોક્ત, આદ્ય, મહત્વપૂર્ણ અને સાર્થક નામકરણ છે.

સામાન્ય રીતે જિનાગમોને શ્રુત શબ્દથી ઓળખવામાં આવે છે કારણ કે તેમાં જે જ્ઞાન સમાયેલું છે તે કર્ણપથ દ્વારા શ્રવણ કરીને સંચિત કરેલું છે.

જે શ્રુતનો સમુદાય તે 'શ્રુતસ્કંધ' આ રીતે તમામ આગમોને ચાર શ્રુતસ્કંધ - सुयक्खंध થી ઓળખવામાં આવે છે, જ્યારે આ સાવ નાનકડા સૂત્ર કે મંત્રપાઠને 'મહા' વિશેષણથી જોડી મહાશ્રુતસ્કંધ તરીકે ઓળખાવ્યું છે. તે પરથી શાસ્ત્ર અને સંઘમાં તેનું કેટલું અસાધારણ સ્થાન છે, તેનો ખ્યાલ મળી રહે છે.

આ સૂત્રને મહાશ્રુતસ્કંધ કહેવાનું બીજું કારણ એ છે કે 'તલમાં તેલ, કમલમાં મકરંદ, દૂધમાં ઘી, પુષ્પમાં સુવાસ અને કાષ્ટમાં અગ્નિ જે રીતે સદાય વ્યાપીને રહેલા છે તે જ રીતે આ નમસ્કારસૂત્ર અને તેનો ભાવ, શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કર્યું હોય કે ના કર્યું હોય, તો પણ તેમાં સર્વત્ર વ્યાપીને રહેલો છે.

**(ખ) મહામૃત્યુંજય :**

અદ્વિતીય ગ્રંથસર્જક આચાર્ય હરિભદ્રસુરિએ યોગબિંદુમાં નવકારમંત્રને 'મહામૃત્યુંજય' તરીકે ઓળખાવ્યો છે. જૈનેતરોમાં પણ આ જાપ કરવાનો ઘણો પ્રચાર છે. જૈનોમાં જ્યારે આ મહામૃત્યુંજય જાપ કરવાની જરૂર પડે છે ત્યારે શ્રી નવકારમંત્રનો જાપ કરાય છે.

**(ગ) પંચમંગલ સૂત્ર :**

મહાનિશિથમાં આ મંત્રને પંચમંગલ (જેમાં પાંચ મંગલ પરમેષ્ઠિરૂપે છે) નામે ઓળખાવ્યો છે.

**(घ) णमोकार - णमुकार मंत्र :**

સિદ્ધહેમ શબ્દાનુશાસન (૮, ૧, ૬૨) ના નિયમથી પાકૃત ભાષામાં આદિ 'न' નો વિકલ્પે 'ण' થાય છે. આથી णमोकार - णमुकार તેના વૈકલ્પિક નામો ગણાય છે. णमक्कार એવું રૂપ પણ મળે છે.

**(ચ) માલામંત્ર :**

૧ થી ૯ અક્ષરોના મંત્રો બીજમંત્રો કહેવાયા છે. ૧૦ થી ૨૦ અક્ષરો સુધીના મંત્રો 'મંત્રા' કહેવાય છે અને વીસ અક્ષરોથી વધુ અક્ષરો ધરાવતા મંત્રો 'માલામંત્ર' કહેવાય છે. શ્રી નવકારમંત્રમાં વીસથી વધુ અક્ષરો હોવાથી તે માલામંત્ર કહેવાય છે.

**(છ) નવકારમંત્ર :**

આ મંત્રનું શાસ્ત્રોક્ત નામ नमोक्कार છે. સૂત્ર હોવાથી તેની આગળ सुत्तं જોડતા नमु (मो) कारसुत्तं એવું નામ પ્રસિદ્ધિમાં આવ્યું - એ વખતે 'નમ્મોક્કાર સૂત્ર' તરીકે ઓળખાતો હતો. પાછળથી 'નમસ્કાર' અર્થમાં તેનું પાકૃત રૂપ 'નવકાર' થયું. તેના ઉચ્ચારણની સરળતાને લીધે આ રૂપ આબાલવૃદ્ધ પર્યંત સર્વત્ર પ્રસિદ્ધ અને પ્રચારને પામ્યું. એ વખતે 'નવકાર' ની સાથે પણ 'સુત્ત' નું જોડાણ હતું, પરંતુ કાળાંતરે 'સુત્ત' નું સ્થાન 'મંત્ર' શબ્દે લીધું. એટલે પાકૃતના બધા રૂપો સાથે 'મંત્ર' શબ્દનો વૈકલ્પિક વ્યવહાર યોજાયો.

જનતાએ (નવકારમંત્ર) આ શબ્દોના 'નવકાર' નું પઠનરૂપ એમને એમ અકબંધ રાખ્યું, પણ 'મન' પાકૃતની જગ્યાએ તેનું ગુજરાતી રૂપાંતર 'મંત્ર' ગોઠવી દ્વિભાષિ 'નવકારમંત્ર' આવો શબ્દ ગાજતો કર્યો. આજે પ્રસ્તુતસૂત્રને નમસ્કાર અર્થના વાચક 'નવકાર' શબ્દથી જો સૌ કોઈ જાણે છે, ઓળખાવે છે અને વાણીના વ્યવહારમાં સર્વત્ર વપરાય છે.

**(જ) સોડાક્ષરી વિદ્યા :**

નવકારમાં अरिहंत सिद्ध - આયરિય - ઉવજ્ઝાય - સાહૂ એ સોળ અરિહંત સિદ્ધ અક્ષરો છે. એ સોળ અક્ષરના જાપને મંત્રશાસ્ક્રોમાં 'સોડાક્ષરી વિદ્યા' કહેવાય છે.

(ઝ) . શ્રી નવકારને પરમેષ્ઠિ વિદ્યા પણ કહેવાય છે.

આ ઉપરાંત જૈન પરંપરામાં નવકારમંત્ર માટે અનેક નામનો ઉપયોગ થયો છે. જેવાં કે, પંચનમસ્કાર, પંચમંગલ, પંચપરમેષ્ઠિ નમસ્કાર, પંચગુરુ નમસ્કૃતિ, ધ્યાનમંત્ર.

શ્રી નવકારમંત્રના નામ આ રીતે પણ અપાય છે.

(૧) આગમિક - શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ (સચૂલિક)

(૨) સૈદ્ધાંતિક - શ્રી પરંપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર

(૩) વ્યવહારિક - શ્રી નમસ્કાર મહામંત્ર

(૪) રૂઢ - શ્રી નવકાર

શ્રી નવકાર મહામંત્રના જુદાં જુદાં નામ કયા ગ્રંથોમાં આપ્યા છે તેની સૂચિ નીચે પ્રમાણે છે.

(૧) પંચમંગલ મહાસુયકખંધ - શ્રી મહાનિશિથ સૂત્ર

(૨) પરમેષ્ઠિ પંચક - નમસ્કાર ભગવતી ટીકા

(૩) પંચ પરમેષ્ઠિ નમસ્કાર - યોગશાસ્ત્ર

(૪) પંચ નમસ્કાર - આવશ્યક ટીકા

(૫) નમોક્કાર - આવશ્યકતસૂત્રાંતર્ગત કથા

(૬) પંચ નમોક્કાર મહામંત્ર - ધમ્મોવએસમાલા વિવિરણ

(૭) નવકાર -લઘુ નમસ્કાર ફલ

(૮) પંચ નમુક્કાર - વૃદ્ધ નમસ્કાર ફલસ્ત્રોત

(૯) પરમેષ્ઠિ નમસ્કાર - શ્રાવક દિનકૃત્ય પ્રકરણ

(૧૦) નમસ્કાર - વિચારમૃત સંગ્રહ

(૧૧) પરમેષ્ઠિ મંત્ર - ઉપદેશ તરંગિણી

(૧૨) મહામંત્ર નવકાર - સજ્ઝાય

(૧૩) સિદ્ધમંત્ર - છંદ

નવકાર દેહના વિવિધ નામનું વર્ણન કર્યા પછી હવે નવકારદેહના 'અંગો' વિશે આગવી વિચારણા કરેલી છે.

## (૩) શ્રી નવકારદેહના અંગો :

(૧) ૯ પદો

(૨) ૮ સંપદાઓ

(૩) ૬૮ અક્ષરો

**(૧) નવ પદો :**

નવકારમંત્રના જે નવ પદ ગણાવવામાં આવ્યા છે તેમા 'પદ' શબ્દ વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. 'પદ' શબ્દના સંસ્કૃતમાં જુદ જુદા અર્થ થાય છે. જેવા કે પગ, પગલું, નિશાની, સ્થાન, અધિકાર, ચોથો ભાગ, વિરામસ્થાન, પ્રતિષ્ઠા, વાક્યમાંથી છૂટો પડેલો શબ્દ, વર્ગમૂળ, શ્લોલનું એક ચરણ વગેરે. નવકારમંત્રમાં પદ એટલે શબ્દોનો સમૂહ અથવા વિવક્ષિત અર્થવાળા શબ્દોનો સમુચ્ચય. નવકારમંત્રના નવ પદો સુપ્રસિદ્ધ છે, પરંતુ નવકારમંત્રના પદની ગણના વિશેષ વિચારણા માટે જુદી જુદી રીતે થયેલી છે. 'પ્રત્યાખ્યાન નિર્યુક્તિ' ની ચૂર્ણિમાં ચૂલિકા સિવાયના નવકારનાં છ પદ ગણાવ્યાં છે. અને દશ પદ પણ ગણાવ્યા છે. છ પદ નીચે પ્રમાણે છે :

(१) नमो (२) अरिहंत (३) नमो (४) सिद्ध (४) आयरिय (५) उवज्झाय (६) साहूणं (नमो अरिंहत सिद्ध आयरिय उवज्झाय साबूणं)

નવકારના દશ પદ આ રીતે છે :

(१) नमो (२) अरिहंताणं (३) नमो (४) सिद्धाण (५) नमो (६) आयरियाणं (७) नमो उवज्झायाणं (૯) નમો (१०) लोए (११) सव्वसाहूणं

વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ નવકારમાં જે પદો વપરાયા છે, તે નીચે મૂજબ છે.

(૧) नमो નૈપાતિક પદ છે.

(૨) अरिहंताणं – अरिहंत શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૩) सिद्धाणं – सिद्ध શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૪) आयरियाणं – आयरिय શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૫) उवज्झाणं – उवज्झाय શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૬) लोए – लोअ (सताक) સાતમી વિભક્તિ એકવચનમાં છે.

(૭) सव्वसाहूणं – सव्वसाहू – છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૮) एसो – एस શબ્દ સર્વનામ છે.

(૯) पंचनमुक्कारो – આ શબ્દ સમાસ છે તે પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

(૧૦) सव्वपावपाणासणो (सर्वपापप्रनाशक) શબ્દ સમાસ છે. તે પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

(૧૧) मंगलाणं – શબ્દ છઠ્ઠી વિભક્તિ એકવચનમાં છે.

(૧૨) च અવ્યય છે, નૈપાતિક પદ છે.

(૧૩) सव्वेसिं (सर्व) શબ્દ સર્વનામ છે. તે શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૧૪) पढमं (સં.પ્રથમ) શબ્દ મંગલ પદનું વિશેષણ છે. પહેલી વિભક્તિ એકવચનમાં છે.

(૧૫) हवइ – हो (સં.ભૂ) ધાતુ પરથી બનેલો છે. શબ્દ વર્તમાનકાળ ત્રીજા પુરુષ એકવચનમાં વપરાયો છે.

(૧૬) मंगलं – મંગળશબ્દ પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

શ્રી તત્વાનંદવિજયજી મહારાજે 'નમસ્કાર સ્વાધ્યાય' માં નવકારમંત્રના નવ પદનું છેદની દૃષ્ટિએ સવિગત પૃથ્થકરણ બતાવ્યું છે. એ પ્રમાણે નવકારમંત્રના પ્રથમ પાંચ પદ્ય ગદ્યબદ્ધ છે, છતાં તે લયબદ્ધ છે. તેનું બંધારણ આલાપક (આલાવા) નું છે. નવકારમંત્રના આ પાંચમાંથી પ્રથમ ત્રણ પદનું એક ચરણ અને ચોથા તથા પાંચમાં પદનું બીજુ ચરણ એમ જો બે ચરણમાં મૂકવામાં આવે તો ત્રિકલ અને ચતુષ્કલના આવર્તનયુક્ત તે ગાથા (ગાહા) છંદની એક કડી જેવું લાગે, કારણકે ગાથા છંદના પ્રથમ ચરણમાં ૨૭ માત્રા હોય છે જ્યારે નવકારમંત્રમાં નીચે પ્રમાણે પહેલામાં ૩૧ અને બીજામાં ૨૭ માત્રા થાય છે. એટલે કે પહેલા ચરણમાં માત્ર એક જ માત્રાનો ફરક છે, જે નિર્વાહ્ય છે.

नमो अरिहंताणं, नमो सिद्धणं, नमो आयरियाणं – ૩૧ માત્રા

नमो उवज्झायाणं. नमो लोए सव्वसाहूणं – ૨૭ માત્રા

ચૂલિકાના ચાર પદ પદ્યબદ્ધ છે. તે અનુષ્ટુપ છંદમાં છે. તેને શ્લોક તરીકે પણ ઓળખાવાય છે.

મુલમંત્ર ચુલિકા :

મૂ લ મં ત્ર {
नमो अरिहंताणं । - એ પહેલું પદ
नमो सिद्धाण । એ બીજુ પદ
नमो आयरियाणं । એ ત્રીજુ પદ
नमो उवज्झायाणं । એ ચોથુ પદ
नमो लोए सव्वसाहूणं । એ પાંચમું પદ

| | | |
|---|---|---|
| ચૂ | { | एसो पंच नमुक्कारो । એ છઠ્ઠું પદ |
| લિ | | सव्वपावप्पणासणो । એ સાતમું પદ |
| કા | | मंगलाणं च सव्वेसिं । એ આઠમું પદ |
| | | पढन हवइ मंगलं । એ નવમું પદ |

શ્રી નવકારમંત્રના આ નવ પદમાં પહેલા પાંચ પદોને મૂલમંત્ર અને પાછલા ચાર પદોને ચૂલિકા કહેવાય છે.

પ્રથમ પદ 'नमो' ને બદલે 'णमो' પણ વપરાય છે. સંસ્કૃતમાં 'न' નો ઉચ્ચાર ઉપયોગમાં લેવાય છે. જ્યારે અર્ધમાર્ગથીમાં "ण" નો ઉચ્ચાર વિશેષ પ્રચલિત છે. આચાર્ય હેમચંદ્ર 'न' અને 'ण' ના ઉપયોગ અંગે પ્રકાશ ફેકતા 'વાદીસૂત્ર' આપ્યુ (શબ્દાનુશાસન ૧ - ૨૨૯). શબ્દના આરંભમાં 'न' હોય તો વિકલ્પે તેનો 'ण' કરી શકાય છે. મત્રશાસ્ત્રના પ્રભાવની દષ્ટિએ ण કરતા 'न' નો મહિમા વધારે ગણાયો છે (શાસ્ત્રીય સંદર્ભમાં મંત્રવિધાન)

સામાન્ય રીતે શ્વતાંબરો 'नमो' નો ઉચ્ચાર કરે છે અને દિગંબરો 'णमो' નો ઉચ્ચાર કરે છે. એ જ રીતે શ્વેતાંબરો 'आयरियाणं ' બોલે છે જ્યારે દિંગંબરો 'आइरियाणं ' બોલે છે. વળી દિંગંબરો 'हवइ' ને બદલે 'होइ' બોલે છે. આ રીતે ઐતિહાસિક અંતરને લીધે નજીવા ફેરફાર છે પણ તેથી મૂળ અક્ષરસ્વરૂપને બહુ ફરક પડતો નથી.

આ મંત્રના પદોની સંખ્યા અંગે શંકા કરતા એવી વિચારણા વ્યક્ત થાય છે કે શ્રી નવકારમંત્ર કોઈપણ વર્તમાન આગમસૂત્રમાં નવપદપ્રમાણ છે તેમ કહેલુ નથી. વળી, ભગવતીસૂત્ર (પાંચમુ આગમ) માં પણ શ્રી નવકારના પ્રથમ પાંચ પદો જ કહેલા છે તેથી શ્રી નવકાર નવપદાત્મક નહીં પરંતુ પંચદાત્મક માનવો જોઈએ.

પરંતુ આ શંકા યોગ્ય નથી. એવા અનેક શાસ્ત્રીય પ્રમાણો છે જે શ્રી નવકાર નવપદાત્મક જ છે તે સૂચિત કરે છે. તે શાસ્ત્રીય પ્રમાણો નીચે મુજબ છે :

(ક) શ્રી મહાનીશીથ સિદ્ધાંતમાં નવકારને સ્પષ્ટ રીતે નવપદ અને ૬૮ અક્ષરોવાળો જણાવ્યો છે. આ મહાન શ્રુતસ્કંધનું આખ્યાન સર્વજ્ઞ તીર્થંકર પ્રભુએ કરેલું છે. પરંતુ વ્યતીત થતા કાલસમયમાં પદાનુસારી લબ્ધિ અને દ્વાદશાંગશ્રુતને ધારણ કરનારા શ્રી વજ્રસ્વામી થયા. તેમણે આ પંચમંગલ મહા શ્રુતસ્કંધનો ઉદ્ધાર મૂલસૂત્ર (શ્રી મહાનિશીય) ની અંદર લખ્યો. આગળ જતાં હરિભદ્રસૂરિએ આ મહાનિશીથસૂત્રનો ગ્રંથોદ્ધારા કરી જેવું હતું તેવું જ સ્વમતિથી શોધીને લખ્યું, જેનું શ્રી સિદ્ધસેન, વૃદ્ધવાદી, યક્ષસેન, દેવગુપ્ત, યશોવર્ધન શ્રમાશ્રમણ, શિષ્ય રવિગુપ્ત, નેમિચંદ, જિનદાસગણિ ક્ષમાશ્રમણ, સત્યશ્રી વગેરે યુગપ્રધાન શ્રુતધરોએ બહુમાન કર્યું.

આમ ભગવતી શ્રી વજસ્વામી વગેરે દશપૂર્વધરાદિ બહુશ્રુત સંવિગ્ન અને સુવિહિત મહર્ષિઓએ છેદસૂત્રની વ્યાખ્યા પ્રસંગે શ્રી નવકારમંત્રને નવપદ, આઠ સંપદા અને અડસઠ અક્ષરાત્મક કહેલો છે, તેથી નવકારને નવપદાત્મક માનવો જરૂરી છે.

(ખ) બૃહદ્નમસ્કારફલમાં કરવામાં આવેલું વિધાન નીચે મુજબ છે :

'સાત, પાંચ, સાત અને નવ અક્ષર પ્રમાણ જેના પાંચ પદો છે જેની ચૂલિકામાં તેત્રીસ અક્ષરો છ એવા ૬૮ અક્ષરવાળા શ્રેષ્ઠ શ્રી નવકારમંત્રનું સ્મરણ કરવું જોઈએ.

(ગ) જે ચાર પદો ચૂલિકા તરીકે ઓળખાય છે તે સહિતનો પાઠ મહાનિશીથસૂત્રના ત્રીજ અધ્યયનમાં આવે છે. ચૂલિકાના ચાર પદો સિલોગ (અનુષ્ટુપ) છંદમાં આવે છે.

(ઘ) દિગંબર ગ્રંથ મુલાચારના પડાવશ્યક અધિકારમાં પ્રસ્તુત ગાથા નીચે મુજબ આવેલી છે :

**एसो पंचणमोयारो सव्वापावपणासणो ।**
**मंगलसु य सव्वेसु पढंम हवदि मंगलं ।**

(ચ) 'નવકારના નવ પદો विभययन्तं पदम् । જેને છેડે વિભક્તિ છે, તે પદ ગણાય છે. એ અર્થમાં નથી કિન્તુ 'नमो अरिंहंताण' ઇત્યાદિ વિવક્ષિત અવધિયુક્ત પદો નવકારમાં નવ છે, તેમ સમજવાનું છે.

આમ, શ્રી નવકાર નવ પદોનો સમુદાય છે. એનાં પાંચ પદો મૂલમંત્ર સ્વરૂપ છે. પછીના ચાર પદો મૂળ મંત્રનો પ્રભાવ સૂચવનાર મૂળમંત્રની ચૂલિકા સ્વરૂપ છે. ચૂલિકા સહિત શ્રી નવકારમંત્ર 'પંચમંગલ મહાશ્રુતસ્કંધ' કહેવાય છે.

**(૨) આઠ સંપદાઓ :**

શ્રી નવકારમંત્રને આઠ સંપદાઓ છે. 'સંપદા' એટલે અર્થનું વિશ્રામસ્થાન અથવા મહાપદો અથવા અર્થધિકાર. શાસ્ત્રમાં સંપદાની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે : 'साडुत्येन पद्यते – परिच्छिर्धत्तर्थोयामिरिति संपद : । અર્થાત્. જેનાથી અંગત રીતે અર્થ જુદો પડાય તે 'સંપદા' નવ પદોની આઠ સંપદા કેવી રીતે ગણવી તેના ઉત્તર બે પ્રકારે છે. પ્રથમ ઉત્તરમાં પ્રથમ સાત પદની સાત અને આઠમાં અને નવમાં પદની એક એમ કુલ આઠ સંપદા છે. मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ।

બીજા ઉત્તરમાં છ્ટી સંપદા બે પદ પ્રમાણ છે જેમ કે :

**एसो पंच नमुक्कारो, सव्वपपावप्पणासणो ।**

નવકારમંત્રના ઉપધાનની વિધિ માં નવકારને આઠ અધ્યયન સ્વરૂપ ગણીને પ્રત્યેક અધ્યયન દીઠ એક એમ ૧૦ આયંબિલ કરવા દ્વારા કુલ આઠ આયંબિલ કરવા ફરમાન કર્યું છે.

એ રીતે નવપદમય, ૩૫ હજાર પ્રમાણ મૂળમંત્ર અને ત્રેસીસ અક્ષરપ્રમાણ ચુલિકા કુલ અડસઠ અક્ષરપ્રમાણ પંચપરમેષ્ઠિનવકાર મહામંત્રને આઠ સંપદાયો વડે ભક્તિસહિત ભણવાથી શાશ્વત સ્થાનની પ્રાપ્તિ થાય છે એમ શ્રી ચૈતન્ય ભાષ્ય, શ્રી પ્રવચન સારોદ્ધાર, શ્રી નમસ્કારપંજિકા આદિ અનેક શાસ્ત્રોમાં ફરમાવ્યું છે.

**(૩) શ્રી નવકારમંત્રના ૬૮ અક્ષરો :**

નવકારમંત્રના કુલ ૩૫ અક્ષરપ્રમાણ મૂલમંત્ર અને ૩૩ અક્ષરપ્રમાણ ચૂલિકા કુલ અડસઠ અક્ષરપ્રમાણ છે. આ અંગે વિશિષ્ટ વિચારણા આ પછીના પ્રકરણ 'નવકારમંત્રનો અક્ષરદેહ' માં કરેલી છે.

શ્રી રત્નમણ્ડનગણિ વિરચિત सकृतसागर संदर्भ માં લખ્યું છે. :

**'मन्त्र पज्चनमस्कार :, कल्पकारस्कराधिक : ।**
**अस्ति प्रत्यक्षराष्ट्रागोत्कृष्टविद्यासहस्त्रक : ॥**

અર્થાત્.

પંચનમસ્કાર મંત્ર કલ્પવૃક્ષથી અધિક પ્રભાવવાળો છે, તેના પ્રત્યેક અક્ષર પર એક હજારને આઠ મહાવિદ્યાઓ રહેલી છે.

બીજા પ્રકરણમાં શ્રી નવકારના દેહનું સ્વરૂપ વિચાર્યુ. હવે ત્રીજા પ્રકરણમાં શ્રી નવકારમંત્રના અક્ષરદેહ વિશે વિશેષ અધ્યયન કરેલ છે.

# પ્રકરણ - 3

## શ્રી નવકારમંત્રનો અક્ષરદેહ

(૧) મંત્રના અક્ષરોની સંખ્યા

(૨) મંત્રના અક્ષરોનું વિશ્લેષણ

(૩) મંત્રના અક્ષરોમાં રહેલો બીજમંત્ર 'ૐ'

(૪) મંત્રના અક્ષરોની વિશિષ્ટતા

(૫) મંત્રના અક્ષરોની ભાષા

# પ્રકરણ - ૩

# શ્રી નવકારમંત્રનો અક્ષરદેહ

## (૧) મંત્રના અક્ષરોની સંખ્યા :

શ્રી નવકારમંત્રના પહેલા પાંચ પદના પાંત્રીસ અક્ષરો તથા ચૂલિકાના તેત્રીસ અક્ષરો એ પ્રમાણે મળીને આ નવકારમંત્ર અડસઠ અક્ષરોમાં સ્ફૂટ રીતે સમાઈ જાય છે.

તે વિશે ચૈત્યનંદન મહાભાષ્યમાં નીચે પ્રમાણે લખ્યું છે :

उक्तं च नस्कारपंजिका - सिद्धचक्रादो पंचपया पणसीस वण्य चूलाइ वण्य तित्तिसे । एवं इमो समप्पइ फुडमक्खर अट्ठ सुट्ठए. (ન. સ્વા. પ્રા. વિ. પૃ ૬૪)

વ્યાકરણશાસ્ત્રમાં સર્વ મળીને બાવન અક્ષરો પ્રસિદ્ધ છે. નવકારના આ અડસઠ અક્ષરો પણ એ બાવન અક્ષરોની બહાર નથી. માત્ર અક્ષરસંયોગરૂપ તેની રચના બીજા તમામ શાસ્ત્રોથી જુદી પડી જાય છે અને તે જ કારણે તેને મહામંત્ર તરીકે સ્થાન મળ્યું છે.

અક્ષરોની ગણનામાં જોડાક્ષરને એક જ ગણવાનો હોયછે, દોઢ નહીં આ રીતે નવકારમંત્રના ૬૮ અક્ષરો થાયછે.

શ્રી મહાનિશિથસૂત્રમાં પણ નવકારને ૬૮ અક્ષરોનો બતાવ્યો છે.

નવકારમંત્રના અધ્યયન સ્વરૂપ પ્રથમ પાંચ પદના ૩૫ અક્ષર છે. પ્રથમ પદના સાત અક્ષર છે. ત્રીજા અને ચોથા પ્રત્યેક પદના પણ સાત અક્ષર છે. બીજા પદના પાંચ અને પાંચમાં પદના નવ અક્ષર છે. એ રીતે બીજાને પાંચમાં પદના મળી ચૌદ અક્ષર થાય છે. એટલે કે બે પદના સરેરાશ સાત અક્ષર થાય. પ્રત્યેક પદના સરેરાશ સાત અક્ષર આવે ને સાતનો અંક ૐકાર સ્વરૂપ અને અખંડિત મનાયછે. એવો સવાલ ઊભો થાય કે બીજા પદમાં પાંચ અને પાંચમાં પદમાં નવ અક્ષર કેમ રાખ્યા હશે ? लोए અને सव्व બંન્ને શબ્દો પાંચમાં પદમાં અર્થ આપોઆપ આવી જાય છે, એમ સ્વાભાવિક તર્કથી સમજી શકાય છે. વળી, પદોના અક્ષરોની દષ્ટિએ પણ સાતના સંખ્યાંકની સાથે પાંચ અને નવના સંખ્યાંત પણ એટલા જ પવિત્ર ગણાય છે. વળી, લયબદ્ધ આલાપકની દષ્ટિએ પણ તે સુસંવાદી અને વૈવિધ્યમય બન્યા છે.

**શ્રી નવકારમંત્રના ૬૮ અક્ષરોમાં લઘુ અને ગુરુ અક્ષરોની સંખ્યા :**

- પ્રથમ પદ 'नमो अरिंताणं' માં અક્ષરો સાત છે. તે સાતેય લઘું છે.
- બીજા પદ 'नमो सिद्धाणं ' માં અક્ષરો પાંચ છે. તેમાં ચાર લઘુ છે અને એક ગુરૂ છે. 'सिद्दाणं' માં 'द्धा' અક્ષર ગુરૂ છે.
- ત્રીજ પદ 'नमो आयरियाणं' માં અક્ષરો સાત છે. તે સાતેય લઘુ છે.
- ચોથા પદ 'नमो उवज्झायाणं' માં અક્ષરો સાત છે. તેમાં છ લઘુ છે અને એક ગુરુ છે. उवज्झाणं માં 'ज्झा' અક્ષર ગુરુ છે.
- પાંચમાં પદ 'नमो लोए सव्वसाहूण' માં અક્ષરો નવ છે. તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે सव्वसाहूणं नो व्व ગુરુ છે.

આ રીતે પાંચ પદોમાં ૩૫ અક્ષરો છે. તેમાં બત્રીસ લઘુ અને ત્રણ ગુરુ છે.

- છઠ્ઠા પદ 'एसो पंचनमुक्कारो' માં અક્ષરો આઠ છે. તેમાં સાત લઘુ અને ત્રણ ગુરુ છે.
- સાતમાં પદ **'सव्वपावप्पणासणो' માં અક્ષરો આઠ છે. તેમાં છ લઘુ અને ત્રણ ગુરુ છે. આ પદમાં 'व्व'** અને 'प्प' એ અક્ષરો ગુરુ છે.
- આઠમાં પદ 'मंगलाण च सव्वेसि' માં અક્ષર આઠ છે. તેમાં સાત લઘુ અને એક ગુરુ છે.
- નવમાં પદ 'पढमं हवइ मंगलं' માં અક્ષરો નવ છે ને નવ અક્ષર લઘુ છે.

આ રીતે નવકારમંત્રના છેલ્લા ચાર પદો કે જે ચૂલિકા કહેવાય છે તેમાં કુલ ૩૩ અક્ષરો છે. તેમાંના ૪ ગુરુ અને ૨૯ લઘુ છે.

**મંત્રના ૬૮ અક્ષરોમાં હ્રસ્વ અને દીર્ઘ સ્વરોની સંખ્યા :**

(૧) પ્રથમ પદ नमो अरिहंताणं માં
न, अ, रि, હ્રસ્વ સ્વરો છે.
मो, हं, ता, णं દીર્ઘ સ્વરો છે.

(૨) બીજા પદ 'नमो सिद्धाणं' માં 'न' માં હ્રસ્વ સ્વર છે. मो, सि, द्धा ण માં દીર્ઘ સ્વરો છે.

(૩) ત્રીજા પદ नमो आयरियाणं
न, य, रि, માં હ્રસ્વ સ્વરો છે.
मो, आ, या, णं માં દીર્ઘ સ્વરો છે.

(૪) ચોથા પદ नमो उवज्झायाणं માં
न, उ, માં હ્રસ્વ સ્વરો છે.
मो, व, ज्झा, या, ण માં દીર્ઘ સ્વરો છે.

(૫) પાંચમા પદ नमो लोए सव्वसाहूणं માં
न અને व्व માં હ્રસ્વ સ્વરો છે.
मो, लो, ए, स, सा, हूं, णं માં દીર્ઘ સ્વરો છે.

(૬) છઠ્ઠા પદ 'एसो पंच नमुक्कारो માં
न અને च માં હ્રસ્વ સ્વરો
ए, सो, पं, मु, क्का, रो માં દીર્ઘ સ્વરો છે.

(૭) સાતમાં પદ सव्वपावप्पणासणो માં
व्व, प, स, માં હ્રસ્વ સ્વરો
स, व्व, पा, व, णा, णो માં દીર્ઘ સ્વરો છે.

(૮) આઠમાં પદ मंगलाणं च सव्वेसिं માં
ग અને च માં હ્રસ્વ સ્વરો છે.
म, ला, णं, स, सव्वे, सिं માં દીર્ઘ સ્વરો છે.

(૯) નવમાં પદ पढमं हवइ मंगलम् માં
प, ढ, ह, व, इ, ग, માં હ્રસ્વ સ્વરો

मं, ल, न, म, માં દીર્ઘ સ્વરો છે.

આ રીતે નવસકારમંત્રમાં ૨૪ હ્રસ્વ સ્વરો અને ૪૪ દીર્ઘ સ્વરો છે.

## (૨) મંત્રના અક્ષરોનું વિશ્લેષણ :

જૈન દર્શન પ્રમાણે દ્વાંદશાંગીનું મૂળ નવકારમંત્રમાં વિદ્યમાન છે તથા સમસ્ત મંત્રશાસ્ત્રની મૂળભૂત માતૃકા આનાથી ઉત્પન્ન થાય છે. આ સ્પષ્ટપણે બતાવવા વિદ્વાનોએ નવકારમંત્રના અક્ષરોનું વિશ્લેષણ કરી બતાવ્યું તેનો એક પ્રકાર આ પ્રમાણે છે :

महामंत्र

"न + अ + म् + ओ + अ + र् + इ + ह् + अं + त् + न + अ +

म् + ओ + स् + इ + द् + ध + आ + ण् + अं + न् + अ + म् + ओ + आ +

य् + अ + र + इ + य् + आ + ण् + अं + न् + अ + म् + ओ + उ + व् + अ

ज् + झ + आ + य् + आ + ण् + अं + न + अ + म् + ओ + ल + ओ + ए + स +

अ + व् + व् + अ + स + आ + ह् + उ + ण् + अं

આ વિશ્લેષણમાંથી સ્વરોને જુદા પાડીએ તો

अं + ओ + अ+इ (ए) + अं + आ + अं + अ + आ+इ (ऐ) + अं + अ + ओ + आ+इ+इ (एइ) + अ

+ अं + अ+ओ (औ) + अ + आ + अं+अ (अ :) + ओ + ओ + ए + अ + उ + अ + आ + अ + अ

આ રીતેના સ્વરો નીકળી આવે છે. તેમાં રેખાંકિત સ્વરોને મેળવતા તે મજ र् અને ल ને रलयारैज्य માની आयरियाणं ના रि એ પાકૃત સ્વરૂપને ऋ માનવાથી સોળ સ્વરોની સૃષ્ટિ થઈ જાય છે.

अ, आ, इ, ई, उ, ऊ, (र), ऋ, ॠ, (ळ), ऌ, ॡ, ऐ, ओ, औ, अं, अः

ઉપરની પદ્ધતિથી વ્યંજનો જુદા પાડીએ તે "न् + म्+ र + ह + त् + ण् + न् + म् + स् + ध् + ण् + न् + म् + य् + र् + ण् + न् + म् + व् + ज् + झ् (श) + य् + ण् + न् +

म् + ल् + स् + द् + व् + स् + ह् (ध) + ण

એમ વિશ્લેષણ થશે. પછી આ વ્યંજનોમાંથી પુનરુક્ત વ્યંજનોને છોડી દેવાથી

न् + म् + र् + ह् + ध् + स् + य् + र् + ल् + व + ज् + ध् + ह

એ વર્ણો બાકી રહે છે. તેમાં પણ ધ્વનિસિદ્ધાંતોને આધારે વર્ણાક્ષરને પૂરા વર્ગોનો પ્રતિનિધિ માની

ध् क वर्ग, स् = च वर्ग, ण् = ट वर्ग, ध् = त् वर्ग, म = प वर्ग, य्, र्, ल्, व्, तथा स् = श, ष, स, ह

એમ માનવામાં આવતા સમસ્ત વ્યંજનો જડી આવે છે. તેથી નમસ્કાર મહામંત્રમાંથી જ માતૃકાની ઉત્પત્તિ થઈ છે તે સિદ્ધ થાય છે. મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ આવી પદ્ધતિનો સ્વીકાર સર્વત્ર થયો છે તે નિર્વિવાદ છે.

'વર્ણ - સામામ્નાય' માં આ માતૃકાને પરમાત્માનું શબ્દમય શરીર કહ્યું છે.

શ્રી નવકારમંત્રના અક્ષરોનું વિશ્લેષણ બીજી રીતે પણ થાય છે.

દ્રવ્યસંગ્રહ ગ્રંથમાં સિદ્ધાંત ચક્રવર્તીનેમિચંદ્રસુરિએ શ્રી નવકારમંત્રના અક્ષરોનું જરા જુદી રીતે વિશ્લેષણ કર્યું છે :

**पणतीस मंगलद्धप्पणचदुदुगमेग च जयह उझाणह ।**
**परमंट्ठिवाचयाणं च गुरुवएसेणं ॥**

અર્થાત્.

પરમેષ્ઠિવાચક, પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરવાળા મંત્રોનો અથવા ગુરુ દ્વારા ઉપદેશિત અન્ય મંત્રોનો જાપ કરો.

અહીં આચાર્યએ ૩૫ અક્ષરના આ મૂલમંત્રને ૧૬, ૬, ૫, ૪, ૩, ૨, ૧ અક્ષરનો પણ વિવિધ રીતે નીચે પ્રમાણે બતાવ્યો છે.

**શ્રી નવકારમંત્રને ૧૬ અક્ષરનો આ રીતે કહ્યો છે :**

**'अरिहंत, सिद्ध, आयरिय, उवज्झाय, साहू'**

શ્રી નવકારને છ અક્ષરનો આ રીતે કહ્યો છે :

'अरिहंत - सिद्ध '

શ્રી નવકારને પાંચ અક્ષરનો આ રીતે કહ્યો છે :

'अ सि आ उ सा'

શ્રી નવકારને ચાર અક્ષરનો આ રીતે કહ્યો છે :

'अरिंहत'

શ્રી નવરારને બે અક્ષરનો આ રીતે કહ્યો છે :

'सिद्ध'

શ્રી નવકારને એક અક્ષરનો આ રીતે કહ્યો છે :

**'ॐ'**

## (3) નવકારમંત્રના અક્ષરોમાં રહેલો બીજમંત્ર :

તંત્રશાસ્ત્રમાં શબ્દોને સંક્ષિપ્ત કરવામાં આવે છે. એવા અક્ષરો - શબ્દોને બીજાઅક્ષર કહેવામાં આવે છે. શ્રી નવકારમંત્રના અક્ષરોમાં આવો એક બીજમંત્ર સમાયેલો છે, જેને **ॐ** કહેવામાં આવે છે.

શ્રી સિદ્ધસેનસૂરિ પ્રણિત 'શ્રી નમસ્કાર માહાત્મ્ય' ગ્રંથના છઠ્ઠા અધ્યાય (પ્રકાશ) માં આ પ્રમાણે શ્લોક છે :

**अहंद्रूपाचोर्योपाध्याय - मुन्यादिमाक्षरै : ।**
**सन्धि - प्रयोग - संशिलष्टैरोङ्कारं वा विदुर्जिना ॥**

અર્થાત્.

શ્રી જિનેશ્વરો એ अर्हत (અરિહંત) अरू पी (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પાંચ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરોને વ્યાકરણના સંધિનિયમો લગાડીને સિદ્ધ થયેલા (अ + आ, आ = आ, आ + उ = ओ, ओ + म् = )'' કાર કહેલ છે, તેનું અનુકરણ કરવું કારણ કે તેમાં પંચપરમેષ્ઠિ આવી જાય છે.

શ્રમણસૂત્રના બારમાં શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે ૐ નવકારમંત્રના સારરૂપ છે. નવકાર દ્વારા અરિહંત, સિદ્ધ, (અશરીરી) આચાર્ય, ઉપાધ્યાય અને મુનિના પ્રથમ અક્ષર (અ + અ + આ + ઉ + મ) મળીને 'ૐ' થાય છે. 'ૐ' બધાજ ઉચ્ચારો - વર્ણોની માતા છે અને જ્યારે આપણે 'ૐ' કાર બોલીએ છીએ ત્યારે એ રીતે નવકારમંત્ર જ બોલાઈ જતો હોય છે.

ૐકાર વિદ્યાસ્તવનમાં લખ્યું છે કે :

**प्रणवसत्वं ? परमब्रह्म ? लोकनाथ ? जिनेश्वर ?**
**कामदस्य मोक्षदसत्वं ॐकाराय नमोनम : ।**

અર્થાત્. હે પરબ્રહ્મ, લોકનાથ, જિનેશ્વર (અરિહંત) તમે પ્રણવ (ૐકાર) છો, હે ૐ કાર ! તું સર્વ શુભ ઇચ્છાઓને પૂર્ણ કરનાર છે અને મોક્ષ આપનાર પણ તું જ છે. હું તને પુન : પુન : નમસ્કાર કરું છું.

શ્રી નવકારમંત્રના 'નમો' પદ સાથે ૐકારનો સંબંધ, ૐ કારમા નમો અને નમોમાં ૐકાર સમાઈ જાય છે. નમો અને ૐ બંને સંજ્ઞા અને વ્યંજનોના ઉભયથી સમાન છે. 'મો' અક્ષરને ઉલટાવવાથી 'ૐ' ધ્વનિ પેદા થાય છે. ૐ ધ્વનિને ઉલટાવવાથી 'ૐ' ધ્વનિ પેદા થાય છે. ૐ ધ્વનિને આલેખવાથી 'નમો' પદ પ્રગટે છે કેમ કે ન + ઓ મળીને ૐ કાર આકૃતિ થાય છે. તેથી ૐ અને નમો બે પદાર્થ એક જ છે.

ૐ એ પંચપરમેષ્ઠિવાચક પદ છે.

ૐ કારને એકાક્ષરી નવકારમંત્ર કહેવામાં આવે છે.

શ્રી નવકારમંત્રમાં સમાયેલા આ બીજમંત્ર ૐ કાર વિષે મંત્રવ્યાકરણમાં લખ્યું છે કે :

**तेनो भक्तिर्विनिय : प्रणवब्रह्मादीपवामाश्च ।**
**वेदोडब्जहनध्रुवमाधिधुर्मिरोमित स्यात् ॥**

અર્થાત્.

ૐ બીજ તેજસ, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વાચ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ આદિ અને આકાશ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. અન્ય તંત્રગ્રંથોમાં તેની અન્ય સંજ્ઞાઓ નીચે મુજબ છે આપવામાં આવી છે :

વર્તુળ, તાર, હંસકારણ મન્ત્રાધ, સત્યં, બિન્દુશક્તિ, ત્રિદૈવત, સર્વનીજોત્પાદક, પંચદેવત્રિક, સાવિત્રિ ત્રિશીલ, ત્રિગુણ, ગુણજીવક, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ, ત્રિકુટ, ત્રિભુવ, ભવશાસન, ગાયત્રીબીજ, પંચાશ, મંત્રવિદ્યા પ્રશ્નાપ્રભુ, અક્ષર, માતૃકાસ્., અનાદિ, અદ્વૈત, મોક્ષદ આદિ.

ૐના ત્રણ વિભાગ (મુખ્ય) અ, ઉ, મ પ્રકૃતિની ત્રણ સત્તાઓના પ્રતિક છે. 'અ' વિશ્વની ઉત્પત્તિનું. 'ઉ' સ્થિતિ ને સંચાલનનું તો 'મ' વિલયનું પ્રતીક છે.

ૐ કાર એ બીજમંત્ર છે. બીજમાંથી જેમ ફણગો, પત્ર - પુષ્પ અને ફળની પ્રાપ્તિ થાય છે. તેમ આ મંત્રબીજમાંથી અનેક સુખો પ્રાપ્ત થાય છે. જેમ દૂધનું વિશ્લેષણ કરતાં તેના સારરૂપ ઘીનું તત્વ કાઢવામાં આવે છે તેમ આ

બીજાકારને પણ મહાશક્તિશાળી અને રહસ્યમય બતાવવાનું પ્રયોજન તંત્રશાસ્ત્ર બતાવે છે. આ બીજમંત્ર આપણી અવ્યક્ત શક્તિઓને જાગૃત કરે છે. તેમાં આ બીજાક્ષરની પંચમહાભૂતયુક્ત રચના ખાસ કારણભૂત છે. જેમ કે જે બિંદુ હોય છે તે આકાશ કહેવાય છે. ચંદ્રરેખા હોય છે તે વાયુ કહેવાય છે. શિરોરેખા અગ્નિરૂપ છે. અક્ષરના આકારને જળ અને આધારસ્થાનને પૃથ્વી કહે છે. આ પંચમહાભૂતથી ઘડાયેલ બીજમંત્રમાં ચેતના શક્તિ હોય તે સ્વભાવિક છે.

શ્રી નવકારમંત્રના સારરૂપ આ ૐ કારનું ધ્યાન ધરવાથી પ્રસ્તુત શક્તિઓ અવશ્ય પ્રગટ થયા છે.

## (૪) શ્રી નવકારમંત્રના અક્ષરોની વિશિષ્ટતાઓ :

શ્રી નવકારમંત્રનો પ્રત્યેક અક્ષર વિશિષ્ટ છે. તે માત્ર અક્ષર નથી પણ જિનેશ્વર દેવોનું મંત્રાત્મક શરીર છે.

**जग्मुर्जिनास्तदपवर्गपदं तदैव ।**
**विश्वं कराकमिद मंत्र कथं विनास्मातू ।**
**ततू सर्वलोकभुवनोद्धरणाय धीरे**
**मंन्त्रात्मक निजवपुर्निहितं तदत्र ॥**

અર્થાત્. જ્યારે જિનેશ્વર ભગવંતો મોક્ષમાં ગયા ત્યારે અમારા વિના અહીં બિચારા આ જગતનું શું થશે (એવી કરૂણાથી) ધીર એવા તેઓ સર્વ જગતના જીવોના ઉદ્ધાર માટે પોતાના આ મંત્રાત્મક શરીરને અહીં મૂકતા ગયા.

ઉપદેશતરંગાણીમાં કહ્યું છે કે :

**तीर्थोन्येवाष्टषष्ठि – जिनसमयरहस्यान**
**यस्याक्षराणि**

અર્થાત્. - શ્રી જિનાગમના રહસ્યભૂત એવા આ નવકારમંત્રના અડસઠ અક્ષરો અડસઠ તીર્થ સમાન છે. અડસઠ અક્ષરોનું શુદ્ધ ઉપયોગ પૂર્વક ધ્યાન કરવાથી ૬૮ તીર્થોની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે. તે ૬૮ તીર્થો નીચે મૂજબ છે :

૧. શત્રુંજય ૨. ગિરનારજી ૩. આબુ ૪. અષ્ટાપદજી ૫. સમેતશિખર ૬. માંડવગઢ ૭.ચંડપપાચલ ૮. અયોધ્યા ૯.કલિકુંડ પાર્શ્વનાથ ૧૦. નાકોડા પાર્શ્વનાથ ૧૧. જીરાવાલા ૧૨. વારણસી ૧૩. ગોડી પાર્શ્વનાથ ૧૪. નવપલ્લવ પાર્શ્વનાથ ૧૫. ચિંતામણી પાર્શ્વનાથ ૧૬. કાવડતીર્થ ૧૭. પાનસર ૧૮. લાભાતીર્થ ૧૯. સાચોરી ૨૦. પાવાગઢ ૨૧. મહુડ.ી ૨૨. શેરીસા ૨૩. રાવણતીર્થ ૨૪. અજારા - પાર્શ્વનાથ ૨૫. બારેજાતીર્થ ૨૬. માલાતીર્થ ૨૭. પ્રતિષ્ઠાપુર ૨૮. અંતરીક્ષજી ૨૯. કુલ્પાકજી ૩૦. શુલાહારો ૩૧. ઉલરવડિયો ૩૨. ક્ષત્રિયકુંડ ૩૩. શંખેશ્વરજી ૩૪. લોઢણ પાર્શ્વનાથ ૩૫. ભટેવાપાર્શ્વનાથ ૩૬. સહસ્ત્રફણા પાર્શ્વનાથ ૩૭. વરકાણા પાર્શ્વનાથ ૩૮. બંભણવાડા પાર્શ્વનાથ ૩૯. પંચાસરા પાર્શ્વનાથ ૪૦. ધૃતકલોલ પાર્શ્વનાથ ૪૧. અવંતિ પાર્શ્વનાથ ૪૨. થંભણ પાર્શ્વનાથ ૪૩. નવખંડા પાર્શ્વનાથ ૪૪. સપ્તફણા પાર્શ્વનાથ ૪૫. અપાપાપુરી ૪૬. કરહેડા પાર્શ્વનાથ ૪૭. કોસંબી ૪૮. કોસલપુર ૪૯. મક્ષીજી ૫૦. કાકંદી ૫૧. ભદ્દુપુરી ૫૨. સિંહપુરી ૫૩. કંપિલપુરી ૫૪. રત્નપુરી ૫૫. મથુરાપુરી ૫૬. રાજગૃહી ૫૭. શોરીપુરી ૫૮. હસ્તિનાપુર ૫૯. તળાજા ૬૦. કંદલગિરિ ૬૧. બગડો ૬૨. વડનગર ૬૩. ધુલેવા ૬૪. લોહિયા ૬૫. બાહુબલિજી ૬૬. મરૂદેવા ૬૭. પુંડરીક ૬૮. ગૌતમતીર્થ

બીજી રીતે આ અક્ષરોની વિશિષ્ટતા બતાવતા કહ્યું છે કે અરિહંતનો આદ્ય અક્ષર અષ્ટાપદતીર્થનો ઉલ્લેખ કરે છે. શ્રી સિદ્ધનો આદ્ય અક્ષર સિદ્ધચલજીનું સૂચન કરે છે. આચાર્યજીનો આદ્યઅક્ષર આબુતીર્થનું સૂચન કરે છે અને સાધુના આદ્ય અક્ષરમાં રહેલો 'સ' સમેતશિખરજીનું સૂચન કરે છે.

શ્રી નવકારમંત્રના મહાન આરાધક પન્યાસ ભદ્રંકરવિજયજીએ મંત્રના અક્ષરોની વિશિષ્ટતાઓ બતાવતું કરેલું વિધાન નોંધનીય છે, તે નીચે મુજબ છે :

નવકારમંત્રના ૬૮ અક્ષરોમાં રહેલા ચૌદ 'નકાર' ચૌદ પૂર્વોને જણાવે છે ને નવકાર ચૌદ પૂર્વ રૂપી શ્રુતસાગરનો સાર છે તેમ પ્રતીતિ કરાવે છે. નવકારમંત્રમાં 'બાર - કાર' છે. તે બાર અંગોને જણાવે છે. 'નવ ણ' છે જે નવ નિધાનને સૂચવે છે. 'પાંચ ન કાર' પાંચ જ્ઞાનને, 'આઠ સ' આઠ સિદ્ધને, 'નવ મ કાર' ચાર મંગળ - પાંચ મહાવ્રતને, ત્રણ 'લ' કાર ૩ લોકને, બે 'ચ' કાર દેશ અને સર્વ ચારિત્રને, બે 'ક' કાર બે પ્રકારના ઘાતિ - અઘાતિ કર્મોને, પાંચ 'પ' કાર પંચપરમેશષ્ઠિને, ત્રણ 'ર' કાર (જ્ઞાન - દર્શન - ચારિત્ર) ત્રણ રત્નોને, બે 'ય' કાર (ગુરુ અને પરમગુરુ) બે પ્રકારના ગુરુઓને અને બે 'એ' કાર સાતમો સ્વર હોવાથી સાત રાજ ઉર્ધ્વ અને સાત રાજ અધો એવા ચૌદ રાજલોકને સૂચવે છે.

મૂલમંત્રના ૨૪ ગુરુઅક્ષર ૨૪ તીર્થંકર પરમાત્માઓને અને ૧૧ લઘુ અક્ષર વર્તમાન તીર્થપતિના ૧૧ ગણધરોને બતાવે છે.

નવકારમંત્રના અક્ષરોના સ્પષ્ટ ઉચ્ચારથી આત્મામાં દિવ્યશક્તિ અવતરિત થાય છે. માટે આ અક્ષરોને ગુરુપુજ્ય કહ્યા છે. ઉચ્ચારશુદ્ધિથી મનનું ચૈતન્ય વિકસે છે. શાસ્ત્રો કહે છે કે નવકારમંત્રના દરેક અક્ષરમાં એક હજાર ને આઠ વિદ્યાઓ નિહિત રહેલી છે. દરેક અક્ષર સાત સાગરોપમનાં પાપોનો નાશ કરે છે.

## (૫) શ્રી નવકારમંત્રના અક્ષરોની ભાષા :

ભગવાન મહાવીર અને એમના ગણધરોની ભાષા લોકભાષા અર્ધમાગધી હતી. એ વખતે ઉચ્ચ વર્ગના બૌદ્ધિક કે સુશિક્ષિત વર્ગની ભાષા સંસ્કૃત હતી, પણ બહુમતી સામાન્ય પ્રજાની ભાષા પ્રાકૃત હતી. આથી સ્વાભાવિક રીતે આ મહામંત્રની ભાષા પણ લોકભાષા છે. અર્ધમાગથી પાકૃત જ છે.

નવકારમંત્રની સંસ્કૃત છાયા પણ આ રીતે મળે છે.

नमोहर्हद्ल्य : नमो : सिद्धभ्य : नम आचारभ्य : नम उपाध्ययेभ्य : नमो लोए सर्वसाधुभ्य :

एवं पंचनमस्कार :, सर्वपापप्रणाशन :

मंगलानां च सर्वेंषां प्रथम भवति मंगलम्

બ્રાહ્મી લિપિમાં પણ નવકારમંત્રનો પાઠ મળે છે.

શ્રી નવકારમંત્રના અક્ષરદેહનું સ્વરૂપ જોયાં પછીના પ્રકરણમાં નવકારમંત્રના અર્થદેહનું વર્ણન કરેલ છે.

# પ્રકરણ - ૪

## શ્રી નવકારમંત્રનો અર્થદેહ

(૧) શ્રી નવકારમંત્રનો શબ્દાર્થ

(૨) શ્રી નવકારમંત્રનો ભાવાર્થ

(૩) શ્રી નવકારમંત્રનો ગૂઢાર્થ

# પ્રકરણ - ૪

# શ્રી નવકારમંત્રનો અર્થદેહ

## (૧) શ્રી નવકારમંત્રનો શબ્દાર્થ :

પ્રથમ નવકાર (नवकार) એ શબ્દનો અર્થ કરીએ તો સંસ્કૃત 'नमस्कर' શબ્દના પાકૃતમાં બે રૂપ થાય છે. એક 'नमुक्कार' ને બીજો 'नमोक्कार' પાકૃત વ્યાકરણના નિયમ મુજબ આદિમાં રહેલા 'न' નો વિકલ્પ 'ण' થાય છે. એટલે णमुक्कार અને णमोक्कार એવા રૂપો પણ નવકારના બની શકે છે. પરંતુ આ રૂપોમાંથી આપણે સંબંધ नमुक्कार પદ સાથે છે. नमुक्कार માંથી 'म' નો લોપ થતા नउक्कार શબ્દ પણ બને છે અને તેમાંથી नउकार નો છેવટે નવકાર શબ્દ બને છે.

મહામંત્રના જુદા જુદા પદોનો અર્થ ક્રમશ : આ પ્રમાણે છે :

नमो अरिहंताणं

(મારો) નમસ્કાર હો અરિહંતોને

नमो सिद्धाणं

(મારો) નમસ્કાર હો સિદ્ધોને

नमो आयरियाणं

(મારો) નમસ્કાર હો આચાર્યોને

नमो उवज्झायाणं

(મારો) નમસ્કાર હો ઉપાધ્યાયોને

नमो लोए सव्वसाहुणं

(મારો નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને)

एसो पंच - नमुक्कारो

આ પાંચને કરેલો નમસ્કાર

सव्वपावप्पणासणो

સર્વ પાપનો પ્રણાશક છે.

मंगलाणं च सव्वेचि

અને સર્વ મંગલોમાં

पढमं हवइ मंगलं

પ્રથમ મંગળરૂપ થાય છે.

શ્રી નવકારમાં अरिहंताणं, सिद्धाणं, आयरियाणं, उवज्झायाणं પદો બહુવચનમાં છે. પાંચમાં પદમાં રહેલા लोए અને सव्व પદ આ ચારેયમાં જોડાતા સકલ લોકમાં રહેવા સર્વ અરિંહતો, સિદ્ધો, આચાર્યોને ઉપાધ્યાયોને મારો નમસ્કાર થાઓ તેવો અર્થ થાય છે. અહીં સર્વ શબ્દોનો અર્થ સર્વરકાલીન કરીએ તો આ નમસ્કાર ત્રણેય કાળના અરિહંતોને, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને થાય છે. સાધુ ભગવંત માટે વિશિષ્ટ અર્થ પછી વિચારીશું.

શ્રી નવકારમંત્રનો શબ્દાર્થ અત્યંત સંક્ષિપ્ત છે પરંતુ તેનો ભાવાર્થ અત્યંત ગંભીર છે. અને ગૂઢાર્થ તો વિશાળ ને ભવ્ય છે.

## (૨) શ્રી નવકારમંત્રનો ભાવાર્થ :

પ્રથમ 'नमो' પદનો ભાવાર્થ જોતા 'नमो' એ નૈપાતિક પદ છે. ભગવતીસૂત્રની ટીકામાં આચાર્ય અભયદેવસૂરિ લખે છે.

**तत्र नम : इति नैपादिक – पदं द्रव्यभावसंकोचार्थम् ।**

**आह च नैवाइयं पद दव्वभावसंकोयणपयत्थो ।**

**मन : कार चरणमस्तकसुप्रणिधानस्मो नमस्कारो भवत्वित्यर्थ ।**

અહી નમ : નૈપાતિક પદ છે અને તેનો દ્રવ્યસંકોચ તથા ભાવસંકોચ એ અર્થ છે. કારણ કે (આવશ્યક નિર્યુક્તિમાં) કહ્યું છે કે નમ : નિપાતરૂપ પદ છે અને દ્રવ્યસંકોચ તથા ભાવસંકોચ એ એનો અર્થ છે. નમો એ એક પ્રકારનું અવ્યય છે. તે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના નમસ્કારનું સૂચન કરે છે. દ્રવ્ય નમસ્કાર એટલે બે હાથ જોડવા, મસ્તક નીચે નમાવવું, ઘૂંટણે પડવું વગેરે અને ભાવનમસ્કાર એટલે જેમને નમસ્કાર કરતા હોઈએ તેમના પ્રત્યે વિનય રાખવો, ભક્તિ રાખવી, ઉત્કટ આદર રાખવો.

'નમો' પદમાં નમસ્કારની ભાવના છે. પૂ. આચાર્ય ભગવંત હરિભદ્રસુરિ મહારાજે શ્રી લલિત વિસ્તર નામની ચૈત્યવદસૂત્રની વૃત્તિમા લખ્યું છે કે 'धर्म प्रति मूलभूता वन्दना' અર્થાત્. ધર્મ પ્રત્યે લઈ જનારી મૂલભૂત વસ્તુ વંદના છે. - નમસ્કાર છે, કારણ કે નમસ્કાર વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ ધર્મબીજને વાવે છે.

ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ 'નમો' વિનયનું બીજ છે જેનું પરંપર ફળ મોક્ષ છે. પૂ. ઉમાસ્વતિજીએ પ્રશમરતિ પ્રકરણમાં ફરમાવ્યું કે વિનયનું ફળ ગુરુસેવા - તેનું ફળ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ - તેનું ફળ આશ્રવનો નિરોધ - સંવરની પ્રાપ્તિ - તપ - કર્મ નિર્જરા- યોગનો નિરોધ - ભવપરંપરાનો ક્ષય - તેનું ફળ મોક્ષ. આમ, વિનય એ સર્વકલ્યાણનું મૂળ કારણ છે.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'નમો' એ શોધન બીજ છે તેથી શરીર, મન અને આત્માની શુદ્ધિ કરવામાં તે અતિ ઉપયોગી છે.

તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'નમો' એ શાન્તિ અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારુ પદ છે તેથી 'નમો' પદથી પ્રયોજાયેલું સૂત્ર શાન્તિ અને પુષ્ટિને લાવનારુ છે.

શ્રી નવકારમંત્રની શરૂઆત 'નમો' પદથી થાય છે એ જ તેની એક મહાન વિશેષતા છે. આ 'નમો' પદ ધર્મશાસ્ત્ર, તંત્રશાસ્ત્ર અને મંત્રશાસ્ત્ર ત્રણેયની દૃષ્ટિએ રહસ્યમય છે.

નમસ્કાર મહામંત્રમાં આ 'નમો' પદનું છ વખત સ્મરણ કરાયું છે. આ 'નમો' પદમાં ઘણા ગંભીર ભાવો છૂપાયેલા છે. જેમ કે 'નમો' એટલે શુદ્ધ મનનો નિયોગ, મનનું શુદ્ધ પ્રણિધાન, વિષય - કષાયથી વિરમવું, સાસાંરિક ભાવોમાં દોડતા મનને રોકવું.

'નમો' પદમાં પંચપરમેષ્ઠિઓ પ્રત્યેનો પ્રમોદભાવ રહેલો છે. જ્યાં પ્રમોદભાવ છે, ત્યાં અનુમોદનાના બીજમાંથી સર્વસમર્પણભાવનું વૃક્ષ ઉગે છે. આમ, 'નમો' એ સર્વસમર્પણભાવનું સૂચક છે.

જેને નમસ્કાર કરવાના છે તે પંચપરમેષ્ઠિ સાથે આ 'નમો' પદથી જોડાણ થાય છે. આ જોડાણથી આપણામાં રહેલો ચેતનાનો સ્ત્રોત ઉર્ધ્વમુખી બને છે અને સાથે વિશ્વના સર્વશ્રેષ્ઠ પુરુષોની સ્તવનાથી અંતરમમાં તેના પ્રત્યે

અનુમોદનાનો ભાવ પ્રગટે છે. પંચપરમેષ્ઠિમાં વહી રહેલો વિદ્યુતપ્રવાહ આપણા આત્માને આ 'નમો' રૂપી સ્વીચ દ્વારા પ્રકાશ આપે છે.

વળી નવકારની આદિમાં રહેતો આ 'નમો' પદમાં ૐ પણ છૂપાયેલો છે. તે આ રીતે न् + अ + म् + ओ + એ ચાર વર્ણો છે. હવે તે વર્ણોને જો ઉલટાવવામાં આવે તો ओ + म् + अ + न् એવો ક્રમ થશે. તેમાના પ્રથમ બે વર્ણોના સંયોજનથી ૐ ની નિષ્પત્તિ થાય છે.

ટૂંકમાં, આ 'નમો' પદ એ મોક્ષની કૂંચી છે.

ટૂંકમાં, આ નમો બોલવાથી પહેલી અસર એ થાય છે પોતાના અહંકારનું આવરણ ઉતરવા માંડે છે. માનવી તેને જ નમે કે જેને તે પોતાનાથી વધુ ગુણવાન અને મહાન માનતો હોય, આમ આ 'નમો' પદ બોલતાં જ પોતે નિરાભિમાની બની અત્યંત નમ્ર અને ઋજુ હૃદયી બને છે. અહંકારની સાથે બીજા ઘણા દુર્ગુણો પણ દૂર થાય છે ને સાધકનું મન સ્વચ્છ નિર્મળ બને છે. જ્યાં સદ્‌ગુણો સહજ રીતે આવીને વસે છે.

નમો પદનો ભાવાર્થ વર્ણવ્યા પછી હવે अरिहंताणं, सिद्धाणं, आयरिण, उवज्झायाणं, सव्वसाहूणं, આ બધા જ પદોમાં સમાયેલા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ આ પંચપરમેષ્ઠિનો ભાવાર્થ 'પંચપરમેષ્ઠિનો ભાવાર્થ' પંચપરમેષ્ઠિનું સ્વરૂપ એ પાંચમાં પ્રકરણમાં પ્રસ્તુત કરેલ છે. તેથી હવે છેલ્લા ચાર પદ જેને ચૂલિકા કહેવામાં આવે છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :

ચૂલિકા શબ્દ ચૂલા પરથી આવ્યો છે. 'ચૂડા' શબ્દ પણ પ્રાયોજાય છે. ચૂલા એટલે આભૂષણ. ચૂલા એટલે શોભા વધારનાર, ચૂલા એટલે શિખર. નંદીસૂત્રમાં કહ્યું છે કે શ્રુતરૂપી પર્વત ઉપરની શિખરની જેમ શોભે તે ચૂલા.

ચૂલિકાના પહેલા બે પદ 'આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે' એ સમજાવતા એ પાંચને કરેલો નમસ્કાર કેવો છે તે માટે પછીના ચાર પદોમાં બતાવવામાં આવ્યું છે કે આ પાંચેયનો કરેલો નમસ્કાર પ્રાણાશક છે. એટલે કે પાપોને અત્યંત નાશ કરનાર છે.

જેમાં કોઈ પ્રયોજન કે ફળ ન હોય તે વસ્તુમાં કોઈને કશો રસ પડે નહી. એ નિયમને અનુસરીને પ્રયોજન તથા ફળની દૃષ્ટિએ આ મહામંત્રનો વિચાર કરવાનો છે. ને સામાન્ય રીતે આ ફલને પ્રયોજનનો વિચાર મંત્રના શબ્દોમાં જ કરેલો હોય તો તે પૂર્ણ મંત્ર ગણાય. સર્વપાપનો નાશ કરે છે એવા જે શબ્દો છે તે મહામંત્રનું પ્રયોજન બતાવે છે.

આ પાંચને કરેલો નમસ્કાર પાપોને જડમૂળથી ઉખેડી નાખે છે. આ નમસ્કાર જ્ઞાનવરણાદિ અશેષ કર્મોને પ્રકર્ષ કરીને ખંડોખંડ કરીને દિશોદિશ નાશ કરે છે. વળી આ નમસ્કાર નિર્વાણ સુખને સાધવામાં પણ સમર્થ છે. આ નમસ્કારથી અશુભ કર્મોનો સંપૂર્ણ નાશ થાય છે. તેથી કષ્ટ, આપત્તિ આવતા જ નથી. આમ, આ નમસ્કાર સર્વ પાપો અને દુઃખનો અત્યંત નાશ કરે છે.

શ્રી નવકારમંત્રના છેલ્લા બે પદોમાં જણાવવામાં આવ્યું છે કે આ પંચનમસ્કાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ થાય છે. 'મંગલ' શબ્દની વ્યાખ્યા શાસ્ત્રકારો અનેક પ્રકારે કરી છે પણ તેની મુખ્ય વ્યાખ્યા 'मङ्गति हितार्थ सर्पतीनि मंगलम्' પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે છે તે મંગલ એ અહી ગ્રહણ કરવાની છે. એટલે મંગલો પણ અનેક પ્રકારના છે અને તેથી અહી 'मंगलाणं च सव्वेसि' એવો શબ્દ પ્રયોગ છે. મંગલના જો દ્રવ્યમંગલ અને ભાવમંગલ એવા બે ભેદ કરીએ તો આ सव्वेसि શબ્દથી બંને પ્રકારના મંગલો ગ્રહણ કરવાના છે. દ્રવ્યમંગલ એટલે શુભ પદાર્થો જેવા કે સ્વસ્તિક, શ્રીવત્સ. નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાશન, કળશ, મીનયુગલ, દર્પણ વગેરે તથા દધિ,

દુર્વા, સુવર્ણ વગેરેની ગણના પણ શુભ પદાર્થોમાં થાય છે. ભાવમંગલ એટલે અહિંસા, સંયમ, તપ, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન, આદિ શુભ ભાવો.

पढमं हवइ मंगलमू પ્રથમ મંગલ એટલે ઉત્તમ કે ઉત્કૃષ્ટ મંગલ, પંચનમસ્કાર સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. એટલે મંગલ તરીકે તે બિનહરીફ અદ્વિતીય છે. તાત્પર્ય એ છે કે આ મંગલ દ્રવ્ય અને ભાવ બંનેથી પ્રાણીઓનું અત્યંત હિત કરનાર છે. એટલે તેને કોઈપણ ઉપદ્રવો સતાવી શકતા નથી. ભાવથી પંચપરમેષ્ઠિનુ સ્મરણ કરનાર ભવ્ય આત્મા અશુભ વિચાર યા પરિણામની ધારાએ ચડતો નથી.

શાસ્ત્રો આ રીતે પણ સમજાવે છે કે સમ્યગદર્શન આદિની આરાધનાસ્વરૂપ અહિંસાલક્ષણ ધર્મને લાવે તે 'મંગલ' અથવા જીવને ભવથી, સંસારથી ગાળે - તારે તે મંગલ અથવા બદ્ધા, સ્પૃષ્ટ અને નિદ્ધત - નિકાચિતાદિ આઠ પ્રકારની કર્મરાશીને ગાળે, શમાવે તે મંગલ, આ સર્વ અને બીજા પણ મંગલો તેને વિશે પ્રથમ એટલે આદિમંગલ કારણ કે અરિહંતાદિની સ્તુતિ પરમમંગલરૂપ છે. તથા ઐકાન્તિક અને આત્યંતિક ફળદાયી હોવાથી ભાવમંગલ છે.

નમસ્કાર મહામંત્ર આદ્યમંગલ 'णमो' શબ્દથી છે. 'णमो' શબ્દ વિનયગુણનો દ્યોતક હોવાથી મહામંગલકારી છે.
તે મધ્યમંગલ नमुक्कारो શબ્દથી છે. ઉત્તમ પરમાત્માને કરેલો નમસ્કાર મહામંગલકારી હોય તેમાં શુ આશ્ચર્ય ?
તે અંતિમ મંગલ मंगलमू શબ્દથી છે. અંતિમ, મંગલ આ સૂત્રની શાશ્વતતાને સિધ્ધ કરે છે.
આમ શ્રી નવકારમંત્ર સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે કારણ કે તે આર્ધ, મધ્યમ, અને અંતિમ મંગલ છે.

આમ આ ચૂલિકાના ચાર પદો દ્વારા પ્રાયોજન અને ફળ બંને સમજાવતા કહ્યું કે પંચપરમેષ્ઠિનમસ્કારનું પ્રયોજન અંતરાયકર્મનો ક્ષય અને મંગલનું આગમન છે તથા ફળ પરંપરાકાર્ય આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિનિ નિષ્પત્તિ તથા પરલોકમાં સિદ્ધ, સ્વર્ગ, સુકુળમા ઉત્પત્તિ અને બોધની પ્રાપ્તિ કહ્યું છે.

શ્રી નવકારમંત્રને પંચમંગલ મહાશ્રુસ્કંધ એમ મહાનિશીથમાં કહેલું છે. શાસ્ત્રમાં મંગળ, અભિધેય અને પ્રયોજન તથા ફળ કહેવું જોઈએ. ચૂલિકાથી ફળ અને પ્રયોજન કહેવાય છે. એટલે ચૂલિકા ન હોય તો તે મહાશ્રુતસ્કંધ ન બને.

જેમ શિખરનું મહત્વ મંદિર માટે છે. મંદિરનો આધાર પાયો છે તેમ શ્રી નવકારમાં આ ચૂલિકાનું મહત્વ છે. આચાર્ય ભદ્રબાહુસૂરિ ફરમાવે છે કે જે ચૂલિકાસહિત નવકાર ગણે તેના સર્વ પાપોનો નાશ થાય છે. ચૂલિકાથી શ્રદ્ધા વધે છે, તેના વગર તે અપૂર્ણ છે.

આ ચૂલિકાના ચારે પદો અનુષ્ટુપ છંદમાં શ્લોકો છે.

## (૩) શ્રી નવકારમંત્રનો ગૂઢાર્થ :

શ્રી નવકારમંત્ર અત્યંત સંક્ષિપ્ત મંત્ર હોવા છતાં ભાવાર્થથી તે સાગરસમ ઊંડાણવાળોને આકાશસમ વિસ્તાવાળો છે. પરંતુ શ્રી નવકારમંત્રનો ગૂઢાર્થ તો એનાથી પણ અનેક ગુણો સૂક્ષ્મ, ગંભીર, અને વિરાટ છે. એના ગૂઢાર્થો નીચે પ્રમાણે છે :

(ક) શ્રી નવકારમંત્રનો સૌથી મહત્વનો ગૂઢાર્થ એ છે કે એ સમગ્ર દ્વાદશાંગીનો સાર છે. આ સમજવા દ્વાદશાંગી શું છે તે સમજવું અનિવાર્ય છે. જૈનદર્શન પ્રમાણે દરેક તીર્થંકરો જે ઉપદેશ આપે છે તેને ગણધરો સૂત્રબદ્ધ કરે છે. તીર્થંકર પ્રણિત અને ગણધરોથી રચિત સમગ્ર ઉપદેશનો સાર સંગ્રહ જે ગ્રંથોમાં સમાયેલો છે તેવા બાર

અંગો (ગ્રંથો) છે જૈને દ્વાદશાંગી કહેવાય છે. જૈનદર્શન બધા સિદ્ધાંતો, પ્રકૃતિના નિયમો, તત્વો, આચાર - વિચાર બધાનો નીચોડ એટલે આ દ્વાદશાંગી, દ્વાદશાંગી શુ છે તે સમજાવવા આવશ્યકનિર્યુક્તિમાં એક સુંદર શ્લોક છે, જેનો સારાંશ છે કે,

તપ - નિયમ - જ્ઞાનમય વૃક્ષ પર આરૂઢ થઈને અનંતજ્ઞાની કેવળી ભગવંત (તીર્થકરો) ભવ્યજનોના વિબોધ માટે જ્ઞાન - કુસુમની વૃષ્ટિ કરે છે. ગણધરો પોતાના બુદ્ધિપટમાં તે બધા જ કુસુમોને ઝીલીને પ્રવચનમાળા ગૂંથે છે. આ છે દ્વાદશાંગી.

શ્રી નવકારમંત્રને આખી દ્વાદશાંગીનો સાર કહ્યો છે. નવકારમંત્ર સમગ્ર શ્રુતજ્ઞાનનો સાર છે. મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે કે શ્રુતસાગરનો પાર પામવા માટે દેવ - ગુરુને પ્રણામ કરવા આવશ્યક છે. શ્રી નવકારમંત્રમાં દેવ - ગુરુને પ્રણામ કરવામાં આવે છે ને તેથી તે અપેક્ષાઓ પણ શ્રી નવકારમંત્ર દ્વાદશાંગીનો સાર ગણાય છે.

નમસ્કાર નિર્યુક્તિ શ્લોક ૯૨૫ ની ટીકામાં શ્રી નવકારને બાર અંગોનો સાર કહ્યો છે.

पंचनमुक्कारफलयुक्त ના સ્વા. પ્રા. વિ. પૃ. ૩૭૩ માં કહ્યું. :

**सच्चं पि बारसंगपरिणामविसुद्धिहेड**
**तकारण भावउचो कह न मित्तांग**
**तदत्थो नमुक्कारो**

અર્થાત્. આખીય દ્વાદશાંગી પરિણામની વિશુદ્ધી માટે છે ને શ્રી નવકાર પણ પરિણામની વિશુદ્ધિ કારણમાત્ર છે. એટલે નવકારમંત્રને દ્વાદશાંગીનો સાર કહેલ છે.

શ્રી નવકારમંત્રને ચૌદપૂર્વનો સાર પણ કહેવામાં આવે છે.

पंच नमुक्कार फलं માં લખ્યું છે કે :

**जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स भणे नवकारो, संसारो तस्स किं कुणह ॥**

જે જિનશાસનનો સાર છે,ચતુર્દશ પૂર્વોનો સમ્યગ્. ઉદ્ધાર છે, તે નવકાર જેના મન વિશે સ્થિર છે તેને સંસાર શું કરે ? અર્થાત્. કંઈ કરવા સમર્થ નથી.

એટલે કે દૂધનો સારભૂત પદાર્થ માખણ છે તેમ જિનશાસનનું સારભૂત તત્વ શ્રી નવકારમંત્ર જે ૧૪ પૂર્વોનો સમૃદ્ધ એટલે કે ચૌદપૂર્વોમાં જે વર્ણન વિસ્તારપૂર્વક છે તેનું અતિસંક્ષિપ્ત સ્વરૂપ નમસ્કાર મહામંત્રમાં સંનિહિત છે.

વળી શ્રી નવકારના પ્રથમ બે પદમાં દેવતત્વ છે (અરિહંત - સિદ્ધ) જેમાં દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે. બીજા ત્રણ પદમાં ગુરુતત્વ છે. જમાં ગુણાર્થિકનયની પ્રધાનતાનો વિચાર આવે છે. એ રીતે દ્રવ્ય - ગુણ - પર્યાયસ્વરૂપ આત્મવસ્તુના સમગ્રવિચાને આવરી લેતો હોવાથી સંપૂર્ણ નવકાર સમગ્ર દ્વાદશાંગીનો સાર ગણાય છે. સંપૂર્ણ દ્વાદશાંગીના સ્વાધ્યાયથી મળતું ફળ મેળવવાનો અધિકારી નવકારનો જાપ કરનાર પણ બની શકે છે. દ્વાદશાંગી નવતત્વમય, ષડદ્રવ્યમય, પંચાસ્તિકાયમય અને પડસ્થાનમય છે. શ્રી નવકાર પણ નવતત્વમય, ષડદ્રવ્યમય, પંચાસ્તિકાયમય, ષડ્સ્થાનમય, ઈત્યાદિ સ્વરૂપે રહેલા છે.

'પરમેષ્ઠિ સ્તુતિમાં' કહ્યું છે :

**सोलसपरमक्खरवीर्याबंदुगम्मो जगुत्तमो जोओ ।**
**सुअराबारसगवाहिरसहस्थ - डपुव्वत्थ परत्थो ॥**

અર્થાત્. સોળ પરમાક્ષર રૂપ બીજો (અરિહંત આદિ) અને બિંદુઓ જેના ગર્ભમાં છે તે (મંત્રાક્ષરોનો) યોગ જગતમાં ઉત્તમ છે અને દ્વાદશાંગરૂપ (અંગપ્રવિષ્ટ) શ્રુતનો તથા (ઉત્તરાધ્યયનાદિ) અંગબ્રાંહ્મશ્રુતનો મહાર્થ, અપૂર્વાર્થ અને પરમાર્થ છે.

**(ખ)** શ્રી નવકારમંત્રનો બીજો ગૂઢાર્થ એ રીતે પણ થાય છે કે શ્રી નવકાર એ દેવતત્વ, ગુરુતત્વ અને ધર્મતત્વરૂપ રત્યત્રયીને જણાવનાર છે તેથી નવકારમાં નવવતત્વનું જ્ઞાન છે. દેવતત્વ (અરિંહત ભગવાન, સિદ્ધ ભગવાન) એ મોક્ષસ્વરૂપ છે અને ગુરુતત્વ એ મોક્ષમાર્ગ રૂપ છે અને ધર્મતત્વ એ મોક્ષ પામેલા અને મોક્ષમાર્ગ પર રહેલા પુરુષોના બહુમાનસ્વરૂપ હોવાથી ધર્મતત્વરૂપ છે.

દેવતત્વના બહુમાનથી સંસારની હેયતા અને મોક્ષની ઉપાદેયતાનું જ્ઞાન થાય છે.

ગુરુતત્વના બહુમાનથી સંવર - નિર્જરા રૂપ તત્વની ઉપાદેયતા નું જ્ઞાન થાય છે.

ધર્મતત્વના બહુમાનથી પુણ્યતત્વની ઉપાદેયતા અને પાપતત્વની હેયતાનું જ્ઞાન થાય છે. સમગ્ર નવકાર જીવતત્વની ઉપાદેયતાનો અને અજીવ તત્વની હેયતાનો બોધ કરાવે છે.

એ રીતે નવકારમાં નવેય તત્વોના હેયોપાદેયતા સહિત બોધ થાય છે.

(ગ) શ્રી નવકારમંત્રનો ત્રીજો ગૂઢાર્થ એ છે કે શ્રી નવકાર શબ્દરૂપે ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મની સાથે સબંધ રાખે છે. અર્થરૂપે શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાય સાથે સંબંધ રાખે છે. અને જ્ઞાનરૂપે બુદ્ધિ - ચિત્ત અહિંસાદી વૃતિઓ સાથે સંબંધ રાખે છે. એ ત્રણેય એક સાથે મળીને સમગ્ર આત્મદ્રવ્યનું સંવેદન કરાવે છે. આ સંવેદન સકલકર્મમલાપગમનું મુખ્યા કારણ છે.

**(ઘ)** શ્રી નવકારના પ્રથમ બે પદોમાં દેવતત્વ છે.
બીજા ત્રણ પદોમાં ગુરુતત્વ છે.
છેલ્લા ચાર પદોમાં ધર્મતત્વ છે.
દેવતત્વ દેનાર છે.
ગુરુતત્વ દેખાડનાર છે.
ધર્મતત્વ ચખાડનાર છે.

ચોથા પ્રકરણમાં નવકારમંત્રનો અર્થદેહ વિચાર્યા પછી હવેના પાંચમા પ્રકરણમાં નવકારમાં સ્થિત એવા પંચપરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ વિચારીશું.

# પ્રકરણ - ૫

## પંચપરમેષ્ઠિનું સ્વરૂપ

(૧) શ્રી અરિહંત ભગવંત

(૨) શ્રી સિદ્ધ ભગવંત

(૩) શ્રી આચાર્ય મહારાજ

(૪) શ્રી ઉપાધ્યાયજી

(૫) શ્રી સાધુ મહારાજ

# પ્રકરણ - ૫

# પંચપરમેષ્ઠિનું સ્વરૂપ

શ્રી નવકારમંત્રમાં જેમને નમસ્કાર કરવામાં આવ્યો છે, જેઓની આરાધના કરવાની છે તેવા પરમપદે રહેલા આત્માઓને પંચપરમેષ્ઠિ કહેવાય છે. પરમેષ્ઠિ એટલે 'પરમે' એટલે પરમપદે, ઉંચાપદે 'ષ્ઠિન' એટલે સ્થિત, રહેલા.પરમેષ્ઠિ એટલે પરમ - શ્રેષ્ઠ સ્થાને રહેલા અર્થાત્. શ્રેષ્ઠ અવસ્થાને પામેલા. એ શ્રેષ્ઠ અવસ્થા જુદી જુદી દ્દષ્ટિએ છે. એમાં પ્રથમ પરમેષ્ઠિપદે બીરાજમાન પરમાત્મા અરિહંત એ જૈનદર્શનના મૂળ ઉત્પાદક છે. અર્થાત્. સત્. તત્વોના આદ્યપ્રકાશ હોવાથી તે પ્રથમ પરમેષ્ઠિ છે. આ તત્વોના સંપૂર્ણ જ્ઞાનનું અને આ ધર્મના સર્વોચ્ચ પાલનનું આત્યંતિક ફળ જે મોક્ષ અર્થાત્. આત્માના અનંતગુણમય સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપની જે પ્રકટદશા એને વરેલા પરમાત્મા શ્રી સિદ્ધ ભગવાન એ બીજા પરમેષ્ઠિપદે બીરાજમાન છે.ધર્મનું તત્વમિશ્રિત મુખ્ય સ્વરૂપ જે પંચાચાર એના સ્વયં પાલક અને અન્યના પ્રચારક ત્રીજા પરમેષ્ઠિ શ્રી આચાર્ય ભગવંત છે. ચોથા પરમેષ્ઠિ શ્રી ઉપાધ્યાય મહારાજ છે. એ ઉક્ત તત્વ અને ધર્મના પ્રતિપાદક જે સૂત્ર - સિદ્ધાંતો - આગમો એના પાઠક છે. જ્યારે શ્રી સાધુમહર્ષિઓ શ્રી અરિહંતની આજ્ઞાથી સ્વકીય સર્વાગીણ જીવનને નિયન્ત્રિત બનાવી, યોગ્ય સુગુરુની નિશ્રાએ આત્મહિતકારી એવી પ્રવૃત્તિ - નિવૃત્તિ માર્ગરૂપે સાધુતાને અહોનિશ અપનાવતા પંચમ - પરમેષ્ઠિ પદને અલંકૃત કરે છે.

આ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ દરેકને પરમેષ્ઠિ કહેવાય છે. પાંચેયના સમુદાયને પરમેષ્ઠિ - પંચક કહેવાય છે. આ પરમપદની શરૂઆત ગૃહસ્થજીવનનો ત્યાગ કરી સાધુ - જીવનનો સ્વીકાર કરવાથી થાય છે.

જૈન ધર્મમાં પંચપરમેષ્ઠિ નમસ્કારને ઘણું ઉંચુ સ્થાન આપવામાં આવ્યું છે કારણે કે તે બધી ધર્મક્રિયાઓમાં કેન્દ્રસ્થાને છે. તેને સર્વશાસ્ત્રોનું નવનીત માનવામાં આવ્યું છે. તેને સર્વધર્મભાવનાઓનો મૂળસ્ત્રોત કહ્યો છે. એમાં આલંબન તરીકે સર્વ દેશના અને સર્વકાળના સર્વશ્રેષ્ઠ મહાન આત્માઓનો સંગ્રહ કરી લેવામાં આવ્યો છે ને તે સર્વનું પરમોચ્ચ આલંબન પામીને સાધકનો આત્મા પાપવાસનાથી રહિત અને ધર્મવાસનાથી યુક્ત બની જાય છે.

આથી પરરમેષ્ઠિ એટલે પરમ + ઉતકૃષ્ટ + ઈષ્ઠિ = પરમ ઈષ્ટતા આપવા - વાળા.

આ પંચપરમેષ્ઠિમાં પહેલા બે પરમેષ્ઠિ અરિહંત ભગવાનને સિદ્ધભગવાન દેવ ગણાય છે ને ત્રીજા, ચોથા ને પાંચમા આચાર્યજી, ઉપાધ્યાયજી ને સાધુ ગુરુ ગણાય છે.

આ દરેક પરમેષ્ઠિ વિશે વિગતવાર માહિતી ક્રમશ : હવે જોઈશું .

## (૧) પહેલા પરમેષ્ઠિ શ્રી અરિહંત પ્રભુ :

પ્રથમ પરમેષ્ઠિ અરિહંતભગવાન વિશે વિશિષ્ટ માહિતી પ્રાપ્ત કરવા નીચેના મુદ્દાઓની ચર્ચા કરેલી છે :

(૧) '*अरिहंत*' શબ્દની વ્યાખ્યાઓ

(૨) અરિહંત થનાર આત્માનો વિકાસક્રમ

(૩) અરિહંત ભગવાનના ૧૨ ગુણ

(૪) અરિહંત ભગવાનના ૩૪ અતિશય
(૫) શ્રી અરિહંતે ટાળેલા અઢાર દોષો
(૬) શ્રી અરિહંતોનો વિશિષ્ટ ઉપદેશ
(૭) શ્રી અરિહંતોનો ઉપકાર
(૮) અરિહંત પરમાત્મા, પણ પરમાત્મા અંગે જૈન જૈનેતરની દૃષ્ટિનો ભેદ.

**( ૧ ) 'अरिहंत' શબ્દની પરિભાષા - વ્યાખ્યા :**

'अरिहंताण' માં રહેલા 'अरि' અને हंताणं શબ્દોની વ્યાખ્યા થાય છે. अरि - શત્રુ हंताणं - હણનારા. અહીં શત્રુ એટલે અંતરની શત્રુતાનો નાશ કરનારા. રાગદ્વેષ આદિ વિકારો આંતરિક શત્રુઓ છે. આ આંતરરિપુ અને તેના કારણભૂત જ્ઞાનવરણવાદિ ધાતીકર્મોનો સર્વથા નાશ કરનારા, અરિહંત રાગાદિ ભાવશત્રુઓનો નાશ કરનારા ઉપરાંત વીતરાગ અને સર્વજ્ઞ પણ છે. તેઓ શ્રી તીર્થકરનામકર્મ નામની ઉત્કૃષ્ટ પુણ્ય - પ્રકૃતિને વિપાકોદયથી ભોગવનારા છે. વળી અરિહંતોનું તથા ભવ્યત્વ સાથે મોક્ષે જનાર બીજા ભવ્ય જીવોથી વિશિષ્ટ હોય છે.

અરિહંત ત્રણ પાઠે લખાય છે.

૧. અરહંત ૨. અરિહંત ૩. અરૂહંત

(૧) અરહંતના અર્થ નીચે પ્રમાણે થાય છે :

(અ) અરહંત (अर्हत - જે યોગ્ય છે. अर्ह = યોગ્ય થવુ તે ધાતુ પરથી) એટલે જે પૂજાને - આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે. શ્રી ભદ્રબાહુ આચાર્યની નિયુક્તિમાં કહ્યું છે કે

(ચેઈય વંદણ મહાભાસ ગાથા ૨૭૯)

**અરહંતિ વંદણનમં સણાગિ, અરહંતિ પૂયસક્કારં**
**સિદ્ધ ગમણં ચ અરિહા, અરહંતા તેણ વુચ્ચંતિ**

અર્થાત્. - જે વંદન નમસ્કારાદિને યોગ્ય છે, જે પૂજા - સત્કાર કરવા યોગ્ય છે અને જે સિદ્ધ પામવા યોગ્ય છે તેને અરહંત કહેવાય છે.

ઉત્તમ ગુણથી સંપન્ન એવા અર્હ એટલે યોગ્ય તેમાં અંતરૂપ એટલે જેનાથી ત્રિભુવનમાં કોઈ ઉત્તમ નથી એવા

(બ) અરહંત (અરજ - રજો હનનાત્. - રજ હણવાથી રજ વગરના) એટલે ચાર આત્મગુણઘાતી કર્મરૂપી રજને હણનારા

(ક) અરહસ્ય - (જેને રહસ્ય નથી તે) એટલે પોતાને કેવળજ્ઞાન - દર્શન પ્રાપ્ત થયેલ હોવાથી જેને કંઈપણ છાનું નથી તે

(ખ) (અ = નથી + રહ = એકાંત પ્રદેશ + અંત = મધ્યભાગ. જેને એકાંત પ્રદેશ કે મધ્ય ભાગ નથી) એટલે કે જેને કંઈપણ વસ્તુ છાની નથી.

(ગ) અ = નથી + રહ = રથરૂપી પરિગ્રહ + અંત = વિનાશ - વિનાશ કરનાર એવા જરા - ઘડપણ આદિ એટલે જેને પરિગ્રહ કે જરા આદિ નથી તે

(ઘ) અરહ્યત - રહ્. = છોડવું - જેણે છોડ્યો નથી. જેણે સ્વભાવ છોડ્યો નથી તે.

(૨) અરિહંત - અરિહંતા - અરિ = શત્રુ + હંતા = હણનાર. એટલે આઠ કર્મરૂપ શત્રુને હણનાર

(૩) અરૂહંત - (અરૂહત - રૂહ = ઉગવું ઉપજવું જેને ઉગવું કે ઉપજવું નથી તે) એટલે જેને કર્મો ક્ષીણ થઈ જવાથી બીજો ભવ લેવો નથી તે.

શ્રી સિદ્ધસેનદિવાકરે અરિહંત પરમાત્માનું વર્ણન કરતા લખ્યું.

**ते केवलज्ञान - विकाश - मासुरा :**
**निराकृताष्ठादश - दोष - विफ्लवा : ।**
**असंख्य - वास्तोष्पति - वन्द्तह्मय :**
**सत्प्रातिहायातिशयै समज्रिता :**
**जगत्रयो - बोधिक - पग्च - संयुक्त -**
**त्रिराझुणाङ्कृत - देशना - गिर :**
**अनुत्तर - स्वर्गिगण : सदा समृता :,**
**अनन्यदेयाक्षर - भागदायिन :**

અર્થાત્. - તે સર્વતીર્થકર ભગવંતો કેવળજ્ઞાનના પ્રકાશથી દેદીપ્યમાન, અઢાર દોષોના ઉપદ્રવથી રહિત, અસંખ્ય ઇન્દ્રોથી વંદિત ચરણકમળવાળા, ઉત્તમ પ્રકારના આઠ પ્રતિહાર્ય અને ચોત્રીશ અતિશયો વડે શોભતા, ત્રણ જગતના પ્રાણીઓને સમક્તિ આપનારા, પાંત્રીસ ગુણોથી શોભતા દેશનાના વચનવાળા,અનુત્તર વિમાનમાં રહેલા દેવો વડે સદા સ્મરણ કરાયેલા અન બીજાઓને આપી શકે તેવા મોક્ષમાર્ગને આપનારા હોય છે.

સિદ્ધાંત ચક્રવર્તી નેમિચંદ્રસુરિએ દ્રવ્યસંગ્રહમાં પહેલા પરમેષ્ટિ અરિંહત પરમાત્માનું વર્ણન કરતા લખ્યું છે કે

**णठुचदुधाईकम्मो दंसणसुणाणवीरियमइओ।**
**सुह देहत्थो अप्पा सुद्धो अरिहो वि चिंतिण्णो ॥**

અર્થાત્.

જેણે ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે, જે (અનંત) દર્શન, સુખ, જ્ઞાન અને વીર્ય (એ ચાર ગુણ વિશેષો) થી યુક્ત છે, જે શુભ (પરમોદાયરિક દિવ્ય) શરીરમાં સ્થિત છે (અને) શુદ્ધ (દોષરહિત) છે તે અર્હત છે, તેઓ ધ્યાનાર્હ છે.

**उत्तमोत्तमतया तया तया**
**विश्व विश्व सुखदायिनो जिना : ।**
**अक्षयाखिल सुखादिभेदुरा**
**प्रापुरव्ययं पदं महोदया**

અર્થાત્. - શ્રી અરિહંત ભગવંતો કે જેઓ મહાન્. પુણ્યોદયવાળા છે. કદી પણ ક્ષય ન પામે તેવા અક્ષય અને સંપૂર્ણ સુખાદિમાં મગ્ન થયેલા છે, જેને અવ્યય - મોક્ષ પદને પ્રાપ્ત થયેલા છે અને પોતાની ઉત્તમોત્તમતા વડે વિશ્વને સર્વપ્રકારે સુખ આપનારા છે.

ભદ્રબાહુ સ્વામીને આવશ્યક નિર્યુક્તિમાં અરિહંત પરમાત્માનું વર્ણન કરતા લખ્યું કે

**इंदिय - विसय - कसाए - परीसहे वयणा उवसरगे**
**ए ए अरिणो हंता अरिहंता जेण वुच्चंति ॥**

અર્થાત્.

(૧) ઇન્દ્રિયો (જે અપ્રશસ્તા ભાવમાં પ્રવર્તતી હોય)

(૨) વિષયો (ઇન્દ્રિય ગોચર પદાર્થો - વિલાસના સાધનો)

(૩) કષાયો (ક્રોધ - માન - માયા - લોભ - આદિ માનસિક ભાવો)

(૪) પરિષહો (ભૂખ - તરસ આદિના બાવીસ પ્રકારો)

(૫) વેદનાઓ (શારીરીક અને માનસિક દુઃખના અનુભવો)

(૬) ઉપસર્ગો (જે મનુષ્ય, તિયર્ગ કે દેવોએ કર્યા હોય તે)

આ સઘળા અંતરંગ ભાવશત્રુઓ છે. એ શત્રુઓને હણનારા તે અરિહંત છે. તે અરિહંત કહેવાય છે.

શ્રી હરિભદ્રસુરિએ પંચસૂત્રની ટીકામાં अरहंताणं પદનો અર્થ કરતા જણાવ્યું છે કે

**न रोहिन्ति न भवांकुरोदयसमसादयन्ति ।**
**कर्मबीजाभावादिति अरूरा तेभ्य : ॥**

અર્થાત્. - કર્મરૂપી બીજના અભાવથી જેનો ભવઅંકુર ઉગતો નથી તે अरूह કે अरू हंत છે.

શ્રી નમસ્કાર નિર્યુક્તિમાં કહ્યું છે કે :

**अदुवीइ दसिअत्तं, तहेव निज्जामया ।**
**समुदंमि ? छक्कामरखणट्ठा, महगोवा तेणवुच्चति ॥**

અર્થાત્. - ભવ અટવીમાં સાર્થવાહ, ભવસમુદ્રમાં નિર્યામક અને છ કાય જીવના રક્ષક હોવાથી અરિહંત ભગવાન મહાગોપ કહેવાય છે.

વળી શ્રી અરિહંત પંચપરમેષ્ઠિમય છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોની સ્તુતી,એ અપેક્ષાએ શ્રી અરિહંતની સ્તુતી છે.

શ્રી અરિહંતમાં અરિહંતપણું તો છે જ. ઉપરાંત સિદ્ધપણું છે. પોતાના ગણધરોને ઉપન્નેઈ વા, ઇત્યાદિ ત્રિપદીરૂપ સૂત્રની અર્થથી દેશના આપનારા હોવાથી તેમનામાં આચાર્યપણું છે. તેમજ સૂત્રથી દેશના આપનારા હોવાથી ઉપાધ્યાયપણું પણ છે. કંચન, કામિનીના રાગથી અલિપ્ત, નિર્વિષય - ચિત્તવાલા નિર્મળ, નિઃસંગ અને અપ્રમત્. ભાવવાળા હોવાથી સાધુપણું પણ ધારણ કરનારા છે.

અરિહંતો ધર્મતીર્થની સ્થાપના કરનાર હોવાથી તેમને ધર્મતીર્થકર કે તીર્થકર કહેવાય છે. રાગદ્વેષને પૂરેપૂરા જિતનારા હોવાથી 'જિન' કહેવાય છે. તેમને જિનેશ્વરદેવ, દેવધિદેવ, સર્વજ્ઞપ્રભુ વગેરે અનેક નામોથી સંબોધાય છે. 'નમુત્થુણ' સૂત્રમાં અરિહંત પ્રભુના ગુણોનું વર્ણન કરતા તેમને નીચેના અત્યંત અર્થગંભીર વિશેષણો આપી તેમની ભક્તિ કરવામાં આવી છે.

અરિહંતા, ભગવંતા, આદિ કરનારા, તીર્થકર, સવ્યંબુદ્ધ, પુરુષોત્તમ, પુરિસસિહા, પુરુષોમાં ગંધહસ્તિસમાન, લોકોત્તમ, લોકનાથ, લોકનું હિત કરનારા, લોકમાં ઉદ્યોત કરનારા, ધર્મદાતા, ધર્મની દેશના આપનારા, ધર્મસારથી, ધર્મના નાથ, ધર્મમાં ચક્રવર્તીસમાન, તરીગયેલા અને તારનારા, બોધિ પામેલા - બાધિ - આપનારા - મુક્ત થયેલા ને મુક્તિ અપાવનારા, સર્વજ્ઞ, સર્વદર્શી, અર્હત પ્રભુ, અભયદાતા, જિનેન્દ્ર ભગવાન, જિનેશ્વર ઇત્યાદિ.

આ બધા સાન્વર્થ સામાન્ય નામો અને વિશેષણો છે. કોઈપણ અરિહંત પરમાત્માને તે લાગુ પડે છે. ત્યારે વિશેષ નામો અરિહંતોપ્રભુના બીજા હોય છે. જેમ કે ઋષભદેવ, સમંધરસ્વામી, ચંદ્રનન સ્વામી, વારિષેણસ્વામી - મહાવીરસ્વામી વગેરે.

શ્રી નવકારમાં 'अरिहंताण' પદ બહુવચનમાં છે. પાંચમા પદમાં રહેલ 'लोए' તથા सव्व પદની જોડાતા 'अरिहंताण' પદનો અર્થ સકલ લોકમાં રહેલા સર્વ અરિહંતોને મારો નમસ્કાર થાઓ એવો થાય છે. અહી સર્વ શબ્દનો અર્થ સર્વકાલીન લઈએ તો ત્રણેયકાળના અરિહંતોને નમસ્કાર થાય છે.

જૈન દર્શન પ્રમાણે તીર્થકરનામકર્મના ઉદયવાળા હોવાથી અરિહંત પરમાત્મા તેઓ ત્રણે લોકના પરમેશ્વર છે. ત્રણે લોકનું સાચુ યોગક્ષેત્ર કરવાનું સામર્થ્ય ધરાવતા હોવાથી તેઓ સાચા અર્થમાં ત્રણે લોકના નાથ છે. ગુણપ્રકર્ષની ટોચે પહોંચેલા હોવાથી ને પૂજવાયોગ્ય બધા જ ગુણો તેમનામાં હોવાથી તેઓ ત્રણે લોકને પૂજાને પાત્ર છે. સ્તુતિ કરવા યોગ્ય છે. સર્વ દોષથી રહિત હોવાથી અને સર્વ ગુણોથી પરિપૂર્ણ હોવાથી તીર્થકરો સર્વ જીવો કરતા ઉત્તમોત્તમ છે.

**(૨) અરિહંતો થનાર આત્માનો વિકાસક્રમ :**

જૈનદર્શન પ્રમાણે ભરતક્ષેત્રેમાં, કાળચક્ર સર્પિણીનું બનેલું છે. ઉત્સપર્ણિ અને અવસર્પિણી આ બંને સર્પિણીકાળમાં છ આરા છે. તેમાં ચોથા આરા દરમ્યાન ૨૪ તીર્થકરોની શૃંખલા થાય છે જે જૈન ધર્મની પ્રવર્તના કરે છે. આવી અનેક શૃંખલા થઈ ગઈ, થાય છે અને થશે (આચાર્ય હેમચંદ્રચાર્યરચિત 'અભિધાન ચિંતામણી' માં ગઈ ચોવીસી વર્તમાન ચોવીસી અને આવનાર ચોવીસીના નામોનો ઉલ્લેખ છે.) તીર્થંકર થનાર આત્માનો ઉત્તરોઉત્તર વિકાસ થતાં એ કેવી રીતે આ પદ સુધી પહોંચે છે તેનું વર્ણન શાસ્ત્રોએ પદ્ધતિપૂર્વક કરેલ છે.

કાળ અનાદિ છે અને સર્વ જીવો પણ અનાદિ છે. તીર્થંકર થનાર જીવ પણ પ્રથમ તો અવ્યવહાર રાશિમાં જ રહેલો હોય છે. પણ ત્યારે પણ તેની ગુણવત્તા તેવા જ બીજા જીવો કરતા વિશેષ હોય છે. પોતાના તેવા પ્રકારના ભવ્યત્વ પરિપાકથી તેઓ બીજા જીવો કરતા કેટલાક વિશેષ ગુણોના કારણે ઉત્તમ હોય છે. જેમ ચિંતામણી રત્ન રજ - ધૂળથી ઢંકાયેલો હોય તેઓ બીજા રત્નોથી ઉત્તમ હોય છે.

આ આત્મા વિકાસક્રમમાં આગળ વધતા અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે ત્યારે પણ તેવા પ્રકારના ક્રમવિપાક સદ્‌ભાવથી પૃથ્વિકાયાદિકને વિશે ઉત્પન્ન થાય તો ચિંતામણી, પદ્મરાગ, લક્ષ્મીપુષ્પ, સૌભાગ્યકરાદિ ઉત્તમ રત્નોની જાતિમાં શ્રી તીર્થકરો ઉત્તમપણે ઉત્પન્ન થાય છે.

આ આત્મા અપકાય (પાણીના જીવો) ને વિશે ઉતપન્ન થાય તો તીર્થોદકાદિકમાં - પવિત્ર તીર્થોના જલરૂપે ઉત્પન્ન થાય છે.

તેજસકાયમાં (અગ્નિના જીવો) ને વિશે ઉત્પન્ન થાય તો પૂજનના અગ્નિમાં તથા મંગલપ્રદીપાદિકમાં ઉતપન્ન થાય છે.

વાયુકાયિકમાં (પવનના જીવો) ઉત્પન્ન થાય તો વસંત ઋતુમાં સર્વને સુખ ઉત્પન્ન કરનાર, મૃદુ, શીતલ અને સુગંધ મલયાચલના પવનાદિક ઉતપન્ન થાય છે.

વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય તો ઉત્તમ પ્રકારના કલ્લવૃક્ષ આદિમા જેમ કે હરિચંદન, મંદાર, પારિજાતક, સંતાનક, નંદન, આમવૃક્ષ, ચંપન ચંપદ આદીમાં તથા ચિત્રતવલ્લી, દ્રાક્ષા નાગવલ્લી આદિ અતિ મોટી પ્રભાવશાળી ઔષધિઓમાં ઉત્પન્ન થાય છે.

આ આત્મા વિકાસ પામતો પંચેન્દ્રિય તીર્યચ વિશે ઉત્પન્ન થાય તો સર્વોત્તમ પ્રકારના ભદ્રજાતિના ગજ - હસ્તિરૂપે તથા ઉત્તમ લક્ષણવાળા અશ્વાદિક રૂપે ઉત્પન્ન થાય છે.

જ્યારે આ આત્મા કર્મવિપાક ઓછો થવાને કારણે મનુષ્યભવ પ્રાપ્ત કરે છે ત્યારે પણ ઉત્તમ કુળોમાં ઉત્પન્ન થાય છે. અહીં અપૂર્વકરણ વડે ગ્રંથીભેદ કરી અનિવૃતિ વગેરેના કારણાદિકના ક્રમથી સમ્યકત્વ પામીને ઉત્તમ પ્રકારના દ્રવ્ય - ક્ષેત્ર - કાલ ભાવાદિક રૂપે સમગ્ર સામગ્રી પ્રાપ્ત કરીને તે ભવમાં તેઓ શ્રી અરિહંત - વાત્સલ્ય આદિ વિશિષ્ટ ભક્તિ - અર્થાત્. વીશ - સ્થાનકની ઉત્તમ રીતે આરાધના કરીને તેઓ તીર્થંકર નામકની ઉપાર્જના કરે છે અને તે ભવનું આયુષ્યપૂર્ણ કરી ત્રીજા ભવે શ્રી તીર્થંકરો ચરમ જન્મમાં સર્વોત્તમ તથા વિશુદ્ધ જાતિ - કુલ અને વંશને વિશે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમના અવતારને પ્રભાવે તેમની માતાને ચૌદ સ્વપ્નો આવે છે.

તીર્થંકરો માતાના ગર્ભમાં પણ ઉત્તમ પ્રકારના જાતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન સહિત હોયછે. તીર્થંકરોની માતાને ગર્ભની વેદના સહન કરવી પડતી નથી. તીર્થંકરોના પુણ્યપ્રતાપે માતા - પિતાના રૂપ સૌભાગ્ય, ક્રાંતિ, બુદ્ધિ અને બલાદિકની વૃદ્ધિ થાય પરિણામવાળા થાય છે ને ગંભીરતા, ધૈર્ય આદિ ગુણો તેમનામાં રહેલા હોય છે. ત્રણે લોકમાં સર્વત્ર ઉદ્યોત અજવાળા થાય છે. દેવલોકમાંથી દિક્કુમારીકાઓ આવી માતાનું સૂતિકર્મ કરે છે ને ઇન્દ્રમહારાજ મેરૂપર્વત પર તીર્થંકરોનો જન્માભિષેક કરે છે. લોકો પરસ્પર પ્રીતિવાળા થાય છે. સર્વત્ર આનંદ છવાઈ જાય છે. આ સર્વે જૈન દર્શન પ્રમાણે એ આત્માએ બાંધેલ તીર્થંકર નામકર્મના ઉદયને લીધે થાય છે. જગતના ઘણા વિશેષ પુણ્યવાળા સમૃદ્ધ માણેસો દેખાય જ છે. તીર્થંકર ભગવાનને વિશિષ્ટ પુણ્યોદય થાય છે તેથી તેમને આ બધી ઋદ્ધિ - સિદ્ધિ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય શું ?

બાળકપણામાં તીર્થકરોમાં બાલસ્વભાવ - જન્ય ચપળતા - ચંચળતા હોતી નથી. તેમની તમામ ચેષ્ટાઓ લોલુપતા વગરની હોય છે. સર્વ જ્ઞેય વસ્તુઓનું તેમને જ્ઞાન હોવાથી તેઓ અલ્પ ઇચ્છાવાળા હોય છે. યૌવનવય પામતા અદ્ભુત રૂપના સ્વામી બને છે. તેઓ વિપુલ સામાજ્ય લક્ષ્મી ભોગવે છે પરંતુ વાસ્તવિક રીતે તો તેઓ ઉપમાતીત વૈરાગ્ય રંગમા જ મગ્ન હોય છે. કહ્યું છે કે :

यदा मरुत्रेरनदूजी – सत्वया नाथापसुज्यते।
यत्र, तत्र रतिनमि, विरक्तरवं तदापि ते।

અર્થાત્. - આપ જ્યારે દેવેન્દ્રો અને નરેન્દ્રોની સંપદાઓને ભોગવાતા હો છો ત્યારે પણ હે નાથ ? અંદરથી તો આપ વિરક્ત જ હો છો. તે વખતે પણ આપનો આત્મા તો વૈરાગ્યવાસિત જ હોય છે. તીર્થંકરોની આવી અંતરંગ વિરક્તિ હોવા છતા પણ વિધિપૂર્વક ધર્મ - અર્થ - કામરૂપ ત્રણે પુરુષાર્થ સિદ્ધ કરે છે ને ચોથો મોક્ષપુરુષાર્થ સાધવા યોગ્ય સમય જાણી દીક્ષા અંગીકાર કરે છે. સમસ્ત બ્રાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી નિગ્રંથ બને છે ને ત્યારે ચોથુ મન : પર્યાય જ્ઞાન ઉત્પન્ન થાય છે.

તેઓ સર્વ જીવો પ્રત્યે અહિંસાદિ ધર્મનું આચરણ કરે છે અને મૈત્રિ, પ્રમોદ, કરૂણા ને માધ્યસ્થ ભાવનાઓથી તેઓ ધર્મધ્યાનને સ્થિર કરે છે અને ત્યાર પછી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ આદિના આલંબનોથી શુક્લધ્યાન પર આરૂઢ થાય છે. ત્યારપછી ૪ ક્ષેપકશ્રણી પર આરૂઢ થઈ ચાર ઘાતિકર્મો (આત્માના ગુણોનો ઘાત કરનાર કર્મો) નો ક્ષય કરે છે. અને તેથી સર્વદ્રવ્યોને તેના સર્વપર્યાયોને સાક્ષાત્કાર કરતું કેવળજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન તેમને ઉત્પન્ન થાય છે.

કેવળજ્ઞાન પછી તીર્થકર નામકર્મના ઉદયથી અતિશયો, વાણીના ૩૫ ગુણો ઉત્પન્ન થાય છે. (તેનું વર્ણન જુદુ કરેલ છે)

ત્યારપછી જગતના ગુરુ, જગતના તારક, સર્વોત્તમ ચોત્રીશી અતિશયોથી સંયુક્ત, આઠ મહાપ્રાતિહાર્યોથી શોભતા, વાણીના ૩૫ ગુણો વડે, દેવોના, અસુરોના, મનિષ્યોના અને તિર્યચના સમુહને આનંદિત કરતા. ત્રણે ભુવનને ગુણો વડે પુષ્ટ કરતા, અઢાર દોષો રહિત ને જઘન્યથી કરોડો દેવોથી યુક્ત આવા ભગવંતો પોતે સર્વથા કૃતાર્થ હોવા છતા પણ પરોપકાર કરતા આ પૃથ્વી પર વિહાર કરે છે. વિચરે છે, કુમતિ રૂપ અંધકારનો નાશ કરે છે. સત્યપંથ રૂપી પ્રકાશને પાથરે છે. મિથ્યાત્વનો નાશ કરે છે. જિનાશાસનની મહાન ઉન્નતિ કરે છે. જાણવા યોગ્ય પદાર્થોને યથાર્થરૂપમાં જણાવે છે. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરીને ભવ - ભ્રમણના પ્રબળ કારણરૂપ તેમના અજ્ઞાનનો નાશ કરે છે.

ત્યારપછી આયુષ્યકર્મના અંતે શુક્લધ્યાન વડે ભાવોપગ્રાહી ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરીને એક જ સમયની ઋજુ શ્રેણી વડે લોકના અગ્ર ભાગ રૂપ મોક્ષમાં જાય છે. તેઓ લોકાગ્રંથી ઉપર જતા નથી કારણ કે ત્યાં આલોકકાશ હોવાથી ગતિનો અભાવ છે. તેઓ નીચે પણ આવતી નથી કારણ કે તે માટેનું ભારેપણું તેમનામાં નથી. તેઓ સિદ્ધ બની સદાકાળ લોકના અગ્રભાવ સિદ્ધશીલા પર બીરાજે છે.

આ રીતે અરિહંતોનું અનાદિ સંસારમાં પરિભ્રમણ, તેઓનું ચ્યવન, તેઓનો જન્મ, તેઓનો ગૃહવાસ, તેઓની દિક્ષા - તેઓનું કેવળજ્ઞાન - નિર્વાણ મોક્ષ બધુ જ અલૌકિક હોય છે અને તેથી જ અરિહંત ભગવંતો સંસારના બીજા સર્વ જીવોથી સર્વ પ્રકારે ઉત્તમોત્તમ હોય છે.

અરિહંત ભગવાનના છેલ્લા જન્મની અવસ્થાઓને ત્રણ ભાગમાં વહેંચી તેમનું સ્વરૂપ બતાવ્યું છે. પિંડસ્થ અવસ્થા - પદસ્થ અવસ્થા - રૂપસ્થ અવસ્થા

**પિંડસ્થ અવસ્થા :**

જન્મતા જ મળતા ઈન્દ્રોના નમનમાં એમને ગર્વ - ઉત્કર્ષ હોતો નથી. એ રાજ્યના અધિપતિ સમ્રાટ રાજા થાય ત્યાં તેમને આસક્તિ હોતી નથી અને એ સઘળું છોડી શ્રમણ બને ત્યાં એમનામાં કાયા પ્રત્યે સુખશીલતા હોતી નથી. આ ત્રણ વિશેષતાવાળી જન્મ અવસ્થા - રાજ્યઅવસ્થા અને શ્રમણઅવસ્થા આ ત્રણે અવસ્થા પ્રભુની પિંડસ્થ અવસ્થા (પિંડસ્થ - હેદમાં રહેલી) ગણાય છે.

**પદસ્થ અવસ્થા :**

પોત સર્વજ્ઞ બની જીવનન્મુક્ત બની ધર્મતીર્થને સ્થાપે અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા વિચરે તે તીર્થંકરપદમાં અર્થાત્. તીર્થંકરપણામાં રહેલી અવસ્થા પદસ્થ અવસ્થા કહેવાય છે.

**રૂપાંતરિત અવસ્થા :**

છેવટે સ્વીયસકલ કર્મના બંધન તોડી જડ પુદગલ માત્રનો સંગ છોડી. પૌદગલીક રૂપ હટાવી વિદેહ મુક્ત બને છે એ એમની રૂપાતીત અવસ્થા કહેવાય છે.

આમ, શ્રી અરિહંત પરમાત્માનું જીવન પિંડસ્થ અને પદસ્થ અવસ્થામાં પસાર થઈ પ્રાંત રૂપાંતરીત અવસ્થામાં પર્યવસાન પામે છે.

હવે શ્રી અરિહંતા ભગવાનના ૧૨ ગુણો વિશે વિચારણા કરીશું.

**(૩) અરિહંત ભગવાનના ૧૨ ગુણ :**

શ્રી અરિહંત પ્રભુ ગૃહસ્થજીવનમાં પણ ધીર, વીર અને ગંભીર હોય છે. ઔચિત્ય, ઔદાર્ય અને ઓજાસના ભંડાર હોય છે. સંસારના મહાન વૈભવોને, મોટા માનમરતબાને તિલાંજલિ આપી સંયમપંથે વિચારે છે, ત્યારે એક માત્ર

કર્મક્ષયની લક્ષ રાખી કઠોર વ્રતપાલન, તીવ્ર તપસ્યા, તેજસ્વી ત્યાગ, પ્રબળ પરિષહ, પર વિજય, ઘોર ઉપસર્ગોનું સમભાવે વેદન, અર્હનિશ આત્મ જાગૃતિ, નિરંતર ધારાબદ્ધ ધ્યાન વગેરે આચરે છે. સાધનાને અંતે (જ્ઞાનાવરણિય આદિ સર્વજ્ઞ બને છે એટલે) તેમનામાં બાર ગુણો પ્રગટ થાય છે. (તીર્થંકર નામકર્મ પણ કારણભૂત છે)

એ બાર ગુણ છે. આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય મળી કુલ બાર ગુણો થાય છે.

પ્રાતિહાર્ય એટલે જે પ્રતિહારી અને (દરવાજાના રખેવાળ) તરીકે હંમેશા પ્રભુ પાસે રહે છે. તે આઠ આ પ્રમાણે છે.

૧. અશોકવૃષ્ટિ - ભગવાન જ્યાં બિરાજે, ત્યાં તેમનાથી બારગણું ઊંચું અશોકવૃક્ષ રચાય.

૨. પુષ્પવૃષ્ટિ - દેવો પુષ્પોની વૃષ્ટિ કરે.

૩. દિવ્યધ્વનિ - એમનો એવો ધ્વનિ હોય કે બાર ગાઉ સુધીના લોકો સાંભળી શકે.

૪. ચામર - દેવતાઓ ચામર વીંજે છે.

૫. સિંહાસન - સુવર્ણમય સિંહાસન રચાય.

૬. ભામમંડળ - ભગવાનની આજુબાજુ તેજોમંડળ રચાય છે.

૭. દેવદુંદુભિ - ઉપદેશ વખતે દેવદુંદુભિ વાગે છે.

૮. આતપત્ર - ભગવાન પર ત્રણ છત્રો હોય છે.

अशोकवृक्षं सुरपुष्पवृष्टि दिव्यध्वनिश्चामनं च।
भाममंडल दुदुभिरामनपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणां॥

**ચાર મુખ્ય અતિશય :**

અતિશય એટલે ઉત્કૃષ્ટતા. આ મૂલ ચાર છે.

(૧) વચનાતિશય - આ અતિશયથી અરિહંત ભગવાન દેવ - મનુષ્ય - તિર્યંચને સર્વને ગ્રાહ્ય એવી, એકી સાથે હજારો, સંદેહને દૂર કરનારી, સંવેગ વૈરાગ્ય નીતરતી, પાંત્રીસ અતિશયવાશી વાણી પ્રકાશે છે, જે સાંભળતા થાક ન લાગે, ભૂખ - તરસ ન લાગે એવી અમૃતથી પણ મીઠી હોય છે.

(૩) પૂજાતિશય - આ અતિશયથી અરિહંત ભગવાન નરેન્દ્રો - દેવેન્દ્રોથી પૂજાય છે. દેશના ભૂમિ માટે દેવો સમવસરણ રચે છે.

(૪) અપયાપગમાતિશય - (અપાય = ઉપદ્રવ અને અપગમ = નાશ) આ બે પ્રકારના છે. સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી એટલે પોતાના રાગદ્વેષાદિ અપાયો દૂર કરેલા છે અને પરાશ્રયી એટલ તેમના પ્રભાવથી પારકાના ઉપદ્રવો નાશ પામે. શ્રી અરિહંતની આસપાસના સવાસો જોજન જેટલા ક્ષેત્રમાંથી જનતાના મારી, મરકી વગેરે ઉપદ્રવોરૂપી અપાયો દૂર થઈ જાય છે.

આ રીતે ચાર અતિશયો ને આઠ પ્રાતિહાર્યો મળી અરિહંત ભગવાનના કુલ ૧૨ ગુણ ગણાય છે. તેમાં મૂળ ગુણ ચાર અતિશય ગણાય છે. આ બારે ગુણ અલૌલિક છે. અસાધારણ છે.

**(૪) શ્રી અરિહંત ભગવાનના ૩૪ અતિશય :**

શાસ્ત્રોમાં લખ્યું છે કે અરિહંતના આત્માની (અરિહંત થયા પહેલાના ભવોમાં) પુણ્યરાશી બીજા જીવો કરતા અનંતગણી ઊંચી હોય છે. મહાનિશીથમાં લખ્યું છે કે આ આત્મામાં સહજ રીતે જે શમ - સંવેગ - નિર્વેદ અને અનુકંપા હોય છે તે બીજા જીવોમાં હોતી નથી. આ આત્માની આવી સહજ પાત્રતાને લીધે તેનામાં વિશિષ્ટ કોટીનું

સમ્યકત્વ પેદા થાય છે. આ સમય્કતવનો સ્વભાવ જ એવો હોય છે કે જે તેને તીર્થંકર નામકર્મ બનાવ છે આવી પાત્રતા ને આવુ સમ્યકત્વ પામ્યા પછી આ જીવ તીર્થંકર થવા પૂર્વના ત્રીજા ભવમાં પ્રચંડ પુરુષાર્થ કરે છે. વીસ સ્થાનક તપની આરાધના કરતા 'સર્વ જીવોને શાસન રસિક બનાવવું' એ ભાવના એટલા ઉત્કૃષ્ટ ભાવથી ભાવે કે તમને તીર્થકર નામકર્મ બંધાય છે, જે સર્વશ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ અને અચિંત્ય પ્રભાવવાળું છે.

આ તીર્થંકર નામકર્મ જ્યારે છેલ્લા ભવમાં ઉદય આવે છે ત્યારે તેના પ્રભાવે તેને અનુરૂપ યશ, આદેશ, સૌભાગ્ય નામકર્મોના વિશુદ્ધ પુણ્યમય દળિયા ઉદયમાં આવે છે ને પ્રભુને ૩૪ અતિશયો પ્રગટ થાય છે.

અતિશય એટલે જગતના જીવો કરતા વિશિષ્ટ, અલૌકિક, અદ્ભુત ખાસિયતો.

અભિધાન ચિંતામણીમાં અતિશયોની વ્યાખ્યા કરતા પૂ. હેમચંદ્રાચાર્યસુરિએ લખ્યું છે કે ગુણો વડે પ્રભુ સમસ્ત જગતના જીવો કરતા ચઢિયાતા છે. પ્રભુનો આત્મા કેવી રીતે અલૌકિક વિશેષતા ધરાવે છે તે આ ૩૪ અતિશયોમાંથી સમજાય છે.

કર્મના જે વિશુદ્ધ પુણ્યમય અણુઓમાંથી આ અતિશયોનો ઉદ્ગમ થાય છે તે પવિત્ર અણુઓ બીજા જીવોને સંલગ્ન નથી હોતા.

આ ૩૪ અતિશયોમાં ૪ અતિશય જન્મસિદ્ધ હોય છે, જે મૂળ અતિશય કહેવાય છે. ૧૯ અતિશય દેવકૃત હોય છે અને ૧૧ અતિશય કર્મક્ષયથી ઉતપન્ન થયેલા હોય છે.

**૪. મૂળ અતિશય :**

તીર્થંકર નામકર્મના પ્રતાપે પ્રભુને જન્મતાની સાથે જ નીચેના ચાર અતિશયો હોય છે.

૧. અદ્ભુત દેહ ૨. સુગંધિતચ્છ્વાસ ૩. નિર્મળ રૂધિર ૪. પ્રભુની આહાર નિહારની ક્રિયા અદશ્ય હોય છે.

**૧૯. દેવકૃત અતિશય :**

(૧) પ્રભુને દીક્ષા સમયે લોચ કર્યા પછી નખ કે વાળ વધતા નથી. (૨) એકક્રોડ દેવતા પ્રભુ કેવળજ્ઞાન પામે એવી પ્રભુની સેવામાં સતત હાજર રહે છે (૩) પ્રભુના પગલા જમીન પર ન પડે તે માટે દેવો નવ સુવર્ણકમળોની રચના કરે છે. ૪, ૫, ૬) પ્રભુ ચાલે ત્યાં કાંટા ઊંધા થઈ જાય, વૃક્ષો નીચા નમે અને પંખીઓ પ્રદક્ષિણા દે. ૭.૮.) પવન અનુકૂળ બને અને પરમાત્મા વિચરે ત્યા છ ઋતુના ફળ - ફૂલ ખીલી ઉઠે છે. ૯ થી ૧૩) પ્રભુ ચાલે ત્યારે ધર્મચક્રાદિ વિશિષ્ટ વસ્તુઓ પ્રભુની સાથે જ ચાલે. બીજા રત્નમય ધ્વજ, સિંહાસન, છત્ર, ચારમ પ્રભુની સાથે ચાલે અને ૧૪) પ્રભુ ચાલે ત્યાં ધૂળ ઉડે માટે સુગંધિત પાણીનો છંટકાવ થઈ જાય. ૧૫) પ્રભુને દેશના દેવા દેવો સમવસરણની રચના કરે ૧૬) એના પર પુષ્પવૃષ્ટિ કરે ૧૭) દેવો સમવસણની મધ્યમાં પ્રભુથી ૧૨ ઘણું ઊચું અશોકવૃક્ષ રચે. ૧૮) રત્નસિહાસન પર બેઠેલા પ્રભુ જેવા જ બાકીની ત્રણ દિશામાં દેવો પ્રભુના પ્રતિબિંબ સ્થાપે જેથી સૌ પ્રભુને જોઈ શકે. ૧૯) દેવતાઓ ત્યાં દેવદુંદુભિ - ભેરી વગાડે.

**કર્મક્ષયકૃત ૧૧ અતિશય :**

અરિહંત પરમાત્મા આ જીવનમાં પણ ઉચ્ચ સાધના કરીને જ્યારે શુક્લધ્યાનના દાવાનળમાં અનંતા ઘાતિકર્મના દળિયાને જડમૂળમાંથી બાળીને ભસ્મીભૂત કરે ત્યારે પ્રભુને યશ - આદેય વગેરે ઉચ્ચ પુણ્યના દળિયા ઉદયમાં આવે ને પ્રભુના ૧૧ વિશેષતાઓ પ્રગટે. ૧ થી ૮) તીર્થંકર પ્રભુ વિચારતા હોય ત્યાં સવાસો યોજન સુધી ઉપદ્રવો શાંત થઈ જાય. ૨) રોગો ૨) વૈર - વિરોધ ૩) જીવોના ઉપદ્રવો ૪) જીવલેણ ઉત્પાત ૫) અતિવૃષ્ટિ ૬) અવૃષ્ટિ ૭) દુષ્કાળ ૮) સ્વચક્રભય - પરચક્રભય ૯) પ્રભુના મસ્તક પાછળ ભામંડળ હોય છે. ૧૦ - ૧૧) પ્રભુ દેશના આપતા

હોય ત્યારે સમવસણમાં પ્રભુના દર્શન - શ્રવણાર્થે દેવતા - મનુષ્યોને તિર્યંચોનો ગમે તેટલા મહેરામણ ઉભરાય તોય પ્રભુના અતિશયને પ્રતાપે એક જોજનના સમવસરણમાં સહુ સુખે સમાઈ જાય ને પ્રભુની વાણી દરેકને પોતપોતાની ભાષામાં સમજાઈ જાય.

અરિહંત પરમાત્માની આ વાણીના ૩૫ અતિશયો છે. એટલે ૩૫ ગુણોવાળી છે. તીર્થંકર પરમાત્માની વાણી ૩૫ ગુણોવાળી હોય છે. ૧) સંસ્કારવતી ૨) ઉદાત્ત ૩) ઉપચારપરીત ૪) મેઘ - ગંભીર ૫) પ્રતિનાદ ૬) દક્ષિણ ૭) રાગયુક્ત ૮) મહાર્થ ૯) અવ્યાઘાત ૧૦) શિષ્ટ ૧૧) અસંદેહકર ૧૩) હૃદયંગમ ૧૪) સાકાંક્ષ ૧૫) ઉચિત ૧૬) તત્વનિષ્ઠ ૧૭) અપ્રકીર્ણ ૧૮) સ્વશ્લાઘા - પરિનિજદારહિત ૧૯) અભિજાત્ય ૨૦) સ્નિગ્ધ મધુર ૨૧) પ્રશસ્ય ૨૨) અમર્મવેધિ ૨૩) ઉદાર ૨૪) ધર્માર્થસંબદ્ધ ૨૫) વિપર્યાસરરહિત ૨૬) વિભ્રમાદિયમુક્ત ૨૭) આશ્ચર્યકારી ૨૮) અદ્ભુત ૨૯) અતિવલંબિત નહી ૩૦) અતિવિચિત્ર ૩૧) વિશેષ મેળવતી ૩૨) સત્વમુખા ૩૩) વર્ણપદાદિ વિવિક્ત ૩૪) વિચ્છેદરહિત ૩૫) ભેદરહિત

અરિહંત પરમાત્માના આવા અદ્ભૂત અતિશયો પર શંકા કરવા જેવી નથી કારણે કે ઘોર દુષ્કૃત્યોના જો ઘોર નીચા ફળ મળે તો ગજબના સકૃતોના અતિ ઉંચા ફળ કેમ ન નીપજે ? દેવો પણ પરમાત્મા તરફ ભક્તિથી પ્રેરાઈને આવ અતિશયો રચે છે. અતિશયોયુક્ત અરિહંત પરમાત્માની આવ ઋદ્ધિ જોઈને લોકો પણ તેમના તરફ આકર્ષાય છે ને આવ ૩૫ ગુણોવાળી વાણીને સાંભળી કેટલાકના તો મિથ્યાત્વાદિ દોષો પણ ટળી જાય છે. આવા અતિશયોયુક્ત એવા અરિહંત પરમાત્માનું અત્યંત મગ્નપણે ધ્યાન કરવામાં આવે તો આજે પણ અતિશયોના પ્રભાવની ઝાંખી અનુભવી શકાય છે.

### (૫) શ્રી અરિહંત પરમાત્માએ ટાળેલા ૧૮ દોષો :

અરિહંત એટલે આંતરશત્રુને હણનારા, એ અર્થમાં શત્રુ તરીકે અઢાર દોષોને લેવાના છે

અંતરાયા દાનલાભવીર્યભોગોપભોગગ :<br>
હાસો રત્યરતિભીતિ, જુગુપ્સા શોક એવ ચ<br>
કામો મિથ્યાત્વમજ્ઞાનં નિદ્રા ચાવિરતિસ્તથા

રાગદ્વેષૌ ચ તૌ દોષો તેષામષ્ટાદષશાપ્યની અર્થાત્. - ૧. દાનાંતરાય ૨. લાભાંતરાય ૩. વીર્યાતરાય ૪. ભોગાંતરાય ૫. ઉપભોગતારાય ૬. હાસ્ય ૭. રતિ ૮. અરતિ ૯. ભય ૧૦. શોક ૧૧. જુગુપ્સા - નિંદા ૧૨. કામ ૧૩. મિથ્યાત્વ ૧૪. અજ્ઞાન ૧૫. નિદ્રા ૧૬. અવિરતી ૧૭. રોગ ૧૮. દ્વેષ.

આ અઢાર પ્રકારના દોષોન, ઉત્કટ સંવેગ, વૈરાગ્ય કઠોર ચારિત્રપાલન અને ઘોર તપસ્યા વડે દેહ, ઇન્દ્રિયો અને મનનો સારી રીતે દમી દૂર કરો છે ને તેથી અરિહંત બને છે.

### (૬) શ્રી અરિહંતોનો ઉપદેશ :

શ્રી અરિહંત પરમાત્મા અરિહંતપણું પામ્યા પછી (કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી) ઉપદેશ આપે છે. આ ઉપદેશ પણ વિશિષ્ટ હોય છે ને તેમા નીચેના વિષયો હોય છે.

- ક. ઉત્પાદ, વ્યય, અને ધ્રોવ્ય મહાસત્તાથી વ્યાત્ય પંચાસ્તિકાય (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય)
- ખ. જીવ - અજીવ, આશ્રવ - બંધ તથા સંવર - નિર્જરા - મોક્ષ એ સાતમાં સમાવિષ્ય શ્રેય - હેય - ઉપાદેયની તત્વયત્રી.

ગ. મોક્ષમાર્ગભુત સમ્યગદર્શન - સમ્યગજ્ઞાન - સમ્યગાચારિત્રમય રત્નત્રયી

ઘ. સુદેવ - સુગુરુ - સુધર્મરૂપી ઉપાસ્યત્રયી

ચ. કર્મ, જીવ અને જગતની સંસારની અનાહિતા, વિશ્વનું નિયમબદ્ધ સંચાલન, આત્મપુરુષાર્થનું અંતિમ ફૂલ વગેરે સમસ્યાઓને સચોટ ઉકેલ

છ. માર્ગાનુસારિતા રૂપી સામાન્ય ગૃહસ્થ ધર્મથી માંડી સમ્યક્ત્વમૂલ બાર વ્રત અને અગિયાર પ્રતિમા રૂપે વિશેષ ગૃહસ્થ ધર્મ.

જ. ચૌદગુણસ્થાનકની અંતર્ગત ભાવમંડળની અલ્પતા, સકૃદ બંધક દશા, અર્પુન બંધક દશા, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે પ્રથમ ગુણસ્થાનકથી માંડી અયોગી શૈલીશીકરણ સુધીનો ક્રમશ : વિકસતો ક્રમબદ્ધ સુષ્મતાભર્યો આત્માનો ઉત્ક્રાંતિમાર્ગ.

ઝ. આજ્ઞાવિચય - આપાવિચય વગેરે ધર્મધ્યાનથી માંડી વ્યુપરત ક્રિયાનિવૃત્તિરૂપી શુક્લધ્યાનના અંતિમ પાયા સુધીનો ક્રમબદ્ધ ધ્યાનમાર્ગ.

ટ. પરમાર્થિક લોકોત્તર સ્વરૂપવાળો અષ્ટાંગયોગ અને અદોષ જિજ્ઞા,દિ ગુણાષ્યક વગેરેથી પરિવારેલો મિત્રાદષ્ટિથી માંડી પરાદ્રષ્ટિ સુધીનો ક્રમબદ્ધ અષ્ટવિધ યોગદ્રષ્ટિ માર્ગ

ઠ. અંજલિબદ્ધ પ્રણામ અને વાચિક સ્તુતિરૂપ નમસ્કારથી વધતા વધતી ગીત - નૃત્ય સુધીનો પૂજનવિધિનો દ્રવ્યસ્વત તથા દેવવેદનાથી માંડી ઉત્કૃષ્ટ જીનાજ્ઞા - પાલન સુધીનો ભાવસ્તવ. એ ઉભયને અવગાહતો ક્રમબદ્ધ માર્ગ.

ડ. નમસ્કાર મહામંત્રના જ્ઞાનથી માંડી દ્રષ્ટિવાદ સુધીના બોધનો ક્રમબદ્ધ જ્ઞાનમાર્ગ.

ઢ. અનશન - ઉનોદરીથી માંડી સંલીનતા સુધીનો બ્રાહ્યતપ અને પ્રાયનિશ્ચિત્તથી માંડી કાર્યોત્સર્ગ સુધીનો અભ્યંતર તપ - એમ ક્રમબદ્ધ નિર્જરા - માર્ગ- તપોમાર્ગ.

ણ. સમિતિ - ગુપ્તિ વગેરેથી માંડી યથાખ્યાત ચારિત્ર સુધીનો સંવરમાર્ગ.

ત. દંભત્યાગથી માંડી ભવસ્વરૂપ ચિંતન વૈરાગ્ય દષ્ટિએ વધતા આત્માનુભવ સુધીનો ક્રમબદ્ધ અધ્યાત્મમાર્ગ.

થ. ઇચ્છા પ્રાણીધાનથી માંડી સિદ્ધિ વિનિયોગ સુધીનો ક્રમિક પુરુષાર્થ માર્ગ . ૧૬. ભવાનિ્ભનંદીપણાના ત્યાગથી માંડી ચતુઃશરણગમનાદિ સાધતા અને પ્રવજ્યાફળ મોક્ષમાં પરિણમતો ક્રમબદ્ધ સાધનામાર્ગ.

દ. અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મમાર્ગ

ધ. પ્રશંસા બહુમાનરૂપી ધર્મ - અંકુરથી માંડી સિદ્ધસુખ સુધીનો ક્રમબર્ધ કર્તવ્ય વિકાસમાર્ગ

ન. જ્ઞાનાવરણીયાદી આઠ પ્રકારના ક્રમો પર બંધન, સંક્રમણ વગેરે કરણોનું સુક્ષ્મ વિસ્તૃત સ્વરૂપ છે.

પ. વસ્તુમાત્રના જ ધન્યથી નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નિક્ષેપ, ઉપક્રમનિક્ષેપ, અનુગમ, નય, એ ચાર અનુયોગ, નૈગમ સંગ્રહાદિ સપ્તનય, સ્યાદ અસ્તિ - સ્યાન્નાસ્તિ વગેરે સપ્તભંગી, સ્વદ્રવ્ય - સ્વક્ષેત્ર - સ્વકાલ, સ્વભાવ, તથા પરદ્રવ્યાદિ અપેક્ષો સત્વ - અસત્વ, નિયત્વ, ભેદ - અભેદ, સામાન્ય - વિશેષ વગેરે ધર્મોની વ્યાપ્તિનો અનેકાંતવાદ.

ઇત્યાદિ ઘણુ શ્રી સર્વજ્ઞ અરહિંતો ઉપદેશે છે.

## (૭) શ્રી અરિહંતો નો ઉપકાર :

શ્રી અરિહંત ભગવાન મોક્ષમાર્ગના આદ્ય પદ્ય પ્રકાશક હોવાથી વિશ્વ પર ઉપકાર મહાન છે અને અજોડ છે. મોક્ષનો માર્ગ ચરમ ચક્ષુને અગોચર છે. કેવળજ્ઞાનરૂપી ચક્ષુ વિના તે સાક્ષાત જોઈ જાણી શકાતો નથી. શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ સમગ્ર જગતનું કલ્યાણ કરનારી, સર્વહિત કરણી એવી પ્રકૃષ્ટ, શુભકામના સહિત, પૂર્વભવોમાં મોક્ષમાર્ગની એવી સુંદર આરાધના કરે છે. સાધના કરે છે જેથી ચરમ ભવમાં તેઓ ત્રણ જ્ઞાન સહિત જન્મ લે છે. યોગ્ય અવસરે સંયમ સ્વિકારે છે. સંયમનું પાલન કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સાક્ષાત મોક્ષમાર્ગને જ્ઞાનચક્ષુથી જોઈને તેને યથાર્થ રૂપમાં જગતના જીવો સમક્ષ જાહેર કરે છે.

એમના બતાવેલા માર્ગે પ્રયાણ કરી અનેક આત્માઓએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે ને ભવિષ્યમાં પણ આ મોક્ષમાર્ગ ચાલું રહે તે માટે અરિહંતપરમાત્માઓ તીર્થની સ્થાપના કરે છે. જેના આવલંબનથી અનેક આત્માઓ મોક્ષ પ્રાપ્તી કરે છે. એમાં પણ ફાળો અરિહંત ભગવાનનો જ છે. આમ, અરિહંત પરમાત્માઓને 'તિન્નાણ તારણાયં' (તરનાર અને તારનાર) મુત્તાણં મોઅગાણ (મુક્ત થયેલા ને મુક્તિ અપાવનાર) કહ્યા છે.

અરિહંતાનો આવા ઉપકારને લીધે પંચપરમેષ્ઠિમાં તેમને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આમ તો સિદ્ધાવસ્થા એ અંતિમ અવસ્થા છે. અરિહંતો પણ છેલ્લે સિદ્ધ જ થાય છે. આમ છતાં અરિહંતોના વિશિષ્ટ ઉપકારને લીધે તેમને પ્રથમ પરમેષ્ઠિ તરીકે સ્તવ્યા છે.

આવા ઉપકારી અરિહંતોને નમસ્કાર કરવાથી કૃતજ્ઞતા નામનો ગુણ પ્રગટે છે.

## (૮) અરિહંત એ પરમાત્મા પણ 'પરમાત્મા' અંગે જૈન - જૈનેતરની દષ્ટિનો ભેદ :

ઈત્તર દર્શનોમાં ક્યાંક અનાદિશુદ્ધ અને ક્યાંક સુષ્ટિકાળથી ઉત્પન્ન - શુદ્ધ ઈશ્વર માનવામાં આવેલ છે. જ્યારે જૈનદર્શનમાં વિશિષ્ટ ભવ્યાતાવાળો, સામાન્ય આત્માની જેમ સંસાર ભ્રમણ કરતો જીવ આત્મસાધના કરી ઈશ્વર - તીર્થંકર બને છે. એ હિસાબે પૂર્વ અનંતા આત્મા પરમાત્મા બન્યા છે અને ભવિષ્યમાં પણ એમ જ બનશે. તથા વર્તમાન મહાવિદેહ ક્ષેત્રે વીસ તીર્થંકર ભગવાન વિરહમાન મોજુદ છે. વળી શ્રી અરિહંત તીર્થંકરો ઉપરોક્ત સ્થિતિવાળા છે ત્યારે ઈતર દર્શનના મતે ઈશ્વરની તેવી સ્થિતિ નથી. કેટલાક ઈતરો ઈશ્વરને જગતના કર્તા માને છે, પણ જૈનો પરમાત્માને તત્વપ્રકાશ અને માર્ગદર્શક માને છે. ઈતરો ઈશ્વરને જગતનો 'બનાવનાર' માને છે જ્યારે જૈન દર્શન પરમાત્માને જગતનો બતાવનાર માને છે. ઈતર દર્શનોમાં શુદ્ધ ઈશ્વરના પણ અવતાર માન્યા છે જેમાં ઈશ્વરને પોતના પુણ્ય - પાપ વિના પણ જે સારો - નરસો સંયોગ સામગ્રી મળવાનું માન્યું છે. એ કાર્યકારણભાવાદિના નિયમનો ભંગ સુચવે છે ત્યારે જૈનદર્શન તો કહે છેકે પોતાના શુભાશુભ કર્મના હિસાબે પરમાત્મા સંયોગ - સામગ્રી પામે છે. પોતાના કર્મના ફળ પોતે ભોગવવા પડે છે અને સર્વકર્મક્ષય થયા પછી એમને ફરી ધર્મ - સ્થાપના કરવા આવવાનું રહેતું નથી. એ તો સદા માટે સિદ્ધ, બુદ્ધ, મુક્ત રહે છે. ઈતરોમાં પરમાત્માતત્વ સર્જનાદી શક્તિ પર નિર્ભર છે. જૈનોમાં એ વિતરાગાદિ ગુણો પર નિર્ભર છે અને એ જ વિશ્વને મોક્ષસાધનામાં પ્રેરક છે. ઈતર દર્શનોના મતે ઈશ્વર જ ઈશ્વર થઈ શકે બીજા જીવો ક્યારેય ઈશ્વને પામી શકે નહી. જ્યારે જૈનદર્શનના મતે દરેક યોગ્યતાવાળો જીવ સાધના દ્વારા બહિરાત્માથી અંતરાત્મા ને આગળ વધી પરમાત્મા થવાની ક્ષમતા ધરાવે છે ને થઈ શકે છે. ને થયા પણ છે. એક દષ્ટિએ જોતા આ અરિહંતનું સ્વરૂપ, જૈનદર્શન આસ્તિક છે તે દર્શાવી ઈતર નાસ્તિક ધર્મથી જુદો પડે છે.

વળી જૈન મતે અરિહંતનો ઉપકાર એક વિશિષ્ટ કોટીનો છે જ્યારે ઇતર મતે ઇશ્વરનો ઉપકાર બીજી કોટીનો છે. દૃષ્ટાંતરૂપે ગીતાજીના હિસાબે કુરુક્ષેત્રમાં જ્યારે અર્જુને પાતાના અત્યંત નીકટ અને વડિલજનો સાથે લડવાની ના પાડી ત્યારે શ્રી કૃષ્ણે અર્જુનને લડવા માટે પ્રેરણા આપી જેના પરિણામે થયેલા ખૂનખાર યુદ્ધમાં અનેક નરરત્નો નાશ પામ્યા ને પાંડવોને રાજ્ય મળ્યું. બીજી બાજુ જૈન મતમાં ભરત ચક્રવર્તી સામે ન્યાયપુરસર લડી લેવા માટે અઠ્ઠાણુભાઈઓ પિતા ઋષભદેવ અરિહંત પાસે ગયા ત્યારે શ્રી અરિહંતદેવે એવો તત્વોપદેશ કર્યો કે જેના પરિણામે અઠ્ઠાણુ ભાઈઓ રાજ્ય ત્યજી મહર્ષિ બની ગયા, સર્વજ્ઞ બની ગયા ને જન્મ - જરાથી મુક્ત બન્યા, યુદ્ધ અટક્યું, આમ અરિહંતના ઉપકાર તરીકે તેમનો વિશિષ્ટ ઉપદેશ છે.

સંક્ષિપ્તમાં અરિહંતને એ રીતે જૈનદર્શન પરમાત્મા માને છે કે એમનું આલંબન લઈ એમના જેવા પૂર્ણ થવાનો પુરુષાર્થ કરવાનો છે.

**(૨) બીજા પરમેષ્ઠિ શ્રી સિદ્ધ ભગવાન :**

બીજા પરમેષ્ઠિ શ્રી સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિમ્મલિખિત મુદ્દાઓ દ્વારા વિચાર્યું છે :

(૧) ગીતાર્થ ગ્રંથકારોએ કરેલ 'સિદ્ધ' શબ્દની પરિભાષા
(૨) જીવાત્મામાંથી સિદ્ધાત્મા થવાની પ્રક્રિયા
(૩) સિદ્ધશીલાનું વર્ણન
(૪) સિદ્ધાત્માઓની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પાત્રતા
(૫) સિદ્ધાત્માઓના પર્યાયવાચી નામો
(૬) સિદ્ધાત્માઓના આઠ ગુણ
(૭) સિદ્ધ ભગવાનના બે મુખ્ય ગુણ
૧. અવિનાશીપણુ ૨. અનંત આવ્યાબાધ સુખ
(૮) સિદ્ધ ભગવાનના પંદર પ્રકાર
(૯) સિદ્ધભગવંતનો ઉપકાર
(૧૦) સિદ્ધત્વ અને મોક્ષત્વ અંગે જૈનદર્શન અને અન્ય દર્શનો.

**(૧) ગીતાર્થ ગ્રંથકારોએ કરેલ 'સિદ્ધ' શબ્દની પરિભાષા :**

**ક.** શ્રી અભયદેવસૂરિ ભગવતીજીની ટીકામાં આધાર ટાંકતા જણાવે છે :

आह च
ध्यात सितं येन पुराणकार्म
यो वा गतो निवृत्तिसौधरमूर्ध्मि ।
ख्यातोडनुशास्ता परिनिष्ठितार्थो
य : सोडतु सिद्ध : कृतमंड्र : लो मे ॥

અર્થાત્.

જેમણે પ્રાચીન સમયથી બંધાયેલ કર્મને બાળી નાખ્યું છે, જે મોક્ષના મહેલની ટોચે પહોંચેલ છે, જેનું શાસન પ્રવર્તી રહ્યું છે, જે સંપૂર્ણપણે કૃત્ય કૃત્ય થયેલા છે તે સિદ્ધ ભગવંત મને મંગલનાા કરનારા થાઓ.

**ખ.** દેશના સંગ્રહ પૃ. ૨૪૬ માં જણાવ્યું છે કે :

नमस्कारणीयता वैषाभविप्रणाशिज्ञाने - दर्शन सुखवीर्यादि गुणयुक्तया स्वविषय - प्रमोदप्रकर्षोत्पादनेत भव्यानामतीवोपकारहेतुत्वोर्वोदिति

અર્થાત્.

૧) સિદ્ધ ભગવંતો અવિનાશી એવો જ્ઞાન - દર્શન સુખ - વીર્ય વગેરે યુક્ત હોવાથી

૨) સ્વ વિષયે હર્ષના ઉત્કર્ષ - પ્રકૃષ્ટ અનુમોદનાનો ભાવ ઉત્પન્ન કરનારા હોવાથી

૩) ભવ્ય જીવોને ખૂબ ઉપકારા હોવાથી તેઓ નમસ્કારને યોગ્ય છે.

**ગ.** શ્રી સિદ્ધસેનસુરિ પ્રણિત 'નમસ્કાર મહાત્મય' માં સિદ્ધ ભગવંતોનું વર્ણન કરતા લખ્યું છે.

सितधर्मा : सितलेश्या : सितध्याता सिताजया ।
सित श्लोकाश्च ये लोके सिद्धास्ते सन्तु सिद्धये ॥

અર્થાત્.

સિત ધર્મવાળા (ઉજ્જવળ) શુક્લ લેશ્યાવાળા, શુક્લ ધ્યાનવાળા, સ્ફટિક રત્ન કરતા પણ અત્યંત ઉજ્જવળ સિદ્ધશીલારૂપ આશ્રયવાળા અને ઉજ્જવળ જ્ઞાનવાળા સિદ્ધ ભગવંતો ભવ્યજીવોની સિદ્ધિને માટે થાઓ.

**ઘ.** अपगत सकल कर्मोशन परम सुखिनि एकान्त कृत कृत्ये ।

અર્થાત્. - બધા આત્મપ્રદેશો પરથી કર્મમલનો સર્વથા અપગમ થવાથી પરમ્ સુખની પ્રાપ્તિ થવાથી નિશ્ચયથી કૃત્ય કૃત્ય થઈ ગયા તે સિદ્ધ.

**च.** निरुवमसुखाणि सिद्धाणि एसिं ते सिद्धा ।

અર્થા.ત્. - તે નિરૂપમ સુખો જેમના સિદ્ધ થયા છે કે નિષ્પંક શુક્લધ્યાનાદિના અચિંત્ય સામર્થ્ય સ્વજીવવીર્યરૂપી યોગ નિરોધ નામના મહા પ્રયત્ન વડ જેમને પરમાનંદસ્વરૂપ મહાન ઉત્સવ અને કલ્યાણના કારણભૂત નિરૂપમ સુખો સિદ્ધ થયા છે તે 'સિદ્ધ'

**छ.** अट्ठुयारकम्मक्खएण सिद्धसद्धीमं एसि ति सिद्धा ।

અર્થાત્. - દીર્ઘકાળથી ઉપાર્જન કરેલા આઠ પ્રકારના કર્મ જેઓના ભસ્મીભૂત થયા છે તે સિદ્ધો.

**ज.** सिद्धं निट्टिए सयलपओयणजाण एएसिमिति सिद्धा ।

અર્થાત્. - સિદ્ધ અર્થાત્. નિષ્ઠિત, પરિપૂર્ણ થયો છે સર્વ પ્રયોજનોનો સમુદાય જેમનો તે સિદ્ધો.

**ઝ.** દ્રવ્યસંગ્રહમાં સિદ્ધાંત ચક્રવર્તી શ્રી નેમિચંદ્ર સિદ્ધ પરમાત્માનું વર્ણન કરતા લેખે છે.

णट्ठुट्ठुकम्मदेहो लोयालोयस्स जाणओ इट्ठा ।
पुरिसायारो अप्पा सिद्धो उरुएह लोयसिहरत्थो ॥

અર્થાત્.

જેણે આઠ કર્મરૂપી દેહનો ત્યાગ કર્યો છે, જે લોક અલોકને જાણનાર અને દષ્ટા છે. પુરુષાકાર છે, લોકશિખર પર બિરાજમાન છે, તે આત્મા સિદ્ધ છે.

ટ. આવશ્યક નિર્યૂક્તિમાં જણાવ્યું છે કે :

नित्थि (च्छि) न्न – सव्वदुक्खा
जाइ – जरा – मरण – बंध विमुक्का ।
अव्वाव्वहं सुक्खं
अणुहवंति सासयं सिद्धा ॥

અર્થાત્ .- સર્વે દુઃખોને સર્વથા તરી ગયેલા અને જન્મ - જરા - મરણના બંધથી છૂટા થયેલા સિદ્ધો, શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. તાત્પર્ય કે જમણે મોક્ષની પ્રાપ્તિ કરેલી છે તેઓ સિદ્ધ કહેવાય છે.

ઠ. સિદ્ધો કેવા છે તો

(ક) षिधू गत्यां – ફરી પાછુ આવવુ ન પડે તે રીતે નિવૃત્તિપુરીણાં ગયેલા

(ખ) षिधू संराद्धो । સિદ્ધ થયેલા, નિષ્ઠાર્થ થયેલા

(ગ-ઘ) षिधू शास्त्रमांगतययो : । જેઓ અનુશાસ્તા થયા અથવા સ્વયં માંગલ્યરૂપતાને પામ્યા તે સિદ્ધો.

(ડ) सिद्धा – नित्या – અપર્યવસાના સ્થિતિવાળા હોવાથી નિત્ય

(ચ) सिद्धा – प्रख्याता । ગુણસંદોહને પામેલા હોવાથી ભવ્ય જીવોને વિશે પ્રસિદ્ધ.

ડ. સિંધ – એટલે સાધવું. જેણે અંતિમ સાધ્ય એવું જે મોક્ષપદ સાધ્યું છે તે સિદ્ધ વિશેષમાં જે આઠ કર્મથી મુક્ત થઈ મોક્ષમાં વિરાજે છે, જે આનંદ -જ્ઞાનાદિ ગુણોથી યુક્ત છે, જે અનંત જ્ઞાન અને અનંત દર્શન વડે લોકાલોકનું સ્વરૂપનું જાણી અને જોઈ રહ્યા છે તે સિદ્ધ દેવ.

ઢ. સિદ્ધો અવિનાશી જ્ઞાન, સુખ વીર્યાદિ ગુણોથી યુક્ત હોવાથી ભવ્ય આત્માઓને સ્વવિષયક અતીવ પ્રમોદના પ્રકર્ષને ઉત્પન્ન કરનારા છે અને એ રીતે ભવ્ય જીવોને પરમ ઉપકારી છે.

ણ. ઉપમિતેકારે સિદ્ધ ભગવાનને 'સુસ્થિત - મહારાજા' ની ઉપમા આપી છે. સુસ્થિતિ અર્થાત્. પૂર્ણ વિશુદ્ધ આત્માસ્વરૂપમાં સંપૂર્ણ રીતે સુસ્થિર અને નિત્ય ઉપયોગવંત.

નંદી - સૂત્ર, સિદ્ધ - પ્રાભૃત અને નવત્તત્વ આદિ ગ્રંથોમાં પણ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ વર્ણવેલ છે.

त. ध्यांत सितं येन पुराण कर्म
यो वा गतो निवृत्तिसौधमुर्ध्नि ।
ख्यातोऽनुशास्ता, परिनिष्ठितार्थ :
य : सोऽस्तु सिद्ध : कृतमङ्गलो मे ॥

અર્થાત્ જેઓએ બંધાયેલા પ્રાચીન કર્મો બાળીને ભસ્મ કરી નાખ્યા છે, જેઓ મુક્તિરૂપ મહેલના શિરોભાગમાં બિરાજમાન થયેલા છે, જેઓ શાસ્ત્ર કહેનારા છે અને અનુશાસનના કર્તા છે તેઓ જેઓના સર્વકાર્ય પરિપૂણ થઈ ગયેલા છે તેવા સિદ્ધ ભગવાન મારું મંગલ કરો.

સિદ્ધાત્માઓનું વર્ણન કરતા લખ્યું કે કર્મલેપરહિત, ચિદાનંદસ્વરૂપી, રૂપાદિથી રહિત, સ્વભાવથી જ લોકાગ્ર પર સ્થિતિ, અનંત ચતુષ્ટય યુક્ત, એકત્રીસ ગુણ યુક્ત પરમેશ્વર સ્વરૂપ પરમાત્મા સ્વરૂપ શ્રી સિદ્ધ ભગવાનનું હંમેશા શરણ છે.

વળી, આ સિદ્ધાત્માઓમાં જીવત્વ પારિણામિક ભાવોથી છે અને જ્ઞાન - દર્શન ક્ષાયિક ભાવથી છે. તેમને પ્રથમ સમયમાં જ્ઞાન ઉપયોગ અને બીજા સમયમાં દર્શન - ઉપયોગ હોય છે.

સિદ્ધ ભગવાનનું સ્વરૂપ આ પ્રમાણે હોવાથી કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ (સિદ્ધાંતોના જ્ઞાનમાં નિપુણ) અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, અભિપ્રાયસિદ્ધ અને તપસિદ્ધ એ ૧૦ સિદ્ધોની ભિન્નતા પ્રદર્શિત થાય છે અને અગિયારમાં કર્મક્ષયસિદ્ધનો સ્વીકાર થાય છે.

**(૨) જીવાત્માથી સિદ્ધાત્મા થવાની પ્રક્રિયા :**

જૈન દર્શનમાં મોક્ષ થતા પહેલા કેવલ ઉપયોગ (સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ)ની ઉત્પત્તિ અનિવાર્ય મનાઈ છે. આ કેવલ ઉપયોગ કયા કારણોથી ઉદ્ભવે છે તે સમજાવે છે તે સમજાવતા જૈનદર્શન કહે છે કે પ્રતિબંધક કર્મ નાશ થવાથી, ચેતના નિરાવરણ થવાને લીધે કેવલ ઉપયોગ આવિર્ભાવ પામે છે. કર્મક્ષય કેવી રીતે થાય છે તે બતાવતા કહે છે કે :

बंधहेत्वभावनिर्जराभ्यास।
कृतख्य क्रमक्षयो मौक्ष।

બંધહેતુઓના અભાવથી અને નિર્જરાથી કર્મનો આત્યંતિક ક્ષય થાય છે ને સંપૂર્ણ કર્મનો ક્ષય થવો તે મોક્ષ છે.

એકવાર બંધાયેલું કર્મ ક્યારેક ક્ષય તો પામે છે પણ તે જાતનું કર્મ ફરી બાંધવાનો સંભવ હોય અથવા તે જાતનું કર્મ હજી શેષ હોય ત્યાં સુધી તે કર્મનો આત્યંતિક ક્ષય થયો ન કહેવાય. કર્મના આત્યંતિક ક્ષય માટે બંધહેતુઓ (કર્મને બંધવનાર મિથ્યાદર્શનાદિ) નો યથાયોગ્ય સંવર દ્વારા અભાવ થઈ શકે છે અને તપ ધ્યાન આદિ દ્વારા નિર્જરા પણ સધાય છે મોહનીય કર્મ પ્રથમ ક્ષીણ થાય છે ત્યાર પછી અંતમુર્હુત બાદ બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મો નાશ પામે છે. પરંતુ હજુ વેદનીય, નામ, ગોત્ર ને આયુષ્ય આ ચાર કર્મો વિરલ રૂપમાં શેષ હોવાથી મોક્ષ નથી થતો તે માટે તેનો પણ ક્ષય આવશ્યક છે. એ ક્ષય ત્યારે જ સંપૂર્ણ કર્મોનો અભાવ થઈ, જન્મમરણનું ચક્ર બંધ પડે છે એ જ મોક્ષ છે. સંપૂર્ણ કર્મ અને તદાશ્રિત ઔપશમિક આદિ ભાવો નાશ પામ્યા કે તુરતજ એક સાથે એક સમયમાં ત્રણ કાર્ય થાય છે. શરીરનો વિયોગ, સિદ્ધમાન્ય ગતિ અને લોકાન્ત પ્રાપ્તિ.

આ જ વાતને બીજી રીતે સમજાવતા

જ્યારે જીવાત્મા ઉત્કટ સાધનાથી બધા જ આત્મપ્રદેશો પરથી કર્મમલનો સર્વથા નાશ કરે છે. ક્ષપકશ્રેણિ પર આરોહણ કરી આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્યારે આ જીવાત્માનું આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે તે સમયે શૌલીકરણ કરી ચૌદમાં ગુણસ્થાનકની પ્રાપ્તિ કરી (ચૌદમુ ગુણસ્થાનક અયોગી ગુણસ્થાનક છે જેમા શરીર છોડી દેવાનું હોય છે) સીધા લોકાગ્રના, લોકાન્તના ભાગે સ્થિર થાય છે. મનુષ્ય ક્ષેત્રમાં જે સ્થાન પર જે મુદ્રામાં સ્થિર રહીને આ કર્મયુક્ત આત્મા આયુષ્ણ પૂર્ણ કરે છે, તેની સીધી લીટીમાં એક સમય માત્રામાં સિદ્ધશીલા પર લોકન્તમાં તે સ્થાન પર તે જ મુદ્રામાં જ્યોતમાં જ્યોત ભળી જાય તેમ સ્થિત રહે છે. એક જ્યોતિમાં અનેક જ્યોતિ મળી જાય છે. છતાય સત્તાથી દરેક આત્મપ્રદેશ અલગ હોય છે. દરેક સિદ્ધશીલામાં જ સ્થિત રહે છે. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યની કાયાવાળા અને જઘન્યથી બે હાથની કાયાવાળા ભવ્યાત્મા સિદ્ધ બને છે તે સમયે તેમનો આત્મપ્રદેશ ઉત્કૃષ્ટથી ૩૩૩ ધનુષ્ય ૩૨ આંગુલ અને જઘન્યથી એક હાથ આઠ અંગુલ (૩૨ અંગુલ) માં રહે છે.

વર્તમાનમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાંથી નિરંતર જીવો સિદ્ધ થઈ મોક્ષે જઈ રહ્યા છે. સિદ્ધ થવાની પ્રક્રિયા ક્યારેય અટકતી નથી.

આત્મા સિદ્ધશીલામાં કેવી રીતે જાય છે એના સમાધાનમાં કહેવામાં આવ્યું છે :

अलाबु, एरंदफलम्, अग्निधुर्मो, इषुर्धुनुर्विमुक्त ।

આ ચાર દષ્ટાંતો દ્વારા આત્મા શરીરમાંથી નીકળી લોકના અગ્રભાવે લોકન્તમાં સ્થિર થવાની ઘટનાને સમજાવવામાં આવી છે.

ક. અસંગ – તુંબડાનો સ્વભાવ પાણીની ઉપર જ રહેવાનો હોવા છતાં મિટ્ટીના લેપના ભારથી નીચે જતું રહે છે ને જયારે લેપ દૂર થાય છે ત્યારે ઉપર આવે છે તેમ જીવ કર્મરૂપ લેપથી સર્વથા મુક્ત થાય છે ત્યારે સ્વભાવથી જ ઉપર ચાલ્યો જાય છે ને લોકન્તમાં સ્થિર થાય છે.

ख. बंधन छेद : એરંડફળ પરિપક્વ થતાં જ સ્વસ્વભાવથી બંધનમુક્ત થતા ઉપર ચાલ્યું જાય છે. તેમ જીવાત્મા ભવિનવ્યતાની પરિપક્વતાથી કર્મરૂપ બંધનથી મુક્ત થતાં જ મુક્તિપુરીમાં સ્થિર થાય છે.

ग. गतिपरिणाम – અગ્નિમાંથી નીકળતો ધુમાડો ઉપર જ જાય છે તેમ શરીરમાંથી નીકળવાનો આ આત્મા કર્મમુક્ત થઈ ગયેલો હોવાથી સિદ્ધગતિમાં ઉપર જાય છે. સિદ્ધશીલાથી ઉપર આલોકાકાશમાં ધર્માસ્તિકાય નામક પદાર્થ (ગતિમાં સહાય કરનાર દ્રવ્ય) ન હોવાથી આગળ ન જતાં સિદ્ધશીલામાં સ્થિર થઈ જાય છે.

घ. पूर्वप्रयोग – ધનુષ્યમાંથી નીકળેલું તીર નિશાના પર પૂર્વ પ્રયોગથી જાય છે એ જ રીતે આત્મા કર્મની મુક્ત થવા માટે અત્યંત પરાક્રમ કરતી પૂર્વપરાક્રમના પ્રયોગને કારણે જીવ મોક્ષનગરમાં નિવાસ કરી લે છે.

આ ચારે દષ્ટાંતોને પરિપૂર્ણ રૂપથી સમજી લેવાથી આત્માને મુક્તિપુરીમાં કોણ લઈ જાય છે, આત્મા કેવી રીતે ઉપર જાય છે આદિ બધી જ શંકાઓનું સમાધાન થઈ જાય છે.

સિદ્ધાત્માની આ સિદ્ધ સ્થિતિ સાદિ અને અનંત છે જ્યારે આઠ કર્મ ખપાવી, નાશ કરી સિદ્ધ દશા મેળવે છે ત્યારે તેમની તે દશાની શરૂઆત થઈ મટે તેમની સ્થિતિ આદિ શરૂઆતે સહિત અને મોક્ષમાંથી પાછા આવવાનો - ફરી જન્મલેવાનો અભાવ હોવાથી અનંતકાળ સુધી સિદ્ધના સિદ્ધ રહેવાના એટલે કે તેમની તે સ્થિતિમાં ફેરફાર અનંતકાળ સુધી નહી થવાનો હોવાથી તેમની સ્થિતિ સિદ્ધપણે અનંત છે.

આ રીતે સિદ્ધાત્મા કર્મ - ઉર્પાજીત સંસારના સુખ - દુખ, શુભ - અશુભ બધા જ દ્વંધોથી મુક્ત થઈ જાય છે. કર્મસ્કંધોના વિપાકથી ઉત્પન્ન થતી સાંસારીક વિચિત્ર પરિસ્થિતિથી મુક્ત થઈ જાય છે ને સિદ્ધ બની ત્રિભુવનના મથાળે જઈ વસે છે. હવે નિર્મમ - નિર્વિકાર છે - નિરંજન - નિરાકર છે - અક્ષય છે - કૃત્ય કૃત્ય છે, નિર્મોહી છે - શુદ્ધ જ્ઞાતા દષ્ટા છે - સ્પર્શાદિરહિત છે, - પરમપદાર્થ છે - શાશ્વત જ્યોતિ છે - સ્વતંત્ર છે - સ્મરણમાં મગ્ન છે - નિત્યધર્મા છે - જ્ઞાનથી સર્વવ્યાપી છે - તત્વમૂર્તિ છે - પરબ્રહ્મ છે - પરમ આદિત્ય છે - પરમ ઈંદુ છે - પરમ સદાશિવ છે - અનંત સુખના ભોક્તા છે - સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગના નાશથી સર્વ પદાર્થના સંબંધથી - સર્વ ઈચ્છાની પૂર્તિથી જે સુખ થાય તેના કરતા અનંતગુણુ સુખ સિદ્ધનું છે. જે સંયોગજન્ય સુખના અનુભવી માટે અગમ - અગોચર છે.

### (૩) સિદ્ધશીલાનું વર્ણન :

સિદ્ધ ભગવાનના રહેવાના સ્થાનને સિદ્ધશીલા કહેવાય છે. અનંતા સિદ્ધો આજ સુધી ત્યાં ગયા અને ભવિષ્યમાં જશે તે બધા જ આ સિદ્ધશીલામાં જઈ સ્થિત થાય છે. લોકાકાશ અને અલોકાકાશ બને સાંધા પાસે આ સિદ્ધક્ષેત્ર આવેલું છે. સિદ્ધક્ષેત્ર નીચે સિદ્ધશીલા આવેલી છે, લોકાકાશમાં રહેલા છેલ્લા બારમા દેવલોક અનુત્તર વિમાનથી

(સર્વાર્થ સિદ્ધ વિમાન) સિદ્ધશીલા ૧૨ જોજન ઉપર છે. સિદ્ધશીલાની ઉપર એક ઉંચે જોજનના અંતરે લોકનો અંત એટલે કે અલોક છે. આ યોજનનો છેલ્લો જે એક કોશ છે તેનો છઠ્ઠો ભાગ એટલે ૨૦૦૦ ધનુષ્યોનો ગાઉ ,, છઠ્ઠો ભાગ = ૩૪૩ $^{1/3}$ ધનુષ્યમાં એટલે કે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આગળની ઉંચાઈમાં અનંતા સિદ્ધ ભગવંતો રહ્યા છે. આ જ વસ્તુ બીજી રીતે કહી શકાય કે આ એક યોજનના ૨૪ ભાગમાં ૨૩ ભાગ ખાલી છે અને ચોવીશમાં ભાગમાં સિદ્ધાત્માઓ રહે છે.

આ સિદ્ધશીલા ૪૫ લાખ યોજન લાંબી અને મધ્યે આઠ જોજન પહોળી અને પછી થોડું ઘટતા એકદમ છેડે માખીની પાંખ જેવી પાતળી છે. તેની પરિધિ ૧, ૪૨, ૩૦, ૨૪૯ યોજનથી પણ વધારે છે. આ સિદ્ધશીલાનો આકાર બીજના ચંદ્ર જેવો દર્શાવવામાં આવ્યો છે. ખરી રીતે સિદ્ધશીલા અર્ધચંદ્રકારે નથી પરંતુ ઉત્તાન છત્રાકારે છે. ઉત્તાન એટલે ગૃહસ્થો વર્ષાઋતુમાં વરસાદથી બચવા જે છત્રી રાખે છે તેન ઊંધી કરવી તે. આ છત્રીને ઊંધી કરવામાં જે આકાર થાય તે આકાર ખરેખર સિદ્ધશીલાનો હોય છે.

આ સિદ્ધશીલા સાફ કરેલા સોનાના પતરાથી અધિક ઉજળી, ગોક્ષીર સરખી, શંખ, ચંદ્ર, અંક, રત્ન, રૂપાના પટ, મોતીના હાર અને ક્ષીરસાગરના જળ કરતા વધુ ઉજ્જવળ અને ગૌર વર્ણની છે. સ્ફટીક સમાન નિર્મળ અને સુંદર છે.

આગમશાસ્ત્રોમાં સિદ્ધશીલના બાર નામો જણાવ્યા પ્રમાણે છે :

૧. ઈષત ૨. ઈષતભાર ૩. તનુ ૪. તનુ તનુ ૫. સિદ્ધિ ૬. સિદ્ધાલય ૭. મુક્તિ ૮. મુક્તાલય ૯. લોકાગ્ર ૧૦. લોકસ્તુભિકા ૧૧. લોકપ્રતિબોધિકા ૧૨. સર્વપ્રાણીભૂતજીવસત્વસૌખ્યાવહિકા

જે જીવ મોક્ષે જાય ત્યારે મનુષ્યના છેલ્લા ભવમાં સિદ્ધક્ષેત્રમાં જતા પહેલા છેલ્લા દેહ જેટલી ઊંચાઈ હોય તેનાથી ૨/૩ ભાગનો ઓછો એટલી ઊંચાઈ સ્વરૂપે ત્યાં રહે છ. આટલા ક્ષેત્રમાં અનંતા સિદ્ધો રહી શકે છે. કારણ કે આત્મા અરૂપી છે. જેમ એક દિપકમાં વધુ દિપકનો પ્રકાશ સમાઈ શકે છે. તેવી રીતે આત્મા અરૂપી હોવાથી અથવા જ્ઞાન સ્વરૂપી હોવાથી જ્યોતમાં જ્યોત ભળે તેમ સિદ્ધના જીવો ભળી જાય છે. આમ છતાંય દરેક આત્મા જુદા છે. દરેક સિદ્ધ ભગવંતને કાયમનું અને સતતનું જ્ઞાતાદષ્ટાપણુ હોય છે. દરેક સિદ્ધાત્માને પોતાના અસત્તિત્વનું ને પૂર્ણત્વનું જ્ઞાન હોય છે.

**(૪) સિદ્ધાત્માઓની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પાત્રતા :**

ક. દ્રવ્યથી - ચારે ગતિમાંથી મનુષ્ય ગતિમાં જન્મેલા આત્માનો જ મોક્ષ થાય છે. બીજો કોઈ ગતિમાં રહેલા આત્માને મોક્ષ પ્રાપ્ત થતો નથી. સર્વાર્થ સિદ્ધવિમાનથી (બારમુ છેક ઉપરનો દેવલોક) સિદ્ધશિલા બાર યોજન જ દૂર કરે છે છતાં પણ ત્યાં રહેલા જીવોને પહેલા મનુષ્ય ગતિમાં જન્મ લેવો પડે છે. પછી જ તે સંપૂર્ણ કર્મયુક્ત થઈ સિદ્ધશીલમાં જાય છે. આથી જ તો મનુષ્યજન્મને અત્યંત દુર્લભ કહ્યો છે.

ખ. ક્ષેત્રથી - ૪૫ લાખ યોજનાવાળા મનુષ્યોક્ષેત્રમાં રહેલા આત્મા જ મોક્ષમાં જઈ શકે છે. જૈનદર્શન પ્રમાણે મનુષ્ય જીવનની શક્યતા અઢી દ્વીપમાં જ છે. અઢી દ્વીપની બહારનો કોઈ પણ આત્મા મોક્ષે જઈ શકતો નથી.

ગ. કાળથી - મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ માર્ગ સતત - હંમેશ માટે ચાલુ હોય છે. એટલે કે ત્યાંથી જીવ મોક્ષે જઈ શકે છે જ્યારે ભરત - ઐરાવત ક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં તૃતીય - ચતુર્થ આરામાં તથા

ઉત્સર્પિણીકાળમાં તૃતીય - ચતુર્થ આરામાં જ મોક્ષ થાય છે. પછીના ૪ આરાઓમાં મોક્ષમાર્ગ બંધ થઈ જાય છે.

ઘ. ભાવથી - ભાવથી ચૌદ ગુણસ્થાનક પ્રાપ્ત આત્માનો જ મોક્ષ થાય છે.

ઉત્કૃષ્ટથી ક્યારેક છ મહિના સુધી એક પણ આત્માનો મોક્ષથતો નથી જ્યારે જઘન્યથી દરેક સમયે માનવ મુક્તિ પામે છે. આ જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેનું અંતર છે.

સિદ્ધપદને લાયક આત્મમાં સામાન્ય રીતે પાંચ મુખ્ય લક્ષણ હોય ૧. પહેલુ સંઘપણ - વ્રજ ઋષભનારાચ સંઘયણ (હાડકાનો બાંધો). ૨. છ સંસ્થાન (શરીરની આકૃતિ) ૩. ઓછામાં ઓછું ૮ વર્ષને વધુમાં વધુ ક્રોડ પૂર્વ વર્ષ ૫.ચરમ શરીરી હોય. સિદ્ધના જીવો દશ માર્ગણા યુક્ત હોય ૧. મનુષ્યગતિ ૨. પંચેન્દ્રિય જાતિ ૩. સકાય ૪. ભવિસિદ્ધિક ૫. સંજ્ઞી ૬. ક્ષાયિક સમક્તિ ૭. યથાખ્યાત ચારિત્ર ૮. અનાયરક ૯. કેવળજ્ઞાન ૧૦. કેવળદર્શન

## (૫) સિદ્ધાત્માઓના પર્યાયવાચી નામો :

સિદ્ધત્માઓ સર્વ કર્મથી નિર્મુધ્ન થયા હોવાથી સિદ્ધ છે. અજ્ઞાન નિદ્રાથી પ્રસુપ્ત જગતને વિશે પારકાના ઉપદેશ વિના જીવાદિ ત્તત્વોને જાણનારા હોવાથી બુદ્ધ છે. સંસારના અથવા સર્વ પ્રયોજનના સમૂહને પાર પામેલા હોવાથી પારંગત હોવાથી પારંગત કહેવાય છે. અનુક્રમે ચતુર્દશ ગુણસ્થાનક ઉપર આરૂઢ થઈને અથવા રત્નત્રયીનું ક્રમપૂર્વક આસેવન કરી મુક્તિશાસનને પામેલા હોવાથી પરંપરાગત છે. કર્મકવચ નથી તેથી ઉન્મુક્ત કહેવાય છે. સિદ્ધ ભગવાનના, મુક્ત, અકલંક, અમર, અજ, અનંગ પરમજ્યોતિ, સદાશીવ, અરૂપી, અવિનાશી, અનાયુ, અનામી, અકર્મી, અવેદી, અબંધક,અયોગી, અભોગી, અખેદી, અસહાર્દ, અદાગ, અચલ, અવ્યય, શાશ્વત, જ્ઞાનાનંદી, પરમાત્મા, અજર, અમર, અસંગ, બુદ્ધ, મુક્ત વગેરે પર્યાયવાચી નામો છે.

## (૬) સિદ્ધાત્માઓના આઠ ગુણો :

સિદ્ધ ભગવાને ઘાતી અને અઘાતી કર્મોનો ક્ષય કર્યો હોવાથી આ જ્ઞાનવરણાદિ આઠ કર્મમાંથી એક એક ક્ષય થવાથી એક એક સિદ્ધનો ગુણ પ્રગટ થાય છે. આઠ કર્મ (૪ ઘાતી ને ૪ અઘાતી) ખપવાથી સિદ્ધ ભગવાનાં આઠ ગુણ પ્રગટે છે.

ક. જ્ઞાનાવરણીય કર્મ ખપવાથી (જવાથી) સિદ્ધ ભગવંતમાં અનંતજ્ઞાન નામનો ગુણ પ્રગટ થાય છે (આથી લોકા - લોકના સ્વરૂપને સમસ્તા પ્રકારે જાણી શકાય છે.

ખ. દર્શનાવરણયી કર્મ નષ્ટ થવાથી અનંતદર્શનનો ગુણ પ્રગટ થાય છે (આથી લોકાલોકના ભાવ સમસ્ત પ્રકારે દેખી શકાય છે.

ગ. દાનાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય આદિ અંતરાય કર્મ જવાથી અનંત વીર્ય - બળ પ્રાપ્ત થાય છે. જેને અનંતવીર્યાદિ ક્ષાયિક લબ્ધિઓ કહેવાય છે.

ઘ. મોહનીય કર્મ ક્ષય થવાથી અનંત ચારિત્ર ઉત્પન્ન થાય છે. (યથાખ્યાત ચારિત્ર) આ ચાર કર્મો ઘનઘાતી - આત્માના સત્ય સ્વરૂપના સંહારક છે.

ચ. નામ કર્મ ક્ષય થવાથી અરૂપીરપણું ઉત્પન્ન થાય છે. શરીર નથી તેથી ત્યાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વર્ણ આદિ નથી. આત્મા સ્થૂલ રૂપમાંથી મુક્ત બની અરૂપીપણાને પ્રાપ્ત કરે છે. જે અતીન્દ્રિય છે.

છ. ગોત્ર કર્મ ક્ષય થવાથી અગુરુ - લઘુત્વનો ગુણ પ્રગટ થાય છે. અર્થાત્. - ઊંચા - નીચાપણું રહેતું નથી. તેથી આત્મા ઉપર કે નીચે જતો નથી.

જ. વેદનીય કર્મ ક્ષય થવાથી અવ્યાબાધસુખ (અ = નહીં + વ્યાબાધ = પીડા) પ્રગટ થાય છે. અનંત અસાંયોગિક આનંદ પ્રગટે છે.

ઝ. આયુષ્ય કર્મ ક્ષય થવાથી અક્ષય સ્થિતિ પ્રાપ્ત થાય છે. હવે જન્મ લેવાનો નથી તેથી મૃત્યુ પણ નથી. તેથી અનંતકાળ સુધી પોતાની શુદ્ધ સ્થિતિમાં કાયમ રહે છે.

આ આઠ ગુણોને વર્ણવતી ગાથા :

"નાણાં ચ દસણંચિય, અવ્વબાહં તહેવ સમ્મત ।
આખયઠિઇ અરૂવી, અગુરૂલહુ વીરિયં હવઇ ॥ "

અનાદિ કાળથી આ આઠ કર્મો આત્માની સાથે ક્ષીર - નીરની જેમ ચોંટેલા હોય છે. આ કર્મો આત્માના ઉપર બતાવેલા મૂળ ગુણોને આવરે છે અને તેને સંસારી બનાવી જન્મ અને મૃત્યુના ફેરામાં ફેરવ્યા કરે છે. જે જીવો તીર્થંકરોના ઉપદેશથી પ્રતિબોધ પામી અથવા સ્વયં પ્રતિબોધ થઈ સાધના દ્વારા આત્મા પર રહેલા આ કર્મોને બાળી નાખે છે, કર્મયુક્ત બને છે તેનામાં ઉપર બતાવેલા આત્માના મૂળ આઠ ગુણો પ્રગટ થાય છે. જૈનદર્શન પ્રમાણે દરેક યોગ્ય આત્મા સમ્યગ સાધના દ્વારા આ ભગીરથ કાર્ય (કર્મયુક્ત થવાનું) કરી શકે છે. ને એ રીતે દરેક આત્મા સિદ્ધ બની આત્માના આ આઠ મૂળ ગુણો પ્રાપ્ત કરી શકે છે. જૈનદર્શન કેટલી ઉદાર, તટસ્થ અને તંદુરસ્ત વિચારધારા ધરાવે છે તે આ રીતે સમજાય છે.

**(૭) સિદ્ધ ભગવંતોના બે મુખ્ય ગુણ :**

(ક) અવિનાશીપણું

(ખ) અનંત અવ્યાબાધ સુખ

**(ક) અવિનાશીપણું (અક્ષયસ્થિતિ) :**

સિદ્ધ ભગવંતના આઠે ગુણો મહત્વના છે પરંતુ એક અપેક્ષાએ આ ગુણ મહત્વનો છે. આ ગુણ સિવાય બીજા જે સાત ગુણ સિદ્ધાત્માના છે તે જો મેળવ્યા પછી વિનાશ પામવાના હોય તો હેતું સિદ્ધ થતો નથી. આ અવિનાશીપણાના ગુણને લીધે જ બીજા સાત ગુણ શાશ્વત બને છે તેથી જ તે મેળવવાની સાર્થકતા છે.

સિદ્ધ ભગવાનનો મુખ્ય ગુણ અવિનાશીપણું છે. કારણના આસેવન વિના કાર્યસિદ્ધિ થતી નથી એ દૃષ્ટિએ સિદ્ધ પરમાત્માઓએ આ અવિનાશીપણુ પ્રાપ્ત કર્યું છે. તે કોઈ આકસ્મિક ઘટના નથી પણ શ્રી જીનેશ્વરને ભગવાનના સનાતન માર્ગને અનુસરી સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નનત્રયનું યથાર્થ આરાધન કરી આત્માની અનંત શક્તિ - અનંત - સુખ - સમૃદ્ધિને આવરનારા સકલ કર્મબંધનોને તોડી નાખી શિવસંપદાઓને વર્યા છે. આ રીતે આત્માની સહજ અવસ્થા પરમ - પદની પ્રાપ્તિ થવાથી હવે તેમને જન્મ - જરા - મરણાદિ કોઇ દુઃખ રહ્યું નથી અને કદી પણ નાશ ન પામે તેવું અનુપમ તથા સંપૂર્ણ સુખ તેઓમા પ્રગટ થયું છે. આ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી જીવ પોતાના સ્વરૂપને કદીછોડતો નથી. માટે જ સિદ્ધપદ અવિનાંશી કહેવાયછે. સિદ્ધ પરમાત્માનો આ અવિનાશીપણાનો ગુણ સમગ્ર મુમુક્ષ આત્માઓનું લક્ષ્યબિદું છે. શ્રી અરિહંત પરમાત્માઓ પણ દીક્ષા અંગીકાર કરતી વખતે સિદ્ધપદને

નમસ્કાર કરે છે અને જગતને સિદ્ધપદના માર્ગે દોરે છે. જગતના તમામ પદાર્થો પર કાળની અસર છે પરંતુ આ એક જ પદ છે જેની પર કાળની અસર નથી. સિદ્ધ પરમાત્મા આ અવિનાશી સ્વરૂપનો વિચાર જીવને સિદ્ધ બનવાની અચિંત્ય પ્રેરણા આપે છે. આ અવિનાશીપણું પ્રાપ્ત કરવા બાકીના ચાર પરમેષ્ઠિઓ ક્રમશ : વૃદ્ધિ કરતા સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**(ખ) અનંત અવ્યાબાધ સુખ :**

સુખ માટે પ્રયત્નશીલ ભવ્યાત્મક સુખની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી લે છે, સિધ્ધાત્મા બનીને પણ એ સુખનું વર્ણન કરવું અશક્ય છે.

આગમાકારો કહે છે ક ચારે ગતિમાં જીવાત્માઓએ ભોગવેલા, ભોગવતા ભવિષ્યમાં ભોગવવાના અર્થાત્. ત્રણેકાળના સુખને એકત્ર કરીએ, તેના અનંતગણા કરવામાં આવે તો પણ તે સિદ્ધાત્માના સુખનો અંશ પણ નથી બની શકતું અર્થાત્. સિદ્ધાંત્માઓનું સુખ એ સુખોની અનંતગણું છે. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી આઠમી યોગદષ્ટિના વર્ણનમાં સમજાવે છે :

સર્વ શત્રુક્ષય, સર્વવ્યાધિલય
પૂરણ સર્વ સમીહારીજી
સર્વ અર્થ યોગે સુખ તેહથી
અનંતગુણ નીરીયજી

અર્થાત્., સર્વ શત્રુઓનો ક્ષય થવાથી, સર્વ વ્યાધિઓનો વિલય થવાથી, સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવાથી અને સર્વ પદાર્થોનો સંયોગ થવાથી સંસારી જીવને સુખ થાય તેથી અનંતગણુ સુખ સિદ્ધ ભગવંતને હોય છે અને તેનો કદી અંત આવતો નથી. સિદ્ધાત્માઓના આ સુખનું વર્ણન કરવા સંસારમાં કોઈ સાધન નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા આત્માઓ (સંસારી) સિદ્ધના આ સુખને જાણે છે પણ વાણીથી વ્યક્ત કરી શકાતી નથી જેમ ગોળ ખાવાવાળો ગોળના સ્વાદનો અનુભવ કરી શકે છે પરંતુ તેનું પૂર્ણ વર્ણન કરી શકતો નથી કારણ કે સિદ્ધ ભગવાનનું આ અનંત અવ્યાબાધ સુખ અકથ્ય છે. કોઈ કેવલી એ સુખને કહેવાનો પ્રયત્ન કરે તો પણ તેનું પૂર્વ કરોડ વર્ષનું આયુષ્ય હોય તો પણ તે ઓછું પડે આમ, આ મુક્તિના સુખનું સંપૂર્ણ વર્ણન શક્ય નથી.

સિદ્ધાત્માઓના મુખ્ય આઠ ગુણો તેમાં આ પ્રસ્તુત બે મુખ્ય ગુણ છે અને વિકલ્પરૂપે ક્યાંક સિદ્ધ ભગવાનના ૩૧ ગુણો પણ વર્ણવવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે.

દેહસંબંધી પાંચ આકૃતિઓના ક્ષયથી પાંચ ગુણ વર્ણાદિ વીસના ક્ષયથી વીસ ગુણ (વર્ણ - સ્પર્શ - રસ - ગંધના વીસ ભેદ) ત્રણે વેદોના ક્ષયથી ત્રણ ગુણ શરીર રહિત હોવાથી અશરીરી, સંસારનો સંગ ન રહેવાથી અશરીરી અને ચર્મચક્ષુથી દેખાતા હોવાથી અરૂપી એમ કુલ ૩૧ ગુણયુક્ત સિદ્ધાત્મા છે.

આચારાંગસૂત્રમાં સિદ્ધાત્માઓના એકત્રીસ ગુણો આ રીતે વર્ણવ્યા છે :

से न दीहे न हस्से, न वट्टे, न तंसे, न चउरसे, न परिमंडले, न किण्हे, न नीले, न लोहए, न हालिदे, न सुक्किले, न सुमिगंधे, न तित्ते, न कहुए, न अंबिले, न महुरे, न क्कखडे, न भउए, न गुरुए, न सौए, न उण्हे, न निद्धे, न तुक्खे, न काए, न रुहे, न संगे, न इत्थी, न पुरिसे, न अन्नहा

બીજી રીતે એકત્રીસ ગુણોનું વર્ણન કરતા કહ્યું.

अहवा कम्मे णव दरिमणम्मि चत्तारि आउए पंच ।

आइम अंते सेसे दो दो खीणामिलावेण इगतीस ।

અર્થાત્ - પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, બે વેદનીય, બે મોહનીય, ચાર આયુષ્ય, બે નામ, બે ગોત્ર, પાંચ અંતરાય, આ આઠે કર્મોનો ક્ષય થતા ૩૧ ગુણો પ્રગટે થાય છે.

**(૮) સિદ્ધ ભગવંતના પંદર પ્રકાર (ભેદ) :**

કેવળજ્ઞાન (સંપૂર્ણજ્ઞાન) પ્રાપ્તિના સમયની સ્થિતિને કેન્દ્રબિંદુ માની સિદ્ધ ભગવંતના ૧૫ ભેદો બતાવ્યા છે. બાકી સિદ્ધભગવાનના કોઈ પ્રકાર કે ભેદ નથી.

ક. જિનસિદ્ધ - તીર્થંકરપદ યુક્ત કેવળજ્ઞાનની પ્રાપ્તિ એટલે કે જે આત્માએ તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તે કેવળજ્ઞાન પામે ને તીર્થંકર પણ થઈને આયુષ્ય પૂર્ણ થયા પછી સિદ્ધ થાય જેમ કે આદિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી આદિ તીર્થકરોની ચાવીસી.

ખ. અજીન સિદ્ધ - તીર્થંકરપદ પ્રાપ્ત ક્યા વિના કેવળજ્ઞાન પામી આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધ થાય જેમ કે પુંડરિક, ગૌતમસ્વામી આદિ ગણધરો.

ગ. તીર્થ સિદ્ધ - તીર્થંકરો તીર્થની સ્થાપના કરે પછી કેવળજ્ઞાન પામનારા અનેક ગણધરો

ઘ. અતીર્થ સિદ્ધ - તીર્થસ્થાપના પહેલા કેવળજ્ઞાન પામનારા મરૂદેવામાતા આદિ

ચ. ગૃહસ્થ લિંગે સિદ્ધ - ગૃહસ્થ વેશમાં જ ક્ષપકશ્રેણી દ્વારા કેવળજ્ઞાન પામવાવાળા ભરત ચક્રવર્તી આદિ

છ. અન્ય લિંગે સિદ્ધ - તાપસાદિ વેશમાં ક્ષપકશ્રેણી દ્વારા કેવળજ્ઞાન પામવાવાળા વલ્કલચીરી આદિ

જ. સ્વલિંગ સિદ્ધ - સાધુ વેશમાં ક્ષપકશ્રેણિ દ્વારા કેવળજ્ઞાન પામવાવાળા - અનેક સાધુ ભગવંતો.

ઝ. સ્ત્રીલિંગે સિદ્ધ - સ્ત્રી શરીરમાં કેવળજ્ઞાન પામવાવાળા - ચંદનબાળા આદિ

ટ. પુરુષ લિંગે સિદ્ધ - પુરુષ શરીરમાં કેવળજ્ઞાન પામવાવાળા - અનંત પુરુષો

ઠ. નપુસકલિંગે સિદ્ધ - નપુંસક શરીરમાં કેવળજ્ઞાન પામવાવાળા - ગાંગેય

ડ. પ્રત્યેક બુદ્ધ સિદ્ધ - બ્રાહ્ય નિમિત્તથી બોધ પામી ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામવાવાળ કરકંડુ - નમિ રાજર્ષિ આદિ

ઢ. સ્વયંબુદ્ધ સિદ્ધ - પોતાની જાતે જ સ્વયં - બોધ પામી ચારિત્ર ગ્રહણ કરી કેવળજ્ઞાન પામવાવાળા કપિલ આદિ

ણ. બુદ્ધ બોધિત સિદ્ધ - ગુરુ ઉપદેશથી બોધ પામીને કેવળજ્ઞાન પામવાવાળા
એક સિદ્ધ - એખ સમયમાં એક સિદ્ધ શ્રી મહાવીર પ્રભુ આદિ

ત. અનેક સિદ્ધ - એક સમયમાં અનેક સિદ્ધ

એક આત્મા સિદ્ધ બને છે ત્યારે તેનામાં ૧૫ માંથી ૬ ભેદ મળે છે, જેમ કે શ્રી વીર પ્રભુ સિદ્ધ થઈ મોક્ષમાં ગયા તેઓ ૧. જિન સિદ્ધ છે. ૨. તીર્થ સિદ્ધ છે. ૩. સ્વલિંગે સિદ્ધ છે. ૪. પુરુષલિંગે સિદ્ધ ૫. સ્વયંબુદ્ધ સિદ્ધ છે. ૬. એક સિદ્ધ છે.

## (૯) સિદ્ધ ભગવંતોનો ઉપકાર :

સિદ્ધ ભગવંતો અનંત ઉપકારી છે. સ્વયં સર્વ કર્મોનો ક્ષય કરી આત્મસ્વરૂપમાં રમણતા કરે છે. જે કોઇ આત્મા આ સિદ્ધ ભગવંતોનું ધ્યાન ધરે છે તેનો કર્મોનો ક્ષય થાય છે. આ કર્મક્ષયમાં નિમિત્ત બની સિદ્ધ ભગવંત જગત પર મહાન ઉપકાર કરે છે. અરિહંતો પણ પોતાના ઘાતી-આઘાતી કર્મોને ક્ષય સિદ્ધ ભગવંતોનું ધ્યાનથી કરેછે. એકની પ્રગટેલી સિદ્ધતા જોઇ અનેક આત્માઓએ સિદ્ધતા પ્રગટાવી. સિદ્ધ ભગવંત જગતના જીવોને જણાવે છે કે જેવું મારું સ્વરૂપ છે તેવું જ તારું શુદ્ધ સ્વરૂપ છે. મારું ધ્યાન એ તારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે. શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન છે. સિદ્ધ ભગવંત એ એક અંતિમ ધ્યેય છે જેને પામવા માટે ભવ્ય આત્માઓને પુરૂષાર્થ કરવાનું મન થાય છે, પ્રેરણા મળે છે. પંચ પરમેષ્ઠિના બાકીના ચાર પરમેષ્ઠિ આ સિદ્ધપદ પામવા જ પ્રયત્ન કરી ક્રમશઃ વૃદ્ધિ કરતા આગળ વધે છે અને અંતે એ ધ્યેય પ્રાપ્ત કરે છે.

એવો પ્રશ્ન ઉદ્ભવે કે નિરંજન નિરાકાર લોકાગ્ર પર દૂર રહેલા સિદ્ધો શું ઉપકાર કરે ? સૃષ્ટિનો એક વ્યવહાર છે (જૈનદર્શન માને છે) કે જ્યારે એક જીવ કર્મમુક્ત થઈ સિદ્ધ બને છે, મોક્ષમાં જાય છે ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. એટલે કે મો... માટેનો પુરુષાર્થ કરવાની પાત્રતા તેનામાં પ્રગટ થાય છે. આ બહુ મોટો ઉપકાર છે. સ્વયં સિદ્ધ બની બીજાને પણ એ અવસ્થા પ્રાપ્ત કરવા પાત્રતા પ્રગટાવવી એનાથી વધુ મોટો કયો ઉપકાર હોઈ શકે ? અહી જૈન દર્શનની વિશાળતા - ઉદારતાનું દર્શન થાય છે. ઈશ્વર બીજાને પણ ઈશ્વર બનવા માર્ગ બતાવે. એને હંમેશ માટે ભક્ત બનાવીને ન રાખે આટલું ઊંચું સ્થાન પણ પ્રાપ્ત કરી શકાય તે સમજ પ્રબળ પુરુષાર્થ કરવા પ્રેરે છે. ઉત્સાહ બક્ષે છે. આમ, આ સિદ્ધ ભગવંત અત્યંત ઉપકારી હોવાથી અત્યંત પૂજનીય છે.

## (૧૦) સિદ્ધત્વ - મોશ્રત્વ અંગ જૈનદર્શન અને અન્ય દર્શનોની વિચાર પરંપરા વચ્ચેનો ભેદ :

જૈનદર્શન પ્રમાણે સિદ્ધ પણ એક સત્યપદાર્થ હોવાથી 'ઉત્પાદ અને વ્યય' ના નિયમને વશ છે. આ એક અગત્યની વિચારણા છે અને બીજા દર્શનશાસ્ત્રોમાં વર્ણવેલી મુક્તિથી જુદી પડે છે. અન્ય દર્શનોમાં મુક્તિ એટલે સંપૂર્ણ ફીક્કી, પર્યાયરહિત, કૂટસ્થ તદામ્યતા, પ્રતિવાદીઓ એમ કહે છે કે સિદ્ધને આત્મસાક્ષાત્કાર થયો છે અને તેથી પૂર્ણ બન્યો છે માટે હવે અનેક પ્રકારે ઉત્પાદ વ્યય દ્વારા એનો આત્મા પર્યાયયુક્ત શા માટે બનવો જોઈએ ? સિદ્ધના સ્વભાવમાં કંઈપણ ફેરફાર થવો અશક્ય ગણાવો જોઈએ. એના ઉત્તરમાં જૈનો એમ કહે છે કે પદાર્થોમાં ફેરફાર થાય છે અર્થાત્. તેનો ઉત્પાદ પણ છે, વ્યય પણ છે ને છતાં દ્રવ્યરૂપે તેમાં દ્રૌવ્ય પણ છે. સિદ્ધની સર્વજ્ઞતામાં તમામ વસ્તુઓનું યથાસ્થિત પ્રતિબિંબ પડે છે. હવે જો વસ્તુઓ પર્યાયયુક્ત હોય તો સિદ્ધનું તે વસ્તુનું જ્ઞાન પણ પર્યાયયુક્ત છે. सिद्धज्ञानमपि परिणमति । સિદ્ધમાં દેખાતા આ જ્ઞાન પરિણામોનું કોઈ બાહ્ય કારણ નથી બીજા દર્શનોમાં પ્રતિપાદિત શુષ્ક તદાત્મારૂપી મુક્તિ એ સાચી મુક્તિ કહેવાય નહી, સત્પદાર્થ તો તેને કહેવાય જે અનંત પર્યાયોમાં પણ ધ્રુવ રહે 'उत्पाद – व्यय – ध्रोव्य – युक्तं सत् એટલે ઉત્પાદ - વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી યુક્ત હોય તદાત્મક હોય તે સત્. કહેવાય છે. અહીં મુક્તની સિદ્ધાવસ્થાને આપણે નિત્ય દ્રવ્ય રૂપે ગણી શકીએ અને સિદ્ધની બોધાવસ્થામાં વારંવાર ઉત્પન્ન થતા જ્ઞાન અને આનંદ એ એના એ એના પર્યાયો છે એમ કહી શકીએ. સિદ્ધવસ્થારૂપી સત્પદાર્તોમાં ઉત્પન્ન થતી આનંદોની અને જ્ઞાનોની અનંત લીલાઓના સાક્ષી રૂપે સિદ્ધ સ્થિતિ કરે છે.

વેદાંત મતે બ્રહ્મ બધા ભેદોથી મુક્ત છે, પર છે. બ્રહ્માં સ્વગતભેદ નથી. સત્. - ચિત્. આનંદ આ ત્રણ ગુણધર્મો બ્રહ્મના કહેવાય છે ખરા પણ વસ્તુત : એ ગુણો નથી તેમજ એકબીજાથી ભિન્ન પણ નથી. વેદાંત પ્રમાણે,

બ્રહ્મ નિર્ગુણ નિધર્મક અખંડ એકરસ સચ્ચિદાનંદસ્વરૂપ છે તેથી ઉલ્ટું જૈન સિદ્ધાંત એવો છે કે આધારભૂત દ્રવ્ય વગર ગુણનું અસ્તિત્વ નથી. છતાં ગુણથી ભિન્ન દ્રવ્યને કલ્પી શકાય છે. તદ્ .ઉપરાંત જૈનો કહે છે કે એક જ દ્રવ્યના આ ગુણધર્મો હોવાથી એક રીતે આ ગુણો એકરૂપ હોવા છતાં મુક્તાત્માના ગુણધર્મોનું પૃથક પૃથક અસ્તિત્વ છે, એટલું જ નહિ પણ ગુણો એક બીજાથી પૃથક પણ છે. ઉદાહરણ તરીકે અનંતવીર્યને અનંતદર્શન એક નથી અને અનંતજ્ઞાન તે અનંતસુખ નથી. આ રીતે અમુક અંશે સિદ્ધમાં 'સ્વગતભેદ' છે.

બ્રહ્મ એક અને અદ્વિતિય હોવાથી, તેનાથી પર બીજુ કોઈ તત્ત્વ નથી. બ્રહ્મમાં સજાતીયભેદ નથી કારણ કે એકથી વધારે બ્રહ્મો કિ વા નિત્યમુક્ત આત્માઓ નથી. આથી ઉલટું જૈનો એમ માને છે કે દરેક જીવ, બીજા જીવથી પૃથક છે. નહીં તો એકના મોક્ષથી બધાનો મોક્ષ થઈ જાત. એક જીવ બદ્ધ હોય તો જીવો બદ્ધ બને અને કોઈ મુક્ત હોય નહી. જીવાત્માઓ વસ્તુત : પૃથક્. છે માત્ર સંમાન ગુણધર્મોની દૃષ્ટિએ તેઓ એક કહી શકાય. મોક્ષઅવસ્થામાં પણ જીવોનું પાર્થક્ય રહે છે. મુક્ત જીવને સજાકીય ભેદ રહે છે. એટલે કે બીજા મુક્ત જીવોથી તેનું સ્વતંત્ર અસ્તિત્વ  રહે છે. એક રીતે નૈયાયિકો, વૈશેષિકો સાંખ્યો અને યોગ મતવાળઓ જૈન સિદ્ધાંત પ્રમાણે નિર્દિષ્ટ કરાયેલી મુક્તિને સ્વીકારે છે અને અદ્વૈતવાદને નહી માનનારા વેદાંતીઓ પણ અમુક અંશે તેમાં સહમત થાય છે.

જેનદર્શન સિદ્ધાત્મા થવાની પ્રક્રિયા પણ સ્પષ્ટ રીતે સમજાવી છે જે માત્ર શ્રદ્ધાથી નથી સ્વીકારવી પડતી પરંતુ બુદ્ધિગમ્ય છે. જગતના પ્રવર્તતી વિચિત્ર ઘટનાઓ, તારતમ્યતાઓ આ બધા પાછળ કર્મસિદ્ધાંત કામ કરે છે. મનુષ્ય જેવા કર્મ બાંધે તે પ્રમાણે ફળ પામે છે. ખરાબ કર્મોનો ત્યાગ કરી અથવા તે કર્મોને નિષ્ક્રિય કરી તે ઉત્તમ ફળ પામી શકે છે તો પુરુષાર્થ દ્વારા એક દિવસ તે સર્વકર્મનો ક્ષય કરી મુક્તાત્મા બનવાનું સર્વોત્તમ ફળ કેમ ન પામી શકે ? .

ઈતર દર્શન પ્રમાણે જીવાત્માને એના કર્મનુ ફળ મળે છે પરંતુ મુક્તિ મેળવવા તે સ્વતંત્ર નથી. એને કોઈ દૈવીશક્તિ (બ્રહ્મ) માં લીન થઈ જવું પડે છે. આથી તે હંમેશ માટે પરતંત્ર છે. જૈનદર્શને પુરુષાર્થ દરેક આત્માની મુક્ત દશા (મોક્ષ) બતાવી મોક્ષને માત્ર કલ્પના ન બતાવતા વાસ્તવિકતા અર્પી છે.

રસપ્રદ વાત તો એ છે કે જૈનદર્શન શબ્દોનું વ્યવસ્થિત અર્થઘટન કરી ચુસ્ત વૈદિક દર્શનોમાં ઇશ્વરને જે નામો અપાયા છે તે માંહેના કેટલાક નામો સિદ્ધાત્માને આપ્યા છે. સિદ્ધનું તત્વત : લક્ષણ પરમાત્મા જેવું છે માટે પરમાત્મા છે. સિદ્ધ સર્વજ્ઞ હોવાથી તેમને લોક અથવા વિશ્વના તમામ પદાર્થોનું જ્ઞાન છે અને અલોક એટલે શૂન્યવત આકાસનું જ્ઞાન પણ હોય છે. શુદ્ધજ્ઞાનની શક્તિ વડે તો કેમ જાણે લોક અને અલોક બંનેના વ્યાપ હોય તેવું લાગે છે. માટે તેને યોગ્ય રીતે વિષ્ણુ પણ કહી શકાય છે. તે અનંત આનંદ યુક્ત છે અને તેની તૃપ્તિને સીમા નથી. કિંવા તે સદા આત્મતૃપ્ત છે. ઇન્દ્રિય અપ્સરાઓ પણ તેમને આકર્ષી શકે નહી કારણ કે આ બધી 'અબ્રહ્મ' વસ્તુ છે. માટે જ સિદ્ધ 'અબ્રહ્મ' તરીકે પૂજાય છે. સિદ્ધાત્માને સર્વજ્ઞતા, અનંત દર્શન અનંત આનંદ અને અનંત વિર્ય સહુ સિદ્ધ થયા છે. દેવેન્દ્ર - ઇન્દ્રો પણ સિદ્ધત્વની ઇચ્છા કરે છે. સિદ્ધત્વની સ્તુતિ કરવા દેવો તત્પર રહે છે. આ દૃષ્ટિએ જેનો સિદ્ધને દેવાધિદેવ કહે છે. જૈનો સિદ્ધને શિવ કહે છે કારણ કે પરમ મુક્તિ, પરમકલાયામની પ્રાપ્તિ તેમને થઈ છે. પરમમુક્તિ એ જ શિવપદ છે, સર્વ સંસારી દુઃખોનો અંત છે, શુદ્ધ અનંતજ્ઞાન સ્વરૂપ છે.

જૈનદર્શનની મોક્ષત્વ અંગની વિચારણા ઈતર દર્શોનોથી એ રીતે પણ જુદી પડે છે કે જૈનદર્શન સ્ત્રીઓને મોક્ષાધિકાર આપ્યો છે. દીગંબર સંપ્રદાય અચેલક સ્ત્રીઓને મોક્ષાધિકાર નથી આપતો પણ શ્વેતાંબર સંપ્રદાયે સ્ત્રીને આ અધિકાર આપ્યો છે. તેઓ કહે છે કે પુરુષની પેઠે સ્ત્રીઓ પણ રત્નત્રયની આરાધના કરી શકે છે (જ્ઞાન - દર્શન ચારિત્ર્ય) ને એ નિર્વિવાદ હકીકીત છે. સ્ત્રીઓને અબળા કહેવાય છે પણ શરીરબળ ઉપર મોક્ષનો આધાર

છે જ નહીં. પુરુષસમ મોક્ષ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ સ્ત્રીઓ કરી શકે છે. મોક્ષ આત્માને જ પ્રાપ્ત થાય છે કોઈ સ્ત્રી કે પુરુષ જોઈને નહીં. સ્ત્રી પણ એક આત્મા છે. તેથી તેને સંપૂર્ણ અધિકાર છે કે તે મોક્ષપ્રાપ્તિ કરી શકે. રૂઢિચુસ્ત વૈદિક દર્શનોમાં સામાન્ય માન્યતા એવી છે કે સ્ત્રીઓને વેદપઠન અને અધ્યાત્મજ્ઞાનનો અધિકાર ન હોવાથી તેઓ પરામુક્તિ મળવી શકતી નથી. જો કે ગીતામાં લખ્યું છે કે : '**स्त्रियो वैस्यास्तथा शूद्रास्तेडपि यान्ति परां गतिम्** ' અર્થાત્. યોગ્ય રીતે સાધના કરીને સ્ત્રીઓ પણ મોક્ષ મેળવી શકે છે. બુદ્ધે પણ પ્રથમ તો સ્ત્રીઓને ધર્મસંઘમાં લેવાની ના પાડી હતી તે પાછળથી હા પાડી દીધી હતી.

આમ, જૈનદર્શનની મોક્ષત્વ અંગેની પોતાની સ્વતંત્ર અને આગવી વિચારણા છે, જે જગતના સર્વ જીવોને સમાનકક્ષ ગણાતી ને સમાન હકો આપતી જાણે લોકશાહી ધરાવતી મહાસત્તા ન હોય તેવું લાગે છે.

## (૩) ત્રીજા પરમેષ્ઠિ શ્રી આચાર્ય મહારાજ :

ત્રીજા પરમેષ્ઠિ સ્થાને બિરાજમાન આચાર્ય મહારાજનું સ્વરૂપ પ્રસ્તુત મુદ્દાઓ આપી વર્ણવ્યું છે.

(૧) આચાર્ય મહારાજનું સ્વરૂપ

(૨) ગીતાર્થ ગ્રંથકારોને દર્શાવેલ આચાર્યપદની વ્યાખ્યા - પરિભાષા

(૩) આચાર્ય મહારાજના ગુણો

(૪) આચાર્ય મહારાજનો અપરિશ્રાવી ગુણ

(૫) આચાર્ય મહારાજના પાંચ અતિશય

(૬) આચાર્ય પદ માટેની યોગ્યતી

(૭) આચાર્ય મહારાજની વૈયાવચ્ચ

### (૧) આચાર્ય મહારાજનું સ્વરૂપ :

સિદ્ધ એટલે આત્માના શુદ્ધતમ સ્વરૂપનો આર્વિભાવ. એમને સત્યનો સાક્ષાત્કાર થયો છે પણ સત્યનો ઉપદેશ કરવા તે આ જગતમાં પ્રવૃત થયા નથી. અરિહંતો દેહધારી છે તેથી તે તત્વોનો ઉપદેશ કરે છે અને મોક્ષમાર્ગ જવાનો રસ્તો બતાવે છે. પરંતુ અર્હતના નિર્વાણ પછી તેમના ઉપદેશને જાળવી રાખવાનું, તેનો સાચો અર્થ કરી સમજાવવાનું કાર્ય ત્રીજા ચોથા ને પાંચમાં પરમેષ્ઠિ ક્રમશ : આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કરે છે. ઉપદેશને આચારમાં મૂર્તિમંત કરે છે. આવા પાંચ આચાર જે પાળે છે, તેને આચાર્ય કહેવાય છે. આચાર્ય ચાર પ્રકારના હોય છે - નામાચાર્ય - સ્થાપનાચાર્ય - દ્રવ્યાચાર્ય ને ભાવાચાર્ય. અહીં બતાવેલું સ્વરૂપ ભાવાચાર્યનું છે, તે જે ઉપાદેય છે, બાકીના અનુપાદેય છે. ભાવાચાર્ય જ્ઞાનાદિ આચારના ઉપદેશક હોવાથી ઉપકારી છે, નમસ્કરણીય છે, પૂજનીય છે. આચાર્ય પ્રથમ તો દીક્ષા લઈને સાધુ બને છે. અમુક વર્ષો દીક્ષાપર્યાય પછી જો તેમનામાં પાત્રતા હોય તો ગુરુ તેમને આચાર્ય પદવી માટેની તૈયારી કરાવે છે. સાધુમાંથી આચાર્ય થનાર શાસ્ત્રીય પદ્ધતિ મુજબ યોગદ્વહનાદિપૂર્વક બાર વર્ષ સૂત્ર (આગમ) નું તથા બાર વર્ષ અર્થનું અધ્યયન અને બાર વર્ષ દેશાઘટન કરી, મંત્રપીઠાદિ પંચસ્થાને સૂરિમંત્ર આરાધી ગુરુદત્ત આચાર્ય પદવીને વરે છે. આચાર્ય પોતે ઉપાધ્યાય અને સાધુ તો છે જ પરંતુ આચાર્ય તરીકે તેમની વિશેષતામાં શ્રી અરિહંતપ્રભુની ગેરહાજરી શ્રી જિનશાસનનું સુકાન સંભાળી શકે એવા ગુણો અને એવું સામર્થ્ય હોય છે. આચાર્ય શિષ્યોને ગ્રહણ - આસવેન શિક્ષા આપવા - અપાવવામાં તેમ જ જનતામાં ધર્મબોધ દ્વારા શાસનપ્રભાવના કરવામાં કુશળ હોય છે તેઓ ગચ્છને સાધનામાં ઉદ્યુક્ત રાખે છે, ધર્મશાસનનું સામ્રાજ્ય ચલાવનાર તેઓ સમ્રાટ - રાજા છે, ઉપાધ્યાય તેમના દિવાન છે અને સાધુ સુભટ છે. ગૃહસ્થ શ્રાવક - શ્રાવિકા પ્રજાજન છે. આચાર્ય પાસે દ્વાદશાંગી અથવા તે કાળે વિદ્યમાન શ્રુત એ ખજાનો છે. એના વડે તેઓ સૌને આબાદ રાખે છે.

લોકોના ધર્મ - ધનને રક્ષી આધ્યાત્મ -હિતની અનેકવિધ કાળજી તથા ઉદ્યમ કરે છે. **મિથ્યામતી, પાખંડી,** કુમતવાદીઓ વગેરેનો નિગ્રહ કરે છે.

આ = મર્યાદાથી - તે સંબધે વિનયથી + અર્ય ને ય : જેની સેવા થાય છે તે અર્થાત્. જિનશાસનના અર્થની ઉપદેશકતા વડે તે ઉપદેશકતાની ઇચ્છા રાખનાર જીવો જેને સેવે તે આચાર્ય.

પંચવિહ આયારં, આયરમાણ તહા પયાસંના
આયાર હંસંતો - આયરિયા તેણ વુચ્ચંતિ

અર્થાત્. - જે પાંચ પ્રકારનો આચરનારા તથા પ્રકાશક - દેખાડનારા છે અને જે આચારનો ઉપદેશ છે, તેને આચાર્ય કહેવામાં આવે છે. તેમાં મુખ્ય શબ્દ 'આચાર' લેવામાં આવ્યો છે. તેનો અર્થ આ = મર્યાદાઓ + વિહાર એ થાય છે. આ = ઈષ્ત - થોડું - અપરિપૂર્ણ + ચાર = શિષ્ય, તેને વિશે જે જે સાધુ - ભલા છે તે આચાર્ય. એટલે જે અપરિપૂર્ણ - આ યુક્ત છે કે અયુક્ત એવો ભેદ પાડવામાં અનિપુણ પણ વિનયી એવા શિષ્યને યથાર્થ શાસ્ત્રાર્થ ઉપદેશ કરી શકે તે આચાર્ય. જે આદરવા યોગ્ય = અંગીકાર કરવા યોગ્ય વસ્તુને પોતે અંગીકાર કરે અને બીજ પાસે કરાવે તે આચાર્ય (આચાર - આચરવું)

વળી, આચાર્યમાં વિશેષ ગુણો તરીકે શ્રી જિનશાસનની પ્રભાવક્તા, સુરક્ષિત આગમ પરિપાટી, અનેક ભાષાઓનું જ્ઞાન, સ્વ - પર શાસ્ત્ર કુશળતા, પ્રજ્ઞાપન શક્તિ, સુયોગ્ય શિષ્ય સમૂહનું નેતૃત્વ, ભવ્ય ઓજસ, દેશનાલબ્ધિ, પંચાચારપ્રચાર, અપ્રમતતા, શુદ્ધધર્મકથન વગેરે અનેકાઅનેક વિશેષતાઓ હોય છે. આગમોમાં આચાર્યનું વર્ણન કરતા લખ્યું છે કે તેઓ કુશળ, જિતન્દ્રીય, નિર્ભય, જિનપરિષહ, નિરહંકારી, સંસ્કાર લાભાલાભથી સમપરિણામિ, અચપલ, અસંક્લિષ્ટ ચિત્તવાળા, દશ પ્રકારના આલોચનાદોષના જ્ઞાતા, સન્માર્ગ - ઉન્માર્ગના જ્ઞાતા, અઢાર પ્રકારના આચારના જ્ઞાતા, અપ્રિબદ્ધ વિહારી, ચારે પ્રકારની વિશુદ્ધ બુદ્ધિધારક, પંચમહાવ્રત ધારક, વિકથા વર્જક, નિઃશલ્ય, સવિશુદ્ધ બ્રહ્મચારી વગેરે લક્ષણોથી યુક્ત હોય છે. વળી તેઓ પૃથ્વીની જેમ સહનશીલ હોય છે. મેરૂપર્વત સમાન અચલ હોય છે, ચંદ્રમાં સમાન સૌમ્ય હોય છે, સાગર સમાન ગંભીર હોય છે, સ્વસમય પરસમયના જ્ઞાતા હોય, આલોચના દાનમાં અપરિશ્રાવી હોય છે, કાલજ્ઞ, ભાવાજ્ઞ, દેશજ્ઞ હોય, અસંભ્રાત હોય, અનુવર્તક હોય, નિર્લોભી, નિસ્પૃહી હોય નવકલ્પપી શાસ્ત્રોક્ત વિહાર કરનારા હોય, નિર્દોષ ગોચરચર્યાના પાલનહાર હોય.

વળી આચાર્ય સારણા - વારણ - ચેયણા - પડિચેયણાથી ગચ્છને સાધનામાં ઉદ્યુક્ત રાખે છે, સારણા - પોતાના હાથ નીચે રહેલા સાધુઓને સદાચારી બનાવવા તેમના દોષોનું સ્મરણ કરાવે.

વારણા - ચારિત્રમાં દોષો લાગ્યો તેનું નિરાકરણ કરે

ચેયણા - તેમને ઇષ્ટ ઉપયોગી સન્માર્ગે વાળવા પ્રેરણા કરે.

પડિચેયણા - જરૂર પડે તો વારંવાર પ્રેરણા કરે

આવી શાસ્ત્રાનુસારી પદ્ધતિઓ વડે શાસનની ઉત્પત્તિમાં મહત્વનું પ્રદાન કરે.

શાસ્ત્રોમાં આવા આચાર્ય (ગુરુ) ને કાષ્ટની નૌકાની ઉપમા આપી છે, જે સંસાર સમુદ્રને પાર પામે છે અને અનેક આશ્રિતોને સંસાર સમુદ્રથી પાર પહોંચાડે છે.

આચાર્ય સાસ્ત્રોક્ત મર્યાદાપૂર્વક આચારોનું પાલન કરાવવાવાળા છે. આચાર્ય સ્વયં જ્ઞાન, દર્શન ને ચારિત્રના

પરિપૂર્ણપાલક હોય છે અને દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અનુસાર પોતાના શિષ્ય પરિવારને, ચતુર્વિધસંઘને આરાધના શાસ્ત્રોક્ત રીતે કરાવે છે.

શાસ્ત્રોમાં આચાર્યને 'ગણધર સમ ગુણધરા', તીર્થંકર અવતાર માન્યા છે. જિનશાસનમાં આચાર ગુણયુક્ત ભાવાચાર્યને ગણધર ભગવંતસમય ગુણયુક્ત ને ગુણ ધારણ કરનારા હોવાથી ગણધર પદથી વિભૂષિત કર્યા છે 'તીત્થયર સમો સૂરિ' તીર્થંકર ભગવંત સમાન આચાર્ય ભગવંત હોય છે કારણ કે તીર્થંકર ભગવાન અર્થની દેશના આપે છે, ગૌચરી નથી જતા, શાસ્ત્રોક્ત અતિશયવશંત હોય છે. સંઘના નાયક છે. આવા જીનેશ્વર ભગવાનના વચનની પ્રરૂપણા શાસ્ત્રોક્ત કરે છે. એવા ભાવાચાર્યોને તીર્થંકર સમાન ગણવામાં આવ્યા છે.

આચાર્ય ભગવંતના આચારની ગંધ - શીલની સુગંધ, સર્વ લૌકિક સુગંધી પદાર્થોની સુગંધના આયોગ્ય આકર્ષણને ટાળી દે છે. જીવને શબ્દ વગેરે વિષયોની વાસના અનાદિકાળની છે તે વાસનાને નષ્ટ કરવા માટે એક બાજુ વિષયોની સુંદરતાનું પ્રણિધાન અતિઆવશ્યક છે. ગંધની વાચનાને નિર્મુળ કરવા માટે ભાવાચાર્યોના પંચાચારમાંથી ઉત્પન્ન થતી શીલરૂપી સુગંધનું પ્રણિધાન ઉત્તમ પ્રણિધાનની ગરજ સારે છે.

આચાર્ય ભગવંત એ ભાવવૈદ છે. જગતના જીવો કર્મ રોગથી પીડાય છે ને તેમાં પાછા રાગ - દ્વેષરૂપી કુપથ્યને સેવી સેવી કર્મ - રોગ વધારે છે. આની સામે આચાર્ય ભગવંત ધર્મઔષધ આપી, વૈરાગ્ય અને ઉપશમનું પથ્ય સેવરાવી કર્મ - રોગ નાબૂદ કરે છે. અનાદિકાળથી ભવઅટવીમાં ભમતા રખડતા જીવોને આચાર્ય ભગવાન માનજીવનના મૂલ્યો અને કર્તવ્યપંથ સૂઝાડી ઉન્નતિના માર્ગે ચઢાવે છે. હૃદયની ક્ષુદ્રતા, સંકુચિત મતિ, ભૌતિક દૃષ્ટિ, વાસના - વિકાર, ઈર્ષા અને કલેશ, ગર્વ અને સ્વાર્થ, મમતા અનો માયા, ભય - હાયવોય વગેરે અનેક દર્દોને શાંત કરી, આચાર્ય સુંદર સમાધિનું આરોગ્ય આપે છે. આચાર્યોના ઉપકારથી લોકનું વ્યવહારિક જીવન શાંતિભર્યુ, સંસારિક જીવન તૃપ્તિભર્યું, નૈતિક જીવન ઊંચું, કૌટુંબિક જીવન વિવેક - વાત્સલ્યભર્યું અને ધાર્મિક જીવન તત્વપરિણિત ઉલ્લાસ અને સંવેગભર્યુ બને છે.

આચાર્ય જે ઉપદેશે છે તેનું અક્ષરશ : પાલન પોતાના જીવનમાં કરે છે તેથી તેમનો ઉપદેશ હૃદયસ્પર્શી બની જાય છે.

ગીતાર્થ ગ્રંથકારોએ વિવિધ વ્યાખ્યાઓ દ્વારા આવા ભાવાચાર્યનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવ્યું છે છે, જે અહીં પ્રસ્તુત કર્યું છે.

**(૨) ગીતાર્થ ગ્રંથકારોએ દર્શાવેલ આચાર્ય - પદની પરિભાષા :**

નમસ્કાર સ્વાધ્યાય પ્રા.વિ.પૃ. ૪ માં લખ્યું કે :

अ - पंचदिया तद्विषयविनयरुपया चर्यनेसेव्यन्ते जिनशासनार्थापदेशकतया तदाकाङ्क्रिमिरित्याचार्या : ।

અર્થાત્. - જીનશાસનના અર્થના અર્થના ઉપદેશક હોવાથી તેના અભિલાષી મનુષ્યો વિનરૂપી મર્યાદાથી જેમની સેવા કરે તે આચાર્ય.

આવશ્યક નિર્યુક્તિમાં લખ્યું છે કે :

પંચવિહ આયારં, આયારણમાણા ત્તહા પભાસંતા
આયારં દસંતા, આયરિયા તેણ વુચ્ચંતિ .

અર્થાત્. - પંચવિધ આચારના આચરનાર તથા પ્રરૂપનારા છે. (સાધુ - પ્રમુખને તેમનો વિશિષ્ટ) આચાર દર્શાવનારા છે તે કારણથી તેઓ આચાર્ય કહેવાય છે.

પાંચ પ્રકારના આચારના નામો પરથી ગાથાનો અર્થ કરતા શ્રી મયલગીરીએ નીચે મુજબ આપ્યા છે :

पच्चप्रकारं ज्ञान - दर्शन - चारित्र - तपो - वीर्यमेदति

ભગવતીજીની વ્યાખ્યા કરતા ભગવાન અભયદેવ સુરિશ્વરજી उक्तं च દર્શાવીને જણાવે છે :

सुतत्थाविअ लक्खणजुत्तो, गच्छस्स मेढिमुओय गणतत्ति विप्पमुव्वो अत्थं वाएड्ड आयारओ ।

અર્થાત્. - સૂત્ર તથા અર્થને જાણનાર, લક્ષણથી યુક્ત, ગચ્છના નાયક, ગણની ચિંતામાંથી વિમુક્ત એવા આચાર્ય ભગવાન અર્થની વાચના આપે છે.

દ્રવ્યસંગ્રહમાં સિદ્ધાંત ચક્રવર્તી નેમિચંદ્રસુરિ આચાર્યનું વર્ણન કરતા લખે છે કે :

दंसणणाणपहाणे चोरियचारितवरतवायारे।

अप्पं परं च जुंजई सो, आयारओ मुणी झेओ ॥

અર્થાત્. - જે મુનિ, દર્શન, જ્ઞાન, વીર્ય, ચારિત્ર અને ઉત્તમ તપરૂપી આચારમાં પોતાને અને અન્યને જોડે છે તે આચાર્ય છે.

વળી, आ मर्यादया चयन्ते सेव्यते इत्याचार्या શ્રી જીનશાસન સંબંધી તત્વોના ઉપદેશકો હોવાથી તેના અર્થી આત્માઓ વડે જેઓ વિનયાદિ મર્યાદાપૂર્વક સેવાય તે આચાર્ય.

आचारो ज्ञानचारादि तत्र साधव : આચાર્ય જ્ઞાનચારાદિ પાંચ પ્રકારનો ભાવાચાર તેનું સ્વયં પાલન કરવામાં અને અન્ય અર્થી આત્માઓને પાલન કરવવામાં સાધુ - કુશળ તે આચાર્ય

आ मर्यादया मासकतपादिरूपया चारो विहार तत्र साधव : । માસકલ્પાદિરૂપી મર્યાદા વડે જે ચાર એટલે વિહાર તેમા સાધુ (નિપુણ) તે આચાર્ય.

નમસ્કાર મહાત્મયમાં આચાર્ય સિદ્ધસેન દિવાકર આચાર્ય ભગવંતનું વર્ણન કરતા લખે છે :

आचारा यत्र रविरा : आगमा शिवसड्मा :।
आयापाया गतापाया :, आचार्य तं विदुर्बुधा : ॥

અર્થાત્. આચારે જેમના સુંદર છે, જેમના આગમો મોક્ષ મેળવી આપનારા છે અને જેમના લાભના ઉપાયો નુકશાન વિનાના છે તેમને ડાહ્યા માણસો આચાર્ય કહે છે.

આચાર્ય એટલે પરમ ઉપકારી પુરુષ

મહોપાધ્યાય શ્રીમદ યશોવિજયજીએ આચાર્ય ભગવંતનું સ્વરૂપ વર્ણવતા લખ્યું છે :

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉપદેશે, નહિ વિકથા ન કષાય,
જેહને આચાર જ નમીએ, અકલુષ, અમલ, સમયારે

જે નિત્ય અપ્રમત્તભાવથી ધર્મનો ઉપદેશ કરે, વિકથા ને કષાયભાવથી સદા મુક્ત રહે, જેમનું મન સદા અકલુષિત, નિર્મળ અને સરળ હોય છે, આવા એવા આચાર્ય ભગવંત નમસ્કારને પાત્ર છે.

आचनीति हि शास्त्रार्थ, आचार् स्थापत्यवि
आचरति सव्यं यस्मा, दाचार्य परिकीर्त्येते ।

અર્થાત - જે શાસ્ત્રોર્થોના જ્ઞાનનું સંપાદન કરે, સ્વયં એ જ્ઞાનને આચરણમાં ઉતારે અને અન્યને પણ આચારનિષ્ઠ બનાવે તે આચાર્ય છે.

(૩) **આચાર્ય મહારાજના ગુણો :**

આચાર્ય ભગવંત ૩૬ ગુણોથી યુક્ત હોય છે.

'પડિરૂવાઈ ચઉદસ, ખંતીસાઈ ય દશવિહો ધમ્મો,
બારસ ય ભાવણાઓ, સૂરિગુણા હુંતિ છત્તિસં.

**પ્રતિરૂપાદિ ૧૪ ગુણ :**

૧ પ્રતિરૂપ ૨ તેજસ્વી ૩ યુગપ્રધાન ઉત્કૃષ્ટ આગમના પરગામી અર્થાત્. સર્વ શાસ્ત્રના જાણકાર ૪ મધુર વચનવાળા ૫ ગંભીર ૬ ધૈર્યવન ૭ ઉપદેશમાં તત્પર ૮ સાંભળેલુ નહીં ભૂલી જનારા ૯ સૌમ્ય ૧૦ સંગ્રહશીલ ૧૧ અભિગ્રહ મતીવાળા ૧૨ વિકથા નહીં કરનારા ૧૩ અચપળ ૧૪ પ્રશાંત હૃદયવાળા

**ક્ષાંતિ આદિ દશ ધર્મ :**

૧. ક્ષમા ૨. આર્જવ ૩. માર્દવ ૪. મુક્તિ - અલોભ ૫. તપ ૬. સંયમ ૭. સત્ય ૮. શૌચ ૯. અકિંચનત્વ ૧૦. બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો યતીધર્મ

**બાર ભાવના :**

૧. અનિત્ય ભાવના ૨. અશરણ ભાવના ૩. સંસાર ૪. એકત્વ ૫. અન્યત્વ ૬. અશુચિ ૭. આસ્રવ ૮. સંવર ૯. નિર્જર ૧૦. લોકસ્વરૂપ ૧૧. બોધિદુર્લભ ૧૨. ધર્મભાવના.

બીજા પ્રકારે આચાર્યમહારાજના ૩૧ ગુણો વર્ણવતા કહ્યુ છે :

અઠવિહા ગણિસંપઈ, ચઉગ્ગુણા નવરિં હુંતિ બત્તીસં
વિણઓએ ચઉપ્ભંઓ, બત્તીસગુણા ઈએ ગુરુણો

(પ્રવચન સારોદ્વાર)

અર્થાત્. - સાર - અષ્ટવિધ - આઠ પ્રકારની ગણિ - સંપદાના ચાર - ચાર ભેદ કરતા બત્રીસ થાય છે. તેની સાથે વિનયના ચાર ભેદ મેળવતા ૩૬ ગુણ થાય છે. આઠ સંપદા અને ચાર વિનયના નામ આ પ્રમાણે છે : ૧. આચારસંપત્. ૨. શ્રુતસંપત્. ૩. શરીરંપત્. ૪. વચનસંપત્. ૫. વાચનાસંપત્. ૬. જાતિસંપત્. ૭. પ્રયોગસંપત ૮. સંગ્રહપરિક્ષાંપત આ દરેક ભાગ મળી ૩૨ ગુણ થાય. હવે ચાર વિનય ૧. આચાર વિનય ૨. શ્રુતવિનય ૩. વિક્ષેપણ વિનય ૪. દોષપરિધાન વિનય એમ કુલ ૩૬ ગુણ થાય.

આચાર્ય ૩૬ ગુણોની ગણના 'પંચિદિય - સૂત્ર' માં કરવામાં આવી છે. पंचिदिय संवरणो એટલે પાંચ ઇન્દ્રિયો પર કાબુ રાખનાર. नवविहबंभचेरगुत्तिधरो એટલે નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડને ધારણ કરનાર चुउविहकषायमुक्को ચાર પ્રકારના કષાયથી મુક્ત, इस अट्टारसगुणेहिं संजुत्तो આ પ્રમાણે અઢાર ગુણોથી યુક્ત पंचमहव्वयजत्तो એટલે પાંચ મહાવ્રતો (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) થી યુક્ત पंचविहायार पालणसमत्थो એટલે પાંચ પ્રકારના આચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર) નું પાલન કરવામાં સમર્થ पंचसमिओति गुत्तो પાંચ સમિતિથી યુક્ત (ઈર્ષા, ભાષા, એષણા, આદાનભત્ત નિક્ખેવણ તથા પરિષ્ઠાપાનિકા) થી યુક્ત तियुत्तो ૩ ગુપ્તિ (મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ) થી યુક્ત वछत्तीसगुणो गुरु मज्झ મારા ગુરુ આ છત્રીસ ગુણના સ્વામી છે.

આચાર્ય ભગવંતના ૧૨૯૬ ગુણો પણ ગણવામાં આવ્યા છે. આચાર્ય ભગવંતના છત્રીસ છત્રીસ ગુણોની છત્રીસી ગણાય છે. દા.ત. સાધુના ગુણ ૨૭ + નવકોટિ શુદ્ધ આહારના ૯ = ૩૬. બ્રહ્મચર્ય ગુપ્તિ ૯ +

પાપનિયાણાનો ત્યાગ ૯ + નવકાયીવિહારના ૯ + નવત્તત્વના જ્ઞાનના ૯ = ૩૬. પ્રતિપાદિક ગુણ ૧૪ + ૧૦ યતિધર્મ + ૧૨ ભાવના = ૩૬. લબ્ધિ ૨૮ + પ્રભાવકના ૮ = ૩૬. અભ્યંતર ગ્રંથી ત્યાગ (મિથ્યાભાવ ૪ કષાય ૫નોકષાય) ૧૪ + પરિષહના ૨૨ = ૩૬. યોગદ્રષ્ટિ + બુદ્ધિગુણ + અષ્ટવિધ કર્મનું જ્ઞાન ૮ + સિદ્ધ ૮ + અનુયોગ ૪ + ૩૬. જ્ઞાનાચારાદિ ૫ + ઈન્દ્રિય નિગ્રહ ૫ + મહાવ્રત ૫ + સમિપિ ૫ + ગુપ્તિ ૩ = ૩૬. ભિક્ષુપ્રિતિમા ૧૨ + બ્રહ્માભ્યંતર તપ ૧૨ + ભાવના ૧૨ = ૩૬.

આચાર્ય ભગવંતના ગુણો પાંચ, છત્રીસ ને એકસો આઠ પ્રકારે પણ છે :

જ્ઞાન, દર્શન, ચારિત્ર તપને વિર્ય એ આત્માના મુખ્ય પાંચ ગુણ. એ ગુણોને પ્રગટ કરવાના હેતુરૂપ પાંચ આચાર અનુક્રમે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચારને વીર્યાચાર નામથી જાણીતા છે. તેમાં જ્ઞાનાચારના ૮, દર્શનાચારના ૮, ચારિત્રાચારના ૮ને ચપાચારના ૧૨ કુલ ૩૬ ગુણો થાય છે.

આ બત્રીસ પ્રકારના આચારને ત્રણ પ્રકારના વીર્યાચારથી ગુણવાથી ૧૦૮ પ્રકારના આચાર થાય છે.

શ્રી હરિભદ્રસૂરિકૃત સંબોધ પ્રકરણમાં આચાર્ય ભગવંતના ૩૬ ગુણો ૪૭ રીતે બતાવવામાં આવ્યા છે. પંચિદિયંસૂત્રમાં જણાવેલા ગુણો તેમાંનો એક પ્રકાર છે.

આમ, આચાર્યમહારાજ આવા અનેક ગુણોથી સમૃદ્ધ હોય છે ને તેથી તેમને આચાર્ય પદવી મળતા 'સૂરિ' એ વિશેષણથી વિભૂષિત કરાય છે. જેમ કે આચાર્ય રામસૂરિ, ભુવનભાનુસૂરિ ઇત્યાદિ.

ઉપાધ્યાયજી અને સાધુભગવંતો આ બધા જ આચારોથી પૂર્ણ હોય છે પરંતુ તેઓ આચાર્ય ભગવંતની આજ્ઞાથી પ્રેરિત છે, તેથી તેઓ ગૌણ છે.

## (૪) આચાર્ય મહારાજનો અપરિશ્રાવી ગુણ :

અનેક ગુણથી યુક્ત એવા આચાર્ય એક મુખ્ય ગુણ 'અપરિશ્રાવી' ગુણથી યુક્ત હોય છે. તેમની પાસે જે જે આત્માઓએ પોતાની પાપ ભરેલી જીંદગીની દર્દભરી દાસ્તાનો સંભળાવી પાપ પ્રગટ કર્યા હોય એનું વર્ણન આચાર્ય કોઈપણ પ્રસંગ પર કોઈની સામે નામોલ્લેકપૂર્વક કરે નહીં. આચાર્યના આ ગુણથી તેમને માતા સમાન કહ્યા છે. તેઓ અત્યંત ધીર - ગંભીર હોય છે. દરેક વાતો ધ્યાનથી સાંભળે છે. તેનુ નિરાકરણ પણ કરી આપે છે ને છતાંય પોતે બધુ પચાવી જાણે છે. પ્રાયશ્ચિત કરવાવાળાને પ્રાયશ્ચિતરૂપે વ્રત વગેરે આપે છે, જેને 'ભવઆલોચના' કહેવાય છે. આવા ગુણવાળા આચાર્ય પાસે જીવાત્મા પોતાના બધા પાપ નિખાલસપણે કબૂલી, યોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકારી પાપના ભારથી મુક્ત થાય છે.

## (૫) આચાર્ય મહારાજના પાંચ અતિશય :

આચાર્ય ભગવંતની યોગ્યતાને તથા તેમના પદન મહત્વતાને ધ્યાનમાં રાખી તેમના પાંચ અતિશયો બતાવ્યા છે :

૧. તેમના માટે આહાર વિશુદ્ધથી આદિ વીગઈયુક્ત અને નિર્દોષ લાવવાનું વિધાન છે.

૨. પાણી પણ વિશુદ્ધ અને નિર્દોષ હોવું જોઈએ.

૩. તેમના વસ્ત્ર સ્વચ્છ હોવા જોઈએ. તેમના વસ્ત્ર ધોયેલા હોવા જોઈએ.

૪. ચર્તુર્વિધ સંઘે તેમની પ્રંશસા કરતા રહેવું જોઈએ.

૫. એમના હાથ - પગની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ

આ પાંચ, અતિશોયની વ્યાખ્યામાં કહેવામાં આવ્યું છે કે આચાર્ય ભગવંત ગચ્છના સ્તંભ છે. તેથી તેમની

શારીરીક સ્વસ્થતા જેટલી વિશેષ હોય તેટલી જીનશાસનની ઉન્નતિ વિશેષ થાય. રાજા - મહારાજાને મળવાના પ્રસંગ પર તેમના વસ્ત્રની સ્વચ્છતા આવશ્યક છે. રાજાઓને જો ધર્મ પ્રત્યે વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થાય તો જનસમુદાયનું ગચ્છાચાર્ય પ્રત્યેનું આકર્ષણ વધે છે. રાજાઓ સાથે ચર્ચા - ધર્મોપદેશના સમયે પણ આચાર્ય મહારાજાના હાથ પગની શુદ્ધિ આવશ્યક છે.

**(૬) આચાર્ય પદની યોગ્યતા :**

આચાર્ય પદ માટેની યોગ્યતાનું વર્ણન કરતા કહ્યું છે કે જાતિકુલ સંપન્ન હોય, સર્વાંગ સંપૂર્ણ હોય, સશક્ત હોય, સ્વસમય - પરસમયના જ્ઞાતા હોય, શિષ્ય - શિષ્યાઓ રૂપ પરિવારથી યુક્ત હોય, સંપન્ન હોય, રૂપસંપન્ન હોય, નિરાભિમાની, નિસ્પૃહી, સરળ, નિર્લોભિ હોય, મુક્તિપુરીનો પૂર્ણ અભિલાષી હોય, આટલા લક્ષણોથી યુક્ત હોય તેવા ઉપાધ્યાય આદિને આચાર્ય પદ આપવું જોઈએ. વળી જે આચાર્ય બીજાને આચાર્ય પદવી જ્યારે આપે તેમનું પરમ કર્તવ્ય બની જાય છે કે તેઓ સુયોગ્ય આત્માને જ આચાર્ય પાટ પર પ્રસ્થાપિત કરે, આચાર્ય પદથી વિભૂષિત કરે, કારણ કે ભાવાચાર્ય એ શાસનના સ્તંભ છે. પોતાનો સુયોગ્ય શિષ્ય હોવા છતાં મોહવશ તેને આચાર્યપદ ન આપતા અયોગ્યને આચાર્ય પદ આપે તો તેમને વિરાધક કહેવામાં આવે છે. એવા અયોગ્ય આચાર્ય ચતુર્વિધ સંઘનું અહિત કરે તેનું મહાપાપ પદવી આપનાર આચાર્યને ભોગવવું પડે.

**(૭) આચાર્ય ભગવંતની વૈયાવચ્ચ :**

સુયોગ્ય આચાર્ય મહારાજની વૈયાવચ્ચ કરવી એ ચર્તુવિધ સંઘનું પરમ કર્તવ્ય છે. આગમોમાં વિનયને ધર્મનું મૂળ બતાવી વિનયને ક્રમશ : મોક્ષની પ્રાપ્તિનું વિધાન બતાવ્યું છે. આથી વિનય યોગ્ય વ્યક્તિઓનો વિનય કરવો એ સ્વત : સિદ્ધ થાય છે. આચાર્ય ભગવાનની વૈયાવચ્ચ એ ચતુર્વિધ સંઘની, જિનશાસનની અને પંચપરમેષ્ઠિ વૈયાવચ્ચ છે. વિનય અને વૈયાવચ્ચ દ્વારા સયોગ્ય આચાર્ય ભગવંતની કૃપાદષ્ટિરૂપ ફલની પ્રાપ્તિ થાય છે. એમની કૃપાથી શિષ્યોને જ્ઞાનસર્જનની પ્રાપ્તિ સહજ ને સુલભ બને છે. ચારિત્ર પાલનમાં ઉત્સાહ ને સરલતા પ્રાપ્ત થાય છે. અશુભ કર્મોની નિર્જરાનો વિશિષ્ટ લાભ મળે છે ને મોક્ષની પ્રાપ્તિ અત્યલ્પ અવધિમાં થાય છે. આચાર્ય ભગવાનની વૈયાવવચ્ચ કરવાથી તેમની શારીરીક તથા માનસિક સ્વસ્થતા રહે છે. જેથી વિરોધીઓનો, વાદિઓનો સહજતાથી પરાજય કરી જિનશાસનની સમુન્નતિ વિશેષ થાય છે. દાનાત્માઓ, ભવ્યાત્માઓનો તેમના ઉપદેશ શ્રવણથી લક્ષ્મીનો સદ્.ઉપયોગ કરવાનો ઉત્સાહ વધે છે. આમ, ભાવાચાર્ય ના વૈયાવચ્ચથી જીનશાસનને ઘણા લાભ પ્રાપ્ત થાય છે. આવા ગુણોવાળા પંચાચારના પાલક અને પ્રવર્તક આચાર્ય ભગવંતના 'આચાર' ગુણનું પ્રણિધાન આચાર્ય નમસ્કાર પાછળ હોવું જોઈએ.

પરમાત્મા મહાવીર શાસનના આવા અનેક યુગપ્રધાન, ગચ્છાધિપતિ એવા ગુણવાન વિદ્વાન, મહા પ્રભાવક સિદ્ધાંતપારગામી આચાર્યો થઈ ગયા છે. આચાર્ય ભદ્રબાહુસૂરિ, આચાર્ય જીનદત્તસૂરિ, આચાર્ય હરિભદ્રસૂરિ, આચાર્ય સિદ્ધસેન દિવાકર, આચાર્ય પાદલિપ્તસૂરિ, દેવર્ધિ ગણિ ઇત્યાદિ.

## (૪) ચોથા પરમેષ્ઠિ શ્રી ઉપાધ્યાય મહારાજ

ચોથા પરમેષ્ઠિ સ્થાને સ્થિત ઉપાધ્યાય મહારાજનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) ઉપાધ્યાય મહારાજનું સ્વરૂપ

(૨) ઉપાધ્યાયજી વિશે શાસ્ત્રીય વ્યાખ્યાઓ

(૩) ઉપાધ્યાયજીના ૨૫ ગુણો

(૪) ઉપાધ્યાયજીનો વિશિષ્ટ ગુણ 'વિનય'

**(૧) ઉપધ્યાયજીનું સ્વરૂપ :**

ઉપાધ્યાયજીનું સ્થાન આચાર્યમહારાજથી ઉતરતુ અને સાધુ મહારજથી ચડિયાતુ છે.

ઉપાધ્યાય એટલે ઉપ = પાસે અર્થાત્. જે પાસે આવ્યા હોય કે રહેતા હોય તે સાધુ વગેરે પ્રત્યે + અધ્યાય = અભ્યાસ એટલે સિદ્ધાંતોનો અભ્યાસ કરાવે તે. અથવા જેની પાસે આવી અધીયતે + અભ્યાસ થાય છે. ભણાય છે તે

ઉપ = (જેની) પાસે + અધિકયેન ગમ્યતે - અધિકપણાએ જવાય છે તે

ઈક ધાત = સ્મરણ કરવું એટલે સૂત્રથી જિનપ્રવચનનું જેથી સ્મરણ થાય છે તેથી કહ્યું

બારસંગા જિણજાઓ, સજ્ઝાઓ કહિહો બુહોહિં.,

તં ઉવઈસંતિ જમ્હા, ઉવજ્ઝાયા તેણ વુચ્ચંતિ

અર્થાત્. દ્વાદશાંગી કે જેનું શ્રી જીન ભગવાનને વ્યાખ્યાન કરેલ છે તેની સજ્ઝાય કરવાનું પંડિતે બુધે કહેલ છે તેથી દ્વાદશાંગીને ઉપદેશે તેને ઉપાધ્યાય કહીએ.

ઉવજ્ઝાયમાં 'ઉકાર' અને 'જકાર'છે તે બંનેના અર્થ છે કે ઉત્તિ ઉવઓગ કરણે, જત્તિ જ્ઝાણસ્સ હોઈ તિધેશ. એએણ હુંતિ ઉજ્ઝા, એઓ અન્નવિપજ્ઝાઉં.'

અર્થાત્. ઉકાર જે છે તે ઉપયોગ કરવાને અર્થે છે. તેથી 'ઉ' નો 'ઉવ' થયો અને ઉવ પછી 'જકાર'છે તે ધ્યાન નિર્દેશ અર્થે છે આથી 'ઉ' અને 'જ' બે અક્ષરની ઉજ્વઝાય એ પર્યાયાર્થ થયો છે. આ જ વાત જરા જુદી રીતે કહીએ તો

ઉત્તિ ઉવઓગ કરણે, પત્તિ અપાવપરિવજ્ઝણે હોઈ

જત્તિ અ જાણસ્સ કએ, ઉત્તિ અ ઓસ્ક્કાણા કમ્મે.

અર્થાત્. - 'ઉ' અક્ષર ઉપયોગ કરવાને અર્થે છે. 'પ' અક્ષર તે પાપના પરિવર્જન એટલે સમસ્ત પ્રકારે વર્જવાને અર્થે છે. 'જ' અક્ષર તે ધ્યાનના કરવા અર્થે છે અને ફરી આવતો ઉ વર્ણ તે કર્મના ઓસરવાના - ઓછા થવાના અર્થે છે. આ રીતે ચાર અક્ષર ભેગા મળવાથી 'ઉપાજ્ઝાઓ' એ શબ્દ થાય છે. તે પર્યાયાંતરે ઉપાધ્યાયનું નામ છે. ઉપાધિ + આય = ઉપાધ્યાય - ઉપાધિ એટલે પાસે વસવુ અને આય - એટલે લાભ, તે ઉપાધિનો, શ્રુતનો પાસે વસવાનો અથવા ઈષ્ટ ફળનો અથવા શોભન ઉપાધિનો લાભ છે. જેથી તે ઉપાધ્યાય ઉપ = ઉપહત - હણાયેલ જેણે અધ્યાય કે આધ્યાય કર્યા છે તે ઉપાધ્યાય અધ્યાયનો અર્થ એ થાય છે કે આધિ + મનની પીડા + આય = મનની પીડાનો લાભ અને અધ્યાયા એટલે અધિ - ટૂંકી બુદ્ધિ - કુબુદ્ધિ + આય = લાભ અથવા અધ્યાયમાં 'ધ્યૈ' ધાતુ પણ થાય કે જેનો અર્થ ધ્યાન ધરવું અને 'અ' એ નકારપણું કે કુત્સિતપણુ સૂચવે છે એટલે બધાનો અર્થ ખરાબ ધ્યાન - કુધ્યાન પણ થઈ શકે. ટુંકમાં ઉપરના અધ્યાય અથવા આધ્યાય એ બંને જેણે ઉપહત - હણાયેલા કર્યા છે તે ઉપાધ્યાય

ઉપ = પાસે અને અધ્યાય શબ્દ અધ્યયન કરવું તે પરથી થયેલ છે. જે ગુરુ આદિ ગીતાર્થની પાસે સંપૂર્ણ શાસ્ત્રનો અભ્યાસ કરી પારગામી થયેલ છે અને જેની પાસે સાધુઓ અને ગૃહસ્થો જ્ઞાનનો અભ્યાસ કરે છે તે ઉપાધ્યાય.

આચાર્ય ભગવંત અર્થની દેશના આપે છે. ઉપાધ્યાયજી શિષ્ય પરિવારને સૂત્રોનું જ્ઞાન કરાવે છે. આગમોમાં ઉપાધ્યાય ભગવંતની વ્યાખ્યા કરતા કહ્યું છે કે સૂત્ર, અર્થ તથા તદુભય સૂત્રાર્થના જ્ઞાતા, જ્ઞાન - દર્શન - ચારિત્રથી યુક્ત, અને શિષ્યોને સૂત્રાર્થની પ્રાપ્તિ કરાવનાર ઉપાધ્યાય છે. ઉપાધ્યાયજી સૂત્રના શબ્દાર્થ, વ્યાક્યાર્થ, મહાવ્યાક્યાર્થ

અને એદપર્યાય આ ચારે પ્રકારના અર્થનું વિશ્લેષણ કરી શિષ્યસમુદાયને સૂત્રને વાસ્તવિક અર્થ સમજાવે છે. સૂત્રના શબ્દાર્થમાં કેવલ સૂત્રના શબ્દનો અર્થ પ્રગટ થાય છે. વાક્યાર્થમાં વાક્યના અર્થ સાથે શબ્દનો વિશેષ અર્થ પ્રગટ થાય છે. મહાવાક્યાર્થમાં વિસ્તારપૂર્વક શબ્દો તથા વાક્યોના વિશ્લેષણ કરી અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ થાય છે. એદમપર્યાર્થમાં સૂત્રોના પરસ્પર શબ્દાર્થ બાધક ન બને એ રીતે સૂત્રોના પરમાર્થ પ્રગટ કરવામાં આવે છે. એક સૂત્રના અર્થ સાથે બીજા સૂત્રના અર્થની વિપરીતતા અધ્યયન કરનારના હૃદયમાં ઉત્પન્ન ન થાયે તેનું બરાબર ધ્યાન રાખી ઉપાધ્યાય ભગવંત શાસ્ત્રોક્ત અર્થ સમજાવે છે. ઉપાધ્યાય શ્રુતપ્રવાહને વહેતો રાખનાર હોવાથી શ્રી જીનપ્રવચનના સ્તંભ છે. પત્થર જેવા અબુજ શિષ્યને પણ વિદ્યાથી પલ્લવિત કરતા હોઈ તેઓ અજબ ઉપકારક છે. શાંતિ સમતા ને ઉત્સાહથી શિષ્યોને તૈયાર કરતા હોઈ તેઓ અજબ ઉપકારક છે. એમની સુદૃષ્ટિ એવી છે કે ચાહે રાજાપણાથી આવેલ શિષ્ય હોય કે રંકપણાથી પરંતુ બનેને નિષ્પક્ષપાત રીતે સૂત્રદાન કરે છે. સ્વયં હંમેશા દ્વાદશાંગીના સ્વાધ્યાયમાં લીન રહે છે. ભવસાગરમાંથી તરવા એ અદ્ભુત નિર્યામક છે. પરવાદીરૂપ ઉન્મત હાથીઓ માટે સિંહ સમાન છે. ઉપાધ્યાયજી આશ્રવના દ્વારોને સારી રીતે રોકી તથા મન - વચન - કાયાના યોગોને સારી રીતે વશ કરી વિધિપૂર્વક સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ અને અક્ષર વડે વિશુદ્ધ એવું દ્વાદશાંગસૂત્રનું અધ્યયન અને અધ્યાપન કરાવે છે તથા તે દ્વાર મોક્ષના ઉપાયોને દર્શાવે છે. દૂધમાં ઘીની જેમ સમસ્ત આગમોમાં ઉપાધ્યાયજીનો આત્મા ઓતપ્રોત હોય છે. તેથી જ આત્મમંત્રણામાં નિપુણ ઉપાધ્યાય ભગવંતને શાસનમાં મંત્રીની ઉપમા આપવામાં આવી છે.

ઉપાધ્યાયજીના પર્યાયવાચી નામો સ્થવિર, કૃત્રિકાપણ, આત્મપ્રવાદી, વાચક, પાઠક, અધ્યાપક, શ્રુતવૃદ્ધ, અપ્રમાદી, સદાનિર્વિવાહી, અદ્વયાનદી ઓદિ ઉત્તમ નામો ધારણ કરવાવાળા છે. ઉત્તરાધ્યયનસૂત્રના ૧૧ માં અધ્યયનમાં ઉપાધ્યયજીની પ્રશંસામાં ૧૬ ઉપમાઓ આપવામાં આવી છે. : શંખ, કલોજદેશના ઘોડા, સુભટ, હાથી, વૃષભ, સિંહ, વાસુદેવ, ચક્રવર્તી, ઇન્દ્ર, સૂર્ય, ચંદ્ર, સુરક્ષિત કોઠાર, જંબુવૃક્ષ, નંદી, મેરૂપર્વત, અને સમુદ્ર.

ઉપાધ્યાજી ગુરુના બધા જ ગુણોથી સુશોભીત હોય છે. તીર્થકરોના ઉપદેશને પ્રવાહિત રાખી તેઓ વિશ્વ પર મહાન ઉપકાર કરે છે. તેમના હાથ નીચે અનેક શિષ્યો અધ્યયન કરી સ્વનું કલ્યાણ કરે છે. સંયમની જીવનને સાથે આવી ધર્મની આરાધના કરનાર અને કરાવનાર ઉપધ્યાયજી વિશે શાસ્ત્રોમાં સુંદર પરિભાષા લખી છે. જે ઉપાધ્યાયજીનું મહાત્મય દર્શવે છે.

### (૨) શાસ્ત્રોમાં આલેખેલી ઉપાધ્યાયજીની પરિભાષા :

આવશ્યકનિર્યુક્તિમાં લખ્યું છે કે :

बारसंगो जिणपखाओ, अण्झाउते कहओ बुहेहिं।
तं उवइसन्ति जम्हा, उवज्झाया तेण बुच्चंति।

અર્થાત્ - જે બાર અંગવાળો સ્વાધ્યાય જિનશ્વરોએ પ્રરૂપેલો છે અને (સૂત્રથી) બુધોએ ગણધરોએ કહેલો છે તે (સ્વાધ્યાય) નો (શિષ્યોને) ઉપદેશ કરે છે. તેથી તે ઉપાધ્યાય કહેવાય છે.

ભગવતી સૂત્રની ટીકામાં શ્રી અભયદેવસૂરિ જણાવે છે કે अथवा आधीनां मनःपीडानामायो लाभ आध्यायः उपहत आध्यायो उपाध्यायाः અર્થાત્ - જેમનાથી આધિઓ મનની પીડાઓ નાશ પામે છે તે ઉપાધ્યાય

નમસ્કાર મહાત્મયમાં આચાર્યદેવ સિદ્ધસેન ઉપાધ્યાય ભગવંતનું વર્ણન કરતા લખે છે :

उदयो मूर्तिमान सम्यग – द्रष्टि नामुत्सवो धियाम्

उत्तमानां य उत्साह, उपाध्याय: स उच्यते

અર્થાત્ - ઉપાધ્યાજી તે કહેવાય જે સમ્યગદષ્ટિ આત્માને માટે મૂર્તિમાન ઉદયરૂપ છે. બુદ્ધિમાન પુરૂષો માટે સાક્ષાત ઉત્સવ છે અને ઉત્તમ જેનો માટે પ્રત્યક્ષ ઉત્સાહ છે.

દ્રવ્યસંગ્રહમાં સિદ્ધાંત ચક્રવર્તી નેમિચંદ્ર ઉપાધ્યાયજીનું વર્ણન કરતા લખે છે :

जो रयणत्तयजुतो णिच्चं धम्मोवदेसणे णिरदो

सो उवज्झाओ अप्पा नविवरवसहो णमो तरसा

અર્થાત્ - જે રત્નત્રયીથી યુક્ત છે, નિત્ય ધર્મોપદેશમાં સંલગ્ન રહે છે. યતીશ્વરોમાં પણ શ્રેષ્ઠ છે તે આત્મા ઉપાધ્યાય છે, તેમને અમારા નમસ્કાર થાઓ.

અથવા उपेत्य अधीयतेऽस्मात – એમની પાસે જઈ અધ્યયન કરાય છે. અથવા उपसमीपे अपिवसनात् श्रुतस्यायो लाभओ येम्यस्ते उपाध्याया: – જેમની સમીપે નિવાસ કરવાથી શ્રુતનો આય - અર્થાત્ - લાભ થાય છે તે 'ઉપાધ્યાય'. (શ્રુત એટલે જીનેશ્વરોએ પ્રરૂપેલો બાર અંગવાળો સ્વાધ્યાય)

## (૩) ઉપાધ્યાય ભગવંતના ગુણો :

ઉપાધ્યાયજીના ૨૫ ગુણો આ પ્રમાણે છે : ૧ થી ૧૧ અંગ તથા ૧૨ થી ૨૩ ઉપાંગ એમ ત્રેવીશને ભણાવે અને ૨૪ થી ૨૫ ચરણસિત્તરી તથા કરણસિત્તરી એ બંનેને શુદ્ધ રીતે પાળે એમ કુલ ૨૫ ગુણ થાય.

**અગિયાર અંગ :**

૧. આચારાંગ - આમાં સાધુના પરિસહ આધિ આચાર વગેરે વર્ણવેલ છે.

૨. સૂત્રકૃતાંગ - તેમાં નવ તત્ત્વોનું વિશ્લેષણ છે. (સૂયગડાંગ) તેમાં ૩૬૩ પાખંડીઓ (કુવાદીઓ) નું સ્વરૂપ બતાવેલ છે.

૩. સ્થાનાંગ - (ઠાણાંગ) આમાં દશ સ્થાન (અધ્યાય) છે. તેમાં પહેલામાં એક એક બોલ, બીજામાં બે બે એમ દશમામાં દસ દસ બોલ જેના જેના હોય તેની વ્યાખ્યા કરેલ છે.

૪. સમવાયાંગ - જીવ, અજીવ, સ્વસમય, પરસમય વગેરેના એક બેથી સંખ્યાત અસંખ્યાત અનંત બોલની વ્યાખ્યા સાથે ભગવાન મહાવીરના ૪૦ વિશ્લેષણ, બ્રાહ્મી લિપિના ૧૮ ભેદનું વર્ણન છે. દ્વાદશાંગીનો પરિચય છે.

૫. ભગવતીસૂત્ર (અથવા વિવાહપ્રજ્ઞપ્તિ) આમાં ગૌતમસ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્ન છે તેમ જ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરે તથા જીવવિચાર અનેક સૂક્ષ્મ પદાર્થોનું વર્ણન છે.

૬. જ્ઞાતા ધર્મકથા - દ્રષ્ટાંતો દ્વારા દયા - સત્ય વગેરેની પુષ્ટિ કરેલ છે તેથા તેમાં અનેક ધર્મકથાઓ છે.

૭. ઉપાસકદશાંગ - આનંદ આદિ ૧૦ શ્રાવકોના અધિકાર છે.

૮. અંતકૃત (અંતગડ) મોક્ષગામી જીવો પ્રદ્યુમ્નાદિના અધિકાર છે.

૯. અનુત્તરોપપાતિક (અનુત્તરોવવાઈ) આમાં ૩૩ જીવો કે જે અનુત્તર વિમાનમાં ગયા છે અને એક ભવ કરી મોક્ષમાં સિધાવશ તેમનું વર્ણન છે.

૧૦. પ્રશ્ન વ્યાકરણ - આમાં આશ્રવદ્વાર અને સંવરદ્વાર સંબંધી વિવેચન છે.

૧૧. વિપાક સૂત્ર - કર્મોનાા દુ:ખવિપાક અને સુખવિપાકની વર્ણન સાથે દષ્ટાંત સાથે અધિકાર આપેલા છે.

**બાર ઉપાંગ :**

ઉપરના અંગ ઉપરાંત બારમું અંગ દૃષ્ટિવાદ નામે છે, જે લુપ્ત થયું છે. આ બાર અંગ (એટલે શરીર) કહેવાય છે અને તેના ઉપાંગ એટલે તે અંગના હાથ, પગ, આંગળી આધિ બાર છે.

૧. ઔપપાતિક (ઉવવાઈ) - કેટલાક મહાન પુરૂષોના ચરિત્ર, કેવલસમુદ્ઘાત અને મોક્ષના સુખ વગેરે બાબતોનું વર્ણન છે. આ આચારાંગનું ઉપાંગ છે.

૨. રાજપ્રશ્નિય - (રાયપસેણી) આ સૂત્રકૃતાંગનું ઉપાંગ ગણાય છે. આમાં કેશીસ્વામીનો પરદેશી રાજાની સાથે થયેલા સંવાદ છે.

૩. જીવાભિગમ - આ ઠાણાંગનું ઉપાંગ છે. આમાં અઢી દ્વીપ, ચોવીસ દંડક આદિનું વર્ણન છે.

૪. પ્રજ્ઞાપના - (પન્નવણા) આ સમવાયાંગનું ઉપાંગ છે. તેમાં સર્વ લોકનું સ્વરૂપ છે.

૫. જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ - (પન્નતિ) આ સમવાયાંગનું ઉપાંગ છે. તેમાં જંબુદ્વિપનું ક્ષેત્ર, પર્વત વગેરે વિસ્તારથી વર્ણન છે.

૬. ચંદ્રપ્રજ્ઞપ્તિ - જ્ઞાતાધર્મકથાનું પહેલું ઉપાંગ છે. તેમાં ચંદ્રમાના વિમાન, ગતિ વગેરે અધિકાર છે.

૭. સૂર્ય પ્રજ્ઞપ્તિ - જ્ઞાતાજીનું બીજુ ઉપાંગ છે. તેમાં સૂર્યના વિમાન વગેરેનું વર્ણન છે.

૮. કલ્પિકા - (કપ્પિયા) નિરિયાવલિકા શ્રુતસ્કંધ - ઉપાસક દશાંગનું ઉપાંગ કહેવાય છે. તેમાં કોણિક પુત્રથી શ્રેણિકરાજાનું મૃત્યુ વગેરે બાબત છે.

૯. કલ્પાવતંસિકા (કપ્પડંસિયા) અંતકૃતદશાનું ઉપાંગ છે. તેમા શ્રેણિક રાજાના દશ પુત્રો દીક્ષા લઈ દેવલોકમાં ગયા તેનો અધિકાર છે.

૧૦. પુષ્પિકા (પુફ્ફિયા) અનુત્તરોપપાતિકનું ઉપાંગ કહેવાય છે. આમાં ચંદ્રસૂર્ય વગેરેની પૂર્વ કરણીનો, સોમલ બ્રાહ્મણ અને શ્રી પાર્શ્વનાથ સ્વામીનો સંવાદ છે.

૧૧. પૂષ્પચૂલિકા (પુષ્ફચુલિયા) પ્રશ્ન વ્યાકરણનું ઉપાંગ કહેવાય છે. આમાં શ્રી વગેરેની પૂર્વ કરણીના અધિકાર છે.

૧૨. વૃષ્ણિ (વન્હિ) દશાંગ - આ વિપાસકૂત્રનું ઉપાંગ કહેવાય છે. આમાં બલભદ્રજીના પુત્ર વગેરે અધિકાર છે. ૧૧ અંગ ને ૧૨ ઉપાંગ મળી ૨૩ ગુણ થયા. હવે ૨૪મો ગુણ ચરણસિત્તરી.

**ચરણસિત્તરી :**

જે નિત્ય કરવું તે ચરણ - ચારિત્ર.

વણસમણધમ્મસંસંજમ, વૈયાવચ્ચં ચ બંભગુત્તિઓ,
નાણાઈતિયં તવ કોહ, નિગ્ગહો ઈઈ ચરણમેયં

અર્થ - વ્રત (૫ મહાવ્રત) શ્રવણધર્મ (૧૦ યતિધર્મ) ક્ષાંતિ આદિ સંયમ (૧૭ પ્રકારે) વૈયવૃત્ય (૧૦ પ્રકારે) બ્રહ્મ ગુપ્તિ (નવ પ્રકારે) જ્ઞાનાદિક ચિત્ર (૧૨ પ્રકારે) ક્રોધ નિગ્રહ આદિ (૪ કપાયનો નિગ્રહ) આ રીતે ચરણના ૭૦ ભેદ થયા, તે નીચે પ્રમાણે છે :

૫ મહાવ્રત ૧. પ્રાણાતિપાત વિરમણ વ્રત ૨. મૃષાવાદ વિરમણ ૩. અદત્તાદાન વિરમણ ૪. મૈથુન વિરમણ ૫. પરિગ્રહવિરમણ.

૧૦ પ્રકારે યતિધર્મ - ૧. ક્ષમા ૨. માર્દવ ૩. આર્જવ ૪. મુત્તિ (લોભત્યાગ - સંતોષ) ૫. તપ ૬. સંયમ ૭. સત્ય (જૂઠનો ત્યાગ) ૮. શોચ (પવિત્રતા) ૯. અકિંચનત્વ (દ્રવ્યરહિતપણું) ૧૦. બ્રહ્મચર્ય (મૈથુનત્યાગ)

૧૭ પ્રકારે સંયમ ૧. પૃથ્વીશ્રય ૨. અપકાય ૩. અગ્નિકાય ૪. વાયુકાય ૫. વનસ્પતિકાય ૬. દ્વિદ્રિય ૭. ત્રંદ્રિય ૮. ચતુરેન્દ્રિય ૯. પંચેન્દ્રિય એ સર્વ જીવોની હિંસા ન કરવી ૧૦. અજીવ સંયમ (સોનુ વગેરે નિષેધ કરેલી અજીવ વસ્તુનો ત્યાગ ૧૧. પ્રેક્ષાસંયમ (યતનાપૂર્વક વર્તવું) ૧૨. ઉપેક્ષાસંયમ (આરંભ તથા ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરવા તે) ૧૩. પ્રમાર્જન સંયમ (સર્વ વસ્તુને પ્રમાર્જીને પૂંજીને વાપરવી તે) ૧૪. પરિષ્ઠાપના સંયમ (યત્નપૂર્વક પરઠવું તે) ૧૫. મનઃસંયમ (મનને ધર્મ પ્રવૃત્તિમાં રાખવું તે ૧૬. વચનસંયમ (સાવદ્ય વચન ન બોલવું તે) ૧૭. કાયાસંયમ (ઉપયોગથી કામ કરવું તે.)

**૧૦ પ્રકારનો વૈયાવૃત્ય :**

૧. અરિહંતોનો ૨. સિદ્ધનો ૩. જિનપ્રતિમાનો ૪. શ્રુતસિદ્ધાંતનો ૫. આચાર્યનો ૬. ઉપાધ્યાયનો ૭. સાધુનો ૮. ચારિત્રધર્મનો ૯. સંઘનો ૧૦. સમક્તિદર્શનનો વૈયાવૃત્યિ.

વૈયાવૃત્યિ એટલે વિવેક, માન, સત્કાર વગેરે.

પાઠાંતરે નીચે લખેલા દશ પ્રકારના વૈયાવૃત્ય ગણાય છે :

૧. આચાર્ય ૨. ઉપાધ્યાય ૩. તપસ્વી ૪. શિષ્ય ૫. ગ્લાનસાધુ ૬. સ્થવરિ ૭. સમનોજ્ઞ (સરખા સમચારીવાળા) ૮. ચતુર્વિધ સંઘ ૯. કુલચંદ્રાહિ ૧૦. ગોત્ર એ દશનો વિનય

**૯ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ :**

૧. સ્ત્રી, પશુ યા નપુસંકતા સંસર્ગવાળા આસન, શયન, ગૃહ આદિના સેવનનો ત્યાગ ૨. સ્ત્રી સાથે રોગપૂર્વક કથાવાર્તા ન કરવી ૩. સ્ત્રીના આસને બે ઘડી સુધી બેસવું નહીં - સ્ત્રી સમુદાયમાં નિવાસ ન કરો ૪. સરાગે સ્ત્રીના અંગોપાગ જોવા કે ચિંતવવા નહીં ૫. સ્ત્રીપુરૂષ જ્યાં ક્રીડા કરતા હોય ત્યાં ભીત વગેરેના અંતરે રહેવું નહીં ૬. પૂરવે ભોગવેલ કામક્રીડા, ભોગસુખ સંભારવા નહીં ૭. રસપૂર્ણ આહાર ન કરવો ૮. અતિ માત્રાએ આહાર ન કરવો ૯. શરીરની શોભા ન કરવી

**૩ જ્ઞાનાદિ એટલે :**

૧. જ્ઞાન ૨. દર્શન ૩. ચારિત્ર.

૧૨ પ્રકારના તપ :

૧. અનશન ૨. ઊણોદરી ૩. વૃત્તિસંક્ષેપ ૪. રસત્યાગ ૫. કાયક્લેશ ૬. સલીનતા. આ છ બાહ્યતપ ૧. પ્રાયશ્ચિત ૨. વિનય ૩. વૈયાવૃત્ય ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન ૬. કાયોત્સર્ગ - આ છ અભ્યંતર તપ.

**૪ કષાયનો ત્યાગ :**

૧. ક્રોધ ૨. માન ૩. માયા ૪. લોભ આ ચાર કષાયનો ત્યાગ કરોવ.

**કરણ સિત્તરી :**

પ્રયોદન થયેથી કરી લેવું અને પ્રયોદન ન હોય ત્યારે ન કરવું તે કરણ.

પિંડવસોહી સમિઈ, ભાવણ પડિમા ય ઇંદિયનિગેહો
પડિલેહણ ગુત્તિઓ, અભિગ્ગહં મેવ કરણં તુ

અર્થાત્ - ૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઈન્દ્રિયોનો નિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ અને ૪ અભિગ્રહ - એ સર્વે મળી સિત્તેર કરણા ભેદ થાય

૪ પિંડવિશુદ્ધિ ૧. આહાર ૨. ઉપાશ્રય ૩. વસ્ત્ર ૪. પાત્ર એ ચાર વિશુદ્ધ એટલે બેતાલીસ દોષરહિત ગ્રહણ કરવા તે.

૫ સમિતિ - ૧. ઈર્યા ૨. ભાષા ૩. એષણા ૪. આદાન-ભંડભત્ત ૫. પરિષ્ઠાપનિકા

૧૨ ભાવના ૧. અનિત્ય ૨. અશરણ ૩. સંસાર ૪. એકત્વ ૫. અન્યત્વ ૬. અશુચિ ૭. આસ્નવ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. લોકસ્વભાવ ૧૧. બોધિદુર્લભ ૧૨. ધર્મ-ભાવના

૧૨ પ્રતિમા ૧. એક માસની ૨. બે માસની ૩. ત્રણ માસની ૪. ચાર માસની ૫. પાંચ માસની ૬. છ માસની ૭. સાત માસની ૮. સાત દિનરાતની ૯. સાત દિનરાતની ૧૦. સાતદિનરાતની ૧૧. એક દિનરાતની ૧૨. એક રાજની - એ દરેકમાં અમુક જેમ કે ચાવિહાર આદિ કરવા તે

૫ ઈન્દ્રિયોનો નોરધ ૧. સ્પર્શ ૨. રસ ૩. ઘ્રાણ ૪. ચક્ષુ ૫. શ્રોત્ર - ઈન્દ્રિયનિરોધ.

૨૫ પ્રતિલેખના - આની ગાથા એ છે કે :

મુહપોતિ ચોલપટ્ટો કપ્પિતિગં દોનિસિજ્જ રયહરણં,<br>
સંથારુત્તરપટ્ટો, દસપેહા ઉગ્ગએ સૂરે,<br>
અન્ને ભણંતિ એકકારસમો દેડઉતિ,<br>
ઉપગરણ ચઉદ્દસગં, પડિલેહિજ્જઈ દિણસ્સ<br>
પહરતિગે, ઉગ્ઘાડપોરિસીએ ઉપત્તનિજ્જોગ પડિલેહા

૧. મુહપત્તી ૨. ચોલપટ્ટ ૩. ઊનનું કલ્પ ૪-૫. સૂતરના બે કલ્પ ૬. રજોહરણનું અંદરનું સૂતરનું નિષિજ્જ ૭. બહારનું પગ લૂછવાનું નિષિજ્જ ૮. ઓઘો ૯. સંથારો ૧૦. ઉત્તરપટ્ટો

આ અગિયાર ચીજોની પડિલેહણા પ્રભાતમાં સૂર્યનાા ઉદય થતા પહેલા કરાય છે. બાકીની ચૌદ ઉપકરણની પ્રતિલેખના પહોરને અંતે કરવામાં આવે છે : ૧. મુહપત્તી ૨. ચોલપટ્ટ ૩. ગોચ્છક ૪. પાત્ર ૫. પાત્રબંધ ૬. પડલાઓ ૭. રજસ્ત્રાણ ૮. પાત્રસ્થાપન ૯. માત્રક ૧૦. પતદ્ગાહ ૧૧. રજોહરણ ૧૨. ઊનનું કલ્પ ૧૩-૧૪. સૂતરના બે કલ્પ.

આમ, ઉપરની ૧૧ અને ૧૪ મળીને પચીસ પ્રતિલેખના કરવાની છે અને તેનો વિશેષ વિસ્તાર 'પ્રવચનસારોદ્વાર' માં આપેલ છે.

૩ ગુપ્તિ - ૧. મન ૨. વચન ૩. કાય ગુપ્તિ

૪ અભિગ્રહ - અભિગ્રહ એટલે પ્રતિજ્ઞા.

૧. દ્રવ્યથી ૨. ક્ષેત્રથી ૩. કાલથી ૪. ભાવથી અભિગ્રહ

આ પ્રકારે કરણસિત્તરીના ભેદ થયા.

પાંચ મહાવ્રતની પચીસ ભાવના અથવા વંદનના પચીસ આવશ્યક કે પચીસ ક્રિયાઆશ્રવના ત્યાગ અથવા બાવીસ પરીસહસહ અને ત્રણ ગુપ્તિપાલન મળીને પચીસ, ઈત્યાદિ રીતોએ પણ ઉપાધ્યાયજીના પચીસ ગુણ થઈ શકે છે.

**(૪) ઉપાધ્યાયજીનો વિશિષ્ટ ગુણ 'વિનય' :**

ઉપાધ્યાયજીનો 'વિનય' ગુણ એ વિશિષ્ટ ગુણ છે. તેઓ વિનય ગુણના સ્વામી છે. વિનયનું ફળ અધ્યયન છે. શ્રુતના જ્ઞાન વિના મોક્ષ ન મળે એ જ્ઞાન માટે વિનયગુણ હોવો જોઈએ. દ્વાદશાંગી શ્રુતનું જેને જોઈતુ હોય તે માત્ર ભણવાથી નથી મળતુ પણ વિનયપૂર્વકના અધ્યયનથી મળે છે. ચૌદ પૂર્વનું જ્ઞાન માત્ર વાંચનથી ન મળે. તે માટે વિનય જોઈએ. ચોદપૂર્વનું જ્ઞાન લબ્ધિથી મળે તે લબ્ધિ માટે વિનય હોવો જોઈએ. વિનય વિના સામાન્ય જ્ઞાન મળે પણ વિશિષ્ટ જ્ઞાન વિનયથી જ મળે છે. ઉપાધ્યાય ભગવંતની વિશેષતા એ છે કે તેઓ જ્ઞાનની સાથે અત્યંત નમ્ર અને વિનીત હોય છે. જેમ આમવૃક્ષ પર ફલ લાગે ત્યારે વૃક્ષની ડાળીઓ નીચે નમી જાય છે તેમ ઉપાધ્યાય ભગવંત જેમ જેમ જ્ઞાનમાર્ગમાં આગળ વધે છે તેમ તેમ તેમની નમ્રતા વધતી જાય છે. આચાર્ય ભગવંતની સમક્ષ તેઓ એક વિનમ્ર સેવકની જેમ રહે છે. આચાર્યનો સ્વયંવિનય કરવો ને પાસે કરાવવો તે ઉપાધ્યાયનું મુખ્ય કર્તવ્ય છે. વિનય વિના જેમ વિદ્યા નથી તેમ વિનય વિના પણ ધર્મ પણ નથી. આ વાત ઉપાધ્યાયજી પોતાના દ્રષ્ટાંતથી જગત સન્મુખ સર્વદા ટકાવી રાખે છે. વિનયના નાશમાં જેમ વિદ્યાનો નાશ છે તેમ વિનયના નાશમાં ધર્મનો પણ નાશ છે. એ પદાર્થપાઠ જગતને આપવાનું કામ ઉપાધ્યાયોથી થાય છે. ઉપાધ્યાયોથી વિનયાદિ સદ્‌ગુણોનું રક્ષણ થાય છે. તેઓ સ્વયં વિનય કરે છે ને બીજા પાસે કરાવે છે. વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર ને ચારિત્રથી મોક્ષ તેઓ સ્વયં મેળવે છે ને બીજાઓને મેળવી આપે છે.

## (૫) પાંચમા પરમેષ્ઠિ સાધુ-ભગવાન :

પરમેષ્ઠિમાં પંચમ સ્થાને બિરાજમાન 'કંચન-કામિની' ના ત્યાગી બનીને મોક્ષમાર્ગની સાધના કરનાર સાધુ ભગવંત - નું સ્વરૂપ અહીં પ્રસ્તુત છે.

ક) 'સાધુ' શબ્દનો શબ્દાર્થ - 'સાધુ' નું સ્વરૂપ

ખ) ગીતાર્થ ગ્રંથકારોએ કરેલ 'સાધૂ' ની વ્યાખ્યા

ગ) 'सव्व' 'लोए' બે શબ્દની વિશિષ્ટ ચર્ચા

ઘ) સાધુ ભગવંતના ૨૭ ગુણ

ચ) અવંદનીય સાધુ (કુસાધુ)

**(ક) 'સાધુ' શબ્દનો શબ્દાર્થ - અને સ્વરૂપ :**

'સાધુ' ગૃહસ્થપણાનો ત્યાગ કરી લોકસંજ્ઞા મુકી સર્વ પાપવ્યાપારોને પ્રતિજ્ઞાપૂર્વક છોડવારૂપ અલૌકિક સાધુતાને અંગીકાર કરનારા હોય છે.

'નિવ્વાણસાહુએ જોએ જમ્હા સાહંતિ સાહુણો
સમાય સવ્વભૂએસુ, તમ્હા તે ભાવસાહુણો'

અર્થાત્ - નિર્વાણ - મોક્ષને સાધવાના જે જોગ છે તે સાધે છે તે સાધુઓ છે અને જે સર્વભૂતો પ્રત્યે ચોરાસી લાખ જીવયોનિથી ઉપજેલા સર્વ જીવો પ્રત્યે સમ એટલે સમતા ધરનારા છે તે ભાવસાધુ છે.

સાધુ શબ્દમાં 'સાધ' ધાતુ છે જેનો અર્થ 'સાધવું' એ થાય છે. આ અર્થ ઉપર લાગુ પાડવામાં આવ્યો છે. સંયમને ધારણ કરે તેને 'સાધુ' કહેવાય છે. અસહાયને સહાય કરે તે સાધુ. તેથી કહ્યું છે કે :

**અસહાયે સહાયતં, કહેતિ મે સંજમ કહંતસ્સ**
**એએણ કારણેણં, ણમામિ સવ્વ સાહુણં'**

અર્થાત્ - અસહાયને સહાય કરનારા, સંયમ કરનાર, ઈન્દ્રિયનિગ્રહ કરાવનાર છે એ કારણથી સર્વ સાધુને નમસ્કાર કરૂં છું.

સાધુ ભગવંત માટે ચાર શબ્દો ખાસ વપરાય છે :

૧) માહણ - જે પોતે કોઈ જીવને હણતો નથી અને બીજાને પણ અહિંસાનો ઉપદેશ આપે છે.

૨) સમણ - કોઈની મદદ લીધા વિના વિહાર - ગોચરી વગેરેનો પોતે શ્રમ કરી, ઈન્દ્રિયોનું દમન કરી, મમતાને છોડી તે સમણ કહેવાય.

૩) ભિખ્ખૂ - જે ગૃહસ્થોને ત્યાંથી નિર્દોશ ભિક્ષા મેળવીને શરીરનિર્વાહ કરે છે.

૪) નિગ્રંથ - સદા રાગ-દ્વેષની ગ્રંથિઓ અથવા ગાંઠો રહિત એકાકી ભાવવાળાને નિગ્રંથ કહે છે.

સાધુનું વર્ણન કરતા શાસ્ત્રોમાં લખ્યું કે સમ્યગ દર્શન, જ્ઞાન ને ચારિત્ર દ્વારા જે મોક્ષપ્રાપ્તિ હેતુ સાધના કરે છે તે સાધુ. સંયમપાલન કરવાવાળાને સહાય કરવાવાળા તે સાધુ સ્વયંની આગમોક્ત ઈચ્છિત અર્થની પ્રાપ્તિહેતુ સાધના કરવાવાળો સાધુ. અઢાર પ્રકારના પાપસ્થાનકની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. પંચમહાવ્રત ધારક, બ્રહ્મચર્યાદિ ગુણયુક્ત, પંચમહાવ્રતધારક, દ્રવ્ય-ગુણ-પર્યાય-સ્વભાવ-નિમિત્ત-ઉપાદન કારણ, કાર્ય, ભાવ, ઉત્સર્ગઅપવા પદ્ધતિ દ્વારા જીવ-અજીવ તત્ત્વને જે જાણે છે તે સાધુ. મનનું મૌન ધારણ કરવાવાળો તે મુનિ. સાધુને શ્રમણ પણ કહેવાય છે. 'શ્રમણ' શબ્દની વ્યાખ્યામાં કહ્યું છે કે આત્મગુણ પ્રગટ કરવાના હેતુથી શ્રમ કરવાવાળો તે શ્રમણ. પ્રાકૃતમાં 'સમણ' શબ્દની વ્યાખ્યામાં કહ્યું છે કે બધા જીવો પર સમાનભાવ રાખનાર તે સમણ. શત્રુ-મિત્રાદિ પર સમતાયુક્ત તે સમણ. અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગો પર સમભાવધારક તે શ્રમણ. શુભમનયુક્ત હોય તે શ્રમણ. શાધુ ને શ્રમણ કેમ કહેવાય તે સમજાવવા સાધુને કેટલી ઉપમાઓથી ઉપમિત કરેલા છે જેમાં સાધુનું સ્પષ્ટ સ્વરૂપ સમજાઈ જાય છે, તે નીચે મુજબ છે :

૧) સાધુ સર્પ સમ છે - સર્પ બીજાએ બનાવેલ બિલમાં નિવાસ કરે છે તે જ રીતે સાધુ પોતાના માટે મકાન, ઉપાશ્રયાદિ બનાવતો નથી કે કોઈ પાસે બનાવડાવતો નથી. બીજાએ ધર્મ-આરાધનાના હેતુ-રૂપ બનાવેલ ઉપાશ્રયમાં જ રહે છે. વળી, જે સર્પ મરણાંત કષ્ટ આવે તો પણ 'અગંધત કુલ' નો સર્પ વમન કરેલા વિષને પાછુ ગ્રહણ કરતો નથી એ જ રીતે સાધુ સાંસારિક સુખોનો ઉપભોગ કરતો નથી. વળી, સર્પ જેમ બીલમાં સીધો પેસે છે તેમ સાધુ આહારાદિ, સ્વાદ લીધા વગરજ પેટમાં નાખે છે.

શ્રમણ પર્વતસમ છે - પર્વત મહાવાયુમાં નિશ્ચલ રહે છે તેમ સાધુ ઉપસર્ગ પરિષહમાં નિશ્ચલ રહે છે. પર્વત જેમ ઔષધિઓનો ભંડાર છે તેમ શ્રમણ લબ્ધિઓરૂપ ઔષધોનો ધારક છે. પર્વત પ્રાણીઓને માટે આશ્રયરૂપ છે તેમ શ્રમણ ભવ્ય પ્રાણીઓનો આશ્રય પ્રદાન કરે છે.

શ્રમણ અગ્નિસમ છે - કાષ્ટાદિ પદાર્થોને જેમ અગ્નિ ભસ્મીભૂત કરે છે તેમ શ્રમણ કર્મરૂપ ઈંધનને ભસ્મ કરે છે. અગ્નિ જેમ પ્રકાશદાતા છે તેમ શ્રમણ જ્ઞાનરૂપ પ્રકાશદાતા છે. ગમે તેટલા કાષ્ટ નાખો છતાં અગ્નિ અતૃપ્ત તેમ શ્રમણ જ્ઞાનાર્જન માટે અતૃપ્ત. અગ્નિ જેમ સુવર્ણના મેલને મીટાવે છે તેમ શ્રમણ આત્મપ્રદેશ પર લાગેલા મિથ્યાત્વ આદિ મેલને હટાવવા સમર્થ છે.

શ્રમણ સમુદ્રસમ છે - જેમ સમુદ્ર મર્યાદાનું ઉલ્લંઘન નથી કરતો તે શ્રમણ જીનાજ્ઞાનું ઉલ્લંઘન નથી કરતા. રત્નો ભંડાર સમુહ - તેમ જ્ઞાનરૂપ રત્નોનો ભંડ.ાર તે શ્રમણ. ભયંકર તોફાનોમાં અક્ષુબ્ધ સમુદ્ર તેમ અંતરંગ વિષય - કષાયના તોફાનોથી અક્ષુબ્ધ તે શ્રમણ.

શ્રમણ આકાશસમ હોયછે - નિરાલંબન આકાશ તેમ શ્રમણ નિરાલંબન. આકાશને શુભાશુભ પદાર્થોમાં સમભાવ તેમ શ્રમણને શુભાશુભ સંયોગોમાં સમભાવ.

શ્રમણ વૃક્ષશ્રમ હોય છે - પત્થર મારનારને પણ ફળદાતા વૃક્ષ તેમ નિંદકના પણ કલ્યામકર્તા શ્રમણ. શીતલ છાયા પ્રદાતા વૃક્ષ તેમ ક્રોધાદિ સંતપ્ત આત્માઓને શીતલ છાયા પ્રદાતા શ્રમણ. ફળની પ્રાપ્તિ પછી સુયોગ્ય વૃક્ષનું નમ્ર થવું તેમ શ્રમણ ગુણોના પ્રગટીકરણથી નમ્ર બને છે.

ભ્રમરસમ - પુષ્પોને કષ્ટ આપ્યા વિના આહારાદિ ગ્રહણકર્તા શ્રમણ. ભ્રમરની જેમ શ્રમણ આહારાદિનો સંગ્રહ નથી કરતા.

મૃગસમ - મૃગ જેમ સિહાદિથી સાવધાન રહે છે તેમ અંતરંગ શત્રુઓથી શ્રમણ સાવધાન રહે છે. મૃગનું કોઈ નિયત સ્થાન નથી હોતુ તેમ શ્રમણોનું કોઈ નિયત સ્થન હોતું નથી. ગીતાર્થ સાધુ મૃગની જેમ એકલ વિહાર કરે છે.

પૃથ્વીસમ - પૃથ્વી જેમ કષ્ટ સહન કરે છે તેમ શ્રમણ ઉપસર્ગાદિ સહન કરે છે. છેદન - દોહન કરનાર પર પૃથ્વી સમભાવી છે તેમ અપમાનાદિ પ્રસંગ પર સમભાવધારક શ્રમણ.

કમલસમ - કાદવમાં ઉત્પન્ન થવા છતાં કાદવથી અલિપ્ત કમલની જેમ શ્રમણ સંસારથી અલિપ્ત હોય છે. કમલ જેવા સુવાસિત હોય છે, આત્મરમણતારૂપી સુગંધથી સુવાસિત હોય છે. કમળની જેમ હજારો ગુણોથી સુશોભિત શ્રમણ જિનશાસનની શોભામાં વૃદ્ધિકારક શ્રમણ હોય છે.

સૂર્યસમ - હજારો કિરણોથી સુશોભિત સૂર્ય તેમ હજાર શીલંગ રથથી સુશોભિત શ્રમણ. સ્વતેજથી દેદીપ્યમાન સૂર્ય તેમ તપ તેજથી દેદીપ્યમાન શ્રમણ. સૂર્યના પ્રખર તાપથી અશુચિ નાશ પામે તેમ શ્રમણ ભગવાનના તપના તેજથી કર્મરૂપ કીંચક, વિભાવરૂપ પાણી, વાસનારૂપ અશુચિ શુષ્ક થઈ જાય છે.

પવનરૂપ - પવનસમ અપ્રતિબદ્ધ વિહારો શ્રમણ સાધુને યતિ પણ કહેવાય છે. (પર્યાયવાચી) 'યતિ' શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું છે તે યતિ (જતિ) ધર્મક્રિયાનું પૂર્ણ પ્રયત્ન કરે તે યતિ. શુદ્ધયોગથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી નિત્ય સંયમમાં રમણ કરવાવાળો તે યતિ. સંવાસાનુમતિથી વિસ્ત તે યતી.

સાધુ ભગવંતને ભિક્ષુ કહેવા પાછળનું પ્રયોજન એ કે આઠ પ્રકારના કર્મોપાજન રૂપ ક્ષુધાનું જ્ઞાન, દર્શન ને ચારિત્રથી ભેદન કરવાવાળો તે ભિક્ષુ. ધર્મકાર્યના પરિપાલન માટે આરંભ-સમારંભના ત્યાગ સહ ભિક્ષણશીલ તે ભિક્ષુ. પચન-પાાચન આદિ સાવદ્ય અનુષ્ઠાનથી રહિત નિર્દોશ આહાર ભોજી તે ભિક્ષુ. તપ દ્વારા કર્મોનું ભેદન કરવાવાળો તે ભિક્ષુ.

સાધુ ભગવંત ગુરૂઆઆજ્ઞાપાલનમાં તત્પર હોય છે. પ્રાયશ્ચિત આદિ પાણીથી પાપમલને સાફ કરવાવાળા હોય છે. નિરંતર શુદ્ધ સ્વાધ્યાય કરવામાં તલ્લીન હોય છે.

### (ખ) ગીતાર્થ ગ્રંથકારોએ કરેલ 'સાધુ' ની પરિભાષા :

ષટ્શાસ્ત્રવેત્તા પરમોપકારી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ 'શ્રી પંચપરમેષ્ઠિગીતા' માં કહે છે :

ક્લેશનાશીની દેશના, દેત ગણે ન પ્રયાસ,
અસંદીન જિમ દ્વીપ, તથા ભવિજન આશ્વાસ,

તરણ તારણ કરૂણાપર, જંગમ તીરથ સાર,
ધન, ધન, સાધુ સુહંકર, ગુણ મહિમા ભંડાર

અર્થાત્ - નિરંતર ધર્મોપદેશ આપવામાં જે પરિશ્રમની ગણતરી નથી કરતા તથા ભવ્ય આત્માઓને આશ્રય લેવા માટે જેઓ સ્થિર દ્વિપ જેવા છે. બીજાને તારવામાં તત્પર છે આવા કરૂણાથી ભરપૂર સુખકરક સાધુપુરૂષ નિરંતર કરૂણાતત્પર હોવાથી તથા ગુણાંકને મહિમાના ભંડાર હોવાથી જંગમ તીર્થ તુલ્ય હોય છે અને જગતમાં વારંવાર ધન્યવાદને પાત્ર થાય છે.

નમસ્કાર મહાત્મયમાં શ્રી સિદ્ધસેન દિવાકર આચાર્ય લખે છેઃ

मोत्मारः सर्वसङ्गनां, मोष्या नान्तर चौरणाम् ।
मोदन्ते मुनयः काम, मोक्ष लक्ष्मी कडाक्षिता ॥

અર્થાત્ - સર્વ અંગનો ત્યાગ કરનાર, રાગદ્વેષાદિ અંતર શત્રુઓથી નહીં લૂંટાનારા અને મોક્ષલક્ષ્મી વડે કટાક્ષપૂર્વક જોવાયેલ મુનિઓ અત્યંત આનંદ આપે છે.

'વિસયસુહ નિયત્તાણં, વિશુદ્ધચારિત્ત નિયમ જુત્તાણં
તચ્ચ ગુણ સાહયાણં, સાહણ કિરયજઝાયણ નમો

અર્થાત્

વિષય (શબ્દાદિક પાંચ પ્રકારના) સુખથી નિવૃત્ત થયેલા, વિશુદ્ધ ચારિત્ર અને નિયમથી યુક્ત અને તથ્ય - સાચા ગુણના સાધક અને કૃત્ય કૃત્ય થવાના મોક્ષ પામવાના કાર્યના ઉદ્યમવંત એવા સાધુને નમસ્કાર થાઓ.

### (ગ) 'सव्व' અને 'लोए' બે શબ્દની વિશિષ્ટ ચર્ચાઃ

પંચમ પદે સ્થિતિ સાધુ ભગવંતને નમસ્કાર કરતું પાંચમુ પદ છે. 'नमो लोए सव्व साहूणां' અહીં પ્રથમ 'सव्व' (સર્વ) શબ્દની વિશિષ્ટ ચર્ચા કરવી આવશ્યક છે. શ્રી નવકારમંત્ર બિનસાંપ્રદાયિક છે તો સવ્વ શબ્દ અહીં મુકી કયા સાધુઓનો સમાવેશ કર્યો છે તે બતાવતા શાસ્ત્રોમાં લખ્યું છે કે ૧. સર્વ એટલે 'સાવં' અર્થાત્ સર્વ જીવોના હિતને કરનાર અથવા સર્વ શુભયોગને સાધનાર તે સાર્વ સાધુ અથવા સાર્વ એટલે અરિહંતને સાધનાર, તેમની આજ્ઞા પ્રમાણે આરાધનાર તે સાર્વ સાધુ. ૨. વળી સર્વ એટલે સર્વ શબ્દથી સર્વ નયોથી વિશિષ્ટ અર્હદધર્મને સ્વીકારનારા, સર્વ શુભ યોગોને સિદ્ધ કરનારાને અરિહંતની આજ્ઞા પ્રમાણે સાધુધર્મનું પાલન કરનારા ૩. સર્વ સાધુઓ એટલે જિનકલ્પી, સ્થવિરકલ્પી, સ્થિતિકલ્પી, છદ્મસ્થ, ગીતાર્થ, અગીતાર્થ, અદ્યદિન, દીક્ષિત, દેશાનપૂર્વ કોટિદીક્ષિતાદિ વગેરે સર્વ સાધુઓનો સમાવેશ થાય છે.

'लोए' શબ્દ ભરત, ઐરાવત ને મહાવિદેહક્ષેત્રમાં રહેલા બધા ઉપર્યુક્ત સાધુઓ છે. લખ્યું છેઃ

'જાવંત કે વિ સાહૂ, ભરહેરવય - મહાવિદેહેઅ
સવ્વેસિંતેસિં, પણઓ, તિવિહેણ તિદંડ-વિરયાણ

એકલા 'સર્વ સાધુ' એમ કહેવાથી 'સર્વ' એ શબ્દથી દેશના તથા સર્વના બંને દેખાડી શકાય છે. પણ અહીં જરાપણ બાકી ન હોય એવું અપરિવેશ બતાવવા માટે 'लोए' શબ્દ મૂકેલ છે. અહી लोएશબ્દ મુકવાથી જ્યાં જ્યાં આવા સાધુ હોય તો સર્વ સાધુઓનો સમાવેશ છે.

नमो लोए सव्व साहूणं એમાં सव्व અને लोए આ શબ્દો દ્વારા એવો ધ્વનિ છે કે જૈન હો કે જૈનેતર હો, જે મુમુક્ષુમાં સર્વ પાપના ત્યાગરૂપ સદાચાર છે તે પૂર્જાહ છે. આ બહુ વિશાળ દૃષ્ટિ છે. ઉદાર ચિત્તવાળી દૃષ્ટિ છે,

પક્ષપાતરહિત દૃષ્ટિ છે કે જે પ્રત્યેક સાચા ધર્મનો પાયો હોવો જોઈએ, અમુક જ માણસો આત્મજ્ઞાનના અધિકારી છે એમ વૈદિક દર્શનો માને છે . બૌદ્ધ ધર્મમાં જરા વિશાળ દૃષ્ટિ છે. આત્મજ્ઞાનને શુદ્ધતમ સદાચાર તથા પંચમહાવ્રતનું પાલન કરનાર સાધુ ગમે તે સ્થળનો હોય, ગમે તે જાતિમાં ઉત્પન્ન થયો હોય તે પૂર્જાર્હ છે. આવી જૈનોની માન્યતા જૈનધર્મમાં સાચી તાર્કિક અને સાર્વજનિક ઉદાર દ્રષ્ટિ રહેલી છે એનું પ્રમાણ પુરું પાડે છે. વળી દીક્ષિત થનાર વ્યક્તિ ગમે તે જાતિનો હોય તેને પણ દીક્ષા આપવામાં આવે છે. એવા દાખલા છે કે હરિજને પણ દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધ્યું છે. આ બતાવે છે કે જૈનધર્મ, જાતિભેદ, કુલભેદ, ગરીબી અમીર આ બધા જ વાડાઓથી પર થઈ માત્ર આત્મકલ્યાણર્થીને જ મહત્ત્વ આપે છે.

આવા સાધુઓને વંદન કરતા, સવારના પ્રતિક્રમણમાં કેટલાક દુહાઓ દ્વારા તેમનું પ્રાતઃસ્મરણ કરવામાં આવે છે.

બે કોડી કેવળધરા, વીહરમાન જીન વીશ
સહસ કોડી યુગલ નમુ સાધુ નમુ નીશદીશ.
જે ચારિત્રે નિર્મળા, જે પંચાનન સિંહ
વિષય - કષાયને ગંજીયા - પ્રણમું તે નીશદીશ.

**(ઘ) સાધુ ભગવંતના ૨૭ ગુણ :**

છવ્વય - છ કાય રક્ખં, પંચિદિય-લોહ-નિગ્ગહો ખંતી
ભાવ વિસુદ્ધિ પડિલેહણાય, કરણે વિસુદ્ધિય
સંજમજોએ જુત્તો, અકુશલ મણવયણકાયસંરોહો
સીયાઈ પીડ સહણં, મરણં ઉવસગ્ગસહણં ચ

**(૧ થી ૬) છ વ્રતોઃ**

(૧) પ્રાણતિપાસ વિરમણ વ્રત - અહિંસાવ્રત આ સાધુનું મુખ્યવ્રત છે. તે બધા વ્રતોની માતા છે. સાધુ છ કાયના જીવોની સતત રક્ષા કરે નવ પ્રકારે હિંસાનો કરે. સાધુની દિનતર્યા જ એવી હોય કે તે મોટાભાગની હિંસાને વર્જી શકે. તેઓ કાચુ પાણી વાપરે નહીં. લાઈટ - પંખા - ઈલેટ્રિસીટી વાપરે નહી. ઉઘાડે પગે ચાલે - જાતે રાંધે નહી. કોઈ જીવને મારે નહીં. સૂતા બેસતા ઉઠતા સતત પડિલેહણ કરે જેથી અજ્ઞાનતાથી પણ કોઈ જીવની હિંસા થાય નહીં.

(૨) મૃષાવાદ વિરમણવ્રત - સાધુ ભગવંત અનાર્થ વચનો બોલે નહીં. સત્ય વચન માટે વાણીમાં આગ્રહ રાખે. સત્ય હોવા છતાં અવજ્ઞાનસૂચક વાક્યો બોલે નહીં. યથેચ્છ આલાપસંલાપ ન કરતા યોગ્ય સમયે બીજાને હિતકર પ્રિયકર લાગે તેવા સફળ વાક્યો જ બોલે.

(૩) અદત્તાદાન વિરમણવ્રત - શ્રમણ કોઈપણ વસ્તુ આપ્યા વગર લે નહીં. પડી ગયેલી, ભૂલાઈ ગયેલી કે માલિક ન હોય તે વસ્તુ લે નહીં. જરૂર હોય તો માલિકની અનુમતિથી યોગ્ય વસ્તુ મેળવે.

(૪) મૈથુન વિરમણવ્રત - સાધુ ભગવંતો મૈથુનનો સર્વથા ત્યાગ કરે. નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડનું પાલન કરે. મરઘીના ઈંડાને જેમ બિલાડીના બચ્ચાનો ભય હોય તેમ સાધુ સ્ત્રીના શરીર, ચિત્ર, રૂપ, રંગ વગેરેનો હંમેશા ભય રાખી તેનાથી દૂર રહે. કામોત્તેજક પદાર્થો સાથે સંબંધ રાખે નહીં.

(૫) સર્વ પરિગ્રહ વિરમણવ્રત - પરિગ્રહથી મનોવૃત્તિ કલુષિત થાય છે. આસક્તિ અશાંતિ ને અશુભ ભાવનાઓ વધતી જાય છે. સાધુ ભગવંત આથી સર્વ પરિગ્રહનો ત્યાગ કરે છે ને તેથી જે તેઓ નિગ્રંથ કહેવાય છે. આચારાગંના બીજા સ્કંદમાં ત્રીજા ચૂલામાં સાધુને તેના આ પાંચ મહાવ્રતમાં સ્થિર રહી શકે તેવી પાંચ ભાવના બતાવી છે.

(૬) રાત્રિભોજન વિરમણવ્રત- મૂલાચારગ્રંથમાં લખ્યું છે કે શ્રમણ એક ભક્ત-ગુણ હોવો અનિવાર્ય છે. સૂર્યોદય ને સૂર્યાસ્ત વચ્ચે માત્ર એક વાર ભોજન કરે. દશવૈકાલિક ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લીકાચાર્યે કથામાં રાત્રિભોજનનો ત્યાગ કરવાનો કહ્યો છે. ષડજીવનિકાયના ચોથા અધ્યાયમાં રાત્રિભોજન વિરમણવ્રતનો ઉપદેશ છઠ્ઠા મહાવ્રત તરીકે કરવામાં આવ્યો છે. આ વ્રતના પાલનથી અહિંસાવ્રત પાલનમાં સહાય થાય છે.

સાધુ ભગવંત આ બધા વ્રતોનું પાલન પ્રાણાંતે પણ કરે છે તેને પ્રત્યાખ્યાન પણ કહેવાય છે. આ વ્રતો સાધુ ભગવંત માટે જીવનભરના હોય છે તેથી તેને મહાવ્રત કહેવાય છે.

(૭ થી ૧૨) છ કાયના જીવની રક્ષા પૃથ્વીકાય - (ધરતી, પર્વત - માટી ઇંટ) અપકાય (પાણીના જીવો) તે ઉકાય (અગ્નિના જીવો) વાયુકાય (પવનજીવો) વનસ્પતિકાય ત્રસકાય (એકેન્દ્રિયછી પંચેન્દ્રિય) આ છ કાયના જીવોની હિંસા ન થાય એવું જીવન જીવવું.

(૧૩-૧૭) પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ

સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુ અને સ્તોત્રેન્દ્રિય આ પાંચે ઈન્દ્રિયોને વશમાં રાખવી.

(૧૮) લોભ નિગ્રહ - લોભને વશમાં રાખવો.

(૧૯) ક્ષાંતિ - ક્ષમા - સાધુને 'સમતા રસના દરિયા' કહ્યા છે. તેમનું અહિત ચિંતવનારને પણ તેઓ ક્ષમા કરે છે.

(૨૦) ભાવની વિશુદ્ધ એટલે ચિત્તની નિર્મળતા.

(૨૧) વસ્ત્ર વગેરેનું પડિલેહણ કરવામાં વિશુદ્ધિ.

(૨૨) સંયમના યોગમાં યુક્ત રહેવું - એટલે પાંચ સમિતિ ન ત્રણ ગુપ્તિ આદરવા અને વિકથા, અવિવેક અને અનિંદ્રાનો ત્યાગ કરવો.

(૨૩) અકુશલ મનનો સંરોધ એટલે અશુભ માર્ગે જતા મનને રોકવુ ૨૪) અકુશલ વચનનો સંરોધ એટલે અશુભ માર્ગે વચન પ્રવર્તતું હોય તેને રોકવું.

(૨૫) આ કુશલ કાયાનો સંરોધ અશુભ માર્ગે કાયા પ્રવર્તતી હોય તેને રોકવી.

(૨૬) શીતાદિ પીડા પરિષહોનું સહન

(૨૭) મરણાંત ઉપસર્ગ પણ પ્રત્યાખ્યાનના રક્ષણ માટે સહન કરવો.

આવા ૨૭ ગુણોથી યુક્ત હોય તેને જ સાધુ કહેવાય છે, તે જ વંદનીય છે. આવા ગુણોનું પાલન કરતા વધુ યોગ્યતા પ્રાપ્ત કરતા તે ક્રમશઃ ઉપાધ્યાય આચાર્યનું પદ પામે છે.

ઉપરના ગુણો ઉપરાંત સાધુ ૪૨ દોષોથી રહિત એવી ગોચરી (ભીક્ષા) ગ્રહણ કરે અને ષડ્આવશ્યકનું નિત્ય પાલન કરે.

**(ચ) અવંદનીય સાધુઃ**

આગળ બતાવેલ ૨૭ ગુણો જેમનામાં હોય તે જ ખરા અર્થમાં સાધું છે અને તે જ વંદનીય છે. જે સાધુ દીક્ષા લીધા પછી આચારમાં આવા પાંચ પ્રકારના શિથિલાચારી સાધુઓ બતાવ્યા છે, તેઓ વંદનીય નથી.

(૧) પાસત્થા - જ્ઞાન,દર્શન, ચરિત્રથી તદ્દ્ન ભ્રષ્ટ હોય. ગમે તેટલો આહાર લે, લોચ ન કરે.

(૨) ઉસન્ના સાધુ માટે ખાસ બતાવેલી વસ્તુ વાપરે, પડિલેહણ - પ્રતિક્રમણ વગેરે ન કરે.

(૩) કુશીલિયા - દવા, ઉપચાર, દોરા, ધાગા, જ્યોતિશ, શિલ્પ, ધંધો, વેપાર વગેરેમાં પ્રવૃત્ત રહે.

(૪) સંસ્ત્વા - ગુણ - અવગુણનું ભાન ન હોય તે દેખાદેખીથી સાધુનો વેશ ધરે.

(૫) અપછંદા - ગુરુ, અરિહંત પ્રભુ, શસ્ત્રીની આજ્ઞા તોડી પોતાની મરજી મુજબ વર્તે.

આવા સાધુ કુસાધુ છે માટે શ્રાવકનું પરમ કર્તવ્ય છે કે પોતાના સ્વાર્થ માટે આવા સાધુઓને ઉપયોગ ન કરે, તેમને પોષે નહીં તેમને વંદે નહીં. શ્રાવક સાધુના મા - બાપ કહેવાય છે. માટે માર્ગથી પતિત સાધુને શ્રાવકે સાધુતાનું મૂલ્ય સમજાવી તેમને પાછા માર્ગમાં સ્થિર કરવા જોઈએ.

આમ, પ્રકરણ ૪માં પંચપરમેષ્ઠિનું સ્વરૂપ જોતા પાંચે પરમેષ્ઠિના કુલ ૧૦૮ ગુણોનું વર્ણન કર્યું.

'બારસ ગુણ અરિહંતા, સિદ્ધ અટ્ઠેવસૂરિ
ઉવજ્ઝાયા પણવીસં, સાહૂ સગવીસ છત્તીસં અઠસય

અથવા

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમિયે જે ભાવે
સિદ્ધ આઠ ગુણ સમરતા દુઃખ દોહગ જાવે
આચાર જ ગુણ છત્તીસ, પચ્ચવીશ ઉવજ્ઝાય
સત્તાવીશ ગુણ સાધુના જપતા શીવ સુખ થાય
અષ્ટોત્તર સત ગુણ મળીએ, એમ સમરો નવકાર
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિતસાર

અર્થાત્

અરિહંત પરમાત્માના ૧૨, સિદ્ધ ભગવંતના ૮ આચાર્ય મહારાજના ૨૬, ઉપાધ્યાયજીના ૨૫ અને સાધુના ૨૭ મળી પંચપરમેષ્ઠિના કુલ ૧૦૮ ગુણો થાય છે. તેથી નવકારવાળીના મણકા પણ ૧૦૮ હોય છે. આ પંચપરમેષ્ઠિના ગુણોની સ્તવના કરતું નાનકડું આ સ્ત્રોત્ર છે :

अर्हँतो भगवंत इन्द्रमहिताः
सिद्धाश्र्च सिद्धिस्थिताछः।
आचार्य जिनशासनोन्नतिकराः
पूज्या उपाध्यायकाः ।
श्री सिद्धांतसुपाठका मुनिवर
रत्नत्रयारधका
पंच्चैते परमोष्टिनः प्रतिदिनं
कुर्वन्तु वो मङ्गलम् ॥

# પ્રકરણ - ૬

## શ્રી નવકારમંત્રની આરાધના

(૧) આરાધનાની પૂર્વભૂમિકા

(૨) મંત્રસાધનાનું સ્થાન, આસન, વસ્ત્રો

(૩) ધ્યાનની વિવિધ પ્રક્રિયા

(૪) આરાધના દરમ્યાન સાધકો થતા અનુભવો

# પ્રકરણ - ૬

# શ્રી નવકારમંત્રની આરાધના

દરેક મંત્રની આરાધના કરીએ ત્યારે જ તે મંત્રથી પ્રાપ્ત થતા ફળની પ્રાપ્તિ થાય છે. શ્રી નવકારમંત્ર પણ એક મંત્ર છે તેથી વિધિપૂર્વક તેની આરાધના (જાપ) કરવાથી પ્રાપ્ત ફળ પૂર્ણરૂપે દર્શિત થાય છે. કોઈપણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો વિધિપૂર્વક આરાધના જરૂરી છે. ખેડૂત જો વિધિપૂર્વક વાવવા આદિની ક્રિયા કરે છે તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરે છે. તેથી શ્રી નવકારમંત્રની આરાધનાની વિધિ સમજવી અત્યંત આવશ્યક છે.

## (૧) આરાધનાની પૂર્વભૂમિકા :

મકાનમાં પાયો મજબૂત હોય તો જ મકાન ટકી શકે છે અને તેમાં રહેવાવાળા નિર્ભયતાથી રહી શકે છે. એ જ રીતે શ્રી નવકાર મહામંત્રના જાપમાં ચિત્તને સ્થિર કરવાં માટે પ્રાથમિક ઉપયોગી પ્રયોજનભૂત ગુણોને બરોબર જાણવા જોઈએ. અર્થાત્ તે ગુણોને સમજીને વિચાર કરીને તેને જીવનમાં ઉતારવા રાત દિન પ્રયત્ન કરવો જોઈએ. જો આ પ્રકારે વિધિપૂર્વક જાપ કરવામાં આવે તો જાપનો મહિમા શાસ્ત્રમાં જે રીતે વર્ણન કર્યો છે તેવો અનુભવ સાધકને જરૂર થાય. જાપ કરતા પહેલા પૂર્વસેવાના રૂપમાં કેટલીક બાબતો વિચારવી જરૂરી છે.

વસ્ત્ર પર રંગ ચઢાવતા પહેલા પ્રથમ વસ્ત્રને ધોઈને સ્વચ્છ કરવું જરૂરી છે તેમ મહામંત્રનો રંગ આત્મા પર ચઢાવતા પહેલા હૃદયની શુદ્ધિ અને તે માટે કેટલાક યોગ્ય બાહ્ય નિયમ જરૂરી છે.

મહામંત્રની આરાધના કરતા પહેલા સાધકે મહામંત્રના મહાત્મ્યથી હૃદયને વાસિત કરવું જોઈએ. મહામંત્રનો મહિમા બતાવતા શ્લોકો દ્વારા મહામંત્રના મહિમાને હૃદયમાં સ્થાપિત કરવો જોઈએ. એનો અર્થને સમજીને જાપનો પ્રારંભ કર્યા પહેલા શુભ ભાવનાપૂર્વક શાંત ચિત્તથી અર્થને ધ્યાનમાં રાખી એવા શ્લોકો બોલવા જોઈએ (મંત્રની દુર્લભતા બતાવતા) ઉદાહરણરૂપે

धन्नहं जेण मए, अणोरपारम्मि भवसमुद्दम्मि ।
पंचन्हनमुक्कारो, अचित चिंतामणी पत्तो ॥

અર્થાત્ - હું ધન્ય છું કે મને અનાદિ અનંદ ભવ સમુદ્રમાં અચિંત્ય ચિંતામણી એવા પંચ પરમેષ્ઠિનો નમસ્કાર પ્રાપ્ત થયો.

સાધકે ધ્યાન કરતા પહેલા નીચેની ભાવનાથી આત્માને ભાવિત કરે કે, મેરૂ પર્વત જેટલું સોનું, વિશાળ સામ્રાજ્ય, દેવલોક આદિ સંપદાઓ આ બધુ મેળવવું સુલભ છે પણ ભવચક્રમાં આ નવકારમંત્ર મળવો દુર્લભ છે માટે હે મન પ્રમાદ કર્યા વગર સ્થિર થઈ નવકારમંત્રનું ધ્યાન કર. ને પ્રારંભમાં, મનમાં નિર્ણય કરે કે 'હુ પરમ મંગળ નવકાર, તારા શરણે આવેલો હું એટલું જ માંગુ છું કે તારા અચિંત્ય પ્રભાવથી નિયમિત અખંડ રીતે, ઉત્સાહથી અને એકાગ્રતા સાથે પરમપદની પ્રાપ્તિના ઉદેશથી તને આરાધવાનું સામર્થ્ય મારામાં પ્રગટ થાઓ. બીજા કોઈ ફળની આકાંક્ષા નથી.' વળી સાધકે મનમાં એવો હર્ષ ધારણ કરવો કે પરમેષ્ઠિ ભગવાનનું આલંબન ન મળવાથી ભૂતકાળમાં અનંતા ભવ ભ્રમણ કરવા પડ્યા. તેનો અંત આજે તેમના આલંબથી આવી રહ્યો છે તેનો હર્ષ ધારણ કરવો.

વળી એ પણ જરૂરી છે કે (પૂર્વભૂમિકારૂપે) સાધકે ગુરુ પાસે જઈ પ્રથમ પંચપરમેષ્ઠિનું સ્વરૂપ બરોબર સમજવું

જોઈએ. તેમનું સતત મનન ચિંતન કરી આત્મસાત કરી લવું જોઈએ. પરમેષ્ઠિ ભગવંતનો આપણા પર કેટલો ઉપકાર છે, એમના ઋણ નીચે આપણે કેટલા દબાયેલા છીએ એનો ખ્યાલ જાપ કરનાર સાધકને હોવો જોઈએ. ખરી રીતે તો શ્રી મહાનિશીથ આદિ સૂત્રોના અને શાસ્ત્રોક્ત વિધિવિધાન પ્રતિ પૂરો આદર રાખવાવાળા નિર્ગ્રંથ મુનિરાજના મુખથી શ્રી ઉપધાન આદિ તપ કરવા સાથે ગ્રહણ કરેલા નવકારજ વિધિપૂર્વક ગ્રહણ કરેલો ગણાય. એટલે કે નવકારમંત્રની આરાધના કરનારે આ 'ઉપધાન તપ' કરી ને પછી જ ગુરુમુખે ગ્રહણ કરી આ મંત્રની આરાધના શરૂ કરાય.

પૂર્વભૂમિકા રૂપે સાધકે જાપનો ઉદેશ્ય પહેલેથી જ સ્પષ્ટ અને નિશ્ચિત કરી લેવો જોઈએ. આમ તો આત્મકલ્યાણ માટે જ આ મંત્ર ગણવો જોઈએ એ જ પ્રશસ્ત ઉદેશ્ય છે. સર્વ જીવરાશિનું હિત થાઓ, સર્વ જીવોને પરમાત્માના શાસનના રસિયા બનાવું, ભવ્યાત્માઓ મુક્તિ પામો, સંઘનું કલ્યાણ થાઓ, મારો આત્મા કર્મમુક્ત થાવ, વિષય - કષાયની પરવશતાથી હું જલદી મુંકાઉં, વગેરે ઉદેશ્યોમાંથી કોઈપણ પ્રશસ્ત ઉદેશ્ય નક્કી કરવો ને સાધકને વિશ્વાસ હોવો જોઈએ કે તેના ઉદેશ્યની સફળતા નવકારમંત્રના જાપના પ્રભાવથી થવાની જ છે.

પૂર્વ ભૂમિકા રૂપે શ્રી નવકારમંત્રની આરાધના કરનાર સાધકમાં કેટલાક ગુણો હોવા અત્યંત જરૂરી છે. શ્રી નવકારમંત્રનો અધિકારી શ્રદ્ધા, સંવેગ આદિ ગુણોથી વિભૂષિત હોવો જોઈએ.

પંચ પરમેષ્ઠિ ધ્યાનમાલામાં મહામંત્રનો જાપ કરનાર માટે કહ્યું :

શાંતદાંત, ગુણવંત, સંતન સેવાકારી
વારિત વિષય કષાય, જ્ઞાન દર્શન સુવિચારી
સ્યાદવાદ રસરંગ, હંસપરિ સમરસ ઝીલે
શુભ પરિણામ નિમિત્ત, અશુભ સવિ કર્મને છીલે
તાદશ નર પરમેષ્ઠિપદ, સાધનાના કારણ લહે

શાહ શામજી સુતરત્ન, નભિદાસ ઈણિપરે કહે

અર્થાત્ - શાંત, ઇન્દ્રિયોને જીતનાર, અહિંસા વગેરે ગુણોનો સ્વામી, સંત પુરુષોની સેવા કરનાર વિષય - કષાયને જેણે વારેલા હોય, જે જ્ઞાન અને દર્શનનો આરાધક હોય, દરેક કાર્ય વિવેક - વિચારપૂર્વક કરનાર હોય. સ્યાદવાદ - અનેકાંતવાદથી રંગાયેલો હોય, હંસની માફક શમરસમાં ઝીલનારો હોય, જે શુભ પરિણામના નિમિત્તોનો શોધનારો હોય, બધા અશુભ કર્મોને છેદનાર હોય, એજ વ્યક્તિ પંચપરમેષ્ટિની યોગ્ય જપ આરાધના કરી શકે એમ શામન શાહનો પુત્ર નમિદાસ કહે છે. વળી પૂર્વભૂમિકા રૂપે સાધકનું ચિત્ત ચંચળતાથી મુક્ત હોવું જોઈએ. શાંતિ સમર્પણ ને સમતાથી સાધકનું ચિત્ત વાસિત હોવું જોઈએ. પૂર્વભૂમિકા રૂપે સાધકમાં નીચેની યોગ્યતાઓ હોવી જરૂરી છ :

૧. કૃતજ્ઞતા - અરિહંત આદિ પંચપરમેષ્ઠિ નમસ્કારને પાત્ર છે, કારણ કે તેઓ પરમ ઉપકારી છે તેથી તેમના પત્યે નમ્રતાભાવ સાધક હૃદયમાં હોવો જરૂરી છે.
૨. પરોપકાર - તીર્થંકર પ્રભુ પણ જગતને મોક્ષનો માર્ગ બતાવી પરોપકાર કરે છે. કોઈપણ ધર્માનુષ્ઠાનના મૂળમાં પરહિતની ભાવના આવશ્યક છે. આથી સાધકના હૃદયમાં પરોપકારભાવ હોવો આવશ્યક છે.
૩. આત્મદર્શિવત્વ સાધકના હૃદયમાં સર્વ જીવો પ્રત્યે આત્મદર્શિત્વભાવ અર્થાત્ જગતના બધા જ આત્માઓ મારા જેવા આત્મા છે તેવો ભાવ ભાવવો જોઈએ. 'શુદ્ધ અંતઃકરણથી બધા જ જીવોના

સુખની ઈચ્છા કરવી, બધાને ક્ષમા કરવી, બધાને મિત્ર માનવા, બધાના દુઃખ દૂર થાય તેવી ઈચ્છા કરવી વગેરે ગુણો આત્મદર્શિત ભાવ વિકસાવવામાં જરૂરી છે.

૪. પરમાત્મદર્શિત્વ - અર્થાત્ મારો આત્મા પરમાત્મા સમાન છે. સિદ્ધ ભગવાનનો જે સ્વભાવ છે તે જ આત્માની યોગ્યતા છે. આત્મદર્શિત ભાવથી જ પરમાત્માદર્શિત્વ ભાવ પ્રગટ થાય છે. આ ભાવથી સાધકને પોતાને આ મંત્રની આરાધનાથી શું મેળવવાનું છે તે સ્પષ્ટ થાય છે.

વળી ધ્યાન કરનાર સાધક કેવો હોવો જોઈએ તે બતાવતા કહ્યું :

(૧) તચ્ચિત - અર્થાત્ ધ્યાનાદિમાં ચિત્તવાળો

(૨) તન્મન - તેમાં મન વાળો, વિશેષ ઉપયોગવાળો

(૩) તેલ્લેશ્ય - તેમાં લેશ્યાવાળો - શુભ પરિણામવાળો

(૪) તદધ્યવસિત - તેમાં અધ્યવસિત - ઉત્સાહવાળો જીવ

(૫) તત્તીવ્રાધ્યવસાય - વિશેષ પ્રકારના પ્રયત્નવાળો

(૬) તદર્થોપયુક્ત - તેના અર્થમાં ઉપયોગવાળો જીવ

(૭) તદર્પિકરણ કરણોનો એટલે મન, વચન કાયાના યોગને તેમાં સારી રીતે જોડનારો

(૮) તદ્ભાવનાભાવિન તેની ભાવનાથી ભાવિન થયેલો જીવ

(૯) સામાન્યોપયોગરૂપ ચિત્ત }
(૧૦) વિશિષ ઉપયોગ રૂપ મન } ચિત્તની સ્થિરતાવાળો
(૧૧) શુભ પરિણામરૂપ મન }

આ રીતેના ગુણસહિત ક્રિયા ધ્યાતા ને ધ્યેય સમ્મુખ લઈ જાય છે.

વળી પૂર્વભૂમિકારૂપે સાધકમાં શારીરિક માનસિક બળની પૂર્ણતા હોવી જરૂરી છે. સાધકના મનમાં ખરાબ વિકાર, અશુભભાવના અને વિકાર હોવા જોઈએ નહીં. વળી ઈન્દ્રિય - કષાયનો જપ, મિતાહારીપણું, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, મૌન, દયા દાક્ષિણ્યતા વગેરે ગુણો હોવા જોઈએ. વળી સાધકે કુંભક, રોચક ને પૂરકનો અભ્યાસ કરી મનને એક જ સ્થળે રોકી રાખતા શીખવું જોઈએ. શરીર પણ અત્યંત સહનશીલ બનાવવાની આવશ્યક્તા છે.

વળી સાધકે એકાગ્રતાનો ઘણો અભ્યાસ કરવો જરૂરી છે. કારણે प्रणिधानकृतं कर्म मनं तीव्र विपाकम् એટલે ચિત્તની એકાગ્રતા તે વડે કરાયેલું કર્મ તીવ્રવિપાક એટલે ઉત્કટ ફળ આપનારું થાય છે.

હૃદયરૂપી પુસ્તકના કોરા કાગળ પર ધ્યાનરૂપી કલમ વડે પોતાના નામની જેમ પંચપરમેષ્ટિના નામને લખતા હોઈએ તેવી એકગ્રતાપૂર્વક જાપ કરવાની ટેવ પાડવી જોઈએ. નવકારમંત્રની આરાધના કરવા બેસતા પૂર્વેનિર્વિઘ્ને ગણી શકાય અને તેમાં આવતા વિઘ્નોનું નિવારણ કરી શકાય તે માટે રક્ષક પાંજરા રૂપે 'વજ્રપંજર સ્તોત્ર' ગણીને શ્રી નવકાર ગણવાનું વિધાન છે. તે સ્તોત્રમાં જુદા જુદા પદો દ્વારા દેહના અંગોની રક્ષા કરાય છે, તે સ્ત્રોત્ર આ પ્રમાણે છે :

ૐ પરમેષ્ઠિ નમસ્કારં, સારં નવપદાત્મકં,
આત્મરક્ષાકરં વજ્ર - પંજરાભ્યં સ્મરામ્યહં.

ૐ નમો અરિહંતાણં, શિરસ્કંશિરસિ સ્થિતં, (અહીં બે હાથ મસ્તક પર રાખી રક્ષા ચિંતવવી)

ૐ તીર્થંકર નમો સિદ્ધાણં, મુખેમુખપટાંબરં

(અહીં મુખ પર મુખપટ સમાન સમજી બે હાથ મુખપર મુકી રક્ષા કરવી)

ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની

(અહીં બધા અંગો પર હાથ રાખી અંગરક્ષા ધારવી)

ૐ નમો ઉવજ્ઝાયાણં આયુધં હસ્યયોદઢં

(અહીં બંને ભૂજા પર હાથ રાખી આયુધની રક્ષા સમજીયે.

ૐ નમો લોએ સવ્વાસાહૂણં મોચકે પાયદો શુભે

(અહી બંને પગ પર હાથ રાખી રક્ષા ચિંતવવી.)

એસો પંચ નમુક્કારો (તળિયા પર હાથ રાખી વ્રજશિલાની જેમ રક્ષા થાય છે તેમ ચિંતવવું)

સવ્વ પાવપ્પણાસણો (પોતાની ચારે બાજુ હાથ ફેરવી વજ્રમય કિલ્લો રક્ષા માટે છે તેમ ધારવું)

મંગલાણં ચ સવ્વેસિં (કિલ્લાની ચારે બાજુ ફરતી અંગારવાળી ખાઈ રક્ષા માટે છે તેમ ચિંતવવું)

પઢમં હવઈ મંગલં - કિલ્લા ઉપર રહેલું મુખ્ય વજ્રમય શરીરના રક્ષણરૂપ ઢાંકણું છે એમ ધારવું)

માથાની ઉપર બંને હાથ ભેગા કરી રક્ષા કરવી)

આ રીત આ સ્ત્રોત્ર દ્વારા અંગરક્ષા કરી પછી મહામંત્ર નવકારની આરાધના શરૂ કરવી.

## (૨) મંત્રસાધનાનું સ્થાન, આસન, વસ્ત્રો :

મંત્ર આરાધનામાં સ્થાન એ મહત્ત્વની વસ્તુ છે. એ સ્થાન અનુકુળ હોય તો સાધનામાં સહાય મળે અને સિદ્ધ સત્વર થાય. મંત્ર વિશારદોના અભિપ્રાયથી તીર્થંકરોની કલ્યાણભૂમિ હોય તે સ્થાન સાધના માટે યોગ્ય છે કારણ કે ત્યાંના વાતાવરણ પર એ પરમપુરુષોનો વિશિષ્ટ પ્રભાવ પડેલો હોય છે અને તેમની સ્મૃતિ મંત્રસાધના માટે પ્રેરણાનો સ્તોત્ર બની જાય છે. વળી જ્યાં કોઈ સિદ્ધપુરુષે અમુક સમય સ્થિરતા કરી મંત્રસિદ્ધિ કરી હોય તે સ્થાન પણ પસંદ કરવા યોગ્ય છે. જિનમંદિર વનપ્રદેશ નદીનો કિનારો પક્ષસરોવરની પાળ વગેરે મંત્રસાધના માટે ઉત્તમ સ્થળો છે. નમસ્કાર મહમંત્રની સાધના માટે લખ્યું છે કે તેની સાધના અશોકવૃક્ષની સમીપે બેસીને થાય તો સત્વર સિદ્ધિને આપનારો થાય કારણ કે અશોકવૃક્ષ એ જીનેશ્વરદેવના અષ્ટમહાપ્રાતિહાર્યોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પર્વતના શિખરો, પર્વતની ગુફાઓ તથા ઝાડી-ઝરણાવાળો તળેટીનો અમુક ભાગ પણ મંત્રસાધના માટે યોગ્ય છે. વળી ગુરુ જે સ્થાને બિરાજમાન હોય તેવા ઉપાશ્રય, પોષધશાળા વગેરે પણ મંત્રસાધના માટે અનુકુળ સ્થળો છે. જો અન્ય સ્થળે જવાની અનુકુળતા ન હોય તો પોતાના નિવાસસ્થાને અમુક ભાગ પસંદ કરી સાધનાને અનુકુળ બનાવી શકાય છે. ત્યાં સ્વચ્છતાને પવિત્રતા જાળવવી જોઈએ, ધૂપ - દીપ કરવા જોઈએ. ટૂંકમાં, જે સ્થાન પવિત્ર અને શાંત હોય, જ્યાં વિક્ષેપ થવાનો સંભવ અતિ અલ્પ હોય, ત્યાં મંત્રસાધના કરવી જોઈએ જેથી સાધના સારી રીતે આગળ વધી શકે અને તેનું સુંદર પરિણામ આવે.

મંત્રવિજ્ઞાનમાં લખ્યું છે કે શિવજી કહે છે કે ઘરમાં કરેલો જાપ એક ગણું ફળ આપે, પણ ગોશાળામાં કરેલા જાપનું ફળ સોગણું પવિત્ર વન, ઉદ્યાનમાં કરેલા જાપનું ફળ હજારગણું, પવિત્ર પર્વત ઉપરના જાપનું ફળ દશહજારગણું નદીતટ પરના જાપનું ફળ લાખઘણું ને દેવાલયમાં કરેલા જાપનું ફળ કરોડ ઘણું હોય છે.

જાપનું સ્થાન હંમેશા એક રહે તે પણ મહત્ત્વનું છે.

જાપના સમય માટે વાતવરણ શાંત હોય, સૂર્ય ઉગતા પહેલાની એક ઘડી અને પછીની એક ઘડી અને સૂર્યાસ્ત પહેલાની એક ઘડી ને પછીની એક ઘડી જાપ માટે ઉત્તમ કાળ કહેવાયો છે. વળી ત્રિસંઘ્યાનો સમય પણ જાપ માટે ઉત્તમ ગણાયો છે. જાપ માટે નિશ્ચિત સમય નક્કી કરવો ને ત્યારે જ રોજ જાપ કરવો જોઈએ. જાપ માટેનો સ્થાન ને સમય એક રહે તો વધુ બળ મળે છે. દિશા ઉત્તર યા પૂર્વ રાખવી અથવા જે દિશામાં દેવાધિદેવનું મુખ હોય તે રીતે બેસવું.

જાપ કરતી વખતે બેસવા માટે ઉનનું સફેદ રંગનું આસન રાખવું. બહારગામ જવાનું થાય ત્યારે પણ આસન સાથે રખવું. એ જ રીતે વસ્ત્રો પણ સફેદ રંગના પહેરવા અને એ વસ્ત્રોને વારંવાર ધોવા નહીં. વસ્ત્રોને બદલી ન નાખવા. વળી આરાધનામાં વિવિધ યોગાસનો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે માટે શ્રી નવકાર આરાધના માટે પદ્માસન, અર્ધપદ્માસન, સુખાસન કે શાસ્ત્રોક્ત આસન રાખવું જોઈએ. આસન બાંધવાથી મન બંધાય છે. મન બાંધવાથી એકાગ્રતા બંધાય છે. તેથી હાલક ડોલક મન એક પદાર્થમાં પરોવાય છે ને પાપપ્રતિકારક શક્તિ વધે છે.

જાપ બાબતમાં આચાર્ય હરિભદ્રસૂરિજીએ યોગબિંદુમાં એમ કર્યું છે કે ચિત્તની ગતિ વિચલિત થવા માંડે ત્યારે જાપનો ત્યાગ કરવો. વ્યાકુલચિત્ત વખતે જાપનો ત્યાગ કરવાથી માયાચારનો ત્યાગ થાય છે. આ વખતે વિશ્રાંતિ લેવાથી જાપમાં સારી રીતે પ્રવૃત્તિ થાય છે. જેટલી સમય મર્યાદા નક્કી કરી હોય તેટલા સમય માટે જાપ કરવો.

આ રીતે અમુક ચોક્કસ આસને અને મુદ્રાએ, ચોક્કસ જગ્યાએ, ચોક્કસ સંખ્યામાં ચોક્કસ સમયે ધારાબદ્ધ રીતે જાપ કરવાથી અમુક વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ બંધાય છે જે જાપ માં સારી રીતે લીનતા ઉત્પન્ન કરે છે.

## (૩) શ્રી નવકારમંત્રના જાપ (ધ્યાન) કરવાની વિવિધ વિધિઓ :

(ક) માળા દ્વારા જાપ ૧૦૮ મણકાની સફેદ સૂત, રત્ન, રુદ્રાક્ષ ઈત્યાદિકની નવકારવાળી પોતાના હૃદયની સમશ્રેણીમાં રાખી પહેરેલા વસ્ત્રને કે પગને સ્પર્શ કરે નહી તેવી રીતે ધારણ કરવી અને મેરૂનું ઉલ્લંઘન ન થાય તે રીતે વિધિ પ્રમાણે જાપ કરવો. આ રીતે ૧૦૮ વાર મહામંત્રનો જોપ કરાય છે. આ નવકારવાળી રોજ એક જ રાખવી તેને બદલવી નહીં. દાંત એકબીજાને અડે નહીં, જીભ દાંતને અડે નહીં તે રીતે મુખના ઉપરના ભાગમાં ચીટકેલી રાખવી.

'આચાર દિનકર' ગ્રંથમાં નવકારવાળી ગણવાની વિધિ બતાવી છે. જે માળાથી નવકારમંત્ર ગણવાનો હોય તે માળાની આ રીતે પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

"ૐ હી રત્નૈં સુવર્ણૈ-
બીંજૈર્યા રચિતા જપ માલિકા
સર્વ જાપેસુ સર્વાણિ
વાંછિતાની પ્રચ્છતિ"

ઉપરના મંત્રાક્ષરો દ્વારા સુયોગ્ય સાધુ ભગવંત, સાધ્વીજી પાસે અથવા શ્રદ્ધાસંપન્ન શ્રાવક પાસે શુભ દિવસે, શુભ તિથિએ અને શુભ મુહૂર્તમાં પ્રતિષ્ઠા કરાવવી. નવી નવકારવાળીને ઉપરના શ્લોકમંત્રથી ૧૦૮ વાર મંત્ર અને વાસક્ષેપથી માળાને અધિવાસના કરવી. ને માલાને ખૂબ સન્માનપૂર્વક યોગ્ય સાથે રાખવી.

**(ખ) શંખાવર્ત દ્વારા જાપ :**

માળા વડે થોડો સમય જાપ કર્યા પછી નંદાવર્તથી મંત્ર ગણવાનો અભ્યાસ પાડવો. નંદાવર્તથી ૧૨ ની સંખ્યા જમણા હાથ પર ગણવો એન શંખાવર્તથી ડાબે હાથે નવની સંખ્યા ગણવી આ રીતે બારની સંખ્યા નવ વાર ગણવાથી ૧૦૮ થશે."

| ડાબા હાથે શંખાવર્ત | | | | જમણા હાથે નંદાવર્ત | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૦ | ૩ | ૪ | ૫ | ૧૨ |
| ૨ | ૮ | ૬ | ૦ | ૨ | ૭ | ૬ | ૧૧ |
| ૧ | ૮ | ૭ | ૦ | ૧ | ૮ | ૯ | ૧૦ |

**(ગ) અક્ષરધ્યાન :**

મહામંત્રના અક્ષર સાથે ચિત્તનું જોડાણ થાય તે માટે શરૂઆતમાં (કાળા રંગ પર સફેદ અક્ષરોવાળું છાપેલું કાર્ડ સામે રાખી વાંચવું) નેત્રો બંધ કરીને નવકારમંત્રના અક્ષરો નજર સમક્ષ લાવવા. નજર બંધ કરીને સામે એક કાળું પાટિયું ધારવું. પછી ધારણાથી જ હાથમાં ચાકનો કક.ડો લઈને તેના પર 'નમો' એમ ધારણાથી લખવું એટલે લખેલું દેખાશે. ન દેખાય ત્યાં સુધી ફરી ફરીને એ પ્રયત્ન ચાલુ રાખવો. પછી 'અરિહંતાણં' લખવું. ફરી ફરી પ્રયત્ન કરવાથી દેખાશે. આ રીતે નવે પદો માટે પ્રયત્ન કરવો.

અક્ષર ધ્યાન ધરવાની બીજી રીતે એ છે એક ચાંદીનું ખોખુ ધારવું જેમાં હીરા જડવાના બાકી છે. પછી સફેદ હીરાનો એક ઢગલો ધારવો પછી આંખો બંધ કરી ધારણાથી તેમાં હીરા લઈ એક એક હીરો ક્રમશઃ ચાંદીના ખોખામાં મૂકવા નવકારના 'ન' નો આકાર બતાવવો. એ રીતે 'મો' આદિ બધા અક્ષરો ધારણાથી બતાવવા. તે અક્ષરો સફેદ હીરા જેવા ચળકતા દેખાશે. ત્યા પછી બીજા ચાંદીના ખોખામાં 'नमो सिद्धाणं' માણેકથી (લાલ રંગ) બનાવવા. ત્રીજા ચાંદીના ખોખામાં પોખરાજથી (પીળો રંગ)'नमो आयरियाण' બનાવવું. ચોથા ખોખામાં નીલમથી (લીલો રંગ) 'नमो उवज्झायाणं બનાવવું તથા પાંચમાં ખોખામાં શનીના રત્નો જડી नमो लोए सव्वसाहूणं લખવું. આ રીતથી કલર જોવાનો અભ્યાસ પડશે. જેમ જેમ અભ્યાસ વધે તેમ તેમ દરેક પદના અક્ષરો સ્પષ્ટ દેખાશે. શરૂઆતમાં ન દેખાય તો પણ અભ્યાસ ચાલુ રાખવો. અભ્યાસ ચાલુ રાખવાથી જરૂર દેખાશે. ને એકાગ્રતા વધશે. ધીમે ધીમે અક્ષરો દેખાય ત્યારે મંત્ર સાથે સંબંધ બંધાય છે. મંત્રમાં આપણું ચૈતન્ય ભળે છે. આપણા આત્મપ્રદેશમાં અક્ષરધ્યાનથી એક કંપન થાય છે. જેનાથી અનાદિના મોહનીય કર્મના સંસ્કારો મંદ પડે છે. આત્માના શુદ્ધ ચૈતન્યની દિશામાં વિકાસ થાય છે. આ રીતે મંત્રની ચૂલિકામાં ચાર પદોમાં બતાવેલ ફળનો અનુભવ થાય છે.

**(ઘ) પદસ્થ ધ્યાન :**

યોગીસમ્રાટ શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રના આઠમાં પ્રકાશમાં પદસ્થ ધ્યાનનું વર્ણન કરતા લખ્યુ :

अष्टपत्रे सिताम्भोजे, कर्विकायां कृतस्थितम् ।
आद्य सप्ताक्षरे मन्त्रं, पवित्रं तिन्तयेत तत् ॥
सिद्धिादिकचतुष्कं च दिपपत्रेषु यथाक्रमम् ।
चूला पादचतुष्कं च, विदिकपत्रेषु चिंचयेत ॥

આઠ પાંખડીવાળું શ્વેતકમળ ચિંચવવું તે કમળની કર્ણિકામાં એટલે મધ્ય ભાગમાં સાત અક્ષરવાળા પહેલા

પવિત્ર પદ 'नमो अरिहंताणं' ને ચિંતવવો. પછી સિદ્ધાદિક ચાર મંત્રોને દિશાઓનો પત્રોમાં અનુક્રમે ચિંતવવા અને ચૂલિકાના ચાર પદોને વિદિશાના પત્રોમાં ચિંતવવા. શ્રી નવકાર મહામંત્રનું ધ્યાન કરવા માટે કર્ણિકા સહિત અષ્ટદળ કમળમાં શ્રી નવકાર મહામંત્રના નવ પદોની કેવી રીતે સ્થાપના કરવી તે બતાવતુ ચિત્ર અહીં મૂક્યું છે, તે આ પ્રમાણે છે :

नमो सिद्धाणं - પૂર્વદિશામાં

नमो आयरियाणं – દક્ષિણ દિશામાં

नमो उवज्झायाणं – પશ્ચિમ દિશામાં

नमो लोएसव्वसाहूणं – ઉત્તર દિશામાં

एसो पंचनमुक्कारो – અગ્નિખૂણામાં

सव्वपावप्पणासणो – નૈઋત્ય ખૂણામાં

मंगलाणंच सव्वेसिं – વાયવ્ય ખૂણામાં

पढमं हवइ मंगलम् – ઈશાન ખૂણામાં

આ પ્રમાણે મહામંત્રનું ચિંતન કરવું.

પિંડસ્થ અને પદસ્થ ધ્યાન આકૃતિ અને રંગના ખ્યાલ વિના થઈ શકતુ નથી એટલે અક્ષરો બને તેટલા સુંદર અને મરોડાદાર કલ્પવા અને પરમેષ્ઠિઓના વર્ણ પ્રમાણે તેનું ધ્યાન ધરવું. અર્થાત્ 'नमो अरिहंताण' પદમાં ચંદ્રની જ્યોત્સના સમાન શ્વેત વર્ણને ચિંતવવા. 'नमो सिद्धाणं' પદમાં અરૂણની પ્રભા સમાન ફક્ત (લાલ) વર્ણની ચીંતવવા. 'नमो आयरियाणं' પદમાં સુવર્ણ સમાન પીળા વર્ણને ચિંતવવો. 'नमो उवज्झायाणं' પદમાં નીલમ રત્ન સમાન લીલ વર્ણને ચીંતવવો. અને 'नमो लोए सव्वसाहूणं' પદમાં અંજન સમાન શ્યામ વર્ણો ચીંતવવા. આ અક્ષરો જ્યારે બરાબર સ્પષ્ટ અને સ્થિર દેખાય તથા તેના રંગો બદલઈ ન જાય ત્યારે મન તેમાં સ્થિર થયું સમજવું. આ રીત જ્યારે અક્ષરો પર મનની સ્થિરતા બરોબર થાય ત્યારે એ અક્ષરોમાંથી પ્રકાશની રેખાઓ ફૂટતી જણાય છે અને છેલ્લે એ અક્ષરો અદ્‌ભુત જ્યોતિર્મય બની જાય છે. અક્ષરોને જ્યોતિર્મય નિહાળતા પરમ આનંદ આવે છે અને આપણું હૃદય અધોમુખ હોય છે તે ઉર્ધ્વમુખ બનવા માંડે છે.

શ્રી નવકારમંત્રના અક્ષરો સામાન્ય અક્ષરો નથી. પરંતુ ભવ અટવીમાં ભૂલા પડેલા પથિકના માર્ગદર્શક છે. નવકારના અક્ષરો અજરામર પદને અપાવનાર જડીબુટ્ટી છે. નવકારના અક્ષરોનો જાપ અને ધ્યાન એ આત્મ અનુભવની દિવ્ય પ્રક્રિયાનાં મંગલમય સોપાન છે. ચિંતામણી, કામધેનું ને કલ્પવૃક્ષ કરતા અધિક ફળદાયી છે. નવકારમંત્રના પ્રત્યક્ષ અક્ષર પર ૧૦૦૮ વિદ્યાઓનો વાસ છે. આ માત્ર કાંલ્પનિક કે શ્રદ્ધામય કે ભાવાત્મક પ્રક્રિયા નથી પરંતુ વાસ્તવિક અનુભવાત્મક અનુભવ છે. ઉપર બતાવ્યા પ્રમાણે જે કોઈ એનું ધ્યાન ધરે છે તે તેનો અનુભવ જરૂર કરી શકે છે અને એ અનુભવમાંથી નીપજતા ફળને પણ અનુભવી શકે છે.

નવકારમંત્રના અક્ષરો શું છે તે બતાવતા લખ્યું :

जग्मुर्जिनास्तदपवर्गपदं तदैव<br>
विश्वं वराकमिदमत्र कथं विनाडस्मात्<br>
तत् सर्वलोकभुवनो द्धरणाय धीरे<br>
मंन्त्रात्मक निजवपुर्निहतं तदत्र ॥

અર્થાત્ જ્યારે શ્રી જીનેશ્વર ભગવંતો મોક્ષમાં ગયા ત્યારે અહીં બિચારા આ જગતનું શું થશે (એવી કરુણાથી) ધીર એવા તેઓ સર્વ જગતના ઉદ્ધાર માટે પોતાના આ મંત્રાત્મક શરીરને અહીં મૂકતા ગયા.

મંત્રના અક્ષરોની પવિત્રતા બતાવતા કહ્યું કે મંત્રના અક્ષરો તે તીર્થંકરોનું મંત્રાત્મક શરીર છે.

**(ચ) અનાનુપૂર્વીથી નવકારમંત્રની આરાધના :**

**(છ) નવકારમંત્ર ઉલટો ગણવો (ઊંધેથી અક્ષરો ગણવા) :**

નમસ્કારમંત્રના અડસઠ અક્ષરને છેક અંતિમ અક્ષરથી શરૂ કરી ગણવાનો હોય છે. આ અત્યંત કઠિન છે, છતાં ઘણો ફળદાયી છે. દા.ત.

મ લ ગ ગં ઈ વ હ મં ઢ પ

(પઢમં હવઈ મંગલમ)

(જ) માનસ ઉપાંસુ ભાષ્ય જાપ

શ્રી પાદલિપ્તસૂરિએ રચેલી પ્રતિષ્ઠા પદ્ધતિમાં કહ્યું છે કે માનસ, ઉપાંસુ અને ભાષ્ય એમ જાપના ત્રણ પ્રકાર છે. કેવલ મનોવૃત્તિથી ઉત્પન્ન થયેલો અને માત્ર પોતે જ જાણી શકે તેને માનસ જાપ કહેવાય છે. બીજા વ્યક્તિ સાંભળે નહીં તેવી રીતે મનમાં બોલવાપૂર્વક જે જાપ કરવામાં આવે તેને ઉપાંસુ જાપ કહેવાય છે તથા બીજા સાંભળી શકે તેવી રીતે જાપ કરવામાં આવે તેને ભાષ્ય જાપ કહેવાય છે. (મહામંત્ર નવકારનો જાપ પણ આ ત્રણે રીતે થઈ શકે છે) પહેલો માનસ જાપ શાંતિ વગેરે ઉત્તમ કર્યો માટે, બીજો ઉપાંસુ જાપ પુષ્ટિ વગેરે મધ્યમ કોટિના કામો માટે સાધક તેનો ઉપયોગ કરે છે. માનસ જાપ અતિ પ્રયત્નો વડે સાધ્ય છે, ભાષ્ય જાપ મામૂલી ફળોને અપનાર છે. તેથી સૌને માટે સરળ એવા ઉપાંસુ જાપનો ઉપયોગ કરવો જોઈએ એમ શાસ્ત્રકારો કહે છે.

આમ, વિવિધ પ્રકારે શ્રી નવકારમંત્રની આરાધના સાધના જાપ થાય ચે પંરતુ તેનું યર્થાર્થ ફળ તો ત્યારે દર્શિત થાય કે તેમાં એકાગ્રતા સધાય. એનો અનુભવ ત્યારે જ થાય કે આરાધના દરમ્યાન નવકારમય બની જવાય. એકવાર જો આવી એકાગ્રતા આવી જાય તો તેમાંથી એવો પરમાનંદ પ્રાપ્ત થાય કે પછી બીજે ક્યાંય મનને વ્યસ્ત થવાનું મન જ ન થાય અને સાધકને એના કેટલાક અનુભવો પણ થાય છે.

## (૪) યથાર્થ આરાધના વખતે સાધકને થતા કેટલાક અનુભવો :

નવકાર મહામંત્રના નવ પદોનો જ્યારે એકાગ્રતાપૂર્વક જાપ થાય ત્યારે પ્રારંભમાં મંત્રના અક્ષરો સફેદ ચળકતા જોતા તીવ્રપણે તેમાં એકાગ્ર થતા, અક્ષરોના દ્વારા ખૂલી જતા તેમાંથી નીકળતા અમૃતના ફૂવારામાં સ્નાન કરતા સાધકના રોગ, શોક, દુઃખ, ભય, ચિંતા નાશ થઈ જતા હોય એવું અને સુખ, શાંતિ આનંદ અને નિર્ભયતાથી આપણે પૂર્ણ ભરાઈ જતા હોય તેવું લાગશે. મંત્રના અક્ષરોમાંથી નીકળતી અગ્નિજ્વાળાઓમાં સાધકની બધી જ દુષ્ટ વૃત્તિઓ, મલિનાવાસનાઓ ભસ્મ થતી હોય તેવું લાગે છે. મંત્રાક્ષરોમાંથી વરસતા વરસાદમાં સ્નાન કરતા કરતા સાધક પૂર્ણ ગુણોથી ભરાઈ ગયો હોય તેવો અનુભવ કરે છે. મંત્રાક્ષરોમાંથી નીકળતા દિવ્ય પ્રકાશમાં પરમાત્માના પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન થાય છે. તે પ્રકાશ જ્યારે સાધકના આત્માને ભેદીને પસાર થાય છે. ત્યારે તે પ્રકાશના દિવ્ય તેજમાં દેહથી ભિન્ન કેવળજ્ઞાન આદિ ગુણ લક્ષ્મીથી યુક્ત અચિંત્યશક્તિના ભંડાર સ્વરૂપ પોતાના શુદ્ધ આત્માનું દર્શન થાય તેવી દિવ્ય પળો પણ સાધકના જીવનમાં આ મંત્રની આરાધના દરમ્યાન આવે છે. અહીં સ્વાનુભવથી લખવાનું મન થાય છે કે આ મંત્રની આરાધનાથી પહેલો અનુભવ એ થાય છે કે મતિ શુદ્ધ

થવા માંડે છે. સત્કાર્યો, પુણ્યકાર્યો કરવાની તક સામે ચાલીને આવે છે. ચારેબાજુનું વાતવરણ શુદ્ધ થતું જતું હોય તેવું લાગે છે. એવા નિમિત્તો ઊભા થાય છે કે જે દિવ્ય અનુભવો કરાવે છે. મનમાં શંકા કે સવાલો ઊભા થાય તેનું નિરાકરણ આપોઆપ અલ્પ સમયમાં મળી જાય છે. વળી વિચારોમાં ફરક પડી જાય છે. ક્ષુદ્ર વિચારોમાં મન ફરતુ થાય તો તરત જ એને જાગૃતિ આવી જાય છે ને સાત્વિક વિચારોમાં રમણ કરવું ગમે છે. પંચ - પરમેષ્ઠિને નમસ્કાર કરતા મન ભાવવિભોર થઈ જાય છે. કોઈ ગુણોના પુંજને નમસ્કાર કરતા કરતા આપણે પોતે કૃત્ય કૃત્ય થઈ ગયા તેવો અનુભવ થાય છે. સામે ચાલીને અનુકુળતાઓ પાસે આવે છે. આરાધના શરૂ કર્યા પછી ટૂંક સમયમાં જ આ બધા અનુભવો થવા માંડે છે. તેથી શ્રદ્ધા દઢ બને છે ને વધુ ને વધુ તેમાં ઊંડા ઉતરવાનું મન થાય છે. વળી જ્યારે આચાર્યજી ઉપાધ્યયજી એ સાધૂ ભગવંતને જ્યારે પ્રત્યક્ષ નમસ્કાર કરવાનો આવે ત્યારે નજર સમક્ષ તેના ગુણોના દર્શન થતા એ નમસ્કાર ભાવપૂર્ણ નમસ્કાર બની જાય છે. એ ગુણોના પુંજને નમસ્કાર કરતા હૃદય ભાવવિભોર બની જાય છે. જેમ જેમ એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ તેના ઊંડાણના અનુભવો થાય છે.

આમ, નવકારમંત્રનું ધ્યાન કરવા અલગ અલગ વિધિઓ બતાવી. દરેક વિધિને જોડતી એક કડી એ છે કે મનની એકાગ્રતા. આ અત્યંત દુષ્કર કાર્ય છે. મનને ચિરકાલની વિષયોના વિકારમાં પરિણમવાની ટેવ પડી છે. તેને એક જ ધ્યેયકારે સ્થિર કરવાનું કામ અતિ કઠિન છે. અશુદ્ધ મનને શુદ્ધ બનાવવાનું ને ચંચળ મનને સ્થિર કરવાનું કાર્ય દુષ્કર છે. આથી શાસ્ત્રોમાં મનને વશ કરવા માટે છ પ્રકારના પ્રયત્નો બતાવ્યા છે :

उत्साहान्निज्चपाद धैर्यात्, संतोषात् तत्त्वदर्शनात्।
मुनर्जनपदत्यागात, षड्मिर्यागः प्रसिध्यति ॥

(૧) ઉત્સાહાત - વીર્યોલ્લાસ વધારવાથી
(૨) નિશ્ચિયાત - આ મારુ પરમ કર્તવ્ય છે એવો એકાગ્ર પરિણામ રાખવાથી
(૩) ધૈર્યાત - કષ્ટ વખતે સ્થિર રહેવાથી
(૪) સંતોષાત્ - આત્મ રમણતા ધારણ કરવાથી
(૫) તત્ત્વદર્શનાત્ - યોગ એ જ તત્ત્વ છે, પરમાર્થે છે એવો વિચાર કરવાથી
(૬) જનપદત્યાગાત્ - ગતાનુગતિક લોકના વ્યવહારનો પરિત્યાગ કરવાથી

આ રીતે પ્રયત્નપૂર્વક પંચપરમેષ્ઠિ ધ્યેયનું ધ્યાન કરવામાં આવે તો તો મન સ્થિર કરવાનું કાર્ય સુલભ બને છે અને ધ્યાન વડે મનુષ્ય પોતાના બહિર્મુખ મનને જેમ જેમ પરમતત્ત્વની અભિમુખ કરી સમીપ આવતો જાય છે તેમ તેમ અંતઃકરણમાં અપૂર્વ શાંતિ, સમતા, તૃપ્તિ અને નિર્ભયતાનો આનંદ અનુભવતો જાય છે.

શ્રી નવકાર મંત્રનું આંતરિક સ્વરૂપ દર્શન કર્યા પછી આગમપુરુષોએ, તત્ત્વોચિંતકોએ, ગીતાર્થ ગ્રંથકારોએ સ્વાનુભવ દ્વારા મંત્રના પ્રભાવનું જે વર્ણન કર્યું છે તેનો વિચાર પછીના પ્રકરણમાં કરેલ છે.

# પ્રકરણ - ૭

# શ્રી નવકારમંત્રનું માહાત્મ્ય

# પ્રકરણ - ૭

# શ્રી નવકારમંત્રનું માહાત્મ્ય

શ્રી નવકારમંત્ર એક શાશ્વત મહામંત્ર છે. તેનું મહાત્મ્ય સાંભળવા કે વાંચવા કરતા અનુભવાત્મક કરવા જેવું છે. જૈનો વીતરાગના ઉપાસક હોવાથી મુખ્ય ધ્યેય મોક્ષ છે. મોક્ષભિલાષી ને સાંસારિક સુખોની અપેક્ષા હોય નહીં તેથી નવકાર મંત્રના ઉપાસકને તો નવકારમંત્રની એક જ મહત્ત્વતા સ્પર્શે છે કે તેની આરાધનાનું ફળ તે મોક્ષ છે. પરતુ જેને હજુ ઐહિકસુખોની અભિલાષા છે, જે જીવો ભવાભિનંદી છે તેમની અપેક્ષાઓ પણ મહામંત્રની આરાધના પૂર્ણ કરે છે. શાસ્ત્રોમાં મંત્રના આધ્યાત્મિક અને ભૈતિક બંને માહાત્મ્યો દર્શાવ્યા છે.

નમસ્કાર સ્વાધ્યાયમાં 'નમસ્કાર મંત્રસ્તોત્રમ' માં નવકારમંત્રનો મહિમા વર્ણવતા લખ્યું :

विलष्यत् धनकर्मराशिमरातिः संसारभूमिमृत
स्वनिर्वाणपुर प्रवेशगमने निष्प्रत्यवायः सताम् ॥
मोहान्धावटसङ्कटे निपपतां हस्तावलम्बोऽर्हना
पायाद वः सचराचरस्या जगतः सज्जीवनं मंत्रराट ॥

અર્થાત્ -

ઘનઘાતી કર્મના સમૂહને વિખેરી નાખનાર, ભવરૂપી પર્વતને છેદવા માટે વજ્રસમાન, સત્પરુષોને સ્વર્ગ અને મોક્ષપુરીમાં પ્રવેશ કરવામાં રહેલા વિઘ્નોને દૂર કરનાર, મોહરૂપ અંધકારમય કૂવામાં સંકટમાં પડેલાઓને માટે હાથના - ટેકારૂપ અને સચરાચર જગતને માટે સંજીવન રૂપ અર્હતોનો મંત્રરાજ તમારું કલ્યાણ કરો.

ये केचनापि सुषमाधरका अनन्ता
उत्सर्पिणी प्रभुतयः प्रययुर्विवर्ताः ।
तेष्वप्ययं परतरः प्रथितप्रभावो
तव्ध्वाडभुमेव हि गता शिवमत्र लोखा : ॥

અર્થાત્ - જે કોઈ સુષમાદિ અનંત આરાઓ અને ઉત્સર્પિણ (અવસર્પિણી) વગેરે કાલચક્રો વ્યતીત થયા તે બધામાં પણ આ મંત્રરાજ પ્રખ્યાત પ્રભાવવાળો હતો. આ મંત્રને પ્રાપ્ત કરીને જ ભવ્ય લોકો મોક્ષમાં ગયા છે.

सेयाणं परं मंगलाणं च परममंगल ।
पुन्नाणं परमपुन्नं,फलं फलाणं परमरम्मं ॥

અર્થાત્ નવકાર સર્વ શ્રેયકર પદાર્થોમાં પરમ શ્રેયકર છે. સર્વ માંગલિકોમાં પરમ માંગલિક છે. સર્વ પુણ્યોમાં પરમ પુણ્ય છે અને સર્વ ફલોમાં પરમ સુંદર ફલ છે.

संडग्राम – सागर – करीन्द्र भुजङ्गःसिंह
दुर्व्याधि – वाह्नि – रिपु – बन्धनसम्मवानि ।
चौरग्रह – भ्रमनिशाचर – शाकिनीनां
नश्यन्ति पंचपरमेष्टिपदैर्मयार्नि ।

અર્થાત્ - પંચ પરમેષ્ઠિના પદો રણ - સંગ્રામ, સાગર, ગજેન્દ્ર, સર્પ, સિંહ, દુષ્પવ્યાધિ, અગ્નિ, શત્રુ અને બંધનથી ઉત્પન્ન થતા ભયો તથા ચોર, ગ્રહ, ભમ, રાક્ષસ અને શાકીનીના ભયો દૂર ભાગી જાય છે.

अय धर्मं : श्रेयानयमपि च देवो जिनपति
व्रतं चैतत् श्रीमानयमपि च य : सर्वफलदः
किमन्यैर्वागजालैर्बहुभिरपि संसारजलधौ
नमस्कारात्तत् त किं यदिह शुभरुपं न भवति ।

અર્થાત્ આ નવકાર કલ્યાણકારી ધર્મ છે, જીનેશ્વર દેવ પણ એ છે, વ્રત પણ એ છે અને જે સર્વ ફળોને આપે છે તે શ્રીમાન પણ એ છે બીજા ઘણાં વાક્ય પ્રયોગથી શું ? આ સંસારસમુદ્રમાં એવું શું છે કે જે આ નવકારમંત્રથી શુભરૂપ ન થતું હોય ? (આ સંસારમાં શુભરૂપ છે તે બધુ નવકારના પ્રભાવે જ થાય છે)

મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે નવકારમંત્રનું ભાવથી ચિંતન કર્યું હોય તો ચોર, જંગલી પ્રાણી, સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ અને રાજાનો ભય નાશ પામે છે.

બીજા ગ્રંથોમાં લખ્યું છે કે બાળકનો જન્મ થાય ત્યારે નવકાર સંભળાવવો તેથી તે જીવને ભવિષ્યમાં સારા ફળની પ્રાપ્તિ થાય. મરણ સમયે પણ નવકાર સંભળાવવો જે સાંભળવાથી શુદ્ધ અધ્યવસાય તથા સદ્ગતિ મળે. આપત્તિઓમાં નવકાર ગણવાથી આપત્તિઓ નાશ પામે છે ને ઋદ્ધિ - સિદ્ધિના પ્રસંગમાં પણ નવકાર મંત્રનું સ્મરણ કરવું જેથી ઋદ્ધિ સ્થિર રહેવાપૂર્વક વૃદ્ધિ પામે છે.

શાસ્ત્રમાં જણાવ્યું છે કે નવકારનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમનું પાપ બાળે, તેનું એક પદ ગણવાથી પચાસ સાગરોપમનું પાપ ઓછું થાય તેમ જ એક સંપૂર્ણ નવકાર પાંચસો સાગરોપમનું પાપ ખપાવે. જે ભવ્ય જીવ વિધિપૂર્વક શ્રી જીનેશ્વર ભગવંતની પૂજા કરી એક લાખ નવકાર મંત્ર ગણે તો તે શંકારહિત તીર્થંકર નામ કર્મ બાંધે જે જીવ આઠ ક્રોડ, આઠ લાખ; આઠ હજાર આઠસો ને આઠ (૮,૦૮,૦૮,૮૦૮) વાર નવકાર મંત્ર ગણે તો તે ત્રીજે ભવે મુક્તિ પામે છે.

મંત્રની ચૂલિકામાં જ શ્રી નવકારમંત્રનું મહાત્મ્ય બતાવતા કહ્યું. 'એસો પંચ નમુક્કરો, સવ્વપાવપ્પાણાસણો મંગલાણં ચ સવ્વસિં, પઢમં હવઈ મંગલં' એ પાંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે.

શ્રી સિદ્ધિસેન દિવાકર સૂરિ નમસ્કાર મહાત્મ્યના છઠ્ઠા પ્રકાશમાં મંત્રનું મહાત્મ્ય બતાવવા કહે છેઃ.

આ મંત્રનું ત્રિકાળ ધ્યાન ધરે છે તેને શત્રુ મિત્ર રૂપ થાય છે. વિષ અમૃતમય થાય છે, સર્વ ગ્રહો અનુકુળ થાય છે. બીજાએ પ્રયોગ કરેલા કોઈ મંત્ર તંત્ર યંત્રાદિક પણ તેનો પરાભાવ કરી શકતા નથી. તેની પાસે સિંહો શિયાળ જેવા થઈ જાય છે. હસ્તિઓ હરણ જેવા થઈ જાય છે. રાક્ષસો પણ તેની રક્ષા કરે છે, વિપત્તિઓ સંપતિને માટે થાય છે. જેના મનમાં નવકારમંત્રનું સ્મરણ છે તેને જળ, સ્થળ, સ્મશાન, પર્વત, દુર્ગ અને બીજા કષ્ટાકારી સ્થાનોમાં કષ્ટ આવી પડે તો પણ તે ઉત્સવરૂપે જ પરિણામે છે.

વળી વિધિપૂર્વક પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવાવાળો પુણ્યવાન પુરુષને, તિર્યંચ કે નરકગતિ પ્રાપ્ત થતી જ નથી. ચક્રવર્તી વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ વગેરેના ઐશ્વર્યની સંપદાઓ સુલભ થાય છે.

જ્યોતિષિદેવો, ચમરેન્દ્રદેવો, સૌધર્મેન્દ્ર દેવો, અહમિંદ્ર દેવોની સમૃદ્ધિ પંચપરમેષ્ઠિરૂપ કલ્પવૃક્ષના અંકુરો, પલ્લવો, કળીઓ કે પુષ્પો સમાન છે.

જે નમસ્કારરૂપી મોટા રથ પર આરૂઢ થાય છે તેઓ વિધ્નરહિત મોક્ષસ્થાને પહોંચી ગયા છે, પહોંચી જાય છે અને પહોંચી જવાના છે. જો આ મંત્ર અત્યંત દુર્લભ એવા મોક્ષને આપનારો છે તો પછી બીજા લૌકિક સુખો આપે તેમાં શું આશ્ચર્ય ?

સમુદ્રમાંથી અમૃતની જેમ, મલયાચલ પર્વત પરથી ચંદનની જેમ, દહીંમાંથી માખણની જેમ, રોહણાચલ પર્વત પરથી વજ્રરત્નની જેમ, આગમમાંથી ઉદ્ધરેલા, સર્વશ્રુતના સારભૂત અને કલ્યાણના નિધિ સમાન આ પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રને ધન્ય પુરુષો જ સેવે છે.

જેમ ઘરમાં આગ લાગે ત્યારે બુદ્ધિમાન પુરુષ દારિદ્રનો નાશ કરનાર મહારત્ન ગ્રહણ કરી લે છે તેમ જીવ, મરણસમયે પ્રાયે સર્વશ્રુતસ્કંધનું (સર્વ શાસ્ત્રોનું) ચિંતવન કરી શકતો નથી ત્યારે ધીર બુદ્ધિવાળો, દેદીપ્યમાન શુદ્ધ લેશ્યાવાળો જીવ દ્વદશાંગીના સારભૂત પંચ પરમેષ્ઠિ મંત્રનો એકાગ્ર ચિત્તે ધ્યાન ધરે છે જે તેને મંગળની પરંપરારૂપે થાય છે.

નવ સ્મરણોમાં પ્રથમ સ્થાન શ્રી નવકારને આપવામાં આવ્યું છે કારણ કે આ મંત્ર જૈન શાસનના સારભૂત ચૌદ પૂર્વમાંથી ઉદ્ધત કરેલો છે અને તેથી જ તે ચિંતામણી અને કામકુંભથી પણ અધિક ફળને આપનારો છે. વળી આ નવકારમંત્રના નવ પદમાં અષ્ટસિદ્ધિ સમાયેલી છે જે વ્યાકરણ ન્યાયે સાબિત કરી બતાવી છે ને શ્રદ્ધા અને વિધિપૂર્વક ગણવામાં આવે દરેક પદનું ધ્યાન ધરવામાં આવે તો સાધકને તે સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

પ્રકૃતમાં 'ન'નો 'ण' થાય છે તેથી નવકારમંત્રમાં 'નમો' ને બદલે 'ણમો' બોલાય છે. આ 'ણમાં' માં અણિમા સિદ્ધ પ્રાપ્ત થાય છે. 'ण', 'मां' 'उ' આ અક્ષરોના સંયોગથી 'णमो' શબ્દ બને છે તેથી આ અર્થ થાય છે કે ધ્યાન કરનાર મનુષ્ય 'ણકાર' સ્થાન બ્રહ્માંડમાં 'મા' અર્થાત લક્ષ્મી ભગવતીથી 'ઉ' અર્થાત્ અનુકંપાનું ધ્યાન ધરે છે તથા લક્ષ્મી ભગવતીનું રૂપ સૂક્ષ્મ છે તેથી ઉક્ત ક્રિયા કરવાથી જે પ્રકારે તેને અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે તેવી જ રીતે ણમો પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. તેનો 'णमा' પદમાં અણિમા સિદ્ધિ સમન્વિષ્ટ છે. (અણિમા સિદ્ધિ એટલે શરીર સોયના નાકામાંથી પણ પસાર થઈ શકે તેટલું સૂક્ષ્મ બનાવી શકવાની સિદ્ધિ)

'અરિહંતાણ' પદમાં મહિમા સિદ્ધિ સમાયેલી છે. અરિહંતાણં એ પ્રાકૃત પદનો સંસ્કૃત પર્યાય (એકાર્થ વાચક શબ્દ) 'અર્હતામ્' છે. 'अर्ह पूजायाम्' અથવા 'अर्हप्रशंसायाम्' એ ધાતુથી अर्हत् શબ્દ બને છે તેથી જેઓ પૂજા - પ્રશંસાને યોગ્ય છે તેઓને અર્હત કહે છે. પૂજા ને પ્રશંસાનો હેતુ મહત્ત્વ અર્થાત્ મહિમા છે. તાત્પર્ય એ છે મહિમાથી યુક્ત અરિહંતોનું ધ્યાન ધરવાથી 'મહિમા સિદ્ધિ' ની પ્રાપ્તિ થાય છે. 'अरिहंताण' પદમાં યોગીજનોની ક્રિયાની અનુસાર મહિમા સિદ્ધિ માટે આ ક્રિયાનો પ્રતિભાસ થાય છે. યોગીજન 'अ' અર્થાકંઠસ્થાનમાં સ્થિત ઉદાન વાયુ રે 'र' અર્થાત્ બ્રાહ્માંડસ્થાનમાં લઈ જાય છે. પછી 'ई' અર્થાત્ તાલુ - પ્રદેશમાં તેનો સંયમ કરે છે સાથે 'ह' અર્થાત્ અનુયનનો પ્રકાશ કરે છે અને 'ताण' અર્થાત્ દાંતોના મંડળ તથા ઓષ્ઠોને વિસ્તૃત રાખે છે. આ પ્રકારનો અભ્યાસ કરવાથી યોગીજનોને મહિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (મહિમા સિદ્ધિ એટલે પોતાનું રૂપ પર્વત કરતા પણ મોટું કરવાની સિદ્ધિ)

सिद्धाणं પદમાં ગરિમા સિદ્ધિ સમન્વિષ્ટ છે. 'सिद्धाणं' આખું પદ ગુરુમાત્રાઓથી બનેલું છે અને પોતાના સ્વભાવથી જ ગુરુભાવ એટલે ગરિમાનું સૂચક છે તેથી તેના ધ્યાનથી ગરિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (ગરિમા સિદ્ધિ એટલે ઇન્દ્ર મહારાજ પણ સહન ન કરી શકે તેવી ગુરુત્વકરણની સિદ્ધિ)

'आयरियाणं' પદમાં લઘિમાસિદ્ધિ સમાયેલી છે. આચાર્યે લોકમાં રહેલા જીવ સમુહ તરફ લાઘવસ્વભાવથી જોનારા છે તેથી તેમના ધ્યાનથી વઘિમાસિદ્ધિ પ્રપ્ત થાય છે. શિષ્યો આચાર્ય પાસેથી તેઓની સઘળી વિદ્યા જાણી લઈને પણ તેમની બરાબરી કરી શકતો નથી. પોતાને લઘુ માનવાથીજ તે આચાર્યના આશ્રમરૂપ પોતાના કર્તવ્યુનું પાલન કરી શકે છે. આચાર્ય સમસ્ત જગતના ગુરુ છે. સમસ્ત જગત લઘુ એટલે કે શિક્ષા લેવા યોગ્ય છે. આચાર્યનું

શિક્ષાદાનપણું પોતાને ગુરુ માનવાથી તથા જગતનું શિક્ષાગ્રહણપણું પોતાને લઘુ માનવાથી જ સંભવી શકે છે. આમ, લઘિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (લઘિમા સિદ્ધિ એટલે વાયુની લઘુતાને પણ આંબી જાય તેવી લઘુત્વકરણની સિદ્ધિ)

'उवज्झायाणं' પદમાં પ્રાપ્તિ સિદ્ધિ સમાયેલી છે. જેમની પાસે નિવાસ કરવાથી શ્રુતનો લાભ થાય તે ઉપાધ્યાય છે. અધ્યયન થાય છે. જેમના દ્વારા ઉપાધિ એટલે શુભવિશેષણાદિ પદવીની પ્રાપ્તિ થાય છે. આથી ઉપાધ્યાય પદના ધ્યાનથી 'પ્રાપ્તિ' સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી ઉપાધ્યાય પદનો પદચ્છેદ આ પ્રકારે થાય છે. उप, अधि, आय આ ત્રણ શબ્દોમાંથી 'उप' અને अधि એ બંને અવ્યવ છે. મુખ્ય પદ 'आय' છે તેનો અર્થ પ્રાપ્તિ થાય છે. તેથી 'उप' એટલે સામિપ્યકરણ વગેરે દ્વારા 'अधि' એટલે અંતઃકરણમાં ધ્યાન ધરવાથી જેની દ્વારા 'आय' એટલે પ્રાપ્તિ થાય છે તેઓને ઉપાધ્યાય કહે છે. આમ શબ્દર્થ દ્વારા જ સિદ્ધ થાય છે કે 'उवज्झायाणं પદના ધ્યાનથી પ્રાપ્તિસિદ્ધ પ્રાપ્ત થાયછે (પ્રાપ્તિ સિદ્ધિ એટલે ઊંચા પર્વતથી ટોચ પર રહી તળેટીને આંગળી વડે સ્પર્શવાની સિદ્ધિ)

'सव्वसाहूणं' પદમાં પ્રાકામ્યસિદ્ધિ સમાયેલી છે.

સાધુ પાંચ ઈન્દ્રિયોને કાબુમાં રાખી તેના વિષયમાં પ્રવૃત્ત નથી થતો. તેમને કોઈ જાતની કામના નથી હોતી. તેઓ સર્વથા પૂર્ણેચ્છાવાળા હોય છે. તેમનું ધ્યાન ધરવાથી પ્રકામ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. (પ્રકામ્ય સિદ્ધિ એટલે પાણી પર ચાલવાની સિદ્ધિ)

'पंचनमुक्करो' એ પદમાં ઈશિત્વસિદ્ધિ સમાયેલી છે. 'पंचं' શબ્દથી પંચપરમેષ્ઠિઓનું ગ્રહણ થાય છે. સર્વોત્તમ સ્થાન પર સ્થિર હોવાથી પરમેષ્ઠિ બધાના ઈશ એટલે સ્વામી છે. નમસ્કારર શબ્દ પ્રણામનો વાચક છે. તેથી ઈશિસ્વરૂપ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાથી ઈશિત્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે.(ઈશિત્વ સિદ્ધિ એટલે પોતાનુ તેજ તથા શોભા વધારવાની સિદ્ધિ)

'मंगलाण'એ પદમાં વશિત્વ સિદ્ધિ સમાયેલી છે. દશવૈકાલિક સૂત્રમાં લખ્યું છે.

धम्मो मंगलमुक्किट्ठं, अंसिसा संजमो तवो ।
देवावि ते नमंसंति, जस्स धम्मो सया मणो ॥

અહિંસા, સંયમ તથા તપરૂપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન ધર્મમાં તત્પર રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. ધર્મનું નામ મંગલ છે તેથી मंगलाणम् એ પદના ધ્યાનથી ધર્મનું ધ્યાન અને આરાધના થાય છે. આવા ધર્મની આરાધનાથી દેવો વશીભૂત થઈને પ્રણામ કરે છે તો પછી અન્ય પ્રાણીઓ વશીભૂત થાય તેમાં નવાઈ શી ? આમ, આ પદના ધ્યાની ((વશિત્વશિદ્ધિ) પ્રાપ્ત થાયછે. (વશિત્વ સિદ્ધિ એટલે ધાતકી તથા ક્રુર જીવો દર્શનમાત્ર થી શાંત થઈ જાય તેવું વ્યક્તિત્વ પામવાની સિદ્ધિ)

આમ, આ મહામંત્રના પદોના ધ્યાનથી આવી અષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

*વળી આ મંત્રનું ધ્યાન નીચે પ્રકરે કરવાથી કઠિન કર્મોના નાશ થાય છે.*

'णमो अरिहंताण' એ પદનું બ્રહ્માસ્કન્ધ્રમાં 'णमोसिद्धिणं' એ પદનું મસ્તકમાં, नमो आयरियाणं એ પદનું જમણાકાનમાં, 'णमोउज्झायाणं' એ પદનું ગર્દન્ ને માથી સંધિના પાછલા ભાગમાં 'णमो लोए सव्वसाहूणं એ પદનું ડાબા કાનમાં एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो मंगलाणं च सव्वेसिं, पढमं हलइ मंगलं એ ચારે પદનું જમણી બાજુથી સર્વે વિદેશાઓમાં પદમાવર્તનની સમાન ધ્યાન ધરવાથી મનની સ્થિરતા વધતા યોગ્ય પરિણામની પ્રાપ્તિ થાય છે.

શ્રી નવકારસ્તોત્રમાં મંત્રનો મહિમા વર્ણવતા લખ્યું છેઃ

આયઈપિ પટ્ટહજ્જીજેણયલઘેઈ આવઈસયાઈ
સિદ્ધિહિપિ પટ્ઠિજઇ જેણય જાઈ વિત્થાઈ

અર્થાત્ આપત્તિ સમયે આ મહામંત્રનું સ્મરણ કરવાથી આપત્તિઓમાંથી મુક્તિ મળે છે જ્યારે સુખાવસ્થામાં સ્મરણ કરવાથી સુખ, શાંતિ સમૃદ્ધિમાં વધારો થાય છે. (સુખદુઃખમાં સમુચિત આધારરૂપ) છે.

આ મંત્ર અપરાજિત છે.

અપરાજીત મંત્રોઽહું, સર્વ વિઘ્ન વિનાશન્
મંગલેષુ ચ સર્વેષુ, પ્રથમં મંગલં મનઃ

અર્થાત્ આ મંત્ર અપરરાજીત છે. સર્વ વિઘ્નોનો નાશકર્તા છે. સર્વ મંગલ કાર્યોમાં તેને પ્રથમ ગણવો જોઈએ.

એવી રુઢ માન્યતા છે કે જ્યાં બીજા મંત્રો સફળ ન નીવડે ત્યાં આ સર્વસિદ્ધિદાયક, પરમંગલદાયક મંત્ર કારગત નીવડે છે.

સમગ્ર દ્વાદશાંગી જાણનાર યોગ્ય વ્યક્તિને જેમ સંવેગ અને વૈરાગ્ય થાય તેમ દ્વારદશાંગીના સારરૂપ શ્રી નવકારની અનન્યભાવે થતી આરાધનાથી પણ સંયમ અને વૈરાગ્ય જાગે છે, વધે છે અને નિર્મળ બને છે.

શ્રુતજ્ઞાનમાં ચિત્તનો ઉપયોગ રાખવાથી કર્મની ભારે મોટી નિર્જરા થાય છે. તો શ્રી નવકાર એ તો શ્રુતરૂપી સાગરનું નવનીત છે એટલે તેના પ્રત્યેક અક્ષરમાં ઉપયોગ રાખવાથી આત્માનો સદ્ઉપયોગ થાય છે, ધર્મની પરિણતિ થાય છે. શુદ્ધ નિજસ્વભાવમાં રમણતા વધે છે. મન એ અરણિનું લાકડું છે. ઘર્ષણ કરવાથી સળગે તેમ આપણા મનને શ્રી નવકારના અક્ષરો સાથે ઘસવાથી તેમાંથી મહા મંગળકારી અગ્નિ પ્રગટે છે. જે કર્મોરૂપી કાષ્ટને બાળવામાં અજોડ છે. શ્રી નવકારના અક્ષરો સાથે મનને ઘસવું એકાગ્રતા અને ઉપયોગપૂર્વક અનન્ય ચિત્તે શ્રી નવકારનો જાપ કરવો.

શ્રી નવકારમંત્રમા પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી આત્મિક ગુણોની પ્રાપ્તિ થાય છે. શ્રી અરિહંત પ્રભુથી માર્ગની પ્રાપ્તિ થાય છે, શ્રી સિદ્ધ પરમાત્માથી અવિનાશીપણું પ્રાપ્ત થાય છે. શ્રી આચાર્યભગવંતની સેવાથી આચાર આવે, શ્રી ઉપાધ્યાય ભગવંતોની ભક્તિથી વિનય ગુણ આવે, શ્ર સાધુ ભગવંતની સેવાથી પરને સહાય કરવાનો ગુણ આવે.

શ્રી નવકારમંત્રની આરાધનાથી અનાદિ-કાલીન બહિર્વૃત્તિઓ નાબૂદ થાય છે, અંતવૃત્તિ સન્મુખ થવાય છે. આમ નિર્વિકલ્પ બનાતાની સાથે જ અંદર બધી શક્તિ પ્રગટ થવા લાગે છે. આત્મા નિજાનંદમાં મસ્ત બને છે ને આત્મસન્મુખતા પ્રાપ્ત થાય છે.

શ્રી નવકાર એ નિશ્ચય રત્નત્રયીનું પ્રતીક છે. નમસ્કાર મહાત્મયમાં મોક્ષમાર્ગને બતાવનાર અરિહંત, મોક્ષને પ્રાપ્ત કરનાર સિદ્ધ અને મોક્ષમાર્ગને આચરનાર આચાર્યાદિ સાધુભગવંતો રહેલા છે. એ રીતે આ મહામંત્રમાં મોક્ષના પ્રણેતા, મોક્ષસુખના ભોક્તા અને મોક્ષના સાધક આ ત્રણેયનો સુમેળ હોવાથી આ મહામંત્ર મોક્ષમાર્ગની પૂર્ણતા આપે છે.

શ્રી નવકારમંત્રમાં રહેલા પંચપરમેષ્ઠિ એવા પદો છે કે જે પદને તેનો આરાધક પણ યથાર્થ આરાધના દ્વારા પ્રાપ્ત કરી શકે છે ને પૂજ્યતાને પામી શકે છે. આ વાતમાંથી એ પ્રકાશ પ્રાપ્ત થાય છે કે આત્મદષ્ટિથી કોઈ જીવ નાનો કે મોટો નથી, કર્મમુક્ત અવસ્થા સર્વજીવો પ્રાપ્ત કરી શકે છે. નમસ્કાર મહામંત્રનું મહાત્મ્ય એ છે કે, તે સર્વજીવોને,

પુરુષાર્થ દ્વારા પરમેષ્ઠિપદ પ્રાપ્ત કરવાની પાત્રતા વાળા માને છે. નમસ્કાર મહામંત્રમાં આત્માનું ખરું સ્વતંત્ર પ્રદર્શિત થયેલું જોવા મળે છે. તે માત્ર મનુષ્યને માટે નહીં પણ દરેકે દરેક આત્મા માટે બિનસાંપ્રદાયિક છે.

વળી, આ મંત્રની આરાધના કરવાથી જેમને સિદ્ધિપદ પ્રાપ્ત કર્યાં છે તે અરિહંતો. વર્તમાનના ઉત્કૃષ્ટ ૧૭૦ તથા જઘન્ય ૨૦ તથા ભવિષ્યમાં થનાર શ્રી અરિહંતોને નમસ્કાર થાય છે. વળી, અતીતકાળના અનેક સિદ્ધ ભગવાન, વર્તમાનકાળમાં એક સમયમાં થનાર ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધભગવત તથા ભવિષ્યમાં થનાર અનંત સિદ્ધોને નમસ્કાર થાય છે. વળી, દરેક ક્ષેત્રોમાં રહેલ કેવળજ્ઞાની તથા છદ્મસ્થ મુનિ ભગવંતો તથા ભવિષ્યમાં થનાર અનંત આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુભગવંતોને નમસ્કાર થાય છે. આ નમસ્કાર અનેક કર્મોની નિર્જરા કરી શુદ્ધ દષ્ટિ આપનાર બને છે.

સાધુ, ઉપાધ્યાયજી, આચાર્યમહારાજ અને સિદ્ધ ભગવંતને કરેલો નમસ્કાર અનુક્રમે ક્રોધ, માન, માયા, ને લોભ આ ચાર કષાય પર વિજય પ્રાપ્ત કરાવે છે. नमो लोए सव्वसाहूणं આ પદથી ક્રોધ જીતવાનું બળ પ્રાપ્ત થાય છે. ભાવ સાધુતાને અપનાવાવાળા મુનિ નિરંતર ક્ષમાનો આશ્રય લઈ ક્રોધને જીતવામાં કટીબદ્ધ રહે છે. આવા ક્ષમાશીલ સાધુનું અંતરંગ સામર્થ્ય પ્રભાવકારી બને છે. એમના સાન્નિધ્યમાં જાતિગત વેર રાખવાવાળા પ્રાણીઓ પણ વેરને ભૂલી જાય છે. આવા સાધુને ભાવપૂર્વક જે નમસ્કાર કરે છે તેનામાં પણ ક્ષમાનો ગુણ પ્રાદુર્ભાવ થાય છે અને ક્રોધ પર વિજય પ્રાપ્ત કરે છે.

'नमो उवज्झायाणं' એ પદથી માન નામનો બીજા કષાય જીતી શકાય છે. ઉપાધ્યાય સ્વયં વિનયગુણથી યુક્ત હોય છે. વિનયશીલ ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર કરનારમાં માન યા અભિમાન ટકતુ નથી. તે અધિકાધિક નમ્ર બની માન પર વિજય પ્રાપ્ત કરે છે.

'नमो आयरियाणं' પદથી માયાચાર દૂર થાય છે. પ્રાપ્ત શક્તિને છૂપાવવી, ગુપ્ત રાખવી અર્થાત્ તેનો ઉદ્‌ઉપયોગ ન કરવો તેને માયાચાર કહેવાય છે. સદાચારની ક્રિયા ઓમ સંલગ્ય/ તલ્લીન રહેવાવાળા આચાર્ય પોતાનું બળ જરા પણ ગોપવતા નથી. આવા આચાર્યાાાનાો નમસ્કાર કરવાથી સંભવનીય ક્રિયામાં પરાકારામની સુગંધ ફેલાવવાનું બળ મળે છે. માયાચારનો દોષ ટળતા સરળતા નામનો ગુણ પ્રગટે છે.

'नमो सिद्धणं' એ પદ સાંસારિક લોભને દૂર કરવાવાાળો છે. સિદ્ધ ભગવાનની અનંત ઋદ્ધિના દર્શન કર્યાં પછી સાંસારિક ઋદ્ધિનો લોભ રહેતો નથી. સાંસારિક લોભ ટળવાથી સંતોષવૃત્તિ પ્રગટ થાય છે. આમ સિદ્ધપદ પણ મહા ઉપકારી છે.

સાચે જ આ મહામંત્રનો પ્રભાવ વચનાતીત છે, અતિંત્ય છે. ગુણ પ્રાપ્તિનું લક્ષ રાખી એની ઉપાસના કરવાથી આ મહામંત્ર ભવ્યાત્માઓને આ જ જીવનમાં કષાય પર વિજય અપાવે છે અને જીવનમુક્ત દશા પ્રાપ્ત કરાવી મુક્તિસુખનો અનુભવ કરાવે છે.

જૈન શાસનમાં નમસ્કાર મહામંત્રને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. એનું મહાત્મ્ય બતાવતા શ્રી નવકાર બૃહદ ફળ પ્રકરણમાં લખ્યું છે :

सुचिरपि तवो तवियं, चंत्र तरणं सुधं बहु पढिए ।
*जइ ता न नमुक्कारो रइ, तओ ते गयं विरल ॥*

અર્થાત્ - લાંબા કાળ સુધી તપને તપ્યા, ચારિત્રને પાળ્યું તથા ઘણા પણ શાસ્ત્રોને ભણ્યા, પણ જો નવકારને વિશે રતિ ન થઈ તો સઘળું નિષ્ફળ ગયુ જાણવું.

ચતુરંગ સેનાને વિશે જેમ સેનાની મુખ્ય છે તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી ચતુરંગ આરાધનાને વિશે નવકાર એ મુખ્ય છે અથવા નવકારૂપી સારથીથી હંકારાયેલા અને જ્ઞાનરૂપી ઘોડાઓથી જોડાયેલા જે તપ, નિયમ તથા સંયમરૂપી રથ તે જીવને મુક્તિરૂપી નગરીએ પહોંચાડવાને સમર્થ થઈ શકે છે. આથી સર્વ આરાધનામાં નવકારની આરાધના મુખ્ય ગણવામાં આવે છે. 'નવલાખ જપતા નરક નિવારે' આદિ અનેક સુભાષિતો નવકારની શ્રેષ્ઠતાને સાબિત કરવા માટે પ્રમાણરૂપ છે.

કાલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રચાર્યસૂરિએ શ્રી નવકારમંત્રના મહાત્મ્યને વર્ણવતો અપૂર્વશ્લોક ટાંકતા લખ્યું :

कृत्वा पापसहस्त्राणिं, हत्वाजन्तुशतान्यपिं।
अमुं मन्त्र समाराध्य, तिर्यग्वोपि दिवं गता : ॥

અર્થાત્ - હજારો પાપો અને સેંકડો હત્યાઓને કરનારા તિર્યંચો પણ આ મંત્રને સમ્યક્ આરાધીને મોક્ષે ગયા છે.

વળી કહ્યું છે કે :

थंभइ जल स्लणं, वित्तियमत्तोव पंचनमोकारो।
अरिं -मारिं - चोर - राउल धरुवसग्गे पणसेइ ॥

ચિંતન કરવા માત્રથી પંચનવકાર જળ અને અંગ્નિને થંભાવે છે તથા શત્રુ, મરકી, ચોર તથા રાજ્ય સંબંધી ઘોર ઉપસર્ગોનો નાશ કરે છે.

શ્રી નવકારનો જાપ કરવાથી આત્મામાં શુભ કર્મોનો આશ્રય થાય છે. અશુભ કર્મોનો સંવર થાય છે. પૂર્વ કર્મની નિર્જરા થાય છે. લોકસ્વરૂપનું જ્ઞાન થાય છે. સુલભ બોધિપણું મળે છે અને શ્રી સર્વજ્ઞકથિતિ ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુંબંધપુણ્ય ઉપાર્જિત થાય છે.

મહામંત્રનું પારમાર્થિકફળ એવું છે કે જેથી સર્વ કર્મોનો ક્ષય થઈ જાય. એમ કહેવાય છે કે મહામંત્રનું અનુષ્ઠાન સંપૂર્ણ અને વિધિયુક્ત ન થયું હોય તો પારમાર્થિક ફળ કદાચ તે જ ભવે ન મળે તો પણ બીજા ભવમાં તેને સદ્ગતિ પ્રાપ્ત થાય છે અથવા 'शुचीतां श्रीमंता गेहे' જન્મ થાય પણ પાપી મનુષ્ય કે તીર્યંચ તરીકે તેનો પુનર્જન્મ ન જ થાય. આમ, મહામંત્રનું અનુષ્ઠાન બીજા જન્મે ઉપર્યુક્ત પારમાર્થિક ફળની પ્રાપ્તિ માટે એક પૂર્ણ તૈયારીરૂપ પણ છે.

મહામંત્રના જાપ વડે માણસને સદાચારી જીવનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. એટલે જરૂરિયાતો પૂર્ણ થવા માટે નડતા અંતરાયો દૂર થાય છે. એટલે તેને આ જન્મમાં પણ યોગ્ય અર્થપ્રાપ્તિ થાય છે. બીજું કામપ્રાપ્તિ એટલે પંચેન્દ્રિયના વિષયોની પ્રાપ્તિ થાય છે. આ કામપ્રાપ્તિ ધર્મ અને નીતિના પાલન પૂરતી જ હોય. તદ્ઉપરાંત મહામંત્રનો જાપ આરોગ્યપ્રદ છે. આરોગ્ય પણ ધર્માચરણનું એક સાધન ગણાય છે. અભિરતિ અથવા ચિરશાંતી પણ મંત્રજપનું ફળ ગણાય છે.

વળી, શ્રી નવકારમંત્ર અહંકારનો નાશ કરે છે. પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી અહંભાવ વિલિન થાય છે. નમોની સાધનાથી નમ્ર બનાય છે. નવકારના નવ પદ નવનિધિ આપે છે :

૧. નૈસર્પનિધિ ૨. પાંડુકનિધિ ૩. પિંગલકનિધિ ૪. સર્વરત્નનિધિ ૫. મહપદ્મનિધિ ૬. કાલનિધિ ૭. મહાકાલનિધિ ૮. સંખનિધિ

નવકારમંત્રનો વિરાટ મહિમા બતાવતા કહ્યું કે શ્રી નવકારા મહામંત્રએ કલ્યાણ કલ્પતરૂનું અવંધ્ય બીજ છે. સંસારરૂપી હિમગિરીના શિખરો ઓગાળવા માટે પ્રચંડ સૂર્યતુલ્ય છે. પાપાભૂજંગોને વશ કરવા માટે ગરૂડ પક્ષી છે.

દરિદ્રતાના કંદને મૂળમાંથી ઉખેડી નાખવા માટે વરાહની દાઢા છે. સમ્યકત્વ રત્નને ઉત્પન્ન થવા માટે રોહણાચલની ધરતી છે. સુગતના આયુષ્યબંધરૂપી વૃક્ષોનો પુષ્પોદગમન છે અને વિશુદ્ધ એવા સદ્ધર્મની પ્રાપ્તિનું ચિન્હ છે.

જેઓની હૃદયરૂપી ગૂફામાં નવકારરૂપી કેશરીસિંહ નિરંતર રહેલો છે તેઓનો આઠ કર્મોની ગાંઠરૂપી હાથીઓનો સમૂહ સમસ્ત પ્રકારે નાશ પામેલો છે.

सिंहनेव मधान्धगन्दकारणो, नित्रांशुनेव क्षपाा
ध्वान्तै विद्यनेव, तापततय: कन्य द्रणेवााडडयय:
तायेणेव फजामृतौ धनकदम्बेनेव दावाग्नय
सत्वानां परमेष्ठिमंत्रमहसााा कलान्ति नौपद्रका:

સિંહથી જેમ મંદોમ્ત ગંધહસ્તીઓ, સૂર્યથી જે પાત્રિ સંબંધી અંધકારના સમૂહો, ચંદ્રથી જેમ પાપસંતાપના સમુદાયો, કલ્પવૃથી જેમ મની ચિંતાઓ, ગરૂડથી જેમ સર્પો અને મેધસમુદાયથી જેમ એરણ્યના દાવાનળો શાંત થાય છે તેમ *શ્રી પંચપરમેષ્ઠિના તેજથી પ્રાણીઓનો ઉપદ્રવ નાશ પામે છે.*

વિવિધ શ્લોક તથા વિવિધ વિધાનો દ્વારા મહામંત્ર નવકારના પ્રભાવ અને મહાત્મ્ય વિશે ચર્ચા કરતા એક પ્રશ્ન ઊભો થાય કે ઐહિક જીવનમાં મહામંત્રકેવી રીતે ફળ આપી શકે ? કેમકે અર્હત્ ભગવંતો અને સિદ્ધાત્માઓ તો આ જગત પર વિદ્યામાન નથી અને જગતની ઘટનામાં તેમને કશો રસ નથી. તેઓ ભક્તની પ્રાર્થનાથી આદ્ર બનીને ભક્તને યાચિત વસ્તુઓ આપતા નથી. વળી આચાર્ય, ઉપાધ્યાય ને સાધુઓ ભક્તોની વચ્ચે રહેતા હોય તો પણ તેઓ ઐહિક વાસનાની તૃપ્તી અર્થે વરદાનો આપતા નથી. આમ જે ઐહિક સુખો માટે દરેક પ્રાણી આતુર છે, તે પ્રત્યે આ પંચપરમેષ્ઠિ ઉદાસીન છે. તો મહામંત્રથી આ ફળ કેવી રીતે પ્રાપ્ત થાય ? આનો જવાબ આપતા જૈનો કહે છે કે જૈનદર્શન ઇશ્વરના કૃપાવાદમાં માનતો નથી. તેમ છતાં આ પંચપરમેષ્ઠિનું પૂજન સ્તવન, આરાધન જે કોઈ કરે છે તેનો જરૂર ઉદ્ધાર થાય છે. જેમ અગ્નિ પાસે જનારની ઠંડી ઊડી જાય છે. વૃક્ષ પાસે જનારનું તાપનું દુઃખ દૂર થાય છે તેમાં અગ્નિ કે વૃક્ષ કારણભૂત નથી હોતુ કિન્તુ એ વસ્તુઓના સ્વભાવ જ પોતાનું કાર્ય કરે છે. પંચપરમેષ્ઠિના ધ્યાનથી આપોઆપજ કર્મોની નિર્જરા થાય છે. ઐહિક સુખ મળવામાં આવતા વિઘ્નો નાશ થાય છે ને ખરૂ ફળ તો એ મળે છે કે પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરનારની બુદ્ધિ નિર્મળ થતાં ઐહિક સુખો માટેની તેની તૃષ્ણા પણ ક્ષય પામે છે.

# પ્રકરણ - ૮

# મહામંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ

# પ્રકરણ - ૮

## શ્રી નવકારમંત્રનું વૈજ્ઞાનિક વેશ્લેષણ

વર્તમાનયુગ વૈજ્ઞાનિક યુગ છે. વૈજ્ઞાનિકયુગમાં અનુભવાત્મક જ્ઞાનને જ સ્વીકાર્ય ગણાય છે. શ્રદ્ધા, ચમત્કાર ઇત્યાદિની આ યુગ ઉપેક્ષા કરે છે. કેટલોક બુદ્ધિજીવી વર્ગ આ વિષયો પ્રયત્યે પૂજ્યાભાવ રાખે છે પણ છતાંય તેઓ તેમને વાસ્તવિક જીવનથી અલગ ને અલાયદા રાખે છે. 'શ્રી નવકારમંત્રનું વિશ્લેષણ' આ પ્રકરણ ઉમેરવાની જરૂર એટલે પડી કે તે દ્વારા પ્રસ્થાપિત કરવું છે કે શ્રી નવકારમંત્ર એ માત્ર શ્રદ્ધ કે ચમત્કાર નથી. તેની સાધના દ્વારા તેના પરિણામોને અનુભવી શકાય છે. તેમાં સંપૂર્ણ વાસ્તવિકતાના દર્શન કરી શકાય છે ને આથી કેટલાકઆધુનિક ચિંતકોએ આ મંત્રમાં રહેલા વૈજ્ઞાનિકતાને પણ દર્શાવી છે. ભારત વર્ષ હંમેશા પોતાના પ્રાચીન સંસ્કૃતિનું સન્માન કરે છે, તેથી આધુનિક તત્ત્વજ્ઞો મંત્રની પ્રાચીન, શાસ્ત્રીય વ્યાખ્યાઓનું સન્માન કરે છે. સ્વીકારે છે. સન્માને છે. પરંતુ યુગ-પરિર્વતન સાથે યુગની સાથે રહેવા મંત્રની પ્રાચીન શાસ્ત્રીય વ્યાખ્યાઓમાં રહેલી વૈજ્ઞાનિકતાને ચોક્કસ રીત ઉપસાવી મંત્રનું વૈજ્ઞાનિક વિશ્વલેષણ કરે છે, જે નીચે પ્રમાણે છેઃ

જે વ્યક્તિત્વ શક્તિ ચેતના અને આનંદ આ ત્રિપુટીથી સંપન્ન હોય તે જ વ્યક્તિત્વ પૂર્ણ વ્યક્તિત્વ કહેવાય. માનવીમાં શક્તિ છે પરંતુ શક્તિથી વિશેષ તેનામાં ચેતનાનો વિકાસ છે, ને તેથી પોતાની અલ્પશક્તિનો ઉપયોગ એ પ્રકારે કરે છે કે પોતાનાથી પ્રચંડ શક્તિશાળી જાનવરોને પણ નિયંત્રણમાં લઈ તેમની પાસે ધાર્યું કામ કરાવે છે. શક્તિની અપેક્ષાએ બુદ્ધિ મોટી હોય છે, બળવાન હોય છે. बुर्घिर्यस्य बलं तस्य જેની પાસે બુદ્ધિ છે તેની પાસે બળ છે. આમ, માનવી પાસે શક્તિ છે. ચેતના છે પણ ત્રીજી વસ્તુ 'આનંદ' નથી. માનવી પોતાની ચેતનશક્તિનો સમ્યગ્ ઉપયોગ કરવાનું જાણતો નથી. પોતાની આ શક્તિનો ઉપયોગ કરી પોતે પણ ઉદ્વેગ અનુભવે છે અને બીજાને પણ ઉદ્વેગ કરાવે છે ને તેથી આનંદ નો અનુભવ કરતો નથી ને તેનું વ્યક્તિત્વ અધૂરું રહી જાય છે. આથી એવા કોઈ માધ્યમની જરૂર પડે છે કે જે આ શક્તિને યોગ્ય દિશામાં પ્રવાહિત કરી આનંદ પ્રાપ્ત કરાવે. એવી ઉર્જાની જરૂર છે જે શક્તિઓનું દિશાંતરણ કરાવે. માનવીના ભાવમંડળને શુદ્ધ કર આભામંડળને તદ્દન વિશુદ્ધ બનાવે, માનવીમાં રહેલીકૃષ્ણ - નીલ - કાપોત લેશ્યાને રેચન દ્વારા તેજો - પદ્મ - શુદ્ધ લેશ્યામાં પરિવર્તિત કરી તેના સમગ્ર વ્યક્તિત્વને આનંદથી ભરી દે. માનવીમાં રહલ આ ચેતનાશક્તિને મૂર્છિત અવસ્થામાંથી જાગૃત કરનાર મુખ્ય ત્રણ માધ્યમ છે : ૧) ધ્યાન ૨) તંત્રશાસ્ત્ર ૩) મંત્ર. ધ્યાનથી ચૈતન્યકેન્દ્રો જાગૃત બને છે. તેનાથી ભાવ નિર્મળ રહે છે. જે વિચારને શુદ્ધ કરે છે. જ્યારે તંત્રશાસ્ત્રો, ચેતનાના વિકાસના, ઈન્દ્રિયજયતા, જ્ઞાનશક્તિઓના અનેક પ્રયોગો આપ્યા છે. જ્યારે મંત્ર એ ભાવોને બદલવાનું એક અત્યંત શક્તિશાળી સાધન છે. મંત્ર એટલે 'શબ્દ' મંત્ર પ્રયોગ એટલે 'શબ્દ પ્રયોગ' તન અને મન સાથે મંત્રનો ઘણો મોટો સંબંધ છે. મંત્રના શબ્દો માનવીની ચેતનાશક્તિને સ્પર્શે છે અને તેના સ્પર્શથી ચેતનાશક્તિ જાગૃત રહે છે. યોગ્ય દિશામાં વહેવા લાગે છે અને માનવીના અસ્તિત્વને આનંદથી ભરી દઈ તેને પૂર્ણ વ્યક્તિત્વ પ્રાપ્ત કરાવે છે. મંત્રના શબ્દો માનવીના ભાવતંત્રને આંદોલિત કરી તેને નિર્મળ બનાવે છે. મંત્ર ચેતનાનું ઉર્ધ્વારોહણ કરે છે. મંત્રસાધના એટલે, માનવી એક સેતુ પર ઊભો રહીને ચેતનાશક્તિની બંને બાજૂનું (ઊર્ધ્વ-અર્ધો) નિરીક્ષણ કરી બંનેના પરિણામોની સમાલોચના કરી નિર્ણય કરે કે કઈ તરફ જવું મારા હિતમાં છે. મંત્રસાધનાથી માનવી પોતાની સંજ્ઞાઓને તોડે છે. મૂર્છાને પરાજીત કરે છે ને વૃત્તિઓને બદલે છે.

મંત્રજાપના અભ્યાસથી રજોમળ - તમોમળ દૂર થાય છે. ઈડા પિંગળા થંભી જાય છે. સુષુમ્ણા ખૂલે છે, પ્રાણશક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ ઉર્ધ્વગમન કરે છે. આ અવસ્થામાં અનાહતનાદના અનુભવનો આરંભ થાય છે. તેને મંત્ર ચૈતન્યનો ઉન્મેશ કહેવાય છે. મંત્ર વડે ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનની એકતા થાય છે. જેથી સંપલ્પવિકલ્પ સમી જાય છે ને પરમઆનંદ પ્રાપ્ત થાય છે.

મંત્રની આ વૈજ્ઞાનિક વ્યાખ્યા મંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ દર્શાવે છે. અહીં આપણે શ્રી નવકારમંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવું છે તેથી વ્યક્તિગત રીતે આ મંત્ર ઉપરયુક્ત બધી જ વૈજ્ઞાનિક પ્રક્રિયા કરે જ છે. પરંતુ તે ઉપરાંત તે મહામંત્ર હોવાથી, વિશિષ્ટ મંત્ર હોવાથી સાધકને ઉપરયુક્ત અનુભવ ખૂબ જ ટૂંક સમયમાં થાય છે. સાધકના વિકલ્પો, કષાયો તેની આરાધનાથી શમી જાય છે. ચિત્તની ચંચળતા દૂર થાય છે. બુદ્ધિનું ઉર્ધ્વારોહણ થાય છે. ચિત્ત શાંત થઈ જાય છે. તેનું વ્યક્તિત્વ પૂર્ણતાને પામે છે. વર્તમાનમાં પણ જોવા મળે એવા નવકારમંત્રના સાધકો છે કે જેમના મુખ પર એક પરમ તેજ, શાંતિ અને દિવ્યતા જોવા મળે છે. પૂ. પન્યાસ ભદ્રંકરવિજયજી આવા સાધક હતા ને તેમના માર્ગદર્શન પ્રમાણે શ્રી નવકારની આરાધના કરનાર સાધક જીવો આજે પણ એવા જોવા મળે છે કે જેમનું વ્યક્તિત્વ એવું વિકસેલું હોય કે તે પૂર્ણપણે વિકસિત માનવ લાગે.

શ્રી નવકારમંત્રનો મન પર શો પ્રભાવ પડે છે. તે મનો વૈજ્ઞાનિક દષ્ટિથી એક વિચારણીય પ્રશ્ન છે. આ મંત્રને સર્વકાર્યસિદ્ધિપદ કહેવામાં આવ્યો છે તો આ મંત્રથી આત્મિક શક્તિનો વિકાસ શી રીતે થાય છે ? મનોવિજ્ઞાન માને છે કે માનવીની દ્રશ્યક્રિયાઓ તેના ચેતન મનમાં અને અદશ્ય ક્રિયાઓ અચેતન મનમાં થાય છે. મનની આ બંને ક્રિયાઓને 'મનોવૃત્તિ' કહેવાય છે. સામાન્ય રીતે 'મનોવૃત્તિ' શબ્દ ચેતન મનની ક્રિયાઓ બતાવવા માટે થાય છે. પ્રત્યેક મનોવૃત્તિના ત્રણ અંશો છે જ્ઞાનત્મક સંવેદનાત્મક અને ક્રિયાત્મક આ ત્રણે અંશ એકબીજા છૂટા પાડી ન શકાય તેવા છે. માણસને જે કાંઈ જ્ઞાન થાય છે તેની સામે સંવેદના અને ક્રિયાત્મક ભાવ અનુભાવાય છે. નવકાર મહામંત્રના સ્મરણથી જ્ઞાનાત્મક મનોવૃત્તિ ઉત્તેજિન બને છે. તેથી તેની સાથે અભિન્ન રૂપથી સંબદ્ધ 'ઉમંગ' સંવેદનાત્મક અનુભૂતિ અને 'ચારિત્ર' નામક ક્રિયાત્મક અનુભૂતિને ઉત્તેજન મળે છે. તાત્પર્ય એ કે માનવમગજમાં જ્ઞાનવાહી એ ક્રિયાવાહી બે પ્રકારની નાડીઓ હોય છે. આ બંને નાડીઓને સંબંધ છે પરંતુ બંનેના કેન્દ્ર જુદા છે. જ્ઞાનવાહી નાડીઓના કેન્દ્રને મગજ (જ્ઞાનકેન્દ્ર) માનવામાં આવે છે. માનવના જ્ઞાનવિકાસ માટે, જ્યારે ક્રિયાવાહી નાડીઓનું કેન્દ્ર ક્રિયાકેન્દ્ર તેના ચારિત્રના વિકાસ માટે કામ કરે છે. ક્રિયાકેન્દ્ર અને જ્ઞાનકેન્દ્રનો ઘનિષ્ઠ સંબંધ હોવાથી શ્રી નવકારમંત્રની આરાધના વડે (ચિંતન - સ્મરણ વડે) જ્ઞાન કેન્દ્ર અને ક્રિયાકેન્દ્રનો સમન્વય થાય છે. તેથી માનવમન સુદઢ બને છે અને તેને આત્મિક વિકાસની પ્રેરણા મળે છે.

મનુષ્યનું ચારિત્ર તેના સ્થાયીભાવોનો સમુચ્ચય માત્ર છે. જે મનુષ્યના સ્થાયીભાવો જે પ્રકારના હોય છે તેનું ચારિત્ર પણ તે પ્રકારનું હોય છે. મનુષ્યનો પરિમાર્જિત અને આદર્શ સ્થાયીભાવ જ હૃદયની અન્ય પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. જે મનુષ્યનો સ્થાયીભાવ સુનિયંત્રિત નથી અથવા જેના મનમાં ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધારૂપ સ્થાયીભાવો ઉદીપિત થયા નથી તેનું વ્યક્તિત્વ અને ચારિત્ર સારા હોતા નથી. દઢ અને સુંદર ચારિત્ર બનાવવા માટે એ આવશ્યક છે કે માણસના મનમાં ઉચ્ચ આદર્શો પ્રત્યે સ્થાયીભાવ હોવો જોઈએ. ટૂંકમાં આપણને પરિમાર્જિત અને વિકસિત કરવા માટે કેવળ વિવેક પ્રાપ્ત કરવો પૂરતો નથી પણ સાથે સાથે સ્થાયીભાવોને સુદઢ એવા સ્થાયીભાવોની ઉત્પત્તિ થાયછે. જેમ જેમ આ મહામંત્રની ભાવના મનામાં સ્થિર બનશે તેમ તેમ સ્થાયીભાવોનો સુધારો થશે જ, જે માણસના ચારિત્રિકાસમાં સહાયરૂપ થાય છે.

આ મહામંત્રના મનન, સ્મરણ ચિંતન અને ધ્યાનથી પૂર્વાજિત કાષાયિક ભાવોમાં અવશ્ય પરિવર્તન થાય છે. મંગલમય આત્માઓના સ્મરણથી મન પવિત્ર થાય છે. માનસિક ઉદ્વેગ, વાસના, માનસિક વિકાર, પાશવિક પ્રવૃત્તિઓ દૂર થાય છે. મનોવિજ્ઞાન માને છે કે મનુષ્યમાં ભોજન, શોધવું, દોડવું, લડવું, ઉત્સુકતા, રચના, સંગ્રહ વિકર્ષણ, શરણાગત થવું, કામપ્રવૃત્તિ શિશુરક્ષા,બીજા પર પ્રેમ, આત્મપ્રકાશન, વિનીતતા અને હાસ્ય આ ચૌદ મૂલવૃત્તિઓ સહજ રીતે દેખાય છે (instincts) આ વૃત્તિઓનું અસ્તિત્વ સંસારના સર્વ પ્રાણીઓમાં દેખાય છે પરંતુ મૂળવૃત્તિઓમાં મનુષ્યની વિશેષતા એ છે કે એ આ મૂલવૃત્તિઓમાં સમુચિત પરિવર્તન કરી શકે છે. કેવળ મૂળવૃત્તિઓથી સંચાલિત જીવન અસભ્ય અને પાશવિક ગણાશે - કહેવાશે. માટે મનુષ્યની મૂલવૃત્તિઓમાં દમન (repression) વિલંબન (inhibition) માર્ગાન્તરીકરણ (redirection) અને શોધન (sublimition) ચાર પરિવર્તનો મનુષ્ય કરી શકે છે. મૂલવૃત્તિઓના પ્રકાશન પર આ ચારથી નિયંત્રણ આવે છે જે, મનુષ્ય માટે લાભદાયી છે. નવકારમંત્રના આદર્શ વડે માનવની આ મૂલવૃત્તિઓનું દમન સરલ અને સ્વાભાવિક રીતે થાય છે. મહામંત્રના સ્મરણ, ચિંતન ને ધ્યાન વડે મન પર એવા સંસ્કારો પડે છે. જન્મજાત સ્વભાવમાં પરિવર્તન આવતું જાય છે. જ્ઞાનાર્ણવમાં આચાર્ય શુભચંદ્રે બતાવ્યું છે કે મહામંગલ વાક્યોની વિદ્યુતશક્તિ આત્મામાં એવા પ્રકારનો શોક (કરંટ શક્તિ) આપે છે કે જેથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહજન્ય સંજ્ઞાનો સહેલાઈથી પરિષ્કૃત કરાય છે. વળી મૂળવૃત્તિઓનું પરિવર્તન વિલયનથી પણ બે પ્રકારે થાય છે નિરોધથી અને વિરોધથી. વિરોધથી મૂલવૃત્તિઓને ઉત્તેજીત થવાનો અવસર જ ન આપવો. ધાર્મિક આસ્થા વડે વ્યક્તિ વિકારી વૃત્તિઓને અવરૂદ્ધ કરી તેનો નાશ કરી શકે છે. વિરોધથી વિલયન એ રીતે થાય છે કે નવકારમંત્રના સ્મરણથી શુભવૃત્તિ એવી ઉત્પન્ન થાય છે કે જેનાથી વિરોધી એવી અશુભ વૃત્તિ (મૂલવૃત્તિ)નો નાશ કરે છે. માર્ગાન્તિકરણમાં શ્રી નવકારનું ધ્યાન માનવીને શુભધ્યાનમાં સ્થિર કરી નિરર્થક ક્રિયાઓથી દૂર રાખે છે. મૂળવૃત્તિઓના પરિવર્તનનો ચોથો ઉપાય 'શોધ'છે. જે વૃત્તિ પોતાના અપરિવર્તિતરૂપમાં નિંદનીય કર્મરૂપે પ્રકાશિત થાય છે તે શોધિતરૂપમાં પ્રકાશિત થાય તો શ્લાઘનિય બની જાય છે. કોઈપણ મંગળ વાક્યનું ચિંતન આત્માને આર્ત અને રૌદ્રધ્યાનથી ધ્યાનથી દૂર રાખી ધર્મધ્યાનમાં સ્થિર કરે છે તેથી ધર્મધ્યાનનું પ્રધાન કારણ એવા નમસ્કારમહામંત્રનું સ્મરણ અને ચિંતન પરમ આવશ્યક બને છે.

ઉપર્યુક્ત મનોવૈજ્ઞાનિક વિશ્લેષણનો અભિપ્રાય એ છે કે નમસ્કાર મહામંત્ર વડે કોઈપણ વ્યક્તિ પોતાના મનને પ્રભાવિત કરી શકે છે. આ મંત્ર મનુષ્યના ચેતન, અવચેતન અને અચેતન એ ત્રણ પ્રકારના મનને પ્રભાવિત કરી અચેતન અવચેતન પર સુંદર સ્થાયીભાવો સંસ્કાર નાખે છે જેથી મૂલવૃત્તિઓનો પરિષ્કાર થાય છે. અને અચેતન મનમાં વાસનાઓને એકત્ર થવાનો અવસર રહેતો નથી. આ મંત્રની વિદ્યુત શક્તિથી આરાધકનું આંતરિક દ્વંદ શાંત બની જાય છે. નૈતિક ભાવનાઓનો ઉદય થાય છે, અનૈતિક વાસનાઓનું દમન થાય છે. વાસનાત્મક સંસ્કારો ભસ્મ થઇ જાય છે જેને આજની ભાષામાં વિદ્યુત કહી શકાય. તેથી જ તો આ મંત્રના સ્મરણથી આશ્ચર્યજનક કાર્યો પણ કરી શકાય છે.

શ્રી નવકારમંત્રમાં રહેલ સ્વરો અને વ્યંજનાના પ્રભાવનો વાસ્તવિક અનુભવ :

શ્રી નવકાર એક મંત્ર છે. મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. અક્ષરોમાં રહેલા સ્વરો અને વ્યંજનો સર્વે અચિંત્ય શક્તિવાળા છે. તેમનું પદસ્થ ધ્યાન ધરવાથી માનવી શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે. તેનું પઠન, મનન, શ્રવણ કરવાથી એક જાતની અસર પેદા થાય છે. જેમ કે કોઈ આપણને સારા શબ્દોથી બોલાવે તો આપણે રાજી થઈને છીએ ને ખરાબ શબ્દોથી બોલાવે તો નારાજ થઈએ છીએ. આ પ્રમાણે અક્ષરોની શક્તિ

સાબિત થાય છે. બુદ્ધિથી સામાન્ય લાગતા કેટલા અક્ષરો છે કે જેમાં વિવિધ કાર્યો નીપજાવવાનું અગાધ સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે. યોગી પુરુષો પોતાની દિવ્ય યોગદષ્ટિથી આ સામર્થ્ય સાક્ષાત્કાર કરીને વિવિધ કાર્યો માટે જે વિવિધ અક્ષરોની યોજના કરે છે તે મંત્રાક્ષરોના નામે ઓળખાય છે. જે માનવીને આધિભૈતિક અને અધિદૈવિક દુઃખમાંથી બચાવી લેવાની દિવ્ય શક્તિ ધરાવતા હોય છે. આ મંત્રાક્ષરો વગેરેના પ્રયોગથી તેમ જ વિવિધ રીતે સંયોજન કરવાથી અનેક પ્રકારના અદ્‌ભુત ચમત્કારી કાર્યો કરી શકે છે. એ હેતુથી વિધિવિધાનો તથા અમ્નાયોના અનેક ગ્રંથો રચાયેલા છે. મંત્ર વ્યાકરણના ચાર વર્ગને આધારે વર્ણમંત્રની શક્તિનો નિર્દેશ કરતું આ વર્ણન અક્ષરોની શક્તિ બતાવે છે :

**બ્રાહ્મણ વર્ગ**

અ - મૃત્યુ નાશક છે - આ - આકર્ષણ કરનાર છે.

ઇ - પુષ્ટિકર છે ઈ - આકર્ષણ કરનાર છે.

ઉ - બળઆપનાર છે. ઊ ઉચ્ચાટન કરનાર છે.

ૠ- ક્ષોભણ કરનાર છે. ૠ - મોહન કરનાર છે.

લૃ - વિદ્વેષણ કરનાર છે લૃ ઉચ્ચટન કરનાર છે.

એ - વશ્ય કરનાર છે. ઐ - પુરુષને વશ કરનાર છે.

ઓ - લોકને વશ કરનાર છે. ઔ - રાજ્યને વશ કરનાર છે.

અં - હાથીને વશ કરનાર ચે. અ : મૃત્યુનો નાશ કરાર છે.

શ - લક્ષ્મીબીજ છે. ૧ લાખ જાપથી લક્ષ્મી આપે છે.

ષ - સૂર્યબીજ છે. ધર્મ, અર્થ, કામ મોક્ષ આપે છે.

સ - વાગ્બીજ છે. જ્ઞાનસિદ્ધિ વાચાસિદ્ધિ આપનારુ છે.

હ - શિવબીજ છે. તેને ગગતબીજ પણ કહેવાય છે.

**ક્ષત્રિયવર્ગ**

ક - વિષબીજ છે.

ખ - સ્તોભબીજ છે.

ઘ - સ્તંભનબીજ છે. તંત્રશાસ્ત્રોમાં તેની મારણ અને ગ્રહણબીજ તરીકે પ્રસિદ્ધિ છે.

ઙ - અસુર બીજ છે.

ચ - સુરબીજ છે. કેટલીક જગ્યાએ ચંદ્ર - બીજ કહેવાય છે.

છ - લાભબીજ છે તથા મૃત્યુનાશક છે.

જ - બ્રહ્મરાક્ષસ બીજ છે.

ઝ - ચંદ્રબીજ છે. ધર્મ, અર્થ, કામ મોક્ષ આપનાર તથા રાજાને વશ કરનારું છે. - મોહનબીજ

પ - વીરભદ્ર બીજ છે. સર્વ વિઘ્નોને નાશ કરનારુ છે. જળબીજ પણ કહેવાય છે.

ફ - વિષ્ણુબીજ છે અને ધનધાન્ય વધારનારું છે.

બ - બ્રહ્મબીજ છે. વાત પિત્ત તથા કફનો નાશ કરનાર છે.

ભ - ભદ્રકાલીનું બીજ છે. ભૂત પ્રેત તથા પિશાચોના ભયનું ઉચ્ચાટન કરનારું છે.

મ - માળા, અગ્નિ ને રુદ્રનું બીજ છે. ભૂત - પ્રેત - પિશાચને નાશ કરનારું ને અષ્ટમહાસિદ્ધિ આપનારું છે.

**શુદ્ર વર્ગ**

ટ - ક્ષોભણબીજ છે - ચિત્તને કલંકિત કરનારું છે.

ઠ - ચંદ્રબીજ છે. વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.

ડ - ગરુડબીજ છે.

ઢ - કુબેરબીજ છે. ઉત્તર દિશામાં મુખ રાખીને ચાર લાખ જાપ કરવાથી સિદ્ધિ થાય છે.ધનધાન્ય વધે છે.

ણ - અસુર બીજ છે.

ત - અષ્ટ વસ્તુઓનું બીજ છે.

થ - યમબીજ છે. મૃત્યુભયનો નાશ કરે છે.

દ - દુર્ગાબીજ છે.વશ્ય અને પુષ્ટિકર છે.

ન - જવરબીજ છે. જવર (તાવ) નો નાશ કરે છે.

**અન્ય :**

ય - વાયુબીજ છે. ઉચ્ચાટન કરનારું છે.

ર - અગ્નિબીજ છે. ઉગ્રકર્મ કરનારું છે.

લ - ઈન્દ્રબીજ છે. ધન, ધાન્ય, સંપત્તિ વધારનારું છે.

વ - વરુણબીજ છે. વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.

ક્ષ - પુથ્વીબીજ તથા નૃસિંહબીજ છે.

આમ, સરળ સીધી સાદી ગુજરાતી ભાષાના કકા બારખડીના આ એક એક અક્ષરમાં વિશિષ્ટ તાકાત છુપાયેલી છે. અક્ષરોમાં રહેલી અદ્‌ભૂત શક્તિના સરળ દ્રષ્ટાંતો જોઈએ તો.

(૧) 'ર' એ અગ્નિબીજ છે. તેનો જપ કરવાથી લાકડામાં અગ્નિ પ્રગટી શકે છે. 'ર' ઉચ્ચાર એક હજારવાર કરવાથી શરીરની ગરમી એક ડીગ્રી વધી જાય છે.

(૨) લા - લા - લા- લા- ઉચ્ચાર કરતા છાતીમાં કંપ ઉપજે છે.

(૩) પૂ - પૂ - પૂ- પૂ- ઉચ્ચાર સાથે પેઢુમાં કંપ ઉપજે છે.

(૪) ઇ - ઇ - ઇ - ઇ ઉચ્ચાર સાથે તેજ ને આનંદનો સંબંધ છે.

(૫) ઈ - ઈ - ઈ- ઈ- ના ઉચ્ચારથી ગળા ને નાક વાટે કફ નીકળી જાય છે.

આ સ્વરો અને વ્યંજનોમાંથી જ મંત્રો બને છે પરંતુ તે જ અક્ષરોને મંત્રમાં સંકલન રૂપે મૂકવામાં આવે છે. જેમ આકર્ષણ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય છે તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય સંકલના ગૂંથણી કરવાથી અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. અહીં શ્રી નવકારમંત્રના અડસઠ અક્ષરો તથા સ્વર વ્યંજનોની સંકલના બીજા મંત્રો કરતા કોઈ વિશિષ્ટ પ્રકારની છે. આ સ્વર ને વ્યંજનોની અદ્‌ભૂત ગોઠવણીને કારણે જગતના વિદ્યમાન મંત્રોમાં સંકલનાની પરાકાષ્ઠા દર્શાવતો આ એક માત્ર અંત્રાધિરાજ, મહામંત્ર શ્રી નવકાર છે અને તેથી જ આ મંત્રની આરાધના કરવાથી તેના સ્વરો ને વ્યંજનોમાં રહેલી શક્તિઓ પ્રાપ્ત થાય છે. તે કોઈ ચમત્કાર નથી પરંતુ નવકારમંત્રમાં રહેલા ખાસ પ્રકારની સંકલનાનો (સ્વરો - વ્યંજનોની) પ્રભાવ છે. જે અનુભવી શકાય તેવો છે, વાસ્તવિક છે, વૈજ્ઞાનિક છે.

મહાપુરુષોના ઉચ્ચરેલા સામાન્ય શબ્દોમાં પણ અદ્ભુત સામર્થ્ય હોય છે તો પછી ઉદ્દેશપૂર્વક વિશિષ્ટ વર્ગોની સંકલનાથી યોજેલ પદોના સામર્થ્યની વાત જ શી ? આવા મંત્ર પદોના રચયિતા જેટલે અંશે સંયમના પાલક હોય તેટલે અંશે તેમાં વિશિષ્ટતા સંભવે છે ને આથી જ તો મંત્રની ભાષામાં પરિવર્તન કરવામાં આવે તો તંત્રની ગરજ સારી શકે નહીં. આવા મંત્રો તેમાં રહેલા શબ્દની તાકાતથી રોગની શાંતિ, લક્ષ્મીપ્રાપ્તિ ઈત્યાદિ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. આ જ રીતે શ્રી નવકારમંત્રના પઠન - શ્રવણથી એવી કોઈ સિદ્ધિ નથી જે પ્રાપ્ત કરી ન શકાય, એવું કોઈ વિઘ્ન નથી જે નાશ કરી ન શકાય કારણ કે શ્રી નવકાર એ મંત્રાધિરાજ છે.

એક પ્રશ્ન થાય કે શબ્દો તો જડ છે, પુદ્ગલ છે અને પુદ્ગલ તે અજીવ દ્રવ્ય છે(પુરુષાર્થક્ષમતા વિનાનો) તો શબ્દસંગ્રહથી મંત્રની સિદ્ધિ કેમ સંભવે ?

શબ્દ સ્વરૂપે જ.ડ છે, અચેતન છે. અભિવ્યક્તિના માધ્યમ તરીકે પણ તેની નિશ્ચિત મર્યાદા છે તેમ છતાં શબ્દચયન તેનો યથાર્થ ઉપયોગ ભાવના જાગૃત કરવા, કોઈ પર પ્રભાવ પાડવા તેમજ શ્રોતાને કાર્યાન્વિત કરવા સફળ થાય છે એ સામાન્ય અનુભવ છે. કુશળ સંયોજન દ્વારા શબ્દ અસામાન્ય અસર ઊભી કરી શકે છે. આમ, શબ્દોના સુવ્યવસ્થિત સૂત્રબદ્ધતાથી આલૌકિક શક્તિ નિર્માણ કરવાની શક્યતાને નકારી શકાય નહીં. વાક્ પ્રભાવ સંમોહનવિદ્યા (મેસ્મેરીઝમ્) વશીકરણશક્તિ (હીપ્રોટીઝમ)મનોચિકિત્સા વગેરેના અનુભવ વિશિષ્ટ શબ્દપ્રયોગશક્તિનો અનુભવ સંશયરહિતપણે બતાવી આપે છે. સામર્થ્યશીલ આચાર્યો દ્વારા સુયોગ્ય પસંદગી, સશક્ત સુત્રગંઠન, અર્થ-સ્થાન-સંપદાદિ સંકલનથી સુનિશ્ચિતતા, શબ્દસૂત્રમાં તેજસ્વિતા વિદ્યુતમય તરલતા અને ચુંબકીય પ્રવાહ પ્રદાન થાય છે. શબ્દરચના વિશેષથી ગ્રંથિત સૂત્ર ગમિમય બને છે. તેમાં શ્રદ્ધાબળ, સંકલ્પશક્તિ પ્રાણ પૂરે છે જૈન સૂત્રો અનુસાર શબ્દની રચના થયા બાદ તે સર્વે લોકાકાશ પ્રદેશમાં ફરી વળે છે. તે અવિભાજ્ય, અવિનષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરે છે. આજનું વિજ્ઞાન પણ આ માન્યતાને અનુરૂપ નિષ્કર્ષ પર પહોંચ્યું છે. આમ પુદ્ગલ એવા શબ્દો પણ અત્યંત શક્તિશાળી છે.

**શ્રી નવકાર પદોના વર્ણો (રંગ) ની માનવમન પર અસરઃ**

જુદા જુદા રંગોની વ્યક્તિત્વ પર ગાઢ અસર થાય છે એ હકીકત વૈજ્ઞાનિકોએ પણ વ્યાપક રીતે સ્વીકારેલી છે. શ્રી નવકારમંત્રના જુદા જુદા પદો માટે જુદાજુદા રંગોની સંકલ્પના મંત્રરંપરામાં સ્વીકારમાં આવી છે.

'नमो अरिहंताणं' આ પ્રથમ પદનો રંગ શ્વેત છે. રંગ નકારાત્મકતા દૂર કરે છે. ખરાબ અહિતકર વિચારો દૂર કરે છે. જેમ લોહીના શ્વેતકણો રોગપ્રતિકારકશક્તિ માટે મહત્ત્વ ધરાવે છે તેમ શ્વેતરંગ વિચારની બુદ્ધિ માટે મહત્વનો છે. માણસની અંદર રહેલા કષાયાદિ શત્રુને દૂર કરી તેના વ્યક્તિત્વને સાત્ત્વિક બનાવવાનું પદનું મુખ્ય પ્રદાન છે.

'नमो सिद्धाणं' આ પદો રંગ લાલ છે. બે આંખોની વચ્ચે આ પદનું સ્થાન છે. લાલ રંગ વ્યક્તિની પ્રાણશક્તિ પર કાબુ ધરાવે છે. વ્યક્તિની સર્જનાત્મક શક્તિ સાથે લાલ રંગનો સંબંધ છે.

'नमो आयरियाणं' આ પદનો રંગ પીળો કલ્પવામાં આવ્યો છે. પીળો રંગ જ્ઞાનતંત્રના સ્વાસ્થ્ય માટે ખૂબ મહત્ત્વનો છે. મગજ અને જ્ઞાનતંતુઓના પોષણ અને રક્ષણ સાથે પીળા રંગને સીધો સંબંધ છે.

'नमोउवज्झायाणं' આ પદનો રંગ લીલો અથવા આસમાની (નીલો) છે. લીલા રંગની વ્યક્તિના જ્ઞાનતંત્ર પર શાતાદાયી અસર થાય છે. આસમાની રંગની સીધી સ્વરતંત્ર પર અને સ્વરતંત્ર પર સ્થિત ચક્ર પર અસર થાય છે.

'नमो लोए सव्वसाहूण' આ પદનો રંગ કાળો કલ્પવામાં આવ્યો છે. કાળો રંગ એકાગ્રતા માટે અને નકારાત્મક વિચારોના શોષણ માટે મહત્ત્વનો ચે.

આ દરેક પદનું તેના વર્ણસહિત ધ્યાન ધરવામાં આવે તો લાભ થાય છે.

**શરીરના પાંચ ચક્રો સાથે મહામંત્રના પાંચ પદોનો સંબંધ :**

આપણા શરીરમાં આવેલ બોતેર હજાર નાડીમાં ત્રણ મુખ્ય નાડી ઈડા, પીંગળા અને સુષુમ્ણા નાડીની અંદર આવેલી અતિ સૂક્ષ્મ નાડી જેને બ્રહ્મનાડી તરીકે ઓળખવામાં આવે છે તે બ્રહ્મનાડીની અંદર સાત ચક્રો આવેલા છે. શ્રી નવકાર પાંચ પદોનો આમાંથી સાત ચક્રો સાથે સીધો સંબંધ છે.

નમો અરિહંતાણં પદને આજ્ઞાચક્ર સાથે સંબંધ છે. આ આજ્ઞાચક્ર કપાળમાં ભ્રુકુટિની વચ્ચે આવેલું છે. આ ચક્રનું ભેદન થતા સમાધિનો આનંદ અનુભવાય છે. (આને જ્ઞાનકેન્દ્ર કહેવાય છે)

નમો સિદ્ધાણં પદને સહસ્રારચક્ર સાથે સંબંધ છે. જે મસ્તકના સૌથી ઉપરના બ્રહ્મરદનમાં આવેલું છે. આ ચક્રનું ભેદન થતા મુક્તિનું સુખ પ્રાપ્ત થાય છે. (તેને દર્શન કેન્દ્ર કહેવાય છે)

નમો આયરિયાણં પદને વિશુદ્ધિચક્ર સાથે સંબંધ છે જે ગળામાં આવેલું છે. આ ચક્ર સિદ્ધ થતા પરમજ્ઞાનની આરાધના સિદ્ધ થઈ શકે છે. ( આ ચારિત્ર કેન્દ્ર છે)

નમો ઉવજ્ઝાયાણં પદને અતાહતચક્ર સાથે સંબંધ છે. તે હૃદયમાં આવેલું છે. આ ચક્ર સિદ્ધ થતાં દૂરદર્શન અને દૂરશ્રવણની (અવધિજ્ઞાન) સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે (આ આનંદ કેન્દ્ર છે.)

નમો લોએ સવ્વસાહૂણં આ પદનો મણિપૂર ચક્ર સાથે સંબંધ છે. જે નાભિમાં આવેલું છે. આ ચક્ર સિદ્ધ થતાં પરકાયા પ્રવેશની વિદ્યા સિદ્ધિ થઈ શકે છે.. ( આ શક્તિ કેન્દ્ર છે.)

ઉપર જણાવ્યા પ્રમાણે નવકારમહામંત્રના પાંચ પદોના ઉચ્ચાર કરતા જણાવ્યા પ્રમાણે પાંચ ચક્રોમાં અર્થસહિત ધ્યાન થરવાથી ચૈતન્યકેન્દ્રોનો વિકાસ થતા અદ્‌ભૂત શક્તિઓ પ્રગટ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો શ્રી નવકારમહામંત્રના શુદ્ધ ઉપયોગપૂર્વકના અને ચિત્તની હાજરી સહિતના સ્મરણ સાથે જ્યારે ઉપર જણાવેલ ચક્રોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે ત્યારે તે તે ચક્રોને અનુરૂપ કેન્દ્રોમાં અદ્‌ભૂત શક્તિનો સંચાર થાય છે. ને દિવ્ય અનુભૂતિઓનો આસ્વાદ માણવા મળે છે. અને સાથે ચિત્તશુદ્ધિ પણ થતી જાય છે. આ ચક્રોના ધ્યાન કરવાથી વિશેષ પ્રકારની સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી શકાય છે.

વર્તમાનમાં એવા સાધકો છે કે જેમને ઉપર ઉક્ત સાધના કરેલી છે. જેટલી એકાગ્રતા વધુ તેટલો પ્રગાઢ અનુભવ થાય છે. આમ, આ પ્રકારની આરાધનાથી માનવી ઈચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે છે. એ કોઈ ચમત્કારિક વાત નથી. વિજ્ઞાન પણ કહે છે કે આપણા મગજની અંદર જે કોષો છે તેના બહુ ઓછા ભાગનો ઉપયોગ કરીએ છીએ. બાકીના કોષોને કાર્યરત કરીએ તો ઘણું પ્રાપ્ત કરી શકાય. આ જ વાત અહીં (ચક્રોના માધ્યમથી) સમજાવી છે. શબ્દોની સંકલના આ સુષુપ્ત કોષોને જાગૃત કરી સિદ્ધિ અપાવે છે.

**મહામંત્રના ધ્યાનથી પ્રાપ્ત થતી ભયમુક્તિ :**

મહામંત્રનું ધ્યાન ધરનાર બહારના બનાવોથી ચલિત ન થવાની શક્તિ પ્રાપ્ત કરે છે. તેથી બહારના બનાવો તેનામાં સંક્લેશ ઊભા કરી શકતા નથી. પોતે તદ્દ્ન નિર્લપ અને શાંત રહી શકે છે. ધ્યાન ધરનાર બનાવોને રોકી નથી શકતો પણ બનાવોથી ઉત્પન્ન થનાર સંવેદનાઓને, ધ્યાનના પ્રતાપે રોકી શકે છે. બનાવોની સાથે ધ્યાનસાધકોની

કલ્પના નથી જોડાતી. ન બનાવ તેને અડકી શકે છે, ન તેનું મન બનાવને સ્પર્શે છે. ધ્યાનનાં કામ છે વિઘટન કરવું, તોડવું, બનાવથી મનને તોડવું પછી બનાવ પોતાને સ્થાને રહે અને મન પોતાને સ્થાને. આથી મહત્વની વાત એ બને છે કે સાધક સાત ભયોમાંથી મુક્તિ પામી શકે છે. તેમાંય સૌથી મોટો ભય મૃત્યુ, જે એક બનાવ જ છે, તેનાથી સાધક ભયમુક્ત બની જાય છે અને સફળ આંનદી જીવન જીવી શકે છે.

મહામંત્રનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા જે કોઈ અનુભવાત્મક વાતો ટાંકી તેમાં સંદેહ કરવાને કોઈ સ્થાન નથી. કારણ કે પરોપકાર પરાયણ ત્રિકાલદર્શી મહાનુભાવ પૂર્વાચાર્યોના વિશુદ્ધભાવથી નીકળેલા હૃદયંગમ શબ્દો સર્વથા ભ્રમ વગરના પ્રમાણભૂત અને પૂર્વાપર વિરોધ વગરના હોવાથી અત્યંત માનનીય છે. જેને મહામંત્રથી થતા ઉપર્યુક્ત અનુભવોમાં શંકા થાય તેનામાં વિષયના જોઈતા જ્ઞાનનો અભાવ અથવા યથાર્થ વિધિનો અભાવ કારણભૂત હોય છે. સાધકે પણ પાત્રતા કેળવણી જરૂરી છે.

આમ, આ નવકારમંત્ર એ કોઈ અવાસ્તવિકતા કે માત્ર શ્રદ્ધાનો વિષય નથી પરંતુ અક્ષરોનું વાસ્તવિક વિજ્ઞાન છે, જે માનવમન પર પોતાની અસર પાડી શકે છે ને સિદ્ધિઓનો સ્વામી બનાવી શકે છે.

**આ પુસ્તકની સમગ્ર લેખિત ચર્ચા દરમ્યાન અલ્પજ્ઞતાને કારણે મારાથી કાંઇ વીતરાગપ્રભુની આજ્ઞા વિરૂધ્ધ લખાયું હોય તો વિધ્વજનો મને ક્ષમા કરે.**

**- ડૉ. છાયા શાહ.**

# પ્રકરણ - ૯


## પરિશિષ્ટ

૧. શ્રી નવકારમંત્રની મહત્તા દર્શાવતા ચિત્રો


૨. યુગાચાર્યો નો હસ્તલેખિત નવકારનો પાઠ

૩. શ્રી નવકાર મંત્રનો બાલવબોધ

## ૧. શ્રી નવકાર મંત્રની મહત્તા દર્શાવતા ચિત્રો



ॐकारः परमेष्ठिपञ्चकवाचककलापञ्चकस्वरूपः



જપ મુદ્રાએ
સિદ્ધશિલા
સિદ્ધાવર્ત
નવપદાવર્ત
ૐકારાવર્ત
શ્રીકારાવર્ત
શંખાવર્ત
નંદાવર્ત

## ૨૭. પરમાતમપદ આપે


ઉપદ્રવરહિત, સ્થિર, રોગ વિનાની, અંત વગરની, ક્ષય રહિત, સર્વ પ્રકારની પીડાઓથી મુક્ત તથા જ્યાં ગયા બાદ ફરી આ સંસારમાં ક્યારેય કોઈનેય પણ જન્મવું પડતું નથી, એવી પંચચમગતિ-મોક્ષ છે. મૃત્યુલોકથી ૭ રાજ ઉંચે ૪૫ લાખ યોજન પ્રમાણ વાળી સિદ્ધશિલાની ઉપર મોક્ષગામી જીવ, જે અવસ્થામાં નિર્વાણ પામ્યા હોય તેજ રીતની અવગાહનામાં ચિદાનંદ સ્વરૂપે રહે છે.

આવું સર્વોત્તમસ્થાન પ્રત્યેક ભવ્યજીવ આઠે કર્મોનો ક્ષય કરીને "આરાધના" દ્વારા પ્રાપ્ત કરી શકે છે જ્ઞાની કે અજ્ઞાની જીવ માટે સાધના ઉપાસના કરવાનો સીધો, સાદો ને સરળ ઉપાય "પંચપરમેષ્ઠી" મંત્રનું સતત સ્મરણ છે.


આપણે સૌ વાંચના, પૃચ્છના પરાવર્તના, અનુપેક્ષા અને ધર્મકથા દ્વારા એ શાશ્વત મંત્રને વિધિ પૂર્વક ગ્રહણ કરી આપણા મોક્ષ પ્રાપ્તિના અધિકારને પ્રાપ્ત કરવા કમ્મર કસી યોગ્યતાને પામીએ !




॥हृदयकमलस्थवर्णावलिनी॥




नं. २ ॥हृदयकमलस्थवर्णावलि





पञ्चपरस्कनमारग्रथितरम्यसूत्रपटी
(शेठ कान्तिलाल ईश्वरलालना सौजन्यथी)


જેના હૈયે શ્રી નવકાર....


## ૨. યુગાચાર્યોનો હસ્ત લેખિત નવકારનો પાઠ

अरिहंत अरिहंत
अरिहंत अरिहंत
अरिहंत अरिहंत
अरिहंत अरिहंत


पू. मुनिश्री तत्त्वानंदविजयजी म. हस्तलिखित पाठ.


सिरि पंचमंगल महासुयक्खंध - सूत्र
नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

पू. पं. श्री भानुविजयजी गणिवर्य हस्तलिखित पाठ.



प. पू. आ. श्रीविजयप्रेमसूरीश्वरजी
म. हस्तलिखित पाठ.





पंचमंगलमहासुयक्खंधसुत्त

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं ।
एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

**पू. मुनिश्री पुण्यविजयजीमहाराज**
**हस्तलिखित पाठ.**

# નમસ્કારના અર્થની ભાવના
# યાને
# નમસ્કારનો બાલાવબોધ

(આ બાલાવબોધના કર્તા કોણ છે તે નિર્ણય થઇ શકતો નથી તો પણ એક સમર્થજ્ઞાની અને શ્રદ્ધાળુ આત્માની એ કૃતિ છે એમ તેને વાંચતાં જ સમજાઈ જાય છે. તેમાં વિ.સ. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદ ૮ ભોમે ગણિ શ્રી તિલકવિજયવાચનાર્થં એમ અંતે લખેલું હોવાતી તેથી પણ પ્રાચીન છે એ નિઃશંક છે. રાધનપુર પાસેના સાંતલપુર ગામમાં પૂ. પં. શ્રી મુક્તિવિજય ગણિવરના ભંડારની હસ્તલિખિતપ્રતનો આ ઉતારો છે.

નમસ્કારના જપની સાથે તેના અર્થની ભાવના કરવામાં આવે તો તે જપ શીઘ્ર ફળદાયી થાય છે, આરાધકોને પરમેષ્ઠિનમસ્કારના અર્થની શાસ્ત્રોક્તભાવના કરવા માટે આ બાલાવબોધ ઘણો ઉપયોગી નીવડે તેવો છે. તેમાં વર્ણવેલી વસ્તુ વિશુધ્ધિ ગુરુપરંપરાથી પ્રાપ્ત છે અને આજ સુધી અવિચ્છિન્ન પ્રવાહથી ચાલી આવેલી સંઘમાન્ય છે. ભાષા પ્રસાદિક છે, વાંચતાં જ આહ્લાદ ઉત્પન્ન કરે તેવી છે. નવે પદોનો શાસ્ત્રોક્ત અર્થ જાણવાનું પ્રમાણભૂત સાધન હોવાથી અહીં તેને અક્ષરશઃ મૂળભાષામાં જ લીધી છે.)

'नमो अरिहंताण' 'મારો નમસ્કાર શ્રી અરિહંતને હો !' જે શ્રી અરિહંતભગવંતો ૩૪ અતિસયસહિત, ૩૫ વચનાતિશયપરિકલિત, ૧૮ દોષઅદૂષિત-)તે ૧૮ દોષો અનુક્રમે ૫-અંતરાય હાસ્યાદિ ષટ્, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા અવિરતિ, રાગ અને દ્વેષ), અષ્ટમહાપ્રાતિહાર્યસહિત, (તે પ્રાતિહાર્યો-૧. બાર ગુણું ઊંચું અશોક વૃક્ષ. ૨. કુસુમની વૃષ્ટિ, ૩. પરમેશ્વરની વાણી યોજન લગી ગુહરી ગાજે, ૪. ૨૪ જોડા ચામરો ઢળે, ૫. ચાર સુવર્ણમય સિંહાસન. ૬. પૂર્વ વિભાગે ૧૨ આદિત્ય થકી અધિક તેજે કરી ભામંડળ ઝળહળે, ૭. મસ્તક ઉપર (આકાશમાં) દેવદુંદુભિ વાજે અને ૮. ઉપરા ઉપર ત્રણ ત્રણ છત્ર એવંકારે ચાર દિશામાં ૧૨ છત્ર ધરાવે, એ આઠ પ્રાતિહાર્યો યુક્ત)ત્રણ ગઢ, તેમાં પહેલો ગઢ રત્નમય અને મણિમય કોશીસાં, બીજો ગઢ સુવર્ણમય અને રત્નમય કાંગરા, ત્રીજો ગઢ રજતમય અને સુવર્ણમય કોશીસાં હોય, સુવર્ણમય ભૂપીઠ બાંધીયું, ઉંધેબીટે પંચવર્ણી ફુલના પગર.

બાર પર્ષદા પુરાય તે કેવી ? સાધુ, વૈમાનિકદેવી અને સાધ્વી એ ત્રણ પર્ષદા આગ્નેયખૂણે રહે, જ્યોતિષ, ભવનપતિ, વ્યંતર-એ ત્રણેની દેવીઓ નૈઋત્યખૂણે રહે, જ્યોતિષી, ભવનપતિ અને વ્યન્તર-એ ત્રણે દેવો વાયવ્યખૂણે રહે, તથા વૈમાનિકદેવો, પુરુષો અને મનુષ્યને સ્ત્રીઓ - એ ત્રણ ઈશાનખૂણે રહે. એ રીતે બાર પર્ષદા પુરાય. ૮0000 પાવડીયાં ચિહું પાસે ત્રણ ત્રણ પોળે, એ પ્રમાણે ૧૨ પોળ, અપૂર્વતોરણ, કળાકૃતસમવસરણમાંહી ત્રિભુવનલક્ષ્મીસહિત, અંતરંતવૈરીરહિત, વિશ્વાધીશ, પરમજગદીશ સુવર્ણમયી કમળે બેઠા, સમસ્ત જીવરાશિ દીઠા, યોજનગામિની વાણી, સર્વભાષાનુસારિણી, અનંતદુઃખનિવારિણી, સકલસૌખ્યકારિણી, ઇસ્યી વાણીએ

ચિહું મુખે ચિહું પ્રકારે પરમેશ્વર ધર્મોપદેશ દેતા, કેવળજ્ઞાન ધરતા. ચૌદ રાજલોકના મસ્તક ઉપર ૪૫ લાખ યોજના પ્રમાણ મુક્તિશિલા તીહાં પહુંતા, અનંતબલ અનંતગુણ, અનંતજ્ઞાન, પુરુષમાંહી ઉત્તમોત્તમ એવા જિનનું જે નામ તેને નામઅરિહંત કહીએ, જે ત્રિભુવનમાંહી શ્રી વીતરાગની મૂર્તિ તેને સ્થાપના અરિહંત કહીએ, જે શ્રી શ્રેણિકાદિ મહાપુરુષો(ભાવિ), તીર્થંકરપદવી યોગ્ય જીવ તે દ્રવ્યઅરિહંત કહીએ, જે વિહરમાન પરમેશ્વર શ્રી સીમંધરસ્વામીપ્રમુકતીર્થકરો તે ભાવઅરિહંત કહીએ, એહવા જે અરિહંત અનંતાનંત હુઇઆ, અને થશે અને થઈ રહ્યા છે, તેહનું ધ્યાન પંચવર્ણ અષ્ટદલકમલરૂપે ધ્યાઈએ. તે ફરી સાંભળો -

નાભિકમળે, તિહાં કમળનું નાળ, તિહાંથી (નાભિથી) વૃદ્ધિ પામી, બ્રહ્મપ્રદેશ વિકાસ પામ્યું, અરિહંત શ્વેતવર્ણ જિસ્યું મુક્તાફલનો હાર, જિમ વૈતાઢ્યપર્વત, જિમ પૂર્ણિમાનો ચંદ્ર, જિમ ક્ષીરસમુદ્રનું ફીણ, જિમ સ્ફટિકરત્ન, જિસી સિદ્ધશિલા નિર્મળ, જિસ્યું શ્વેત આતપત્ર(છત્ર), જિસ્યો ઐરાવણગજેન્દ્ર, જિમ દેવદૂષ્યવસ્ત્ર, જિસ્યો દક્ષિણાવર્તશંખ, જિસ્યું કામધેનુ દૂધ તિસ્યા પરમેશ્વર નિર્મળ, દુષ્ટાષ્ટકર્મ ૧૫૮ પ્રકૃતિ રહિત, ઇસ્યા ઉજ્જવળ અરિહંત. જે જગન્નાથ આકાશની પરે નિરાલંબ, પૃથ્વીની પરે સર્વસહ, મેરુની પરે નિષ્પ્રકંપ, સમુદ્રની પરે ગંભીર, ચંદ્રમાની પરે સૌમ્ય, સૂર્યની પરે તપતેજયુક્ત, સિંહની પરે અક્ષોભ્ય, બાવનાચંદનની પરે શીતલ, વાયુની પરે અપ્રતિબદ્ધ, ભારંડપક્ષીની પરે અપ્રમત્ત, જગત્રવંદનિક, મહામુનીશ્વરને ધ્યાવવા યોગ્ય, કેવળજ્ઞાને કરી ત્રિભુવનદિનકર, ઇસ્યા શ્રી વીતરાગ રહે. 'नमो अरिहंताणं' પદમાં તેમને મારો નમસ્કાર હો.

'नमो सिद्धाणं' એ પદથી મારો નમસ્કાર શ્રી સિદ્ધોને હો ! જે સિદ્ધો સિદ્ધાંતે ૧૫ ભેદે કહ્યા છે. ૧. તીર્થંકરસિદ્ધ (શ્રી ઋષભદેવાદિ), ૨. અતીર્થંકરસિદ્ધ(પુંડરિક ગણધરાદિ), ૩. તીર્થસિદ્ધ-(અનેક ગણધરો), ૪. અતીર્થસિદ્ધ(મરુદેવામાતા), ૫. ગૃહસ્થલિંગે સિદ્ધ -(શ્રી-ભરતેશ્વારાદિ), ૬. અન્યલિંગેસિદ્ધ -(વલ્કલચિરી), ૭. સ્વલિંગસિદ્ધ (-અનેક સાધુઓ), ૮. સ્ત્રીલિંગસિદ્ધ - (આર્યા ચંદનબાલાદિ), ૯. પુરુષલિંગસિદ્ધ -(અનંત પુરુષો), ૧૦. નપુંસકલિંગ -સદ્ધ-(ગાંગેય), ૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ-(કરકંડુ), ૧૨. સ્વયંબુદ્ધસિદ્ધ, ૧૩. બુદ્ધબોધિતસિદ્ધ, ૧૪. એકસિદ્ધ, ૧૫. અનેકસિદ્ધ, જિહાં એક સિદ્ધ છે તિહાં અનંતા સિદ્ધો રહેલા છે. તે શરીરરહિત, સમ્પૂર્ણ જ્ઞાન -દર્શન -ચારિત્ર ધરતા, કેવળજ્ઞાને કરી સર્વ જીવના ભેદાનુભેદ જાણતા, અનંતગુણ-અનંતબળ-અનંતવીર્યસહિત, જન્મ-જરા-મરણ-રોગ-શોક-વિયોગઆધિ-વ્યાધિ-પ્રમુખ સકલદુઃખ થકી મુક્ત, ઇન્દ્ર-ઉપેન્દ્રાદિ સર્વ દેવતાનાં સુખ અને ચક્રવર્તી આદિ મનુષ્યોનાં સુખ, તે એકત્રિક કીજે, તે પિંડ અનંત ગુણું કીજે (તોપણ) તે એક સિદ્ધને (સુખને) અનંતમે ભાગે ન આવે. એવા સિદ્ધનાં સુખ આકાશે ન માય. સિદ્ધ થયા, બુદ્ધ થયા,ચૌદરાજને પારે સમય સમય પ્રત્યે અનંતાનંત સુક બોગવતાં, જે સિદ્ધ રક્ત કાન્તિ ધરતા, જિસ્યુ ઊગતો સૂર્ય, હિંગુલનો વર્ણ, દાડિમ જાસૂદનું ફૂલ, અર્ધગુંજારંગ, નિષધપર્વત, રક્તોત્પલ, મરકત મણિ, ચોળનો રંગ, કંકુનો રોળ, ચુનાસહિત તંબોળ, ઇસી રક્તવર્ણે સિદ્ધની પાંખડી ધ્યાઇએ.

સંસ્થાન, સંઘયણ, વર્ણ ગંધ, રસ, સ્પર્શ જે સિદ્ધ જે સિદ્ધને રહ્યા નથી, ૪૫ લાખ યોજનપ્રમાણમુક્તિશિલા ઉપર, યોજનના ૨૪મા ભાગમાં અવસ્થાન કરતાં શરીરરહિત કેવળ તેજઃપુંજાકાર, ત્રૈલોક્યનો સાર, એવા સિદ્ધો 'नमो सिद्धाणं' એ પદમાં રહ્યા છે, તેમને મારો નમસ્કાર હો !

'नमो आयरियाणं'મારો નમસ્કાર શ્રી આચાર્યોને હો જે શ્રી આચાર્ય પંચવિધઆચાર પરિપાળે, રાગદ્વેષ અંગ

થકી ટાળે, સકલસિદ્ધાન્ત સૂત્રના અર્થને જાણે. ભવ્ય જીવ પ્રતિબોધી માર્ગે આણે, દંભરહિત, છત્રીસ ગુણસહિત (તે છત્રીસ ગુણ-પાંચઇન્દ્રિયને સંવરે. નવ બ્રહ્મચર્યની વાડમાં વસે ક્રોધ, માન, માયા, લોભ, ચાર કષાય પરિહરે. સર્વપ્રાણાતિપાતવિરમણવ્રત, સર્વમૃષાવાદવિરમણવ્રત, સર્વઅદત્તાદાનવિરમણવ્રત, સર્વમૈથુનવિરમણવ્રત, સ્રવપરિગ્રહવિરમણ વ્રત એ પાંચ મહાવ્રત ધરે. ઈર્યા સમિતિ આદિ અષ્ટપ્રવચનમાતા પરિપાલે. એ ૩૬ ગુણ ધારે). શુદ્ધપ્રરૂપક, જ્ઞાન-ક્રિયા-સંયમના આધાર, શ્રીજિનશાસનસાધાર, સકલવિદ્યાનિધાન, યુગપ્રધાન, ગુણગણરત્નાકર, મહિમામહોદધિ, અતિશયસમુદ્ર, મહાગીતાર્થ, જ્ઞાનપરમાર્થ, શ્રીસૂરિમંત્રસ્મરણકરણતત્પર, શ્રી સૂરિવર, તેહનો વર્ણ-જિસ્યો તપાવ્યું સુવર્ણ, હરિદ્રાનો રંગ, આઉલનું ફૂલ, હરિયાલનો વાન, પરિપક્વ સહકારનું ફળ, શિખરીપર્વત, પીતવર્ણરત્ન, તિસ્યા શ્રી આચાર્ય પીળી ક્રાંતિ ધરતાં, 'नमो आयरियाणं' ઇણીપદે શ્રી આચાર્યને મારો નમસ્કાર હો.

'नमो उवज्झायाणं' પદથી મારો નમસ્કાર ઉપાધ્યાયને હોજો, શ્રી ઉપાધ્યાય દ્વાદશાંગ સિદ્ધાંત ભણે. (તે કિસ્યાં ? શ્રી 'આચારાગં' આદિ અગિયાર અંગ તથા 'રાજપ્રશ્રીય' આદિ ૧૨ ઉપાંગ, ૧૪ પૂર્વ(તેમાં) પહેલું પૂર્વ જે આંબાડીસહિત હાથી જેવડો મશીનો પુંજ કીજે, તેટલે ધોળી 'ઉત્પાદ' પૂર્વ લખાય. બીજું 'આગ્રાયણી' પૂર્વ એવા લોકબિંદુસાર લખતાં ૮૧૯૨ હાથી પ્રમાણે મશીનો ઢેર કીજે તો લિખાય). એ ૧૪ પૂર્વને ધરે, તથા કુશાલાનુબંધ, આઉર પચ્ચક્ખાણ, મરણવિધિ, ઇત્યાદિ દશ પયન્ના, ૪. મૂલસૂત્ર, છછેદ, એ સિદ્ધાંત શિષ્યોને ભણાવે અને પોતે ગુણે જે ઉપાધ્યાયને મારો નમસ્કાર હો !

'नमो लोए सव्वसाहूणं'લોકમાંહી સર્વ સાધુને મારો નમસ્કાર હો ! જે સાધુ ૧૬ દોષ ઉત્પાદનના ૧૬ ઉદ્ગમના. ૧૦ એષણાના, એવં ૪૨ દોષવિશુદ્ધઆહાર લીએ. સમસ્ત ઇંદ્રિય દમે, સંસારે ન રમે, ૨૨ પરિષહ સહે, નવકલ્પે વિહરતા રહે, જે સાધુ સંસાર થકી ઉપરાંઠા (અળગા) ચાલે, ભવ્યજીવને મુક્તિસુખ હેલામાત્રમાં આપે, જે મુનીસ્વર તણા ૨૭ ગુણ ધરે, (તેકેવા ? વ્રતષટ્ક ધરે, પાંચ ઇંદ્રિય નિગ્રહે, ભાવસત્ય, કરણસત્ય, ક્ષમા, નિર્લોબતા, યથોક્તક્રિયાકરણ, મન-વચન-કાયનિરોધ, કાયાષટ્ક(રક્ષણ), સંયમયોગ(રમણ), શીતાદિ વૈદના સહન, મરમાંતઉપસર્ગ સહે, એ ૨૭ ગુણયુક્ત હોય), એવા શાંત-દાંત-કાંત, વૈરાગ્યના સમુદ્ર,સાહસિકસિરોમણિ, ગુણવંતમાંહી અગ્રેસર, સજ્જન, સદા પ્રસન્ન, જીવલોકના બાંધવ, કુગતિરૂપી સમુદ્રના શોષણહાર, કેવળધરા, ૠજુમતિ, વિપુલમતિ, શ્રુતધર, શ્રીરાસ્રવ, સંભિન્નસ્ત્રોત, કોષ્ઠબુદ્ધિ, ચારણ શ્રામણ, વૈક્રિય, પદાનુસારિણી, આશિવિષ, આકાશગામિની, બહુરૂપિણી, અક્ષીણમહાનસી લબ્ધિ, આદિ ૨૮ લબ્ધિને ધરનારા.

મોહ, માયા, લોભ, સ્નેહના પ્રતિબંધ ખંડિયા, મહંત, ઉત્તમ સત્પુરુષના ચિહ્ને પોતે આચરણ કરી હર્ષ ઉપજાવે, પંચ પ્રકારે વિષય, ૧૬ કષાય, ૯ નોકષાય અને ઘરબાર, કુટુમ્બ પરિવાર, હર્ષ, વિષાદ, જેણે મુનીશ્વરે સર્વ પરિહર્યો, સર્વ સંગ પરિત્યાગી કરી મોક્ષમાર્ગ સાધે, બિહું પ્રકારે યતિધર્મ-શ્રાવકધર્મ બોલે, તીન રત્ન જ્ઞાન-દર્શન-ચરિત્ર ધરે, ચાર વિકથા છાંડે, પાંચ નિદ્રા ટાળે, પાંચ સમિતિ, પાંચ મહાવ્રત, પાંચ સ્વાધ્યાય, પાંચ જ્ઞાન આધારે, પંચપરમેષ્ઠિધ્યાતા, પંચમ ગતિને માટે ઉત્કંઠીયા, અનેક દેવતા, મનુષ્ય તિર્યંચના કીધા ઉપસર્ગ સહે. છ બાહ્ય, છ આભ્યંતર એ બારે પ્રકારે તપ કરે, ક્ષમાના ભંડાર, ધર્મના ઢિંગ, પુણ્યે કરી પવિત્ર ગાત્ર, સૂક્ષ્મ-બાદર સર્વ જીવની રક્ષા કરે, આર્ત-રૌદ્રધ્યાન દૂરિ છાંડે, ધર્મધ્યાન-શુક્લધ્યાન ધરતાં, સર્વસહ, સમતૃણમણિ, મસલોષ્ઠકાંચન,

વાસીચંદનકલ્પસમાન અને સમશત્રુમિત્ર, પરબ્રહ્મસ્વરૂપ ભાવતાં, કૃષ્ણકાન્તિ ધરતા, જિસ્યો અરિષ્ટરત્ન, શ્યામ વર્ણ ગજેન્દ્ર, કાજલવાન, સમલમેઘ, કૃષ્ણરાજી વિમાન, તિસ્યા શ્રી સાધુ ગરુઆ, સત્તરે ભેદે સંયમ સેવતાં, સંસારમાર્ગ રુંધાતા, પાંચ ભરત, ઐરવત, મહાવિદેહ પંદર ક્ષેત્રમાંહી જે સાધુ તે 'नमो ळोए सव्वसाहुणं' પદમાં રહે છે-તેમને મારો નમસ્કાર હો !

'एसो पंच पावप्पणासणो'આ પંચપરમેષ્ઠિનમસ્કાર કિસ્યો છે ? એ પાંખડી જમણે પાસે નીલાડને કાનની વચ્ચે રાતી પીળી કાંતિ ધરતા ધ્યાયે.

'सव्व पावप्पणासणो' એણી જપે અનંતાનંતભવ પ્રતિ સાત વ્યસન સેવીયા, પંદર કર્માદાન પોષીયા મિથ્યાત્વ પ્રવર્તાવીયા, અધર્મ કરવે કરી શ્રી જિનધર્મની અવહેલના કીધી, ષટ્કાય અનેકયંત્ર જોહરવે કરી, બ્રહ્મવ્રત ખંડીવઇ, દીનોદ્ધારરજિર્ણોદ્ધાર ન કરવો, દાનને અણદેવે, ભાવના ન સેવે સહન-લાખ-કોટી-અનંતભવે કર્મબાંધીયા કે કીસ્યા છે ?

જ્ઞાનાવરણ પાંચ ભેદે, તેની ઉત્કૃષ્ટી સ્થિતિ ૩૦ કોડોકોડી સાગરોપમપ્રમાણ, જિસ્યું ચક્ષુ આગળ પડ, તીસ્યું જ્ઞાનવરણીય કર્મ પહેલું જાણવું.

બીજા દર્શનાવરણીયકર્મના નવ ભેદ, ૩૦ કોડાકોડી સાગર ઉત્કૃષ્ટસ્થિતિ, પ્રતિહાર સરીખું, ત્રીજું વેદનીયકર્મ, તેના બે ભેદ, ૨૦(૩૦) કોડાકોડી સાગરસ્થિતિ, મધુલિપ્ત ખડગધારાસદશ જાણવું, ચોથું મોહનીયકર્મ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રણાણ, તેના ૨૮ ભેદ, મદિરા સરીખું જીવને પરાભવે, પાંચમું આયુકર્મ ચિહું ભેદે, તેની તેત્રીસ સાગરપ્રમાણસ્થિતિ હડિસમાન.

છઠ્ઠ નામકર્મ, તેહના ૧૦૩ ભેદ, ૨૦ કોડાકોડી સાગરપ્રમાણસ્થિતિ, ચિત્ર(કાર) સમાન સાતમું ગોત્રકર્મ, તેના બે ભેદ, ૨૦ કોડાકોડી સાગરપ્રમાણ સ્થિતિ, કુંભકાર સરીખું.

આઠમું અંતરાયકર્મ ૩૦ કોડાકોડી સાગર પ્રમાણ સ્થિતિ, તેના પાંચ ભેદ, ભંડારી સરીખું,

એવા કર્મ સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચિત, તે કર્મની પ્રકૃતિ કેટલી ? બંધ ઉદય, ઉદીરણા, સત્તા તે ચિહું પ્રકારે છે, તે પ્રકારે ૧૫૮ પ્રકૃતિના બંધ સબલ તે પાપ જીવને પોહતે છે, તે સઘળાંય પાપનો ફેડણહાર છે, એ પદની પાખંડી જમણા કાન પાછલ કોટ વચ્ચે પીલી-નીલી ક્રાંતિધરતા ધ્યાઇએ.

વળી એવા પંચપરમેષ્ઠિ કીસ્યું વર્તે ?

સર્વમાંગલિકમાંહી પ્રથમમાંગલિક છે. તે માંગલિક ઘણાં બોલાય, દધિ, દૂર્વા, સિદ્ધાર્થ, અક્ષત, વિવાહઉત્સવપ્રકરણ, બિંબપ્રતિષ્ઠા, પ્રાસાદ, સાધુ, સાધર્મિક-વાત્સલ્ય, સંઘવીપદ, એહવા માંગલિકમાંહી શ્રી નવકાર ઉત્કૃષ્ટ માંગલિક છે, એ પાંખડી ડાબા કાન પાછળ કોટ વચ્ચે નીલીકાલી ક્રાંતિ ધરતા ધ્યાઇએ.

જિમ પર્વતમાંહી મેરુપર્વત, ગજેન્દ્રમાંહી ભદ્રજાતીય, સમુદ્રમાંહી સ્વયંભુરમણસમુદ્ર, દેવમાંહી શ્રી વીતરાગદેવ, ગ્રહગણમાંહી ચન્દ્રમા, સરોવરમાંહી માનસરોવર, સર્વ આભરણમાંહી મુકુટ પ્રધાન, અને તીર્થમાંહી શ્રી સિદ્ધક્ષેત્ર, વૃક્ષમાંહી કલ્પવૃક્ષ, કુસુમમાંહી ચંપક, સ્ત્રીમાંહી રંભા, વાર્જિત્રમાંહીં ભંભા, પર્વમાંહી શ્રી પર્યુષણાપર્વ, વ્રતમાંહી શીલવ્રત, રસમાંહી અમૃત, તિમ મંત્રમાંહી નવકારમંત્ર, રાજાધિરાજ, જેહને પ્રભાવે શાકિની, ડાકિની, ભૂતપ્રેત, પિશાચ, ઝાટિંગ, મોગા, વ્યંતર, યક્ષ, રાક્ષસ, સિંહ, વ્યાઘ્ર, અષ્ટાપદ, સર્પ પ્રમુખનો ભય ફિટે, અગ્નિના,

ઠાકુરના વૈરીના, ઇહલોકનાભય, પરલોકે નરકના, નિગોદના, તિર્યચના દુઃખ હીનજાતિ, હીનકુળ, દારિદ્રય, દૌર્ભાગ્ય, સર્વ રોગનો શમાવણહાર, સ્તવાંછિત, રાજઋદ્ધિ, ભોગસંયોગ, પરિવાર, ધનધાન્યની પ્રાપ્તિ જે મંત્રથી હોય, જે વાંછે તે પામે, એ પાંખડી કાલી-રાતી ક્રાંતિ -ધરતી દીપે.

શ્રી નવકાર નવપદ, આઠ સંપદ, અડસઠ અક્ષરપ્રમાણ તેમાંહી ૭ અક્ષર ભારે, ૬૧ અક્ષર હળવા જાણવા, ઇસ્યા શ્રી પંચપરમેષ્ઠિમહામંત્રમાંહી આકાશગામિની વિદ્યા, સુવર્ણસિદ્ધિ, રૂપસિદ્ધિ, રસસિદ્ધિ છે, ઇસ્યુ અષ્ટદલકમલ મન-વન-કાય-સહિતભાવે એક નવકાર ગુણે, લાખ નવકાર ગુણ્યાનું ફલ પામે, ઇસ્યો શ્રી પંચપરમેષ્ઠિમહામંત્રનવકાર જે જીવ સમરિ, ધ્યાયઇ, ચિંતવઇ, સદૈવ નિરંતર આરાધઇ, તે જીવ સંસારમાંહી ન ભમઇ અને સકલવાંછિત સિદ્ધિ ફળ પામઇ.

ઇતિ શ્રી નવકારમહામંત્રબાલાવબોધ સમાપ્ત. વિ. સં. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદી ૮ભોમે લીપિકૃતં-ગણિ તિલકવિજય વાચનાર્થ, શુભં ભવતુશ્રી સંઘસ્ય, ચિરં જયતુ ઇદં પુસ્તકં 'શ્રી શંખેશ્વરપાર્શ્વનાથપ્રસાદાત્ જિનપ્રસાદાચ્ચ' લેખક-પાઠક્યો શ્રી છ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ॥

# સંદર્ભસૂચિ


| પુસ્તક | લેખક-પ્રકાશક |
| --- | --- |
| (૧) લે. -પન્યાસ ભદ્રંકર વિજયજી | અનુપ્રેક્ષા<br>પ્ર. મંગલ પ્રકાશન મંદિર, ૨૬૧, ભાતબજાર, મુંબઇ. |
| (૨) લે. -મુનિરાજ કુંદકુંદ વિજયજી | અરિહંતભક્તિ<br>પ્ર.શ્રી નમસ્કાર મહામંત્ર આરાધક મંડળ, નવસારી<br>વિ.સં. ૨૦૩૦ |
| (૩) પૂ. ભુવનભાનુસૂરિજી | અચિંત્ય ચિંતામણિ<br>પ્ર.નવકાર જાપ અનુમોદના સમિતિ |
| (૪) પૂર્વાચાર્ય રચિત | આચારંગસૂત્ર |
| (૫) પૂર્વાચાર્ય | આચાર દિનકર |
| (૬) શ્રી ધીરજલાલ ટોકરશી શાહ | અર્હં મંત્રોપાસના |
| (૭) યુવાચાર્ય મહાપ્રજ્ઞ | એસો પંચણમોક્કારો<br>પ્ર. અનેકાન્ત ભારતી પ્રકાશન, અમદાવાદ |
| (૮) ધીરજલાલ ટોકરશી | ઉવસગ્ગહરં સ્તોત્ર<br>પ્ર. જૈન સાહિત્ય પ્રકાશન, મુંબઇ, વિ.સં. ૨૦૩૦ |
| (૯) નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-સ્મૃતિ-શ્રેણી | ચિત્રાવલીદર્શન પરિચય |
| (૧૦) આચાર્ય મહાપ્રજ્ઞ | ચેતનાનું ઉર્ધ્વારોહણ<br>અનેકાન્ત ભારતી પ્રકાશન. |
| (૧૧) રમણલાલા ચી. શાહ | જિન વચન<br>પ્ર. જૈન યુવક સંઘ, મુંબઇ |
| (૧૨) પૂ. ભદ્રંકરવિજયજી | જિન શાસનનો સાર<br>પ્રકાશક - સ્મૃતિગ્રંથ સમિતિ, મુંબઇ |
| (૧૩) શ્રી ગુણસાગરસૂરિના શિષ્યો-પ્રશિષ્યો | જેના હૈયે શ્રી નવકાર<br>તેને કરશે શું સંસાર |

| | |
|---|---|
| (૧૪) આચાર્ય શ્રી વિજયભુવન | जैन धर्म का परिचय |
| (૧૫) મૂ.લે. પ્રો.હેલ્મુર ગ્લોજનાપ-બર્લિન-જર્મની | જૈન ધર્મ<br>ગૂ.ભા. નરસિંહભાઇ પટેલ |
| (૧૬) પં. દલસુખભાઇ માલવણિયા | જૈનાગમ સ્વાધ્યાય<br>પ્ર.જૈન ધર્મ પ્રચારક સમિતિ, ભાવનગર, ઇ.સ. ૧૯૮૭ |
| (૧૭) મુનિ શ્રી દેષભૂષણ | णमोकार ग्रंथ<br>પ્ર. કાશ્મીરીલાલજી. જૈન, વિ.સે. ૨૪૧૧ |
| (૧૮) પૂ. ભદ્રંકરવિજયજી | ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ<br>સંપાદક - વજ્રસેન વિજયજી<br>પ્રકાશક - ભદ્રંકર પ્રકાશન, શાહીબાગ-અમદાવાદ. |
| (૧૯) સિદ્ધાંતચક્રવર્તી નેમિચંદ્ર | દ્રવ્ય સંગ્રહ |
| (૨૦) શ્રી મનહરભાઇ શાહ | ધર્મધારા - નવકારમંત્ર<br>વિશેષાંક, અમદાવાદ |
| (૨૧) મુનિ ધર્મગુપ્તવિજયજી | નવપદ ઉપાસના<br>પ્ર. પ્રેમ પ્રકાશન મંદિર, દાદર, મુંબઇ, વિ.સં. ૨૦૨૭ |
| (૨૨) નમસ્કાર દોહન | શ્રી ભદ્રંકર વિજયજી<br>પ્ર. શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ, અંજર (કચ્છ) વિ.સં. ૨૫૦૩ |
| (૨૩) ડૉ. સર્વેશ વોરા | નવકાર પ્રભાવના<br>પ્ર. નવકાર પ્રતિષ્ઠાન, અંધેરી-મુંબઇ. |
| (૨૪) મુનિશ્રી જયાનંદ વિજયજી | નમસ્કાર મહામંત્ર<br>પંચમહલ મહાશ્રુતસ્કંધ  પ્ર. ગતોમ આર્ટસ પ્રિન્ટર<br>બ્યાવર(રાજસ્થાન) |
| (૨૫) શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્ય | નમસ્કાર મહામંત્ર<br>પ્ર.જૈન આત્માનંદ સભા, ભાવનગર |
| (૨૬) ધીરજલાલ ટોકરશી | નમસ્કાર મંત્રસિદ્ધિ<br>સં. નરેન્દ્ર પ્રકાશન |
| (૨૭) કમલેશ કાન્તિલાલ | નવકાર મહામંત્ર રહસ્ય |

| | |
|---|---|
| | પ્ર. બાબુભાઈ એ. શાહ, પ્રથમેશ પબ્લિકેશન |
| (૨૮) નવસ્કાર સ્વાધ્યાય | મુ. ધુરંધરવિજયજી-જંબુવિજયજી<br>પ્ર.જૈન સાહિત્ય વિકાસા મંડળ, મુંબઈ |
| (૨૯) નમસ્કાર સંદર્શન | નમસ્કાર ફાઉન્ડેશન, અંધેરી-મુંબઈ |
| (૩૦) પૂ. કુંદકુંદ વિજયજી | નમસ્કાર ચિંતામણિ<br>પ્ર. સાધના પ્રકાશન મંદિર<br>જામનગર, વિ.સં. ૨૦૨૪, ૧૦-૩-૧૯૬૮ |
| (૩૧) પરમેષ્ઠિ નમસ્કાર અને સાધના | પૂ. ભદ્રંકરવિજયજી<br>પ્ર.નમસ્કાર મહામંત્ર આરાધક મંડળ |
| (૩૨) ભુવનભાનુસૂરિજી | પરમતેજ ભાગ-૧<br>પ્ર.દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ |
| (૩૩) કાન્તિલાલ બી. શાહ | પંડિત વીરવિજયજી સ્વાધ્યાય ગ્રંથ<br>પ્ર. શ્રુતજ્ઞાત પ્રસારક સભા, પાલડી, અમદાવાદ |
| (૩૪) પ્રબોધ ટીકા ભાગ-૧ | મુનિશ્રી ભદ્રંકરવિજયજી અને<br>મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી<br>પ્ર.જૈન સાહિત્ય વિકાસ મંડળ |
| (૩૫) પૂ. ભદ્રંકરવિજયજી | महामंत्र की अनुप्रेक्षा<br>પ્ર. મોતીલાલ બનારસીદાસ, સં. ૨૦૨૮ |
| (૩૬) પૂર્વાચાર્ય રચિત | મહાપ્રભાવક નવસ્મરણ<br>સંપાદક - સંશોધક - સારાભાઈ મણિલાલ<br>નવાબ, અમદાવાદ |
| (૩૭) મુનિ આત્મદર્શનાવિજયજી | મહામંત્રના શરણે<br>પ્રકાશક - એક શ્રાવક |
| (૩૮) મુનિ ભદ્રંકરવિજયજી | मंत्राधिराज भाग १, २, ३<br>દિવ્ય સંદેશ પ્રકાશન, અંધેરી, મુંબઈ |
| (૩૯) પંડિત ધીરજલાલ ટોકરશી | મંત્ર વિજ્ઞાન<br>પ્ર. અશોક ધનજીભાઈ શાહ<br>નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ |
| (૪૦) મુનિ ભદ્રંકરવિજયજી | વચનામૃત સંગ્રહ |

પ્ર. કુસુમ સૌરભ કેન્દ્ર, વાસણા, અમદાવાદ

(૪૧) બાબુભાઈ કડીવાળા
સાલંબન ધ્યાનના પ્રયોગો
બાબુભાઈ કડીવાળા ચેરીટેબલ ટ્રસ્ટ

(૪૨) બાબુભાઈ કડીવાળા
શ્રીપાલ - મયણાના આધ્યાત્મિક જીવનરહસ્યો
પ્ર. અશોક બાબુભાઈ, નવસારી

(૪૩) ગિરિધર વ્યાસ શાસ્ત્રી વ્યાસ બંધુ
શ્રી ભાગવત રહસ્ય
વ્યાસાશ્રમ - ઉદયપુર, વિ.સં.૨૦૨૬

(૪૪) મોહનલાલ દલીચંદ દેસાઈ
શ્રી સામયિક સૂત્ર
સંપાદક - કાન્તિભાઈ બી. શાહ
મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ

(૪૫) શ્રી અભયસાગરજી
શ્રી નવકાર મહામંત્ર તત્ત્વચંદ્રિકા
પ્ર.ડૉ. મનુભાઈ શાહ, રાજકોટ

(૪૬) મુહૂર્મ બાલચંદભાઈ નગીનદાસ કૃત
શ્રી જૈન ધર્મના તત્ત્વોનો ટૂંક સાર
પ્રસિદ્ધ કરનાર - માસ્તર ઉમેદચંદ રાયચંદ

(૪૭) મુનિ શ્રી શીવલાલજી મહારાજ
શ્રી નવકારમંત્રની કથાઓ
પ્ર. જીવણલાલ છગનલાલ, ઈ.સ. ૧૯૭૧

(૪૮) નવજીવન ગ્રંથમાળા
સચિત્ર નવકાર
પ્ર.ગારીઆધર (સૌરાષ્ટ્ર)

(૪૯) વિજય રામચંદ્રસૂરિ મહારાજ
શ્રાદ્ધગુણ દર્શન
પ્ર.જૈન પ્રવચન પ્રસારક ટ્રસ્ટ

(૫૦) મૂ.લે. યશોવિજયજી ઉપાધ્યાય
જ્ઞાનસાર
અનુવાદ - પૂ. ભદ્રંકરવિજયજી
પ્ર.સુબાજી રવચંદ જયચંદ, દોશીવાડાની પોળ, અમદાવાદ.